અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં
'ગુજરાત ટુડે'
દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૪.૩૫ |
| પાઉન્ડ | ૧૦૬.૮૪ |
| યુરો | ૮૯.૦૫ |
| સઉદી રિયાલ | ૨૨.૪૭ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૭,૯૧૫ |
| ચાંદી (૧ કિલો) | ૧,૦૧,૦૦૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૧૧૨ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

## મહારાષ્ટ્રમાં નીરસ, ઝારખંડમાં ભારે મતદાન

# UPમાં પેટાચૂંટણીમાં મુસ્લિમોને મત આપતા રોક્યા

**સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવ દ્વારા યોગી સરકારની ઝાટકણી, હથિયાર ધારી પોલીસકર્મીઓ દ્વારા અનેક ગામોમાં મુસ્લિમ મતદારોને મત આપતા અટકાવાયાની ગંભીર ફરિયાદ**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦

આજે મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણીઓ માટે શાંતિપૂર્ણ રીતે મતદાન સંપન્ન થયું હતું જ્યારે ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ૯ બેઠકોની પેટાચૂંટણીઓ માટે મતદાન દરમિયાન મુસ્લિમોને અનેક ગામોમાં મત આપતા અટકાવવાની ઘટનાઓ બનતા યુપીની પેટાચૂંટણીઓ વિવાદોથી ભરપૂર બની ગઈ હતી. સમાજવાદી પાર્ટી સહિતના વિરોધ પક્ષોએ આ પ્રકારની ચેષ્ટાઓ બદલ યોગી સરકારની સખત શબ્દોમાં ઝાટકણી કાઢી હતી.

મહારાષ્ટ્રમાં એક જ તબક્કામાં આજે

**મહારાષ્ટ્રમાં ૨૮૮ વિધાનસભા બેઠકો માટે સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં ૫૮.૨૨ ટકા મતદાન, ઝારખંડમાં બીજા અને આખરી તબક્કામાં ૩૮ બેઠકો માટે ૬૭.૫૯% જેવું ધિંગું મતદાન**



વિધાનસભાની તમામ ૨૮૮ બેઠકો માટે મતદાન થયું હતું અને સાંજે ૫:૦૦ વાગ્યા સુધીના ચૂંટણી પંચે જાહેર કરેલા આંકડા મુજબ મહારાષ્ટ્રમાં ૫૮.૨૨% મતદાન થયાનું નોંધાયું હતું. અનેક રાજકીય મહાનુભાવો શરદ પવાર, ઉદ્ધવ ઠાકરે, અજિત પવાર, મુખ્યમંત્રી એકનાથ શિંદે, નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ ૨૦ વગેરે નેતાઓએ મતદાન કર્યું હતું. આ તમામ મહાનુભાવોનું ભવિષ્ય ઈવીએમમાં કેદ થયું હતું. રાજકીય માથાઓની સાથે-સાથે બોલીવૂડના પણ અનેક કલાકારો પરિવાર સાથે મતદાન કરવા પહોંચ્યા હતા. શાહરૂખ ખાન અને તેની પત્ની ગૌરી તથા દીકરી સુહાના ખાન અને દીકરો આર્યન ખાન મતદાન કરવા પહોંચ્યા હતા. જ્યારે સલમાન ખાને પણ ભારે સુરક્ષા વચ્ચે મતદાન કર્યું હતું. જાવેદ અખ્તર, શંકર મહાદેવન, રોહિત શેટ્ટી, માધુરી દીક્ષિત વગેરે કલાકારો અને સર્જકોએ પણ મતદાન કર્યું હતું. સૈફ અલી અને કરીના કપૂર પણ મત આપવા

**UPમાં વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીઓમાં મુસ્લિમો સાથે રમત કરીને એમને એમનો મતાધિકારનો ઉપયોગ કરવા નહીં દેવાની હીણપત ભરી ચેષ્ટાઓ**

આવ્યા હતા. કરિશ્મા કપૂરે પણ મતદાન કર્યું હતું. શિવસેનાના નેતા ઉદ્ધવ ઠાકરે ઈન્ડિયા બ્લોકનો ભવ્ય વિજય થવાનો દાવો કર્યો હતો અને જણાવ્યું હતું કે, ભાજપ ગમે તેટલા જૂઠ્ઠાણા ફેલાવે પરંતુ સત્ય સામે આવીને રહેશે. નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ વિશે વિનોદ તાવડેનો બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે, રોકડ રકમ મળી આવ્યા એના મામલામાં વિનોદ તાવડેને ફસાવવામાં આવી રહ્યા છે. મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડી અને એનડીએ વચ્ચે મુકાબલો છે. ઝારખંડમાં વિધાનસભાની બાકી રહેતી ૩૮ બેઠકો માટે ૬૭.૫૯ ટકા જેટલું મતદાન સાંજે ૫:૦૦ વાગ્યા સુધી નોંધાયું હતું. અહીં એનડીએ અને ઈન્ડિયા બ્લોક વચ્ચે સીધો મુકાબલો છે. ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની નવ બેઠકોની પેટાચૂંટણી પણ થઈ છે એ દરમિયાન મીરપુર અને કુંદરકી જેવા કેટલાક ગામોમાં મુસ્લિમ મતદારોને મતદાન કરતા રોકવામાં આવ્યા હતા. યુપીની મીરપુર તથા કુંદરકી વિધાનસભા બેઠક પર થઈ રહેલી પેટાચૂંટણીમાં પોલીસ પર ગંભીર આરોપ લાગી રહ્યા છે. આરોપ છે કે, પોલીસ લોકોને મત આપવાથી રોકી રહી છે અને મતદાન કેન્દ્રથી ધક્કા મારીને કાઢવામાં આવી રહ્યા છે. જે બાદ ટોળેટોળા રસ્તા પર ઉતરી આવ્યા હતા અને પથ્થરમારો પણ કરવામાં આવ્યો હતો.

## શું યુપીના પોલીસકર્મીઓએ મતદારોને ધમકાવ્યા ? અખિલેશ યાદવે વીડિયો જાહેર કર્યો, ચૂંટણી પંચે પાંચ પોલીસને સસ્પેન્ડ કર્યા

(એજન્સી) તા.૨૦

સમાજવાદી પાર્ટીએ બુધવારે પોલીસ કર્મચારીઓ પર ઉત્તરપ્રદેશમાં જ્યાં પેટાચૂંટણી ચાલી રહી છે ત્યાં લોકોને મત આપવાથી અટકાવવાનો આરોપ મૂક્યો, જ્યારે ભાજપે આરોપ લગાવ્યો કે, કેટલાક બુરખા પહેરેલા મહિલા મતદારોના ચહેરા તેમના આઈડી સાથે મેળ ખાતા નથી. સપા અને ભાજપ બંનેએ ચૂંટણી પંચ (EC)ને હસ્તક્ષેપ કરવાની હાકલ કરી હતી. સપા પ્રમુખ અખિલેશ યાદવે સુપ્રીમ કોર્ટ અને ECને વીડિયો પુરાવાના આધારે કથિત મતદાર દમનની તાત્કાલિક નોંધ લેવા, દંડાત્મક પગલાં લેવા અને નિષ્પક્ષ ચૂંટણીઓ સુનિશ્ચિત કરવા વિનંતી કરી છે. પાર્ટીએ ECને સૂચના જારી કરવા વિનંતી કરી હતી કે૪ મતદાનના દિવસે પોલીસ અધિકારીઓને મતદારોની આઈડી તપાસવાની મંજૂરી નથી, ફક્ત મતદાન અધિકારીઓને જ આવું કરવાની મંજૂરી છે. X પરની એક પોસ્ટમાં યાદવે જણાવ્યું હતું કે, તમામ પોલીસ અધિકારીઓ જેઓ મતદાર કાર્ડ અને આધાર આઈડી તપાસી રહ્યા છે તેઓને વીડિયો પુરાવાના આધારે તાત્કાલિક સસ્પેન્ડ કરી દેવા જોઈએ. પોલીસને આધાર આઈડી કાર્ડ અથવા ઓળખ કાર્ડ તપાસવાનો કોઈ અધિકાર નથી. તેમણે મુઝફ્ફરનગર જિલ્લાના મીરાપુરથી પાર્ટીના ઉમેદવાર સુમ્બુલ રાણાનો એક વીડિયો શેર કર્યો, જેમાં પોલીસ કર્મચારીઓ પર લોકોને મતદાનથી રોકવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, અમે ગામડે ગામડે જઈ રહ્યા છીએ, અહીં



**પાર્ટીએ ECને સૂચના આપવા વિનંતી કરી છે કે, મતદાનના દિવસે પોલીસ અધિકારીઓને મતદારોની ઓળખ તપાસવાની મંજૂરી નથી, ફક્ત મતદાન અધિકારીઓને જ આવું કરવાની મંજૂરી છે**

લોકોને હેરાન કરવામાં આવી રહ્યા છે અને મતદાન કરવા દેવામાં આવી રહ્યા નથી. પોલીસ અધિકારીઓ લોકોને પરેશાન કરી રહ્યા છે, તેમને કહી રહ્યા છે કે, તેઓ મતદાન કરી શકતા નથી. તેઓ આઈડી માંગે છે અને પછી બીજી આઈડી માંગે છે. તેઓ તમામ આઈડી તપાસી રહ્યા છે પરંતુ તેમ છતાં લોકોને તેમના મત આપવા દેતા નથી. રાણાએ દાવો કર્યો હતો કે, આવી ફરિયાદો નાયગાંવ, નાગલાબુઝુક, સાંબલહેડા અને મતવિસ્તારના અન્ય વિસ્તારોમાંથી આવી રહી છે. અમે ફરિયાદો કરી રહ્યા છીએ પરંતુ અધિકારીઓ તેની તપાસ કરતા નથી. વિપક્ષી પાર્ટીના દાવાઓનો વિરોધ કરતા ભાજપના પ્રવક્તા મનિષ શુક્લાએ કહ્યું કે, સમાજવાદી પાર્ટી અને અખિલેશ યાદવ ઉત્તરપ્રદેશમાં ચાલી રહેલી પેટાચૂંટણીમાં હારવાનો ડર અનુભવે છે. સમાજવાદી પાર્ટીએ મતદારોમાં વિશ્વાસ ગુમાવ્યો છે. તેથી જ તેઓએ પેટાચૂંટણીના વિસ્તારોમાં બાહ્ય વિઘટનકારી તત્ત્વોને એકઠા કર્યા છે. ઘણા મીડિયા અહેવાલો અનુસાર બુરખા પહેરેલી મહિલાઓના ચહેરા તેમના ઓળખ કાર્ડ સાથે મેળ ખાતા નથી. ભાજપ EC અને વહીવટીતંત્રને અપીલ કરે છે કે, તે સુનિશ્ચિત કરે કે ઓળખ કાર્ડ સાથે મેળ વિના મતદાનની મંજૂરી ન આપવામાં આવે અને ECની સૂચનાઓનું સખતપણે પાલન કરવામાં આવે. મુરાદાબાદના ડીએમ અનુજસિંઘે જણાવ્યું હતું કે, બિકનપુરમાં 'બોગસ વોટિંગ'નો આક્ષેપ કરતા એક પાર્ટી તરફથી અહેવાલો આવ્યા હતા અને દાવો કર્યો હતો કે, વહીવટીતંત્રે તેમના એજન્ટોને મંજૂરી આપી નથી. આ દાવાઓ ચકાસવામાં આવ્યા છે, મેં જાતે બીકનપુરમાં મતદાન અધિકારી સાથે વાત કરી અને જોયું કે મતદાન સરળતાથી ચાલી રહ્યું છે અને કોઈ મતદારને કોઈ સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો નથી. ત્યાં પૂરતી સુરક્ષા પણ છે.

કાનપુરમાં એસપી ઉમેદવાર નસીમ સોલંકીએ વહીવટીતંત્ર દ્વારા 'પક્ષપાતી વર્તન'નો આરોપ લગાવ્યો હતો. કટેહારી, કરહાલ, મીરાપુર, ગાઝિયાબાદ, માઝવાન, સિસામાઉ, ખેર, ફુલપુર અને કુંડારકી વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી માટે મતદાન ચાલી રહ્યું છે. મતદાન સવારે ૭ વાગ્યે શરૂ થયું હતું અને સાંજે પાંચ વાગ્યા સુધી ચાલશે. ૨૩ નવેમ્બરે મતગણતરી થશે.

## મહારાષ્ટ્ર અને ઝાંરખંડ બંને રાજ્યમાં ભાજપ પ્રેરિત જોડાણને વિજયની આગાહી કરતાં એક્ઝિટ પોલનાં તારણ




**માર્ટીઝ અને પીપલ્સ પલ્સ બંને સંસ્થાના મતદાન પછી થયેલા એક્ઝિટ પોલના તારણોમાં મહારાષ્ટ્ર અને ઝાંરખંડમાં ભાજપ જોડાણને બહુમતી મળવાની ધારણા**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦

મહારાષ્ટ્ર અને ઝારખંડ રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓ માટે બુધવારે મતદાન પુરૂં થયા બાદ બે સંસ્થાઓ દ્વારા હાથ ધરવામાં આવેલા એક્ઝિટ પોલના તારણો ભાજપ અને તેની યુતી માટે ખુબ જ ખુસાલી સમાન રહ્યા છે જ્યારે કોંગ્રેસ પ્રેરિત ઈન્ડિયા બ્લોક માટે પોલના તારણો આંચકારૂપ રહ્યા છે. રિપબ્લીકન ટીવીના માટ્રીઝ અને પીપલ્સ પલ્સ દ્વારા મતદાન પછી કરવામાં આવેલા એક્ઝિટ પોલના તારણો દર્શાવે છે કે, બંને રાજ્યોમાં ભાજપ પ્રેરિત મોરચો એટલે કે NDAને ભવ્ય વિજય મળવાની શક્યતા છે. જ્યારે કોંગ્રેસ પ્રેરિત ઈન્ડિયા બ્લોક માટે બહુ ઓછી તક હોવાનું અનુમાન કરવામાં આવી રહ્યું છે.

મહારાષ્ટ્રમાં ભાજપ, શિંદે શિવ સેના તથા અજિત પવારના NCPના મહાયુતી જોડાણને ૨૨૮માંથી ૧૭૫થી ૧૯૫ જેટલી બેઠકો મળી શકે છે તેવું પિપલ્સ પલ્સ એક્ઝિટ પોલમાં તારણ નીકળ્યું છે. જ્યારે માટ્રીઝ એક્ઝિટ પોલમાં ભાજપની મહાયુતીને મહારાષ્ટ્રમાં ૧૫૦થી ૧૭૦ જેટલી બેઠકો મળવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. જ્યારે કોંગ્રેસ પ્રેરિત મહાવિકાસ અઘાડીને ૧૧૦થી ૧૩૦ બેઠકો મળી શકે છે. આ રીતે બંને પોલમાં ભાજપના મોરચાને રાજ્યમાં સ્પષ્ટ બહુમતી મળવાનો વર્તારો કરવામાં આવ્યો છે. જ્યારે કોંગ્રેસ, ઉદ્ધવ ઠાકરે શિવ સેના અને શરદ પવાર NCP જોડાણને ૮૫થી ૧૧૨ બેઠકો મળવાની આગાહી કરવામાં આવી છે.

ઝારખંડમાં ભાજપ પ્રેરિત NDAને ૪૪થી ૫૩ બેઠકો અને ઈન્ડિયા બ્લોકને ૨૫થી ૩૭ બેઠકો મળી શકે છે. એવું પિપલ્સ પલ્સનું તારણ છે. જ્યારે માટ્રીઝનું પોલ સૂચવે છે કે, ઝારખંડમાં NDAને ૪૨થી ૪૭ જ્યારે ઈન્ડિયા બ્લોકને ૨૫થી ૩૦ બેઠકો મળી શકે છે. પી માર્કનો એક્ઝિટ પોલ મહારાષ્ટ્રમાં બંને જોડાણને સરખી તક આપે છે. આ પોલનું તારણ એવું છે કે, રાજ્યમાં ભાજપ જોડાણને ૧૩૭થી ૧૫૭ બેઠકો મળી શકે જ્યારે કોંગ્રેસ જોડાણને ૧૨૬થી ૧૪૬ બેઠકો મળી શકે છે. જ્યારે લોકશાહી મરાઠી રૂદ્ર NDA માટે ૧૨૮થી ૧૪૨ બેઠકો અને મહાવિકાસ અઘાડી માટે ૧૨૫થી ૧૪૦ બેઠકોનો અંદાજ મૂકે છે. ૨૩ બેઠકો અન્યને મળવાની ધારણા છે. મુંબઈની વાત કરીએ તો માટ્રીઝ અને પીપલ્સ પલ્સ બંને એક્ઝિટ પોલમાં મહાયુતીને મુંબઈની ૩૬માંથી ૨૦થી ૨૬ બેઠકો મળે તેવી શક્યતા દર્શાવવામાં આવી છે. જ્યારે કોંગ્રેસ જોડાણને ૯થી ૧૫ બેઠકો મુંબઈમાં મળી શકે છે.

## ઉત્તરપ્રદેશ પેટાચૂંટણી : ભાજપે બુરખાવાળી મહિલા મતદારોનો મુદ્દો ઊઠાવ્યો, સમાજવાદી પાર્ટીએ કહ્યું કે, પોલીસને ID તપાસવાનો અધિકાર નથી

(એજન્સી) તા.૨૦

ઉત્તરપ્રદેશની નવ વિધાનસભા બેઠકો પર આજે પેટાચૂંટણીમાં મતદાન થઈ રહ્યું હોવાથી ભાજપે ચૂંટણી પંચને બુરખા પહેરેલ મહિલા મતદારોની ઓળખ યોગ્ય રીતે તપાસવા વિનંતી કરી હતી. ઉત્તરપ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારીને લખેલા પત્રમાં ભાજપના અખિલેશકુમાર અવસ્થીએ જણાવ્યું હતું કે, બુરખાવાળી મહિલાઓએ અનેકવાર મતદાન કરવાનો પ્રયાસ કર્યો હોવાના ભૂતકાળના કિસ્સાઓ છે. હકીકતમાં કેટલાક પુરૂષોએ પણ બુરખો પહેર્યો છે અને મતદાન કરવાનો પ્રયાસ કર્યો છે. ઘણા પ્રસંગોએ ચૂંટણી અધિકારીઓ દ્વારા તેમને અટકાવવામાં આવ્યા છે. જો બુરખા પહેરેલી મહિલાઓની ઓળખ તપાસવામાં નહીં આવે તો નકલી મતદાન થશે. માત્ર યોગ્ય ચકાસણીથી જ ન્યાયી ખાતરી થશે અને પારદર્શક મતદાન થશે. તેમણે ઉમેર્યું હતું કે, બુરખા પહેરેલી મહિલાઓનું યોગ્ય ચેકિંગ સુનિશ્ચિત કરવા માટે મતદાન મથકો પર પૂરતી સંખ્યામાં મહિલા પોલીસ તૈનાત હોવી જોઈએ. વિપક્ષી સમાજવાદી પાર્ટીએ મતદાર આઈડી કાર્ડ તપાસતા પોલીસના કેસો અંગે ચિંતા વ્યક્ત કરી. પાર્ટીના વડા અને લોકસભા સાંસદ અખિલેશ યાદવે મતદારોના ઓળખ કાર્ડની માગણી કરતા બે પોલીસનો એક વીડિયો શેર કર્યો છે અને ચૂંટણી પંચના હસ્તક્ષેપની માંગ કરી છે. ચૂંટણી પંચે ખાતરી કરવી જોઈએ કે પોલીસ આઈડી તપાસે નહીં, રસ્તાઓ બંધ ન થાય, આઈડી જપ્ત કરવામાં ન આવે, મતદારોને ધમકાવવામાં ન આવે, મતદાનની ગતિ ધીમી ન થાય, સમયનો બગાડ ન થાય. કાનપુર પોલીસે પોસ્ટ પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે, સંબંધિત અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ચૂંટણી દરમિયાન રાજ્ય પોલીસ ચૂંટણી પંચના નિયંત્રણ હેઠળ આવે છે. યાદવે એમ પણ કહ્યું કે, જે કોઈપણ પોલીસ દ્વારા રોકવામાં આવ્યા પછી મતદાન કર્યા વિના ઘરે ગયો તેણે પાછો જઈને પોતાનો મત આપવો જોઈએ. હવે કોઈ અનિયમિતતા નહીં થાય. જો કોઈ તમને રોકે તો ચૂંટણી અધિકારીઓ અથવા રાજકીય પક્ષના સભ્યોને ત્યાં જણાવો. નિડરતાથી જાઓ અને મતદાન કરો. ઉત્તરપ્રદેશની નવ વિધાનસભા બેઠકો - કટેહારી, કરહાલ, મીરાપુર, ગાઝિયાબાદ, માઝવાન, સિસામાઉ, ખેર, ફુલપુર અને કુંડારકી પર આજે પેટાચૂંટણીમાં મતદાન થઈ રહ્યું છે. અખિલેશ યાદવ સહિતના વર્તમાન ધારાસભ્યો લોકસભામાં ચૂંટાયા બાદ આ બેઠકો ખાલી થઈ હતી.

**ભાજપે કહ્યું છે કે, બુરખાધારી મહિલાઓએ અનેક વખત મતદાન કરવાનો પ્રયાસ કર્યો હોવાના ભૂતકાળના કિસ્સાઓ છે**

**ક્યા બાત હૈ ?!**

**પૂર રાહતનો આ ૪૭ રૂપિયાનો ચેક જોઈને તેમને હાર્ટ-એટેક આવી ગયો !**



- જામી

## યુપી : મીરાપુર ગામમાં મતદાનનો અધિકાર છીનવવાના આરોપ વચ્ચે અશાંતિ ફેલાઈ

(એજન્સી) તા.૨૦

ઉત્તરપ્રદેશની ૯ વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી યોજાઈ રહી છે. સવારથી જ મતદારો મતદાન કરી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા છે. આ દરમિયાન મુઝફ્ફરનગરની મીરાપુર વિધાનસભા પેટાચૂંટણીમાંથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. અહીં મતદાન દરમિયાન ભારે હંગામો થયો હતો અને પથ્થરમારો પણ થયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર મીરાપુરના કકરૌલીમાં ટોળાએ પથ્થરમારો કર્યો છે. આ દરમિયાન ભારે હંગામો અને હંગામો થયો હતો. ભીડને કાબૂમાં લેવા માટે પોલીસ દળ તરત જ સક્રિય થઈ ગયું હતું અને તોફાની ટોળાનો પીછો કર્યો હતો. આ સમયગાળા દરમિયાન અહીં ઘણી અરાજકતા જોવા મળી છે. આ દરમિયાન હવે નગીના સાંસદ અને ભીમ આર્મી ચીફ ચંદ્રશેખર પણ આ અંગે સક્રિય થઈ ગયા છે. તમને જણાવી દઈએ કે મામલાની ગંભીરતાને જોતા SSP પોતે આગળ આવ્યા છે. SSP ભારે પોલીસ દળ



**બીજા ગામમાં પણ મુસ્લિમોને રોકવામાં આવ્યા**

સાથે સ્થળ પર છે અને અરાજકતાવાદીઓને કાબૂમાં લેવામાં આવી રહ્યા છે. હાલ પોલીસ દરેક ખૂણે-ખૂણે ચાંપતી નજર રાખી રહી છે. ચંદ્રશેખરે મીરાપુરમાં પ્રશાસનને ૧૨ વાગ્યાનું અલ્ટીમેટમ આપ્યું હતું. નગીના સાંસદ અને આઝાદ સમાજ પાર્ટીના નેતા ચંદ્રશેખર આઝાદે પણ મીરાપુરમાં પ્રશાસનને બપોરે ૧૨ વાગ્યા સુધીનું અલ્ટીમેટમ આપ્યું છે. ભીમ આર્મીના વડા ચંદ્રશેખરે કહ્યું, આ ચૂંટણી નથી થઈ રહી, ગુંડાગીરી થઈ રહી છે. ડરી ગયેલી સરકાર જનતાના મતો સાથે લૂંટ કરી રહી છે. આઝાદીના આટલા વર્ષો પછી પહેલીવાર તમે જોઈ શકો છો કે મીરાપુર અને કુંડાર્કીમાં મુસ્લિમ પ્રભુત્વ ધરાવતા ગામોની બહાર બેરિકેડિંગ કરવામાં આવ્યું છે. ન તો કોઈ અંદરથી બહાર જઈ શકે છે અને ન તો બહારથી અંદર આવી શકે છે, આ ઈમરજન્સીમાં થાય છે. જો કોઈ બૂથ પર જઈ રહ્યું છે તો તેની કાપલી છીનવાઈ રહી છે, જો કોઈ પ્રશ્ન પૂછે છે તો તેને લાકડીઓ મારી રહ્યા છે. જો કોઈ રેકોર્ડિંગ કરે છે તો તેનો મોબાઈલ છીનવાઈ જાય છે. તેમણે વધુમાં કહ્યું કે, કિચૌરા, કિશનપુર અને એવા ૧૨-૧૩ ગામો છે જ્યાં પોલીસ મુસ્લિમો અને દલિતોને વોટ કરવા દેતી નથી. પોલીસને સ્લિપ ચેક કરવાનો કોઈ અધિકાર નથી. પ્રિસાઈડિંગ ઓફિસર તેમની વધુ તપાસ કરશે. સ્લિપ સાચી થયા બાદ પોલીસ સ્લિપ છીનવીને દૂર ધકેલી રહી છે. આજે પોલીસ અને વહીવટીતંત્ર ભાજપના એજન્ટ તરીકે કામ કરી રહ્યા છે. મારી પાસે ૫૦ રેકોર્ડિંગ છે જેમાં લોકો ફરિયાદ કરી રહ્યા છે. મેરપુરમાં આઝાદ સમાજ પાર્ટી વધુ મજબૂત બનતા પોલીસ રાત્રે સક્રિય બની હતી. મુરાદાબાદમાં કુંડારકી વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે મતદાન બુધવારે વિવાદાસ્પદ બન્યું, સમાજવાદી પાર્ટી (SP)ના ઉમેદવાર હાજી રિઝવાને જિલ્લા વહીવટીતંત્ર અને ભારતીય જનતા પાર્ટી (BJP) પર મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારોમાં મતદાતા દમનનો આરોપ મૂક્યો.

રિઝવાને આરોપ લગાવ્યો કે મતદારોને તેમનો મત આપવાથી રોકવામાં આવી રહ્યા છે અને મતદાન પ્રક્રિયામાં ગેરરીતિનો દાવો કર્યો છે. મીડિયા સાથે વાત કરતા હાજી રિઝવાને કહ્યું, "મુસ્લિમ વિસ્તારોમાં મતદારોને બૂથ પર રોકવામાં આવી રહ્યા છે અને સામાન્ય સ્લિપનો ઉપયોગ કરીને મતદાન કરવા દેવામાં નથી આવી રહ્યું. તેના બદલે, એક ખાસ પ્રકારની સ્લિપની માગણી કરવામાં આવી રહી છે. આ મુસ્લિમ મતોને દબાવવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ છે." તેમણે વધુમાં જિલ્લા વહીવટીતંત્ર પર ભાજપને સમર્થન આપવાનો આરોપ લગાવતા કહ્યું કે, "હું ભાજપના ઉમેદવાર સામે ચૂંટણી લડી રહ્યો નથી; હું જિલ્લા વહીવટીતંત્ર સામે લડી રહ્યો છું. તેઓએ કુંડારકી વિધાનસભા ક્ષેત્રના તમામ બૂથ કબજે કરી લીધા છે, તેથી આ ચૂંટણી સંપૂર્ણ પ્રહસન બની ગઈ છે. "ભાજપના ઉમેદવાર ઠાકુર રામવીર સિંહે આ દાવાઓને જોરદાર રીતે રદિયો આપ્યો હતો." "આ આરોપો પાયાવિહોણા છે અને એસપીની હારના ડરથી ઉદ્ભવે છે અને તેથી જ તેઓ આવા નિવેદનો કરી રહ્યા છે," તેમણે ધારાસભ્ય તરીકેના રીઝવાનના કાર્યકાળની પણ ટીકા કરી. તેમણે કહ્યું, જ્યારે હાજી રિઝવાન સત્તામાં હતા, ત્યારે મુસ્લિમો વિરૂદ્ધ ઘણા કેસ નોંધવામાં આવ્યા હતા. આજે તે જ સમુદાય તેમને નકારી રહ્યો છે અને તેમની તોળાઈ રહેલી હારને કારણે તેઓ ગભરાઈ રહ્યા છે. આરોપોને સંબોધતા, મુરાદાબાદ જિલ્લા મેજિસ્ટ્રેટ અનુજ કુમાર સિંહે કહ્યું, "હું તમામ મતદાન મથકોના પ્રિસાઈડિંગ અધિકારીઓ સાથે સતત સંપર્કમાં છું અને પ્રક્રિયા યોગ્ય અને વ્યવસ્થિત રીતે હાથ ધરવામાં આવી રહી છે.

# મહારાષ્ટ્રના મદ્રેસામાં મતદાન માટે રજાનો નિર્ણય લોકશાહીને મજબૂત કરવા માટે એક પગલું

(એજન્સી) તા.૨૦

લોકતાંત્રિક સહભાગિતાના મહત્ત્વ પર ભાર મૂકતા મુંબઈ અને થાણેના મદ્રેસાઓએ શિક્ષકો અને વિદ્યાર્થીઓને મતદાન કરી શકે તે માટે બુધવાર ૨૦ નવેમ્બરને જાહેર રજા જાહેર કરી છે. આ નિર્ણયને સમુદાયમાં નાગરિકતા અને લોકશાહીના મૂલ્યો કેળવવાના સક્રિય પ્રયાસ તરીકે વખાણવામાં આવ્યો છે.

વિદ્વાનો અને શાળાના અધિકારીઓએ તેમના સમુદાયોને સક્રિયપણે ભાગ લેવાનું આહ્‌વાન કર્યું છે, એ વાત પર ભાર મૂક્યો છે કે, મતદાન એ અધિકાર અને જવાબદારી બંને છે. મદ્રેસા રિલેશન્સ મુંબઈ અને થાણેના પ્રવક્તા મૌલાના અબ્દુલ કુદુસ શાકિર હકીમીએ જણાવ્યું હતું કે, લોકતાંત્રિક પ્રક્રિયામાં મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે શાળા સત્તાવાળાઓ સાથે ચર્ચા કરીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. મત આપવું એ માત્ર ફરજ નથી; તે જવાબદાર નાગરિકતાની ઓળખ છે, તેમણે ક્લેરિયન ઇન્ડિયાને જણાવ્યું. અમારા વિદ્વાનોએ ભારતની આઝાદીમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી અને મત આપવાનો અધિકાર એ આ વારસાની સાતત્ય છે, મતદાન દ્વારા નાગરિકો એવી સરકાર બનાવે છે જે જનહિત માટે કામ કરે છે અને તે હિતાવહ છે કે, આપણે આમાં પાછળ ન રહીએ. તમારી જવાબદારીઓ નિભાવવામાં. મૌલાના હકીમીએ નાગરિક ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં ધાર્મિક શાળાઓની મહત્ત્વની ભૂમિકા પર પણ પ્રકાશ પાડ્યો હતો. અમે તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને વિનંતી કરીએ છીએ કે, મતદાનને પ્રાધાન્ય આપો અને ઉદાહરણ પૂરૂં પાડો.

# ઝારખંડના દેવઘરમાં પક્ષપાત આચરવા બદલ ચૂંટણી અધિકારીને બૂથ પરથી દૂર કરાયો

રાંચી, તા.૨૦

ઝારખંડ વિધાનસભા ચૂંટણીઓમાં બાકી રહેતી બેઠકો માટે બીજા અને આખરી તબક્કાના મતદાન દરમિયાન દેવઘર જિલ્લાના માધુપુર મત વિસ્તારમાં મોટો વિવાદ ઊભો થઈ ગયો હતો. અહીંના બૂથ નંબર-૧૧૧ પર તૈનાત કરાયેલો ચૂંટણી અધિકારી ચોક્કસ પક્ષને મત આપવા માટે મતદારોને ફોસલાવતો હોવાનું અને પક્ષપાત કરી રહ્યાનું જાણવા મળતા તુરંત કાર્યવાહી કરવામાં આવી હતી. આ અધિકારી ઝારખંડ મુક્તિ મોરચાને મત આપવાનું દરેક મતદાનને કહેતો હતો. ચૂંટણી પંચના આદેશથી તેની ધરપકડ કરવામાં આવી હતી અને એ બૂથ પરથી હટાવી દેવાયો હતો.

# PM મોદી ૩ વર્ષમાં જે કરવામાં નિષ્ફળ ગયા તે અમે ૩ અઠવાડિયામાં કરીશું : તેલંગાણા જાતિ સર્વેક્ષણ પર કોંગ્રેસ

(એજન્સી) તા.૨૦

કોંગ્રેસે બુધવારે દાવો કર્યો હતો કે, તેલંગાણામાં તેની સરકાર આગામી ત્રણ અઠવાડિયામાં જાતિ સર્વેક્ષણ પૂર્ણ કરવા માટે તૈયાર છે, જે વડાપ્રધાન નરેન્દ્ર મોદી છેલ્લા ત્રણ વર્ષમાં દેશમાં કરવામાં નિષ્ફળ રહ્યા છે. કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ X પર હિન્દીમાં એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, તેલંગાણામાં તેમની પાર્ટીની સરકારે રસ્તો બતાવ્યો છે અને તેમની પાર્ટી રાષ્ટ્રીય સ્તરે વ્યાપક જાતિ ગણતરી પણ કરશે. તેલંગાણામાં અમારી સરકારે ૭૦ ટકાથી વધુ જાતિ ગણતરી પૂર્ણ કરી છે. ટૂંક સમયમાં સરકાર પાસે સમગ્ર રાજ્યનો વિગતવાર ડેટા હશે, જેનો ઉપયોગ અમે નીતિઓ બનાવવા અને સામાજિક ન્યાયને મજબૂત કરવા માટે કરીશું. જાતિ વસ્તી ગણતરી એ ઘણા મહત્ત્વપૂર્ણ પગલાઓ પૈકીનું પહેલું પગલું છે જે આગામી કેટલાક દાયકાઓમાં સર્વગ્રાહી વિકાસનું આયોજન કરવામાં મદદ કરશે. તેથી જ હું વારંવાર દેશમાં વ્યાપક જાતિ વસ્તી ગણતરીની માંગ કરી રહ્યો છું, તેમણે તેમની પોસ્ટમાં જણાવ્યું હતું. ગાંધીએ કહ્યું, તેલંગાણામાં કોંગ્રેસ સરકારે રસ્તો બતાવ્યો છે, અમે રાષ્ટ્રીય સ્તરે પણ વ્યાપક જાતિ વસ્તી ગણતરી કરીશું.

## મણિપુર હિંસા અંગે ગૃહમંત્રી અમિત શાહનું રાજીનામું માંગતી કોંગ્રેસ

મણિપુરની હિંસા અને વકરતી જતી પરિસ્થિતિ બદલ કોંગ્રેસે આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના રાજીનામાની માગણી કરી હતી. પક્ષ પ્રવક્તા જયરામ રમેશે જણાવ્યું હતું કે 'ડબલ એન્જિન'ની સરકાર પાટા પરથી ઊતરી ગઈ છે. મણિપુર માટે ગૃહમંત્રી જવાબદાર ગણાય એટલે કોંગ્રેસ એમના રાજીનામાની માગણી કરે છે. મણિપુર સળગે છે અને પીએમ મોદી વિશ્વભરમાં ફરે છે પણ સળગી રહેલા મણિપુરની મુલાકાત લેતા નથી.

## આંધ્રમાં કાયદાની વિદ્યાર્થિની પર સામૂહિક બળાત્કાર; પિતાએ પીડિતાને આપઘાત કરતાં બચાવી, ૪ની ધરપકડ

આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમમાં કાયદાની વિદ્યાર્થિની પર તેના બોયફ્રેન્ડ સહિત ચાર બદમાશોએ સામૂહિક દુષ્કર્મ આચર્યાની પોલીસ ફરિયાદ થઈ છે. પીડિત યુવતીએ ત્રાસથી કંટાળી આપઘાતની કોશિશ કરી હતી પણ તેના પિતાએ બચાવી લીધી હતી. પોલીસે ચારેયની ધરપકડ કરી લીધી હતી. યુવતીના ગેંગરેપનો વીડિયો પણ ઉતારવામાં આવ્યો હતો.

## તામિલનાડુની શાળામાં શિક્ષિકાની છરીના ઘા ઝીંકી હત્યા કરાઈ; હત્યારા શખ્સની ધરપકડ

તામિલનાડુના થાંજાવુર જિલ્લાના મલ્લીપટ્ટીનમ ગામની શાળાના સ્ટાફ રૂમમાં રમણી (ઉં.૨૬) નામની શિક્ષિકાની તેના ગામના એક શખ્સે છરીના ઘા મારી હત્યા કરી નાખી હતી. શિક્ષિકાને મળવા આવેલા એસ. મદન નામના શખ્સને કોઈ વાતે બોલાચાલી થઈ હતી. આથી મદને સ્ટાફના દેખતા છરીના ઘા મારી રમણીની હત્યા કરી હતી. પોલીસે તેને ઝડપી લીધો હતો.

## વડાપ્રધાન મોદીના હસ્તે જાન્યુઆરી ૨૦૨૫માં કાશ્મીર-દિલ્હી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન શરૂ થવાની ધારણા

કાશ્મીરને દિલ્હી સાથે જોડતી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને વડાપ્રધાન નરેન્દ્ર મોદી જાન્યુઆરી ૨૦૨૫માં લીલીઝંડી આપશે તેવી ધારણા છે. આ ટ્રેન ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રૂટ પર દોડશે તેમ રેલવે રાજ્યમંત્રી રવનીતસિંઘે જણાવ્યું હતું.

## પૂર્વ કેન્દ્રીય નાણામંત્રી પી. ચિદમ્બરમ્ સામે એરસેલ-મેક્સિસ કેસમાં ટ્રાયલ કોર્ટની કાર્યવાહી સામે દિલ્હી હાઈકોર્ટનો સ્ટે

કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમ્ સામે ઈડીએ દાખલ કરેલા એરસેલ-મેક્સિસ કેસમાં ટ્રાયલ કોર્ટની થતી કાર્યવાહી સામે દિલ્હી હાઈકોર્ટે સ્ટે આપ્યો છે. ઈડીએ ચિદમ્બરમ્ અને તેમના પુત્ર કાર્તિ સામે નાણાકીય હેરફેર બદલ કેસ કર્યો છે.

## મહારાષ્ટ્રમાં મતદાનના દિવસે ચંદ્રપુર જિલ્લામાંથી રૂા.૬૦ લાખ રોકડા જપ્ત

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીઓ માટે મતદાનના દિવસે જ આજે ચંદ્રપુર જિલ્લામાં રાજુરા મતક્ષેત્રમાં રૂા.૬૦ લાખની રોકડ ચૂંટણી પંચની ફ્લાઈંગ સ્ક્વોડ દ્વારા જપ્ત કરવામાં આવી હતી. એક મકાન પર દરોડો પાડી રોકડ રકમ કબજે લેવામાં આવી હતી.

## યુપી પેટાચૂંટણી : ચૂંટણી પંચે નિયમોના ઉલ્લંઘન બદલ ૭ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કર્યા

ભારતના ચૂંટણી પંચ (ECI)એ બુધવારે ઉત્તરપ્રદેશના અધિકારીઓને મતદાર ઓળખની ચકાસણી અંગેના વિવાદને પગલે રાજ્યમાં નિષ્પક્ષ પેટાચૂંટણી સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. વિવાદને પગલે ચૂંટણી પંચે સમાજવાદી પાર્ટીની ફરિયાદોના આધારે મતદાર માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરવા બદલ ઓછામાં ઓછા સાત પોલીસકર્મીઓને અત્યાર સુધીમાં સસ્પેન્ડ કર્યા છે. ECIએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "કોઈપણ લાયક મતદારને મતદાન કરવાથી રોકવું જોઈએ નહીં. મતદાન દરમિયાન કોઈપણ પ્રકારના પક્ષપાતી વલણને સહન કરવામાં આવશે નહીં. ફરિયાદ મળ્યા પછી, તાત્કાલિક તપાસ હાથ ધરવામાં આવશે. જો કોઈ દોષિત જણાશે તો, તેથી કડક કાર્યવાહી કરવામાં આવશે."

## પશ્ચિમ બંગાળ ભરતી કૌભાંડ : કલકત્તા હાઈકોર્ટે પૂર્વ શિક્ષણ મંત્રીની જામીન અરજી પર વિભાજિત ચુકાદો આપ્યો

કોલકાતા હાઈકોર્ટની બે જજની બેન્ચે બુધવારે પશ્ચિમ બંગાળના પૂર્વ શિક્ષણ પ્રધાન પાર્થ ચેટરજીની જામીન અરજી પર વિભાજિત ચુકાદો આપ્યો હતો, જેમને ED અને CBI દ્વારા તેમની સાથે સંબંધિત અનેક કેસોની તપાસના ભાગરૂપે ધરપકડ કરવામાં આવી હતી. કથિત શિક્ષક ભરતી કૌભાંડ. જસ્ટિસ અરિજિત બેનરજીએ પશ્ચિમ બંગાળ સ્કૂલ સર્વિસ કમિશન (SSC) ભરતી કૌભાંડ સાથે સંબંધિત CBI કેસમાં પાર્થ ચેટરજીને જામીન આપ્યા હતા. જો કે જસ્ટિસ અપૂર્વ સિંહા રે અસંમત હતા. આ કેસ હવે કલકત્તા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને મોકલવામાં આવશે, જેઓ તેને મોટી બેંચને સોંપશે. ડિવિઝન બેન્ચે આ જ કેસમાં સામેલ અન્ય આઠ લોકોની જામીન અરજી પર પણ ચુકાદો આપ્યો હતો. ચારને જામીન આપવામાં આવ્યા હતા, જ્યારે જસ્ટિસ રેએ અન્યને ફગાવી દીધા હતા. જોકે, ચેટરજી જેમની જામીન અરજીની સુનાવણી ૭ ઓક્ટોબરે પૂરી થઈ હતી.

# મુંબઈ : નેપિયન સી રોડની ૧૧૩ વર્ષીય મહિલાએ મહારાષ્ટ્ર ચૂંટણી માટે મતદાન કર્યું

(એજન્સી) તા.૨૦

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે બુધવારે સવારે ૭ વાગ્યાથી મતદાન શરૂ થયું હતું અને રાજ્યભરમાં ૧૮ વર્ષથી લઈને ૧૦૦ વર્ષ સુધીના લોકો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા આગળ આવી રહ્યા છે. મુંબઈના નેપિયન સી રોડ વિસ્તારમાં ૧૧૩ વર્ષીય મહિલા અને ગ્રાન્ટ રોડ વિસ્તારમાં ૧૦૩ વર્ષીય વ્યક્તિએ મતદાન કર્યું હતું. તેમના મતાધિકારનો ઉપયોગ કરતા વરિષ્ઠ નાગરિકો યુવા મતદારોને લોકશાહીની ઉજવણીમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરે છે. "નેપિયન સી રોડના રહેવાસી શ્રીમતી કંચનબેન નંદકિશોર બાદશાહ, ૧૧૩ અને ગ્રાન્ટ રોડના રહેવાસી શ્રી જી.જી. પારેખે, ૧૦૩, મલબાર હિલ ખાતેના મતદાન મથક પર પોતાનો મત આપ્યો," મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે. મલબાર હિલ મતદાન મથક પર, ચૂંટણી પંચના કર્મચારી શતાબ્દી મહિલાને જોવા માટે ગેટ સુધી ગયા અને યુવા નાગરિકોને બહાર આવવા અને મતદાન કરવા પ્રોત્સાહિત કરવા બદલ તેમનો આભાર માન્યો. "મુંબઈમાં મતદાન મથકો પર આવતા વરિષ્ઠ નાગરિકો અને શારીરિક રીતે વિકલાંગ મતદારોને વ્હીલચેરની સુવિધા આપવામાં આવી રહી છે. રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અને રાષ્ટ્રીય કેડેટ કોર્પ્સ (NCC) સ્વયંસેવકો દરેક મતદાન મથકનું સંચાલન કરશે," ચૂંટણી પંચના નિવેદનમાં જણાવાયું છે."

# મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી : શ્રીરામપુરમાં શિવસેનાના ઉમેદવારની કાર પર અજાણ્યા શખ્સોએ ગોળીબાર કર્યો

(એજન્સી) તા.૨૦

મહારાષ્ટ્રના શ્રીરામપુરમાં બુધવારે વહેલી સવારે શિવસેનાના ઉમેદવાર ભાઈસાહેબ કાંબલેની કાર પર ત્રણ અજાણ્યા શખ્સોએ કથિત રીતે ગોળીબાર કર્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

મતદાનના દિવસે બે મોટરસાઈકલ પર આવેલા ત્રણ શખ્સોએ અશોક સુગર મિલ્સ પાસે કાંબલેની કારને નિશાન બનાવી હતી. જો કે, કાર અને કાંબલેને ગોળીઓ વાગી ન હતી.

અહિલ્યાનગર જિલ્લાની શ્રીરામપુર પોલીસે કાંબલેની ફરિયાદ પર ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો (BNS) હેઠળ અજાણ્યા વ્યક્તિઓ વિરુદ્ધ FIR નોંધી છે, અધિકારીએ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી અને તપાસ ચાલુ છે. કાંબલે કોંગ્રેસના હેમંત ભુજંગરાવ ઓગલે સામે ચૂંટણી લડી રહ્યા છે. મહારાષ્ટ્રમાં ૨૮૮ સભ્યોની રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં બુધવારે બપોરે ૩ વાગ્યા સુધી ૪૫.૫૩ ટકા મતદાન નોંધાયું હતું.

# અહીંના લોકો પાસે આધાર કાર્ડ અથવા મતદાર ID નથી : મુખ્ય ચૂંટણી કમિશનરનો સંવેદનશીલ જનજાતિનો મતદાનમાં સમાવેશ કરવાનો દાવો અને આદિવાસી સમુદાયોની વ્યથા

(એજન્સી)

મુલશી, તા.૨૦




મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવકુમારે નવી દિલ્હીમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન મહારાષ્ટ્ર અને ઝારખંડમાં આગામી વિધાનસભાની ચૂંટણીઓને વધુ

**ધ વાયરે મહારાષ્ટ્રના કેટલાક ગામોની મુલાકાત લીધી, જ્યાં ખાસ કરીને સંવેદનશીલ આદિવાસી જૂથોના સભ્યો પાસે તેમની નાગરિકતા અથવા અસ્તિત્વ સાબિત કરવા માટેના મૂળભૂત દસ્તાવેજો પણ નથી, મતદાર ઓળખ કાર્ડની વાત જ કરી શકાય તેમ નથી**

સમાવિષ્ટ બનાવવા માટે તેમના કાર્યાલયે હાથ ધરેલા અનેક પહેલની રૂપરેખા આપી હતી. કુમારે કહ્યું કે, મહારાષ્ટ્ર અને ઝારખંડમાં ખાસ કરીને નબળા આદિવાસી જૂથો (PVTG)ની નોંધણી પર ઘણો ભાર મૂકવામાં આવ્યો છે. કુમારે જણાવ્યું હતું કે, તેમની ઓફિસે આ સમુદાયોના તમામ પુખ્ત સભ્યો - મહારાષ્ટ્રમાં ૨.૭૭ લાખ લોકો અને ઝારખંડમાં ૧.૭૮ લાખ લોકોને આગામી ચૂંટણી માટે મતદાર યાદીમાં નોંધણી કરવામાં મદદ કરી છે. જો કે, મુખ્ય ચૂંટણી કમિશનર દ્વારા કરવામાં આવેલા આ દાવા વાસ્તવિકતા સાથે સુસંગત નથી.

ધ વાયરે મહારાષ્ટ્રના મુલશીમાં એવા કેટલાક ગામોની મુલાકાત લીધી જ્યાં કાતકરી સમુદાયના સભ્યો દાયકાઓથી અસ્તિત્વ માટે સંઘર્ષ કરી રહ્યા છે. અહીંના ઘણા પરિવારો પાસે તેમની નાગરિકતા અથવા અસ્તિત્વને સાબિત કરવા માટેના મૂળભૂત દસ્તાવેજો પણ નથી, મતદાર ઓળખ કાર્ડની વાત જ ક્યાં કરીએ. મહારાષ્ટ્રમાં ૧૫ જિલ્લાઓમાં ૪૭થી વધુ આદિવાસી જૂથો છે, જે રાજ્યની કુલ વસ્તીના ૧૦% જેટલા છે. તેમાંથી ચાર PVTG જૂથો છે. સમગ્ર રાજ્યમાં આદિવાસી સમુદાયોની સ્થિતિ અત્યંત દયનીય છે. આવું જ એક ગામ છે પોમગાંવ, જે પુણે શહેરથી ૬૩ કિલોમીટર દૂર પુણેના મુલશી તાલુકામાં આવેલું છે. પોમગાંવ તરફ જતો રસ્તો મનોહર છે, જેમાં રિસોર્ટ્સ સાથે વળાંકવાળા રસ્તાઓ છે, પરંતુ ગામ નજીકના વિસ્તારોની આધુનિક સુવિધાઓથી દૂર છે. પોમગાંવના નજીકના ગામોમાં પાકાં ઘરોથી વિપરીત, છાણની છતવાળી ઝૂંપડીઓ છે. આ ઝૂંપડીઓ માટીથી બનેલી છે અને તે તાડના પાંદડા, ઘાસ અને સ્થાનિક કારવીના છોડની લાકડીઓથી બનેલી છે. ૧૫૦થી વધુ વસ્તી હોવા છતાં આ ગામમાં સંપૂર્ણ અંધકાર છે. વીજળી કે બોરવેલ કે હેન્ડપંપ નથી. કેટલાક કાતકરી પરિવારો પડોશી ખેડૂતોના ઘરોમાંથી વીજળી ઉછીની લે છે, બદલામાં તેઓએ દિવસો સુધી તેમની જમીન મફતમાં ખેડવી પડશે.

અહીંના ભૂમિહીન ગ્રામજનો, મૂળશીમાં સમાન અન્ય ૫૧ ગામોના રહેવાસીઓ સાથે સ્થળાંતર કરવાની પદ્ધતિને અનુસરે છે. તેઓ કામની શોધમાં નજીકના શહેરો અને રાજ્યોમાં પ્રવાસ કરે છે, ઘણીવાર ઈંટના ભઠ્ઠામાં મજૂરો તરીકે 'ઉચ્ચ' જાતિના જમીનમાલિકો માટે ખેત કામદારો તરીકે અથવા પડોશી રાજ્યોમાં કોલસાની ખાણોમાં કામ કરે છે. આ ગામો મોટાભાગે વર્ષ દરમિયાન નિર્જન રહે છે.

દિવાળીના થોડા સમય પછી સમુદાય તહેવારો અથવા લગ્ન જેવા પારિવારિક પ્રસંગો માટે ઘરે પરત ફરે છે. કેટલાક માટે સ્થાનિક સરકારી કચેરીઓની મુલાકાત લેવાનો પણ આ સમય છે, તેમના દસ્તાવેજોની પ્રક્રિયા કરવાની આશામાં તેઓ અહી આવે છે.

૪૫ વર્ષીય કાલેબાઈ વાલેકરે કહ્યું હતું કે, તેણીએ દસ્તાવેજો માટે સ્થાનિક ઓફિસોમાં કેટલી વાર મુસાફરી કરી હતી. મેં ગયા અઠવાડિયે મુસાફરી પર ૭૦૦ રૂપિયાથી વધુ ખર્ચ કર્યો. વાલેકરને બે પરિણીત પુત્રીઓ છે; બંનેને બાળકો છે. તેમના પરિવારમાં કોઈની પાસે કોઈ દસ્તાવેજ નથી. અમને ખબર નથી કે ક્યાંથી શરૂઆત કરવી. દરેક વસ્તુ માટે વ્યક્તિ પાસે ઓછામાં ઓછો એક માન્ય દસ્તાવેજ હોવો જરૂરી છે. અમે સ્થાનિક ગ્રામ પંચાયત, કલેક્ટર અને સરકારને પણ અપીલ કરવાનો પ્રયાસ કર્યો છે. અહીંના ગામડાઓમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHC), આંગણવાડીઓ કે આશા કાર્યકરો પણ તેમની મુલાકાત લેતા નથી. એક ગ્રામીણ કહે છે કે, જ્યારે પણ કોઈ બીમાર પડે છે, ત્યારે તેને શહેર સુધી લઈ જવો પડે છે. ચૂંટણી પહેલા મહાયુતિ સરકારે મુખ્યમંત્રી લાડકી બહિન યોજનાની જાહેરાત કરી હતી, જે મહિલાઓને રૂા.૧૫૦૦ આપશે. જો કે, કોઈપણ દસ્તાવેજો વિના, ગ્રામજનો પોતાને આધારનો લાભ મેળવી શક્યા નથી.

પોમગાંવથી થોડાક કિલોમીટર દૂર વલાનેવાડી છે. અહીં ૧૯૫૦ના દાયકાની શરૂઆતથી છાંટની છતવાળા ૧૭ મકાનો છે. પરિવારો જે તમામ કાતકરી સમુદાયના છે, તે કહે છે કે, તેઓ આજીવિકાની શોધમાં તામિનીઘાટની બીજી બાજુથી સ્થળાંતર કરી ગયા હતા. રાયગઢ જિલ્લાના અમારા ગામોએ તે વર્ષે ગંભીર દુષ્કાળનો સામનો કર્યો હતો. તેથી અમે બહાર ગયા અને ત્યારથી અમે અહીં રહીએ છીએ.

ગામમાં માત્ર ૧૭ નાની ઝૂંપડીઓ હોવા છતાં દરેક ઘરમાં ઓછામાં ઓછા ચારથી પાંચ પરિવારો રહે છે. ગ્રામજનોને તેમની ઝૂંપડીઓ વિસ્તરવા અથવા નવા બનાવવા માટે પ્રતિબંધ છે. આ જમીન ટાટાની માલિકીની છે. દર થોડા દિવસે કંપની વિવિધ ગામોમાં ગુંડાઓને મોકલે છે કે કોઈ નવું માળખું બનાવવામાં આવ્યું છે કે કેમ. જો તેઓ હાલના માળખામાં કોઈ ફેરફાર જુએ છે, તો તેઓ તરત જ તેનો નાશ કરે છે.

બેરોજગારી, તીવ્ર ગરીબી અને જીવનની ભયંકર પરિસ્થિતિઓએ આ સમુદાયને ખાસ કરીને પુરૂષોને દારૂના વ્યસનમાં ધકેલી દીધા છે. આ ગામડાંઓમાં દારૂ બનાવવામાં આવે છે અને પુરૂષો અને સ્ત્રીઓ દ્વારા સ્થાનિક રીતે પીવામાં આવે છે. આ વિસ્તારમાં નકલી દારૂના કારણે મોતના બનાવો સામાન્ય છે. એકલ માતાઓ તેમના બાળકોને ઉછેરવા માટે સંઘર્ષ કરતી જોવાનું સમુદાયમાં સામાન્ય દશ્ય છે.

તમામ અવરોધો સામે લડીને ૪૫ વર્ષીય કલસુબાઈ જાધવ કોઈક રીતે તેના બાળકોને શિક્ષણ અપાવવામાં સફળ રહી - કદાચ આ કરનારો ગામનો આ પ્રથમ પરિવાર છે. જાધવ તેમના અસ્તિત્વનો દાવો કરવા માટે સરકારી દસ્તાવેજો દર્શાવનારા પણ પ્રથમ છે. કલસુબાઈ જાધવના બાળકોમાંથી એક શ્રીકાંતે ધો.૧૦ સુધી અભ્યાસ કર્યો. તે આવું કરનાર ગામમાં પ્રથમ છે. પરંતુ આ શિક્ષણનો બહુ લાભ નથી. સ્થાનિક નોકરી વિના શ્રીકાંતને કોલસાની ખાણમાં મજૂર તરીકે કામ કરવા માટે કર્ણાટકના યાદગીર જિલ્લામાં સ્થળાંતર કરવું પડ્યું હતું. છ વર્ષથી આ સમુદાય સાથે કામ કરી રહેલા કાર્યકર્તા નાગેશ ગાયકવાડ કહે છે કે, પડકારો ઘણા છે, જો સરકાર ઈચ્છે તો આ ચિંતાઓને દૂર કરી શકે છે. પરંતુ આ સમુદાયને કોઈ તેમના મતવિસ્તાર તરીકે જોતું નથી. આ એક ખૂબ જ નાનો અને સંવેદનશીલ આદિવાસી સમૂહ છે. તેમની સંસ્થા, સત્યશોધક બહુજન અઘાડીએ ધીમે-ધીમે પ્રદેશમાં થોડી પ્રગતિ લાવવાનો પ્રયાસ કર્યો છે. તેમના સંગઠન સાથે સંકળાયેલા કાર્યકરો દ્વારા, દરેક ગામમાં કેટલાક પરિવારો છેલ્લા કેટલાક વર્ષોમાં રાશન કાર્ડ મેળવવામાં સફળ થયા છે. હવે કેટલાક લોકો પાસે આધાર કાર્ડ પણ છે પણ તેમના આધાર કાર્ડનું અમુક મૂલ્ય ત્યારે જ હોય છે જ્યારે તેમના બેંક ખાતા, PDS કાર્ડ અથવા તેમના જોબ કાર્ડ તેની સાથે જોડાયેલા હોય. આમાંથી અત્યાર સુધી કંઈ થયું નથી.

# મહારાષ્ટ્રના હિંગોલીમાં મોક પોલ દરમિયાન ૨૧ EVM બદલવામાં આવ્યા

(એજન્સી) હિંગોલી, તા.૨૦

મહારાષ્ટ્રના હિંગોલી વિધાનસભા ક્ષેત્રમાં ચૂંટણી સત્તાવાળાઓ દ્વારા ૨૧ જેટલા ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (EVM) બદલવામાં આવ્યા હતા કારણ કે તેઓ મોક પોલ દરમિયાન ખામીયુક્ત જણાયા હતા, અધિકારીઓએ જણાવ્યું હતું કે, આનાથી સંબંધિત બૂથમાં મતદાન પ્રક્રિયાને અસર થઈ નથી. મરાઠવાડા પ્રદેશમાં હિંગોલી જિલ્લાની બાસમથ, હિંગોલી અને કલમનુરી વિધાનસભા મતવિસ્તારમાં વિધાનસભા ચૂંટણી માટે મતદાન ચાલી રહ્યું છે. બુધવારે સવારે મતદાન શરૂ થાય તે પહેલાં જિલ્લાના દરેક બૂથમાં મતદાનની મોક ડ્રીલ થઈ હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. અધિકારીએ જણાવ્યું હતું કે, "આ મોક ડ્રીલ દરમિયાન, ૨૧ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો ખામીયુક્ત જણાયા હતા, જે પછી તેને નવા EVM સાથે બદલવામાં આવ્યા હતા. આનાથી સંબંધિત બૂથ પર મતદાન પ્રક્રિયાને અસર થઈ નથી." સવારે ૯ વાગ્યા સુધી, બાસમથમાં ૭.૧૨ ટકા અને કલમનુરી વિધાનસભા ક્ષેત્રમાં ૫.૭૮ ટકા મતદારોએ મતદાન કર્યું હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

# અગાઉની જેમ એવું લાગે છે કે, ૨૦૨૫ CBSE બોર્ડ પરીક્ષાનું તારીખપત્રક ડિસેમ્બરમાં જાહેર કરવામાં આવશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦

CBSE ધોરણ ૧૦મા અને ૧૨માનું તારીખ પત્રક ૨૦૨૫ CBSE દ્વારા બહાર પાડવામાં આવનાર છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)ની પરીક્ષા ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ શરૂ થવાની ધારણા છે. CBSE વેબસાઈટ પર, ૨૦૨૫ CBSE બોર્ડની પરીક્ષાઓ માટે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સમયપત્રક, તારીખો અને અન્ય સંબંધિત માહિતી વિશેના તમામ સત્તાવાર અપડેટ્સ જોઈ શકે છે. તારીખ પત્રક અને અન્ય પરીક્ષા સંબંધિત માહિતીના પ્રકાશન વિશેની ઘોષણાઓ સત્તાવાર વેબસાઈટ્સ, cbse.gov.in અને cbse.nic.in પર નિયમિતપણે પોસ્ટ કરવામાં આવશે. આવો જાણીએ આ અંગેના કેટલાક મહત્ત્વના મુદ્દા. અગાઉના વલણો મુજબ એવું લાગે છે કે ૨૦૨૫ CBSE બોર્ડ પરીક્ષાની તારીખપત્રક ડિસેમ્બરમાં જાહેર કરવામાં આવશે. ભારતમાં અને બહાર, CBSE બોર્ડ ૮,૦૦૦થી વધુ શાળાઓ સાથે જોડાણ ધરાવે છે. ૨૦૨૫માં આ સંસ્થાઓમાંથી લગભગ ૪૦ લાખ વિદ્યાર્થીઓ CBSE બોર્ડની પરીક્ષા આપશે. CBSE ૧૦મી અને ૧૩મી બંનેની પરીક્ષા ફેબ્રુઆરી અને એપ્રિલમાં લેવાશે.

**CBSE ૨૦૨૫ : જાણવા જેવી પાંચ બાબતો -**

જો તમે ૨૦૨૫માં CBSE ધોરણ ૧૦ અથવા ૧૨ની પરીક્ષા આપવાનું વિચારી રહ્યા છો, તો અહીં જાણવા જેવી કેટલીક બાબતો છે.

૧. એવી ધારણા છે કે CBSE બોર્ડની પરીક્ષા ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ શરૂ થશે. વિદ્યાર્થીઓને તૈયારીઓ કરવા માટે પૂરતો સમય આપવા માટે તારીખ પત્ર ડિસેમ્બરમાં જાહેર કરવામાં આવશે.

૨. તારીખ પત્રક-સંબંધિત માહિતીને મોનિટર કરવા માટે CBSE વિદ્યાર્થીઓ માત્ર સત્તાવાર CBSE વેબસાઈટ cbse.gov.inની મુલાકાત લેવાની ભલામણ કરવામાં આવે છે. કોઈપણ અન્ય વેબસાઈટ પરથી કંઈપણ ડાઉનલોડ કરવું જોઈએ નહીં.

૩. ૧૩ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ CBSE બોર્ડે ૨૦૨૪ની પરીક્ષા માટે વર્ગ ૧૦ અને ૧૨ માટે શેડ્યૂલ પ્રકાશિત કર્યું. આ કારણોસર, ડિસેમ્બરના બીજા સપ્તાહને ૨૦૨૫ના તારીખ પત્રક માટે પણ નિશ્ચિત માનવામાં આવે છે.

૪. ૧લી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ CBSE શાળાઓ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓ માટે ઉમેદવારો માટે આંતરિક મૂલ્યાંકન અને પ્રાયોગિક કસોટીઓનું સંચાલન કરવાનું શરૂ કરશે. ૨૦૨૪ CBSE શિયાળુ શાળા પ્રેક્ટિકલ પરીક્ષાઓ ૫ નવેમ્બરથી ૫ ડિસેમ્બર સુધી છે.

૫. CBSE બોર્ડની પરીક્ષાઓ પૂરી થાય ત્યાં સુધી સોશિયલ મીડિયા પર ખોટી માહિતી ફરતી રહે છે. તેમના પર વિશ્વાસ કરવાને બદલે તમારે પરીક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

CBSE બોર્ડની પરીક્ષા માટે તારીખ પત્રક તૈયાર કરવું મુશ્કેલ છે. CBSE ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાની તારીખો નક્કી કરતી વખતે બોર્ડે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે બે વિષયોના પેપર વચ્ચે પૂરતો સમય છે. જેના કારણે વિદ્યાર્થીઓને તૈયારી કરવામાં કોઈ તકલીફ પડતી નથી. વધુમાં બોર્ડની પરીક્ષાનું સમયપત્રક JEE Main, NEET UG અથવા CUET UG જેવી પરીક્ષાઓ સાથે વિરોધાભાસી ન હોવું જોઈએ. વધુમાં જાહેર રજાના દિવસે પરીક્ષાનું સંચાલન કરવામાં આવતું નથી.

# ગ્લોબલ એમ્પ્લોયબિલિટી રેન્કિંગ ૨૦૨૫માં ભારતીય યુનિવર્સિટીઓમાં IIT દિલ્હી શ્રેષ્ઠ, MIT પ્રથમ નંબરે

**ગ્લોબલ યુનિવર્સિટી એમ્પ્લોયબિલિટી રેન્કિંગ ૨૦૨૫ : IIT દિલ્હીએ ૨૮મો ક્રમ મેળવ્યો, ત્યારબાદ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ (IISc) ૪૭મા ક્રમે અને IIT બોમ્બે ૬૦મા ક્રમે છે**

(એજન્સી) તા.૨૦

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (IIT) દિલ્હીને તાજેતરમાં બહાર પાડવામાં આવેલ ટાઈમ્સ હાયર એજ્યુકેશન (THE) ગ્લોબલ યુનિવર્સિટી એમ્પ્લોયબિલિટી રેન્કિંગ ૨૦૨૫માં ભારતીય યુનિવર્સિટીઓમાં સર્વશ્રેષ્ઠ ક્રમાંક આપવામાં આવ્યો છે. IIT દિલ્હીએ ૨૮મો ક્રમ મેળવ્યો, ત્યારબાદ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ (IISc) ૪૭મા ક્રમે અને IIT બોમ્બે ૬૦મા ક્રમે છે. IIT ખડગપુરે ૧૪૧મું સ્થાન મેળવ્યું છે ત્યારબાદ IIM અમદાવાદ ૧૬૦માં, IIT મદ્રાસ (૨૧૪), દિલ્હી યુનિવર્સિટી ૨૧૯ રેન્ક પર, એમિટી યુનિવર્સિટી ૨૨૫ રેન્ક પર, અન્ના યુનિવર્સિટી ૨૩૭ રેન્ક પર અને બેંગ્લોર યુનિવર્સિટી ૨૪૯માં ક્રમે છે. વિશ્વભરની સંસ્થાઓ દ્વારા યુનીવર્સિટીઓને ક્રમાંક આપવામાં આવ્યો છે.આ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, 'સૌથી વધુ રોજગારી યોગ્ય સ્નાતકોનું ઉત્પાદન કરતી યુનિવર્સિટીઓને વૈશ્વિક યુનિવર્સિટી એમ્પ્લોયબિલિટી રેન્કિંગ ૨૦૨૫માં વિશ્વભરની કંપનીઓ દ્વારા ક્રમાંક આપવામાં આવ્યો છે,'.

**વૈશ્વિક રોજગારી રેન્કિંગ ૨૦૨૫ : શ્રેષ્ઠ ભારતીય યુનિવર્સિટીઓ**

- ક્રમ ૨૮ - ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, દિલ્હી
- ક્રમ ૪૭ - ભારતીય વિજ્ઞાન સંસ્થા
- ક્રમ ૬૦ - ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી બોમ્બે
- ક્રમ ૧૪૧ - ભારતીય ટેક્નોલોજી સંસ્થાન ખડગપુર
- ક્રમ ૧૬૦ - ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ
- ક્રમ ૨૧૪ - ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી મદ્રાસ
- રેંક ૨૧૯ - દિલ્હી યુનિવર્સિટી
- ક્રમ ૨૨૫ - એમિટી યુનિવર્સિટી
- ક્રમ ૨૩૭ - અન્ના યુનિવર્સિટી
- ક્રમ ૨૪૯ - બેંગલોર યુનિવર્સિટી

દરમિયાન, મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (MIT), યુનાઈટેડ સ્ટેટ્સે એકંદરે ટોચનું સ્થાન મેળવ્યું છે ત્યારબાદ કેલિફોર્નિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી અને સ્ટેનફોર્ડ યુનિવર્સિટીએ વિશ્વભરમાં બીજા અને ત્રીજા સ્થાને કબજો મેળવ્યો છે. હાર્વર્ડ અને કેમ્બ્રિજ યુનિવર્સિટીઓએ અનુક્રમે ચોથું અને પાંચમું સ્થાન મેળવ્યું છે. ફ્રાન્સ, જર્મની અને ચીન એમ્પ્લોયબિલિટી રેન્કિંગમાં યુકે અને યુએસની સાથે શ્રેષ્ઠ પ્રતિનિધિત્વ ધરાવતા દેશોમાં છે, વેબસાઈટએ ઉમેર્યું હતું કે સિંગાપોર, જાપાન અને યુકે દરેકની એક સંસ્થા ટોચના ૧૦માં છે.

**વૈશ્વિક રોજગારી રેન્કિંગ ૨૦૨૫ : ટોચની યુનિવર્સિટીઓ**

- ક્રમ ૧ - મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી, યુ.એસ
- ક્રમ ૨ - કેલિફોર્નિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, યુ.એસ
- ક્રમ ૩ - સ્ટેનફોર્ડ યુનિવર્સિટી, યુ.એસ
- ક્રમ ૪ - હાર્વર્ડ યુનિવર્સિટી, યુ.એસ
- ક્રમ ૫ - કેમ્બ્રિજ યુનિવર્સિટી, યુકે
- ક્રમ ૬ - પ્રિન્સટન યુનિવર્સિટી, યુ.એસ
- ક્રમ ૭ - ઓક્સફર્ડ યુનિવર્સિટી, યુકે
- ક્રમ ૮ - ટોક્યો યુનિવર્સિટી, જાપાન
- ક્રમ ૯ - સિંગાપોરની નેશનલ યુનિવર્સિટી, સિંગાપોર
- ક્રમ ૧૦ - ઈમ્પીરિયલ કોલેજ લંડન, યુકે

# NTA JEE મેઈન્સ ૨૦૨૫ પરીક્ષા : નોંધણી કરવાની છેલ્લી તારીખ લંબાવાશે નહીં, કરેક્શન વિન્ડો ૨૬ નવેમ્બરે ખુલશે

**JEE મેઈન્સ ૨૦૨૫ જાન્યુઆરીની પરીક્ષા ૨૨મી જાન્યુઆરીથી ૩૧મી જાન્યુઆરીની વચ્ચે લેવામાં આવશે, NTAએ JEE મેઈન્સ અરજી ફોર્મમાં સુધારા અંગે તેમજ jeemain.nta.nic.in પર ઓનલાઈન નોંધણી કરવાની છેલ્લી તારીખ અંગે એક મહત્ત્વપૂર્ણ સૂચના બહાર પાડી છે**

(એજન્સી) તા.૨૦

નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ સંયુક્ત પ્રવેશ પરીક્ષા JEE મેઈન્સ ૨૦૨૫ એપ્લિકેશન્સ માટે એક મહત્ત્વપૂર્ણ અપડેટ બહાર પાડ્યું છે. જાહેર કરાયેલી અધિકૃત નોટિસ મુજબ NTA ૨૬ નવેમ્બર, ૨૦૨૫થી ૨૭ નવેમ્બર, ૨૦૨૫ સુધી JEE મેઈન્સ એપ્લિકેશન ફોર્મ માટે કરેક્શન વિન્ડો ખોલશે. આ સુવિધા સત્તાવાર વેબસાઈટ jeemain.nta.nic.in પર પરીક્ષા માટે નોંધાયેલા વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ રહેશે.

JEE મેઈન્સ જાન્યુઆરી ૨૦૨૫ની પરીક્ષા માટે ઓનલાઈન અરજી પ્રક્રિયા ટૂંક સમયમાં બંધ થશે. નોંધણી કરવાની છેલ્લી તારીખ ૨૨ નવેમ્બર, ૨૦૨૪ છે. NTAએ એ પણ જાણ કરી છે કે, છેલ્લી તારીખમાં કોઈ વધારો કરવામાં આવશે નહીં અને બધાને સમયસર ઓનલાઈન નોંધણી કરવાની સલાહ આપી છે. ૧૯ નવેમ્બરની નોટિસ નોંધે છે કે, NTAએ પરીક્ષા માટે નોંધણી કરાવી ચૂકેલા વિદ્યાર્થીઓની રજૂઆતો મળ્યા બાદ કરેક્શન વિન્ડો ખોલવાનો નિર્ણય કર્યો છે. વધુમાં ઓનલાઈન અરજી ફોર્મમાં ફેરફાર કરવાની સુવિધા એ એક વખતની પ્રક્રિયા છે અને વિદ્યાર્થીઓને તે બંધ થયા બાદ કોઈપણ ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. ફેરફારો કરવા માટેની વિન્ડો ૨૬ નવેમ્બર, ૨૦૨૪ના રોજ ખુલશે અને ૨૭ નવેમ્બર, ૨૦૨૪ના રોજ રાત્રે ૧૧:૫૦ વાગ્યે બંધ થશે. વિદ્યાર્થીઓને ઉમેરવામાં આવેલી વિગતોમાં ફેરફાર કરવાની અને પરીક્ષા કેન્દ્રની પસંદગીમાં ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે. ફેરફારો માટે વધારાની ફી ચૂકવવાપાત્ર હોઈ શકે છે. ઉમેદવારોને ફીની ચૂકવણી કરવા વિનંતી કરવામાં આવે છે અન્યથા ફેરફારો રેકોર્ડ કરવામાં આવશે નહીં. પરીક્ષા કેન્દ્રની સિટી સ્લિપ અને એડમિટ કાર્ડની વાત કરીએ તો NTA દ્વારા સત્તાવાર નોટિસમાં શેર કરાયેલ શેડ્યુલ મુજબ જાન્યુઆરી ૨૦૨૫માં તે રિલીઝ કરવામાં આવશે. ૧૨ ફેબ્રુઆરીએ JEE મેઈન્સ જાન્યુઆરીના પરિણામોની ઘોષણા પછી એપ્રિલની પરીક્ષા માટે નોંધણી ફેબ્રુઆરીમાં શરૂ થવાની સંભાવના છે. ઉમેદવારોને સત્તાવાર વેબસાઈટ jeemain.nta.nic.in પર ચેક કરતાં રહેવાની સલાહ આપવામાં આવે છે.

ફરી પુનરોચ્ચાર કરવામાં આવે છે કે, JEE મેઈન્સ ૨૦૨૫ જાન્યુઆરીની પરીક્ષાની છેલ્લી તારીખ લંબાવવામાં આવશે નહીં. તેથી બધા રસ ધરાવતા વિદ્યાર્થીઓ અને વાલીઓને સલાહ આપવામાં આવે છે કે, તેઓ ૨૨ નવેમ્બર, ૨૦૨૪ સુધીમાં ઓનલાઈન નોંધણી કરાવે અને પછીની કોઈપણ ચિંતાઓને ટાળવા માટે કરેક્શન વિન્ડો દરમિયાન તપાસ કરીને કરેક્શન પણ કરે. JEE Mains 2025 જાન્યુઆરીની પરીક્ષા ૨૨ જાન્યુઆરી, ૨૦૨૫થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ વચ્ચે લેવામાં આવશે.

# મણિપુરમાં ભાજપ 'વિભાજિત' થઈ ગયું છે; મુખ્યમંત્રી બિરેનસિંહને સમર્થન ઘટી રહ્યું છે જે પાર્ટી માટે માથાનો દુ:ખાવો છે

## સોમવારના રોજ CMના નિવાસસ્થાને મળેલી મહત્ત્વની બેઠકમાં ભાજપના અનેક ધારાસભ્યોએ ભાગ લીધો ન હતો, જ્યારે કુકી BJPના ધારાસભ્યો પહેલાથી જ તેમને હટાવવાની માંગ કરી રહ્યા છે, હવે કેટલાક મેઈતેઈઓ પણ તેમને હટાવવાની માંગમાં જોડાયા છે

(એજન્સી) ઈમ્ફાલ, તા.૨૦

કેન્દ્રએ મણિપુરમાં ફરીથી ફાટી નીકળેલી હિંસાને અંકુશમાં લેવા માટે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (CAPF)ની વધારાની કંપનીઓ તૈનાત કરી હોવા છતાં કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટી માટે એક મોટો માથાનો દુઃખાવો છે કે, અહીં પાર્ટી 'વિભાજિત ગૃહ'માં ફેરવાઈ રહી છે. મુખ્યમંત્રી એન. બિરેનસિંહના નિવાસસ્થાને સોમવારની બેઠકમાં છ મેઈતેઈ મહિલાઓ અને બાળકોના અપહરણ અને હત્યા પાછળ કુકી આતંકવાદીઓ સામે કાર્યવાહી કરવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો, તેમાં અનેક ધારાસભ્યો ગેરહાજર હતા અને મણિપુરના મુખ્યમંત્રીને મુશ્કેલી પડી રહી છે. મુખ્યપ્રધાન કાર્યાલયના સૂત્રોએ જણાવ્યું હતુંકે, મંત્રીઓસહિત લગભગ ૨૬ ધારાસભ્યોએ સોમવારે બેઠકમાં હાજરી આપી હતી. ભાજપના ૩૭ ધારાસભ્યોમાંથી ઘણા બેઠકમાંથી ગેરહાજર રહ્યા હતા. સાત કુકી ધારાસભ્યો ઉપરાંત શાસક પક્ષના એક ડઝનથી વધુ મેઈતેઇ ધારાસભ્યોએ હાજરી આપી ન હતી અથવા મીટિંગને અવગણવાનું કારણ પણ આપ્યું ન હતું.

જીરીબામમાં હિંસા બાદ ૧૪ નવેમ્બરે ખીણના છ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં સશસ્ત્ર દળો (સ્પેશિયલ પાવર્સ) એક્ટની સમીક્ષા કરવા કેન્દ્રને અપીલ કરવા માટે બેઠકમાં એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. એ પણ નક્કી કરવામાં આવ્યું હતું કે, જો લેવામાં આવેલા ઠરાવો નિર્દિષ્ટ સમયગાળામાં અમલમાં ન આવે તો તમામ રાષ્ટ્રીય લોકશાહી ગઠબંધન ધારાસભ્યો રાજ્યના લોકો સાથે પરામર્શ કરીને ભવિષ્યની કાર્યવાહી નક્કી કરશે.

૬૦ સભ્યોની મણિપુર વિધાનસભામાં ભાજપ પાસે ૩૭ ધારાસભ્યો છે, જેમાં પાંચ જનતા દળ (યુનાઈટેડ)માંથી શિફ્ટ થયા છે. આ ઉપરાંત ભાજપના સહયોગી નાગા પીપલ્સ ફ્રન્ટ (NPF) પાસે પાંચ ધારાસભ્યો છે. અન્ય પૂર્વ સાથી નેશનલ પીપલ્સ પાર્ટી (NPP), જેણે જીરીબામ હિંસા બાદ ગયા રવિવારે તેનું સમર્થન પાછું ખેંચ્યું હતું, તેની પાસે સાત સભ્યો છે. પૂર્વ સહયોગી કુકી પીપલ્સ એલાયન્સ પાસે બે, કોંગ્રેસ પાસે પાંચ ધારાસભ્યો, જેડી(યુ) પાસે એક અને ત્રણ અપક્ષ છે.

૧૧ ધારાસભ્યોએ મીટિંગમાં હાજરી ન આપવાનું કારણ આપ્યું નથી, ગેરહાજર લોકોની વાસ્તવિક સૂચિ લાંબી છે. છેલ્લા એક વર્ષમાં



સીએમ બિરેનસિંહના પોતાના ધારાસભ્યોના સમર્થનમાં ઘટાડો થયો છે. જ્યારે કુકી ભાજપના ધારાસભ્યોએ હિંસા બાદ ગયા વર્ષે જ તેમના રાજીનામાની માગણી કરી હતી, ત્યારે છેલ્લા એક વર્ષમાં કેટલાક એવા કિસ્સાઓ બન્યા છે કે, જ્યાં ઘણા મેઈતેઇ ભાજપના ધારાસભ્યોએ તેમને હટાવવાની માંગ કરી છે. ગયા મહિને મણિપુર વિધાનસભાના અધ્યક્ષ સત્યબ્રતસિંહ અને શિક્ષણ પ્રધાન સહિત પક્ષના ૧૯ ધારાસભ્યોએ બિરેનસિંહને હટાવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો હતો. કેન્દ્રીય નેતૃત્વ જાણે છે કે, ભાજપ આજે મણિપુરમાં વિભાજિત છે. જો કે, વિધાનસભ્યો ખુલ્લેઆમ કશું બોલતા નથી. બીજેપીના ધારાસભ્યએ કહ્યું કે, મણિપુરમાં સ્થિતિ નિયંત્રણમાં છે તેવું દર્શાવવા માટે બિરેનસિંહ પર ભારે દબાણનો સામનો કરવો પડી રહ્યો છે. સોમવારની બેઠક તે સંકેત આપવા માટે બોલાવવામાં આવી હતી. મંગળવારે મુખ્યપ્રધાને કહ્યું કે, જ્યાંસુધી ગુનેગારોને જવાબદાર ઠેરવવામાં નહીં આવે ત્યાં સુધી સરકાર આરામ કરશે નહીં. ત્રણ મિનિટની વીડિયો ક્લિપમાં તેમણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે કેન્દ્રીય રિઝર્વ પોલીસ ફોર્સ અને રાજ્ય પોલીસનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યોઅને કહ્યું કે, રાજ્ય હંમેશા તેના લોકોની સલામતી અને સુરક્ષાને પ્રાથમિકતા આપશે. તેમણે રાજ્યમાં શાંતિ લાવવા માટે તેમની પ્રતિબદ્ધતા માટે કેન્દ્રનો આભાર માન્યો. રાજ્યમાં પોસ્ટ કરાયેલા એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે, બિરેનસિંહની લોકપ્રિયતા ઓછી હોવા છતાં તે અસંભવિત છે કે, તેમને દૂર કરવામાં આવશે.

આ સમયે તેમને હટાવવાનો કોઈ પણ નિર્ણય એ સંદેશ મોકલશે કે કેન્દ્રએ કુકીઓના દબાણ હેઠળ કર્યું છે, જેઓ તેમને હટાવવાની સતત માંગ કરી રહ્યા છે. જો આવું થાય તો ખીણ (ઈમ્ફાલ), જે અત્યારે ખૂબ જ અસ્થિર છે, તેને નિયંત્રિત કરવું મુશ્કેલ બની શકે છે. કેન્દ્ર સાવચેતીપૂર્વક ચાલી રહ્યું છે કારણ કે, તે પરિસ્થિતિની અસ્થિરતાથી વાકેફ છે. જો સીએમને હટાવવાનો કોઈ નિર્ણય લેવો હોય તો તે ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીની નજીક હોઈ શકે છે, અત્યારે નહીં. આ સમયે કેન્દ્રની પ્રાથમિકતા રાજ્યમાં સુરક્ષા વધારવાની છે જેથી કરીને વધુ હિંસા અટકાવી શકાય.

આ સમયે કેન્દ્ર રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનું સંચાલન કરવા અને સુરક્ષાને મજબૂત કરવા માટે વ્યસ્ત છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે હિંસા પછી રાજ્યમાં ૫૦૦૦થી વધુ કર્મચારીઓનો સમાવેશ કરતી CAPFની ૫૦ વધુ કંપનીઓને તૈનાત કરવાનો આદેશ આપ્યો છે. સેનાએ સોમવારે ઈમ્ફાલમાં ફ્લેગ માર્ચ પણ કાઢી હતી. માત્ર નાગરિકો જ નહીં, ચૂંટાયેલા પ્રતિનિધિઓ પણ ઈમ્ફાલમાં ટોળાની હિંસાનો ભોગ બન્યા છે. શનિવારે જીરીબામ ઘટનાના ગુનેગારો સામે કાર્યવાહીની માગણી કરતા ગુસ્સે થયેલા ટોળાએ ખીણમાં રહેતા એક ડઝનથી વધુ ધારાસભ્યો અને મંત્રીઓના ઘરોમાં તોડફોડ કરી હતી. ટોળાએ સીએમ બિરેનસિંહના પૈતૃક ઘરમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો અને તોડફોડ કરવાનો પ્રયાસ કર્યો હતો. ધારાસભ્યો અને મંત્રીઓના નિવાસસ્થાનો સહિત સમગ્ર ઈમ્ફાલમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. જો કે, મણિપુરમાં ગયા વર્ષે મેથી સંઘર્ષ થઈ રહ્યો છે.

# મણિપુરમાં અશાંતિ વચ્ચે NDAમાં વિવાદ ? મુખ્યમંત્રીની મીટિંગમાં ધારાસભ્યો ગેરહાજર રહેતા વિપક્ષે નિશાન સાધ્યું

## સોમવારે રાત્રે મુખ્યમંત્રી બિરેનસિંહ દ્વારા બોલાવવામાં આવેલી મહત્ત્વની બેઠકમાં ધારાસભ્યોની ગેરહાજરીને લઈને વિપક્ષ કોંગ્રેસે ભાજપની આગેવાની હેઠળની NDA સરકાર પર હુમલો કર્યો હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦

ઈમ્ફાલ ખીણના ત્રણ જિલ્લાઓમાં કર્ફ્યુ હળવો કરવામાં આવ્યો હતો અને અમુક શરતો સાથે બ્રોડબેન્ડ ઈન્ટરનેટ પરનું સસ્પેન્શન હટાવવામાં આવ્યું હતું. એનડીએ સરકારના પ્રતિનિધિઓ મુખ્યમંત્રી એન. બિરેનસિંહને મળ્યા હતા અને છ મહિલાઓની હત્યા માટે જવાબદાર આતંકવાદીઓ સામે 'સામૂહિક ઓપરેશન' કરવાની હાકલ કરી હતી.

સોમવારે રાત્રે યોજાયેલી બેઠકમાં ૨૭ ધારાસભ્યોએ હાજરી આપી હતી. સાત ધારાસભ્યો તબીબી આધારો અંગેની ઔપચારિક માહિતી સાથે બેઠકમાં ગેરહાજર રહ્યા હતા. ૧૧ ધારાસભ્યોને કારણ વગર ગેરહાજર રહેવા બદલ નોટિસ આપવામાં આવી હતી. ગૃહમાં ભાજપ પાસે ૩૨ ધારાસભ્યો સાથે બહુમતી છે. ભગવા છાવણીને નાગા પીપલ્સ ફ્રન્ટ (NPF)ના પાંચ ધારાસભ્યો અને JD(U)ના છ ધારાસભ્યોનું સમર્થન પણ છે. NPP પાસે સાત ધારાસભ્યો છે.

મુખ્યપ્રધાને પોતે બોલાવેલી મહત્ત્વની બેઠકમાં ધારાસભ્યોની ગેરહાજરીને લઈને વિપક્ષ કોંગ્રેસે ભાજપની આગેવાની હેઠળની એનડીએ સરકાર પર હુમલો કર્યો છે. કોંગ્રેસના જનરલ સેક્રેટરી ઈન્ચાર્જ કોમ્યુનિકેશન્સ જયરામ રમેશે પૂછ્યું કે, મણિપુરની જનતાની 'અતિશય યાતના' ક્યાં સુધી આ રીતે ચાલુ રહેશે.



CM બિરેનસિંહની બેઠકમાં માત્ર ૨૬ MLA જ હતા. આ ૨૬માંથી ૪ NPPના છે જેના રાષ્ટ્રીય અધ્યક્ષે હાલના CMને સમર્થન પાછું ખેંચવા માટે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષને પહેલેથી જ પત્ર લખ્યો છે. બાદમાં એક પોસ્ટમાં તેમણે કહ્યું કે, હવે અમને માહિતી મળી છે કે, ૩ ધારાસભ્યોની સહીઓ જેઓ કથિત રીતે ગેરહાજર હતા તે સહીઓ બનાવટી છે. તેથી હાજર એનડીએ ધારાસભ્યોની વાસ્તવિક સંખ્યા માત્ર ૨૪ હતી, જેમાં મુખ્યમંત્રીનો સમાવેશ થાય છે.

બિરેનસિંહે મણિપુરમાં હિંસા માટે 'કેટલાક નિહિત હિતોને' દોષી ઠેરવ્યા છે. તેમણે કોંગ્રેસના નેતા પી. ચિદમ્બરમ્ પર હાલની કટોકટી સર્જવાનો આરોપ લગાવતા ટીકા કરી હતી. સિંહે કહ્યું કે, મણિપુરના વિભાજનનો ઉલ્લેખ કરતી અને વર્તમાન કટોકટી માટે મુખ્યપ્રધાન પર આરોપ મૂકતી તેમની પોસ્ટ જોઈને મને આશ્ચર્ય થાય છે. ચિદમ્બરમ્ હાલના સંકટનું મૂળ છે. જ્યારે તેઓ કેન્દ્રીય ગૃહપ્રધાન હતા અને ઓ ઈબોબીસિંહ મુખ્યમંત્રી હતા, ત્યારે તેઓ મણિપુરના વિભાજનનો ઉલ્લેખ કરતા હતા.

ચિદમ્બરમ્ અને ગ્યુતેની કથિત તસવીર બતાવતા તેમણે કહ્યું કે, હાલની કટોકટી કોંગ્રેસ દ્વારા ઊભી કરવામાં આવી છે. રાષ્ટ્રીય નેતાઓ દ્વારા આવો ખોટો પ્રચાર અને આક્ષેપો બંધ થવા જોઈએ. ચિદમ્બરમ્ ગેરકાયદેસર વસાહતીઓને મણિપુર લાવવા માટે જવાબદાર હતા.

# મુસ્લિમોનું અપમાન કરતી ઝારખંડ ભાજપની જાહેરાત પર નારાજગી, ચૂંટણી પંચે તેને હટાવવાની માંગ કરી

(એજન્સી) તા.૨૦

ભારતીય જનતા પાર્ટી (BJP) દ્વારા જાહેર કરાયેલ એક ચૂંટણી જાહેરાત ઝારખંડના મુસ્લિમોનુ અપમાન કરી રહી છે અને તેમને ખૂબ જ ખરાબ દર્શાવે છે. આ જાહેરાતથી લોકોમાં આક્રોશ ફેલાયો છે અને ચૂંટણી પંચને સોશિયલ મીડિયા પ્લેટફોર્મને તેને દૂર કરવા માટે નિર્દેશ આપવાની ફરજ પડી છે.

૫૪ સેકન્ડના આ વીડિયોમાં મોટી સંખ્યામાં બાળકો, કેપ પહેરેલા પુરૂષો અને બુરખા પહેરેલી મહિલાઓ એક હિંદુ પરિવારના ઘર પર હુમલો કરતા અને તમામ ઘરોને કબજે કરતા જોવા મળે છે. વીડિયોની શરૂઆત એક હિંદુ પરિવાર સાથે થાય છે જેઓ ભોજન લે છે અને તેમના ઘરના કામમાં વ્યસ્ત છે.

અચાનક મોટી સંખ્યામાં મુસ્લિમ બાળકો તેમના સ્ત્રી-પુરૂષો સાથે તેમના ઘરે આવે છે અને તેમના સામાન સાથે ઘરમાં પ્રવેશ કરે છે. તમામ બાળકો, પુરૂષો અને સ્ત્રીઓ ખૂબ જ નબળી સ્થિતિમાં બતાવવામાં આવ્યા છે. તેઓ બધા ઘરોનો ઉપયોગ કરવાનું શરૂ કરે છે અને અત્યંત વૈભવી અને સુંદર ઘરમાં નિમ્ન સ્તરની પ્રવૃત્તિઓમાં સામેલ થઈ જાય છે.

ઘર પર હુમલો થતાં માલિક અને તેના પરિવારના સભ્યો હુમલાખોરોને રોકવાનો પ્રયાસ કરી રહ્યા છે, જ્યારે મહિલાઓ અત્યંત વ્યગ્ર હોવાનું દર્શાવવામાં આવ્યું છે. વીડિયોમાં ઘરની બહાર લટકતું બેનર પણ બતાવવામાં આવ્યું છે જેમાં ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન જેવા રાજકીય નેતાને દર્શાવવામાં આવ્યા છે. બેનરમાં લખ્યું છે, 'અમે સમગ્ર ઝારખંડનું માળખું બદલીશું'. ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ) અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની ફરિયાદ બાદ ચૂંટણી પંચે ઝારખંડના મુખ્ય ચૂંટણી અધિકારીને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને ભાજપને નોટિસ જારી કરવાનો નિર્દેશ આપ્યો હતો. 'તેથી સંબંધિત સોશિયલ મીડિયા પ્લેટફોર્મને હાલના કાયદાઓ અને પ્રક્રિયાઓ અનુસાર તાત્કાલિક પગલાં લેવા અને ત્યાર બાદ તરત જ આઈટી એક્ટની કલમ ૭૯(૩)(બી) હેઠળ ઝારખંડ રાજ્યમાં નિયુક્ત સત્તાધિકારી દ્વારા સંદર્ભિત પોસ્ટને દૂર કરવા માટે નિર્દેશિત કરવામાં આવે છે. MCCની જોગવાઈઓના કથિત ઉલ્લંઘન અંગે તમને ભાજપ ઝારખંડને તરત જ આ પદને દૂર કરવા માટે સૂચના આપવામાં આવે છે. ECIના રવિવારના પત્રમાં જણાવ્યું હતું. અહેવાલો અનુસાર એફઆઈઆર નોંધવામાં આવી હતી અને સોશિયલ



મીડિયા પ્લેટફોર્મ અને ભાજપને નોટિસ આપવામાં આવી હતી.

પાર્ટીએ કથિત રીતે જાહેરાત પણ હટાવી દીધી હતી. જો કે, સોશિયલ મીડિયા પર વીડિયો સામે આવતાની સાથે જ તેમાં મુસ્લિમોના અમાનવીય ચિત્રણને કારણે ભારે આક્રોશ ફેલાયો હતો. જમ્મુ અને કાશ્મીરના પૂર્વ મુખ્યપ્રધાન મહેબૂબા મુફતીએ આ જાહેરાતની ટીકા કરી અને તેને 'શુદ્ધ ઝેર' ગણાવી.

# વિશ્વ સમસ્ત માટે ટકાઉ ભવિષ્યનું નિર્માણ કરવા વધુ પ્રયાસો કરવાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો અનુરોધ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સમસ્ત વિશ્વ માટે વધુ શુદ્ધ સ્વચ્છ અને ટકાઉ ભવિષ્યનું નિર્માણ કરવા માટેના પ્રયાસો વધુ વેગમાન બનાવવા G-20 દેશોને અનુરોધ કર્યો હતો. બ્રાઝિલની રાજધાનીમાં G-20 શિખર પરિષદને સંબોધન કરતા વડાપ્રધાને જણાવ્યું હતું કે, વિકાસ કરી રહેલા દેશોને નાણાકીય સહાય અને ટેક્નોલોજી આપવા માટેના એમના સંકલ્પો વિકસિત દેશો પરિપૂર્ણ કરે એ અતિ આવશ્યક છે અને આ સહાય પણ સમયસર મળવી જોઈએ.

મોદીએ જણાવ્યું હતું કે, ભારત તેના જેટલા સફળ પ્રયોગો થાય છે તેની વિગતોથી મિત્ર દેશોને વાકેફ કરતું રહે છે અને ખાસ કરીને દક્ષિણ એશિયા સાથે અમારા અનુભવો અમે વહેંચતા રહીએ છીએ. મોદીએ જણાવ્યું હતું કે, ભારતીય વિચારધારા જે પરંપરાગત છે તેના આધારિત અમારા વિકાસ માટેના પ્રયાસો સંતુલિત છે અને વિકાસશીલ પણ છે. તેમણે કહ્યું હતું કે, પેરિસ સમજૂતીમાં ભારતે આપેલા તેના તમામ વચનોનું અને બાંહેધરીનું ભારતે સમય કરતા આવેલું પાલન કર્યું છે અને આવું કરનાર ભારત S-20નો પહેલો દેશ છે.

વડાપ્રધાનના G-20 પ્રવચનના અંશ વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયા પર મૂક્યા હતા. વડાપ્રધાન મોદીએ ઉમેર્યું હતું કે નવી દિલ્હી ખાતે G-20 શિખર પરિષદ મળી ત્યારે આપણે ટકાઉ અને સતત અવિરત વિકાસના લક્ષ્યાંકો પરિપૂર્ણ કરવા માટે વારાણસી એક્શન પ્લાન તૈયાર કર્યો હતો. G-20ના બ્રાઝિલના



અધ્યક્ષ પદ દરમિયાન આપણે આ લક્ષ્યાંકોના અમલીકરણ તરફ આગળ વધ્યા છીએ એ ખૂબ જ આવકાર્ય છે.

વડાપ્રધાન મોદીએ તમામ દેશો માટે ટકાઉ વિકાસ સુનિશ્ચિત કરવા હાકલ કરી હતી અને આંતરરાષ્ટ્રીય સૌર ઊર્જા જોડાણ તથા એક વિશ્વ એક સૂર્ય અને એક ગ્રેડ તેમજ વિશ્વવ્યાપી બાયોફ્યુઅલ જોડાણ જેવા પગલાં લેવા માટે અને પહેલ કરવા માટે સૂચનો કર્યા હતા. મોદીએ જણાવ્યું હતું કે, ભારતે પર્યાવરણ શુદ્ધિકરણ માટે અને વિશ્વ કક્ષાએ ટકાઉ જીવનધોરણ સુનિશ્ચિત કરવા માટે મિશન લાઈફ શરૂ કર્યું છે.

# ૨૪ વર્ષીય ઉદ્યોગ સાહસિક અમેરિકા છોડીને બાલીમાં માત્ર અઠવાડિયાના ૩૦ કલાક કામ કરીને વર્ષે ૨.૧૫ કરોડ રૂપિયા કમાય છે

## આજે MrGuo એક ટીમ સાથે કામ કરે છે, જે સમગ્ર યુ.એસ., ફિલિપાઈન્સ, યુકે અને ભારતમાં ૧૯ કર્મચારીઓનું સંચાલન કરે છે, તે સામાન્ય રીતે સોમવારથી શુક્રવાર સુધી દિવસમાં છ કલાક અથવા અઠવાડિયામાં ૩૦ કલાક કામ કરે છે

(એજન્સી) તા.૨૦

સ્ટીવન ગુઓ ૨૪ વર્ષીય ઉદ્યોગ સાહસિક છે, તેઓ યુનાઈટેડ સ્ટેટ્સથી બાલીમાં શિફ્ટ થયા હતા. MrGuoએ ખુલાસો કર્યો કે તે અઠવાડિયામાં માત્ર ૩૦ કલાક કામ કરે છે અને વર્ષમાં $૨,૫૪,૦૦૦ (રૂ. ૨.૧૫ કરોડ) કમાય છે. તેમણે કહ્યું કે, બાલી ખરેખર એક એવી જગ્યા છે જ્યાં મારા કાર્ય અને જીવન સંતુલનનો આખરે અર્થ સમજાયો છે. મારો સવારનો સમય મોટાભાગે મારા વ્યવસાય માટે હોય છે, અને બપોરનો સમય સર્ફિંગ, લેન્ડસ્કેપ્સ અથવા અહીંની જીવંત સંસ્કૃતિનો આનંદ માણવા માટે હોય છે.

MrGuoએ કહ્યું કે તેમની ઉદ્યોગ સાહસિક યાત્રા ત્યારે શરૂ થઈ જ્યારે તે ૧૨ વર્ષનો હતો. હું સર્વર હોસ્ટ કરવા માંગતો હતો જેથી હું અને મારા મિત્રો તેના પર રમી શકીએ. અન્ય લોકોએ પણ તેના પર રમવાનું શરૂ કરવાનું નક્કી કર્યું, અને તેના કારણે, કોઈએ મને ૫૦ ડોલર ઓફર કર્યા. આ વ્યવહારે તેનું જીવન બદલી નાખ્યું. તેમણે કહ્યું કે, મને ખ્યાલ ન હતો કે તમે ઈન્ટરનેટ પરથી પૈસા કમાઈ શકો છો.

જો કે, ગેમ ડેવલપમેન્ટ કંપની શરૂ કરવાનો તેનો પહેલો પ્રયાસ નિષ્ફળ ગયો અને તેના બધા પૈસા વપરાઈ ગયા હતા. પરંતુ મેં ખરેખર એક મૂલ્યવાન પાઠ શીખ્યો, જે એ હતો કે: કોઈપણ વ્યવસાય માટે



માર્કેટિંગ અત્યંત મહત્વપૂર્ણ છે. નિષ્ફળતાનો સામનો કર્યા પછી તે આ વ્યવસાય ચલાવવા અને તેને પોતાની કારકિર્દી બનાવવા વિશે શીખવા માટે તૈયાર હતો. જો કે, કિશોરાવસ્થામાં વ્યવસાય શરૂ કરવા માટે નિશ્ચિત હોવા છતાં, તેણે કોલેજને ગંભીરતાથી લીધી ન હતી. ગુઓએ યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, ઈર્વિન ખાતે બિઝનેસ ઈકોનોમિક્સનો અભ્યાસ કર્યો હતો, જ્યાં તેઓ ઉદ્યોગ સાહસિક પ્રયાસો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરતા હતા, જેના કારણે તેમણે ૨.૭ GPA મેળવ્યા હતા. જો કે, તેણે કહ્યું કે તેના નબળા ગ્રેડને લીધે તે સફળ ઉદ્યોગ સાહસિક બનવા માટે પ્રેરિત થયો છે. મારું GPA ખૂબ ખરાબ હતું, હું જાણતો હતો કે ઉચ્ચ પગારવાળી નોકરી મેળવવી અસંભવિત હતી, અને માટે મેં મારા પોતાના વ્યવસાય પર વધુ સખત મહેનત કરવાનું શરૂ કર્યું હતું.

આજે, MrGuo એક ટીમ સાથે કામ કરે છે, યુ.એસ., ફિલિપાઈન્સ, યુકે અને ભારતમાં ૧૯ કર્મચારીઓનું સંચાલન કરે છે. તે સામાન્ય રીતે સોમવારથી શુક્રવાર સુધી દિવસમાં છ કલાક, અથવા અઠવાડિયાના ૩૦ કલાક કામ કરે છે, અને તેનો આશરે ૪૦% સમય તેના ગ્રાહકો અને તેઓ જે ઉત્પાદનો અને સેવાઓ વેચે છે તેના પર બજાર સંશોધન કરવામાં વિતાવે છે, ઉદ્યોગ સાહસિકે આઉટલેટને જણાવ્યું હતું. તેમના સફળ વ્યવસાયોની શ્રેણીમાં, ગ્રાહકોને ખજૂર (ફળ) વેચતા ઓનલાઈન રિટેલર, K-pop-પ્રેરિત મર્ચ સ્ટોર અને લક્ઝરી કાર ધરાવતા લોકો માટે પ્રીમિયમ કાર કવર વેચતી કંપનીનો સમાવેશ થાય છે. કોલેજમાંથી સ્નાતક થયા પછી, તેણે લગભગ ૧૫ દેશોમાં પ્રવાસ કર્યો, જેના પગલે તેણે તેની પોષણક્ષમતા, કુદરતી સૌંદર્ય અને સમુદાયની ભાવના માટે બાલીમાં શિફ્ટ થવાનું નક્કી કર્યું. તે ચાર બેડરૂમના વિલામાં બે મિત્રો અને સાથી સાહસિકો સાથે રહે છે. તે કહે છે કે, હું ચોક્કસપણે બાલીમાં વધુ ખુશ છું કારણ કે અહી જીવનશૈલી મહાન છે, મને મારા મિત્રો સાથે ઘણો સમય વિતાવવા મળે છે. મને સર્ફિંગ જેવી પ્રવૃત્તિઓ કરવા માટે પણ ઘણો સમય મળે છે.

# આ મહિલા દુર્ઘટનાને કારણે ડોક્ટર ન બની શકી પછી પ્રથમ પ્રયત્નમાં UPSC પાસ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦

આપણે બધા સ્વપ્નની કારકિર્દીની કલ્પના કરીએ છીએ, પરંતુ જીવનની વાસ્તવિકતા ઘણીવાર આપણને અણધાર્યા માર્ગો પર લઈ જાય છે. જ્યારે કેટલાક પડકારોથી ડૂબી જાય છે, અન્ય લોકો તેમને સ્વીકારે છે અને એક નવું, પરિપૂર્ણ ગંતવ્ય શોધે છે. આવી જ કહાની ઋષિતા ગુપ્તાની છે, જેણે ડોક્ટર બનવાની આકાંક્ષા હતી પરંતુ તેને બદલે IAS અધિકારી તરીકે સફળતા મેળવી હતી. અહીં તેની પ્રેરણાદાયી સફર વિશે જાણીએ. બાળપણથી જ, ઋષિતાના પરિવારે તેના સ્વપ્નોને પોષ્યા, તેના શૈક્ષણિક વિકાસ માટે સહાયક વાતાવરણ પૂરું પાડ્યું. એક વિદ્યાર્થી તરીકે ઉત્કૃષ્ટ, તેણીએ વિજ્ઞાન પ્રવાહમાં તેની હાઈસ્કૂલ પૂર્ણ કરી, મેડિકલ માં કારકિર્દી બનાવવાનો નિર્ધાર કર્યો. જો કે, તેણીની યોજનાઓએ તેના ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષા દરમિયાન ગંભીર વળાંક લીધો જ્યારે દુર્ઘટના સર્જાઈ, તેના પિતાનું બીમારીને કારણે અવસાન થયું. આ નુકસાને તેને ઊંડી અસર કરી, તેના શૈક્ષણિક પ્રદર્શનને અસર કરી



અને મેડિકલ સ્કૂલમાં પ્રવેશ મેળવવાની તેની આશાઓ પર પાણી ફરી વળ્યું. આ આંચકો હોવા છતાં, તેણે મક્કમતા દાખવી. તેના બદલે, તેણે અંગ્રેજી સાહિત્યમાં સ્નાતકની ડિગ્રી મેળવવાનું પસંદ કર્યું. ૨૦૧૫ સુધીમાં, તેણીએ એક નવા ધ્યેય પર તેની દૃષ્ટિ નક્કી કરી, સિવિલ સેવક બનવું પ્રતિષ્ઠિત UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષામાં પ્રવેશ મેળવવા માટે નિર્ધારિત, તેણે સખત તૈયારી માટે પોતાની જાતને સમર્પિત કરી. તેણીની મહેનતનું અદ્ભુત વળતર મળ્યું. ૨૦૧૮માં, ઋષિતાએ તેના પ્રથમ પ્રયાસમાં UPSC પરીક્ષા પાસ કરી, અખિલ ભારતીય ક્રમાંક ૧૮ મેળવ્યો. આ નોંધપાત્ર સિદ્ધિ ઝીણવટભરી આયોજન, દૃઢતા અને તેની ક્ષમતાઓમાં અતૂટ વિશ્વાસનું પરિણામ હતું. તેની તૈયારીની વ્યૂહરચનામાં શિસ્તબદ્ધ અભ્યાસ શેડ્યૂલનો સમાવેશ થાય છે, જેમાં NCERT પુસ્તકો, કોચિંગ સામગ્રી, ઓનલાઈન સામગ્રી અને મોક ટેસ્ટ જેવા વિવિધ સંસાધનોનો સમાવેશ થાય છે. તેણીએ સતત પુનરાવર્તન પર ભાર મૂક્યો હતો. તેણી UPSC ઉમેદવારોને પરિણામોની ચિંતા કરવાને બદલે માત્ર તેમની તૈયારી પર ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહ આપે છે. તેણી કહે છે કે વર્તમાન બાબતોથી માહિતગાર રહેવા માટે વર્તમાનપત્રો અને માસિક સામયિકો દ્વારા માહિતગાર રહેવું મહત્ત્વપૂર્ણ છે. તેના વૈકલ્પિક વિષય માટે, રિશિતાએ પબ્લિક એડમિનિસ્ટ્રેશન પસંદ કર્યું, લેખિત પરીક્ષામાં ૮૭૯ માર્ક્સ અને ઈન્ટરવ્યૂમાં વધારાના ૧૮૦ માર્ક્સ મેળવ્યા. તેની સફર ઉદાહરણ આપે છે કે કેવી રીતે સ્થિતિસ્થાપકતા અને નિશ્ચય પડકારોને સફળતા તરફના પગથિયામાં પરિવર્તિત કરી શકે છે.

### ભાજપ સરકારની ગરીબ આદિવાસી-દલિત વિરૂદ્ધની માનસિક્તા ઉજાગર કરતા કોંગ્રેસના પ્રહારો

# આદિવાસી સમાજના બાળકો માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના બંધ કરી ખૂબ મોટો અન્યાય કર્યો

## હજારો વિદ્યાર્થીઓના ભાવિને અંધકારમય કરનારો નિર્ણય પરત લો નહીં તો આંદોલન : શક્તિસિંહ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

ભારતીય જનતા પાર્ટીની ગરીબ આદિવાસી અને દલિત વિરુદ્ધની માનસિકતાનો વધુ એક પરચો તાજેતરમાં આપવામાં આવ્યો છે. આદિવાસી સમાજના બાળકો મેટ્રિક પછી વધારેમાં વધારે સારા કોર્સમાં અભ્યાસ કરી શકે તે માટે કેન્દ્રમાં કોંગ્રેસની સરકારે શરૂ કરેલી પોસ્ટ પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની યોજના હવે ભાજપ સરકારે બંધ કરીને આદિવાસી બાળકોને ખૂબ મોટો અન્યાય કરેલો છે. ગુજરાત સરકારે તાજેતરમાં એક પરિપત્ર બહાર પાડીને હવે પછી કોઈપણ આદિવાસી બાળક (અનુસૂચિત જનજાતિનો વિદ્યાર્થી) મેટ્રિક પછી મેનેજમેન્ટ કોટામાં એટલે કે પેઈડ સીટ ઉપર પ્રવેશ મેળવે તો તેને શિષ્યવૃત્તિ નહીં આપવાનો નિર્ણય કર્યો છે. તેમ જણાવતા કોંગ્રેસ પ્રદેશ પ્રથમ શક્તિસિંહ ગોહિલે ૨૮ ઓક્ટોબરના રોજ જાહેર થયેલા પરિપત્રની નકલ પ્રેસ કોન્ફરન્સમાં પૂરી પાડી હતી. સરકારના આ ઠરાવ મુજબ થયેલા નિર્ણયથી આદિવાસી સમાજમાંથી આવતા અનેક તેજસ્વી બાળકો મેટ્રિક પછી નર્સિંગ કોર્સ, ફાર્મસી, ડિગ્રી એન્જિનિયરિંગ, ડિપ્લોમા એન્જિનિયરિંગ, એમ.બી.એ., એમ.ઈ. અને એમ.ફાર્મસીથી લઈને અનેક પેરામેડીકલ કોર્સમાં શિષ્યવૃત્તિનો લાભ લેતા હતા, આવા હજારો વિદ્યાર્થીઓના ભવિષ્યને અંધકારમય કરી દેનારો ભાજપ સરકારનો નિર્ણય સંપૂર્ણપણે નીંદનીય છે તેમ જણાવતા ગોહિલે વધુમાં પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, ખાલી ટેકનીકલ કોર્સમાં જ આ વર્ષે જોઈએ તો આદિવાસી સમાજમાંથી આવતા એસટી કેટેગરીના ૩૭૦૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધેલો છે, જેઓને હવેથી શિષ્યવૃત્તિ નહીં મળે. સરકાર તાત્કાલિક પોતાનો આ તઘલખી નિર્ણય રદ્દ કરે અને આદિવાસી સમાજમાંથી આવતા બાળકોને શિષ્યવૃત્તિ પુનઃ શરૂ કરવામાં આવે. તેવી માગણી તેમણે કરી હતી. કોંગ્રેસ દ્વારા આદિવાસી વસ્તી ધરાવતા તમામ જિલ્લાઓમાં જનજાગૃતિનો કાર્યક્રમ ચલાવવામાં આવશે અને દરેક જિલ્લા મથક પર કલેકટરોને આવેદનપત્ર આપીને સરકાર આદિવાસી બાળકો માટે મેનેજમેન્ટ કોટામાં પ્રવેશ મેળવ્યા બાદ મળતી શિષ્યવૃત્તિને પુનઃ બહાલ કરે તેવી માંગણી કરવામાં આવશે. જિલ્લામાં મથકો પર જરૂર પડે દેખાવો અને આંદોલનો પણ કોંગ્રેસ દ્વારા કરવામાં આવશે અને આદિવાસી વિસ્તારના જિલ્લાના ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો અને આગેવાનો આદિવાસી સમાજને ભાજપ દ્વારા કરવામાં આવેલા અન્યાયની વિરુદ્ધમાં લોકોની વચ્ચે જઈને સરકાર મેનેજમેન્ટ કોટામાં મળતા પ્રવેશની શિષ્યવૃત્તિ આદિવાસી વિદ્યાર્થીઓ માટે પુનઃ શરૂ કરે તેવી માંગણી કરશે.

### અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની સામાન્ય સભા બની તોફાની

# સ્ટ્રીટ વેન્ડિંગ પોલિસી, રોડ-રસ્તામાં ભ્રષ્ટાચાર તથા રોગચાળા મુદે વિપક્ષના શાસકો પર પ્રહારો

## મકતમપુરા વોર્ડના મહિલા કોર્પોરેટરે મેયર-કમિશ્નર સામે કાગળો ફેંકતા હોબાળો; સસ્પેન્ડ કરવાની માગણી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય સભામાં મકતમપુરા વોર્ડના AIMIM પાર્ટીના મહિલા કોર્પોરેટર જૈનબબીબી શેખ દ્વારા પ્રાથમિક સુવિધાઓના કામને લઈને ઉગ્ર રજૂઆત કરી હતી. બજેટના કામો અને વિવિધ પ્રકારના નાગરિકોની સમસ્યાના કામો અંગે અવારનવાર પત્રો લખી અને રજૂઆત કરવા છતાં પણ કામગીરી ન કરવામાં આવતા આજે જૈનબબીબીએ સામાન્ય સભામાં કોર્પોરેશનના અધિકારીઓને લખેલા પત્રોની નકલો મેયર અને કમિશનર સામે ફેંકી હતી અને આ પેપરોને અગ્નિસંસ્કાર કરી નાખો તેમ કહ્યું હતું. હું આ કોઈ લવ લેટર નથી લખતી પરંતુ પ્રજાના કામો વિશે લખું છું છતાં પણ કામગીરી થતી નથી. બીજી તરફ વિપક્ષના નેતા દ્વારા સ્ટ્રીટ વેન્ડીંગ પોલિસી, રોગચાળો તથા રોડ-રસ્તામાં ભ્રષ્ટાચારના મુદ્દા ઉઠાવી પ્રહારો કરાયા હતા. મકતમપુરા વોર્ડમાં આવતા જુહાપુરા અને ફતેવાડી વિસ્તારમાં નાગરિકોના કામ ન થતા હોવાને લઈને કરેલી રજૂઆત બાદ પેપરો ઉછાળી અને તેના અગ્નિસંસ્કાર કરવાની વાત કરવામાં આવતા ભાજપના કોર્પોરેટરો ઉભા થઈ ગયા હતા અને શબ્દોને પાછા ખેંચવાની રજૂઆત કરી હતી. મહિલા કોર્પોરેટરને સસ્પેન્ડ કરવા સુધીની પણ માગ કરી હતી. ભાજપ કોર્પોરેટરો અને AIMIM કોર્પોરેટરો દ્વારા હોબાળો થતા મેયર પ્રતિભા જૈને સામાન્ય સભામાં કામો મંજૂર કરી અને સભા બરખાસ્ત કરી દીધી હતી. આજે મળેલી સામાન્ય સભામાં વિપક્ષના નેતા શહેઝાદ ખાન પઠાણ દ્વારા સ્ટ્રીટ વેન્ડિંગ પોલિસીને લઈને ઉગ્ર રજૂઆત કરી હતી. છેલ્લા દસ વર્ષથી આ પોલિસીના નામે ગરીબો અને છેતરવામાં આવી રહ્યા છે. જે કમિટી બનાવવામાં આવી છે તે ૧૦ વર્ષ બાદ પણ હજી પોલિસીનો અમલ કરાવી શકી નથી. આ પોલિસીને સૌપ્રથમ ટાઉન પ્લાનિંગ કમિટીમાં લાવવામાં આવી ત્યારબાદ સ્ટેન્ડિંગ કમિટીમાં મોકલવામાં આવી અને સ્ટેન્ડિંગ કમિટી દ્વારા ફરીથી ટાઉન પ્લાનિંગ કમિટીમાં મોકલવામાં આવી હોવાની રજૂઆત કરી હતી. જેના કારણે હજી સુધી ફૂટબોલની જેમ આ પોલિસીને ફેરવવામાં આવી રહી છે. ટાઉન પ્લાનિંગ કમિટીના ચેરમેન પ્રીતિશ મહેતાએ કહ્યું હતું કે, તમને આ કામ બાબતે ખબર નથી તમે લોકોને ગેરમાર્ગે દોરો છો. મારી કમિટીમાં આ કામ પહેલાં આવ્યું જ નથી. સ્ટેન્ડિંગ કમિટીમાં આવ્યા બાદ અમારી પાસે આવ્યું છે અને તે અભ્યાસ માટે બાકી રાખવામાં આવ્યું છે. સ્ટ્રીટ વેન્ડિંગ પોલિસીમાં વિસંગતતા અને અમલીકરણ ન થવાને લઈને વિપક્ષના નેતાએ કહ્યું હતું કે, જે કમિટી બનાવવામાં આવી છે. તે માત્ર પ્રોવિઝનલ કમિટી બની છે તેમાં વેન્ડરના પ્રતિનિધિની ચૂંટણી કરવાની હોય છે છતાં પણ આ ચૂંટણી કરવામાં આવી નથી. મન ફાવે તેવા વ્યક્તિને મૂકવામાં આવ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની પોલીસીમાં રેલવે સ્ટેશન, હોસ્પિટલો શૈક્ષણિક સંસ્થાઓની અને અન્ય જગ્યાઓની આસપાસનો વેલ્ડીંગ ઝોન જાહેર કરવામાં આવ્યા છે. સ્ટ્રીટ વન્ડરો પાસે રજિસ્ટ્રેશનના ૨૫૦૦ રૂપિયા લેવામાં આવે છે જેની ફી ઘટાડીને ૧૦૦૦ રૂપિયા અને ભાડામાં રૂપિયા ૧૦૦ કરવાની પણ માગ કરી હતી. હાટકેશ્વર બ્રિજને લઈને વિપક્ષના નેતા શહેઝાદખાન પઠાણે ભાજપના સત્તાધીશોને આડે હાથ લેતા કહ્યું હતું કે, તમે કોંગ્રેસ પક્ષને જુઠ્ઠી ગેંગ તરીકે કહેતા હતા પરંતુ જુઠ્ઠી ગેંગ તો ભાજપ છે. હાટકેશ્વર બ્રિજને તોડી અને નવો બનાવવા પાછળનો ખર્ચ રૂપિયા ૫૨ કરોડ કરવામાં આવ્યો હોવા અંગેની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ હવે આ ખર્ચ વધીને રૂપિયા ૧૧૮ કરોડ સુધી પહોંચી ગયો છે. ત્યારે હવે આમાં જુઠી ગેંગ કોણ છે તે સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. હાટકેશ્વર બ્રિજ ભ્રષ્ટાચારનો બ્રિજ બની ગયો છે. ભ્રષ્ટાચારી બ્રિજને તોડી અને નવો બનાવવા માટે કોઈ ટેન્ડર ભરતું નથી અને છેલ્લા કેટલાય સમયથી બ્રિજ જેમની તેમ સ્થિતિમાં છે. રોડ રસ્તામાં પણ વાયદાઓ પર વાયદા અને તારીખ પર તારીખ કરો છો. ચોમાસા બાદ રોડ રસ્તા સરખા કરવા માટે નવરાત્રિ પહેલાં રોડ સરખા થઈ જશે તેમ કહ્યું હતું. પરંતુ હજી સુધી થઈ શક્યા નથી. વધુમાં તેઓએ કહ્યું હતું કે, અમદાવાદ શહેર હવે બીમાર સિટી બની ગયું છે. શહેરમાં રોગચાળો દિન પ્રતિદિન વધી રહ્યો છે. પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં પાણીજન્ય રોગચાળો વધી રહ્યો છે. ગોતા, સોલા, સરસપુર સહિતના વિસ્તારોમાં ઝાડા ઉલટીથી લઈને ડેન્ગ્યુ સુધીના કેસો ખૂબ જ વધ્યા છે. કરોડો રૂપિયાનો ખર્ચ મચ્છરજન્ય રોગોને કાબુમાં લેવા માટે કરવામાં આવે છે, પરંતુ ક્યાંય પણ કામગીરી દેખાતી ન હોવાની પણ તેઓએ રજૂઆત કરી હતી.

### સરકાર દ્વારા ફરજિયાત નિવૃત્ત કરી ઘરે બેસાડી દેવાનો સિલસિલો જારી

# રાજ્યના પાણી પુરવઠા વિભાગ દ્વારા પાંચ અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી

## પાણી પુરવઠા વિભાગના અધિક મદદનીશ ઈજનેર તરીકે ફરજ બજાવતા અને તપાસનો સામનો કરી રહેલ થયા ઘરભેગા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત સરકાર દ્વારા છેલ્લા કેટલાક સમયથી ઘણા કર્મચારીઓને ફરજિયાત નિવૃત્ત કરવામાં આવી રહ્યાં છે. જે કર્મચારીઓ સામે કોઈ ખાતાકીય કે ફોજદારી કેસમાં તપાસ ચાલુ હોય તેવા કિસ્સામાં ઘણા કર્મચારીઓને ફરજિયાત નિવૃત્તિ અપાવી ઘરે બેસાડી દેવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા વધુ પાંચ અધિકારીઓને ફરજિયાત નિવૃત્ત કરી દેવાનો હુકમ કરવામાં આવ્યો છે. નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ દ્વારા પાંચ અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. આ પાંચ અધિકારીઓને ફરજિયાત નિવૃત્ત કરી દેવામાં આવ્યા છે. જે પાંચ અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે તે અધિક મદદનીશ ઈજનેર તરીકે ફરજ બજાવી રહ્યાં હતા. આ પાંચેયને તાત્કાલિક અસરથી ફરજિયાત નિવૃત્ત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી પ્રમાણે જશવંતસિંહ મગનભાઈ પરમારને ફરજિયાત નિવૃત્ત કરી દેવામાં આવ્યા છે. જે વડોદરા પંચાયત સિંચાઈ વર્તુળ વિભાગમાં ફરજ બજાવી રહ્યાં હતા. આ સિવાય પ્રદિપભાઈ વજાભાઈ ડામોર જે સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડમાં કામ કરી રહ્યાં હતા. આ સિવાય શૈલેષભાઈ દેસાઈને પણ ફરજિયાત નિવૃત્ત કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત બાબુભાઈ રામભાઈ દેસાઈ કે જે સુજલામ સુફલામ વર્તુળ-૨ હેઠળ કામ કરી રહ્યાં હતા તેમને પણ ફરજિયાત નિવૃત્ત કરી દેવામાં આવ્યા છે. આ સિવાય અરવિંદભાઈ ભીખુભાઈ માહલા, જે સુરત સિંચાઈ વિભાગમાં કાર્ય કરતા હતા તેને પણ ફરજિયાત નિવૃત્ત કરી દેવામાં આવ્યા છે.

### મધ્યપ્રદેશના મુખ્યમંત્રી અને ઉચ્ચ સચિવો ગુજરાત મોર્ડલની સિદ્ધિઓથી પ્રભાવિત

# યોજનાઓ-કાર્યોમાં ઈનોવેશન તથા ટેકનો.થકી ગુજરાત દેશનું રોલ મોડલ

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૨૦

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ.મોહન યાદવના નેતૃત્વમાં મધ્યપ્રદેશ સરકારના વરિષ્ઠ સચિવો પ્રતિનિધિ મંડળ ગુજરાતની દ્વિ દિવસીય મુલાકાતે છે. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા નાણાં અને ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈ, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સલાહકાર ડો. હસમુખ અઢિયા, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ.કે.દાસ તથા રાજ્ય સરકારના જુદા-જુદા વિભાગોના વરિષ્ઠ સચિવો સાથે મધ્યપ્રદેશના આ પ્રતિનિધિ મંડળે ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને ગુજરાતની સર્વગ્રાહી અને સર્વસમાવેશી વિકાસ મોડલની વિસ્તૃત જાણકારી મેળવી હતી.

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ.મોહન યાદવે ગુજરાતના આ સર્વસમાવેશી વિકાસના મોડલની પ્રશંસા કરતા સ્પષ્ટપણે જણાવ્યું કે, જનહિતકારી સુશાસનથી પ્રજાકલ્યાણ યોજનાઓ અને કાર્યોમાં ઈનોવેશન તથા ટેક્નોલોજીના સમુચિત ઉપયોગથી ગુજરાત દેશનું રોલ મોડલ બન્યું છે.

આ ઉચ્ચ સ્તરિય બેઠકમાં કરવામાં આવેલા વિવિધ પ્રેઝન્ટેશન દ્વારા ગુજરાતે મેડિકલ એજ્યુકેશન ક્ષેત્રે બ્રાઉન ફિલ્ડ અને ગ્રીન ફિલ્ડ મેડિકલ કોલેજીસ, રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઊર્જા સક્ષમતા અને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે આત્મનિર્ભરતા, ફાર્માસ્યુટીકલ, બલ્ક ડ્રગ, એમ.એસ.એમ.ઈ. સેક્ટરમાં ગુજરાતની પહેલ રૂપ સિધ્ધિઓ તથા શહેરી વિકાસ યોજનાઓમાં પારદર્શીતા સાથે અદ્યતન સુવિધા સભર ટાઉન પ્લાનીંગ, વિવિધ વિકાસ યોજનાઓનું સેચ્યુરેશન એપ્રોચથી અમલીકરણ તેમજ ઈમર્જીંગ સેક્ટર એવા સેમી કન્ડક્ટર ઉદ્યોગો માટે ક્લસ્ટર ડેવલપમેન્ટ અને માર્ગ વાહન વ્યવહાર જેવા ક્ષેત્રોમાં ગુજરાતના ઈનીશ્યેટીવ્ઝની વિસ્તૃત જાણકારી મેળવીર પ્રશંસા પણ કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ બેઠકમાં જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સતત મળી રહેલા માર્ગદર્શનથી ગુજરાત વિકાસની નવી ઊંચાઈઓ સર કરવા સક્ષમ બન્યું છે અને વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનો સંકલ્પ સાકાર કરવા પ્રતિબદ્ધ છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી અને તેમની સાથેના વરિષ્ઠ સચિવો આ બેઠક અગાઉ સી.એમ. ડેશબોર્ડની બહુવિધ ગતિવિધિઓ નિહાળીને રીયલ ટાઈમ મોનીટરીંગ તથા જનસંવાદ કેન્દ્ર દ્વારા ફિડબેક મિકેનીઝમની પણ તલસ્પર્શી જાણકારી મેળવી હતી. ડૉ.મોહન યાદવે ગુજરાતની આ પહેલોને મધ્યપ્રદેશમાં કઈ રીતે લાગુ કરી શકાય તે અંગેની જાણકારી મેળવવામાં પણ રસ દાખવ્યો હતો અને ગુજરાતના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળને આ હેતુસર મધ્યપ્રદેશની મુલાકાત માટે આમંત્રણ આપ્યું હતુ.

### ગુજરાતમાં દિવસેને દિવસે ડ્રગ્સની હેરફેર-વેચાણ પ્રવૃતિનો વધતો જતો વ્યાપ

# અમદાવાદના પોશ વિસ્તારમાંથી ડ્રગ્સનું રેકેટ ઝડપાયું : ૨૫.૬૮ લાખનું ડ્રગ્સ જબ્બે

## ડ્રગ્સ સિન્ડિકેટના છ શખ્સો ઝડપાયા : પંડ્યા ડ્રગ્સ પાર્ટી માટે ઘર ભાડે આપતો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦



અમદાવાદ સહિત ગુજરાતમાં ડ્રગ્સ નામનું દૂષણ એટલી હદે વધી ગયું છે કે, યુવા પેઢી બરબાદીના રસ્તે જઈ રહી છે. અમદાવાદમાં એમડી સિવાય અન્ય ડ્રગ્સ લેવાનો ક્રેઝ એટલો વધી ગયો છે કે, યુવાનો નશો કરવાની સાથે પેડલર પણ બની ગયા છે. ડ્રગ્સ માફિયાઓએ ગુજરાતને એપી સેન્ટર બનાવી દીધું છે, ત્યારે ડ્રગ્સ નામના દૂષણને ડામવા માટે સ્થાનિક પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ, એટીએસ સહિતની સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે. ડ્રગ્સ માફિયાઓએ બનાવેલી માયાજાળને પોલીસ એજન્સીઓ ક્રેક કરીને પેડલરથી લઈને માફિયા સુધી પહોંચી રહી છે. મોડી રાત્રે એસઓજીએ નારણપુરાના એક ફ્લેટમાં ડ્રગ્સની સિન્ડિકેટને ૨૫.૬૮ લાખના ડ્રગ્સના જથ્થા સાથે ઝડપી લીધી છે. જેમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ સહિતના ડ્રગ્સ માફિયાઓની સંડોવણીની આશંકા છે. પોલીસ ડ્રગ્સ સિન્ડિકેટના છ સભ્યોની ધરપકડ કરી છે.

SOGની ટીમને બાતમી મળી હતી કે, ફતેહવાડી વિસ્તારમાં આવેલો મુસ્તકીમ શેખ એમડી ડ્રગ્સનો ધંધો કરી રહ્યો છે. જેણે મધ્યપ્રદશમાં રહેતા મોહંમદખાન નામના શખસ પાસેથી ડ્રગ્સનો જથ્થો મંગાવ્યો છે. મોહંમદખાન, મુસ્તકીમ સહિતના લોકો નારણપુરા ખાતે આવેલી એલિફન્ટા સોસાયટીમાં એમડી ડ્રગ્સના જથ્થાની લેવડદેવડ કરવાના છે. બાતમીના આધારે એસઓજીની ટીમ એલિફન્ટા સોસાયટીમાં પહોંચી હતી. જયાં જિગ્નેશ પંડ્યાના ઘરમાં રેડ કરી હતી. જિગ્નેશ પંડ્યાના ઘરમાં મોહંમદખાન, મુસ્તકીમ ઉર્ફે ભૂરો, ધ્રુવ પટેલ, મોહંમદ એઝાજ શેખ, અબરારખાન પઠાણ હાજર હતા. એસઓજીએ તમામને કોર્ડન કરી લીધા હતા અને તેમની અંગઝડતી કરી હતી. તમામ પાસેથી એસઓજીની ટીમને સફેદ પાઉડર મળી આવ્યો હતો. SOGને એક સ્કોર્પિયો કાર પણ મળી આવી હતી. જેની તપાસ કરતા તેમાંથી પણ સફેદ પાઉડર મળી આવ્યો હતો. SOGએ તરત જ એફએસએલની ટીમને જાણ કરતાં. એફએસએલની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને સફેદ પાઉડરનું પરીક્ષણ કરતા તે એમડી ડ્રગ્સ હોવાનો રિપોર્ટ આપ્યો હતો. SOGએ જિગ્નેશ પંડ્યા, મોહંમદખાન, મુસ્તકીમ, ધ્રુવ પટેલ, મોહમદ એઝાજ, અબરારખાન પઠાણની ધરપકડ કરી હતી. તમામની આગવી સ્ટાઈલથી પૂછપરછ કરતા આરોપીઓએ જણાવ્યું હતું કે, રાજસ્થાનના ડ્રગ્સ માફિયા સમીર પાસેથી જથ્થો લાવ્યા હતા. એસઓજીએ તમામ પાસેથી ૨૫.૬૮ લાખનું એમડી ડ્રગ્સ જપ્ત કર્યું છે અને ત્રણ લાખ રૂપિયાની સ્કોર્પિયો કાર જપ્તે કરી છે. મુસ્તકીમ અને મોહંમદખાન તમામને કમિશન આપતા હતા. ડ્રગ્સ વેચવા માટે મુસ્તકીમ અને મોહંમદખાને પોતાની સિન્ડિકેટ બનાવી હતી. જેમાં તેમને કમિશન એજન્ટ તરીકે કેટલાક લોકોની નિમણૂક કરી હતી. જિગ્નેશ પંડ્યા, ધ્રુવ પટેલ, મોહંમદ એઝાજ, અબરારખાન પઠાણ સિન્ડિકેટના મેમ્બર હતા. તમામને મુસ્તકીમ અને મોહંમદખાને કમિશન આપવાની વાત કરી હતી. ઊંચું કમિશન મળતા ચારેય યુવકો ડ્રગ્સ સિન્ડિકેટના મેમ્બર બની ગયા હતા. જિગ્નેશ પંડ્યા એકલો રહેતો હતો અને તે દારૂ અને ગાંજાનો વ્યસની થઈ ગયો હતો. જેથી તે હમણાં હમણાં ડ્રગ્સની લતે ચડ્યો હોવાથી પેડલરોના સંપર્કમાં આવ્યો હતો. અગાઉ ત્રણ વખત પણ ડ્રગ્સ પાર્ટી કરવામાં આવી હોવાનું લાગી રહ્યું છે. જિગ્નેશ પંડ્યા અનેક વાર પોતાનું ઘર પાર્ટી માટે ભાડે આપતો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, નશામાં ગુજરાત કે પછી ઊડતા ગુજરાત આ વાત કહેવી ખોટી નથી. કારણ કે, છેલ્લા ઘણા સમયથી અમદાવાદ સહિત ગુજરાતના ખૂણે ખૂણે ડ્રગ્સનો કારોબાર એટલો બધો વધી ગયો છે કે જેના કારણે યુવા પેઢી નશાના રવાડે ચડી રહી છે. ગુજરાતના દરિયાઈ રસ્તાનો ઉપયોગ રાજયમાં કરોડો રૂપિયાનું ડ્રગ્સ ઘુસાડીઇ રહ્યું છે.

# વાસણામાં આવેલ એપાર્ટમેન્ટના ૧૧ સભ્યોને રિડેવલપમેન્ટ માટે ફ્લેટ ખાલી કરવા હાઈકોર્ટનો આદેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ મૌના ભટ્ટે મંગળવારે એક સોસાયટી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને મંજૂરી આપી હતી અને બહુમતી ૯૫ ટકા સભ્યોની સંમતિથી સોસાયટી દ્વારા પસાર કરાયેલા ઠરાવને યોગ્ય ઠરાવીને તેના અગિયાર સભ્યોને તેમના ફ્લેટ્સ રીડેવલપમેન્ટની પ્રક્રિયા કરવા માટે ખાલી કરવાનો આદેશ આપ્યો હતો.

હાઈકોર્ટ વાસણા સ્થિત ગોપીનાથ એપાર્ટમેન્ટ કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહી હતી. આ સોસાયટી ૧૯૭૩માં બની હતી અને ૫૪ ફ્લેટ માલિકો ધરાવતી હતી. સોસાયટીએ વર્ષ ૨૦૧૮માં રિડેવલપમેન્ટની કામગીરી હાથ ધરવા માટે ૧૫ સભ્યોની કમિટી બનાવવાનો ઠરાવ પસાર કર્યો છે. બાદમાં, સોસાયટીએ વર્ષ ૨૦૨૨માં એક ઠરાવ પસાર કરીને રિયાના ડેવલપર્સની પસંદગી કરીને રીડેવલપમેન્ટનાં કામ માટે જવાનું નક્કી કર્યું હતું. જો કે, વિવિધ મુદ્દાઓ ઉઠાવતા અગિયાર સભ્યો રીડેવલપમેન્ટ કાર્યમાં જોડાયા નથી. અસંમત સભ્યોએ રજૂઆત કરી હતી કે બાંધકામની કામગીરી સોંપવાનો ઠરાવ જનરલ બોડી દ્વારા નહીં પરંતુ રીડેવલપમેન્ટ સમિતિ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. ફ્લેટ સારી સ્થિતિમાં અને સમારકામ કરી શકાય તેવા છે. સ્ટ્રકચરલ ઈજનેરનો અહેવાલ વિશ્વસનીય નથી. વધુમાં, બિલ્ડર દ્વારા વાંધો ઉઠાવનારા સભ્યોને નવા ફ્લેટનો જગ્યા અને સાઈઝ નક્કી કરવા માટે છૂટ આપવી જોઈએ. નવા ફ્લેટની પસંદગીમાં તેમની અગ્રીમતા હોવી જોઈએ. ડેવલપર દ્વારા બેંક ગેરંટી આપવામાં આવી ન હતી અને તે ભવિષ્યમાં સોસાયટી માટે નુકસાનનું કારણ બની શકે છે. મંડળી પાસે સહકારી મંડળીના રજીસ્ટ્રાર અથવા નોમિની મંડળ સમક્ષ દાવો દાખલ કરવાનો વૈકલ્પિક ઉપાય છે. સોસાયટીએ ઠરાવ પસાર કર્યા વિના અથવા સોસાયટીના સભ્યોની સંમતિ લીધા વિના હાઈકોર્ટમાં અરજી કરી હતી. જો કે, સોસાયટીએ રજૂઆત કરી હતી કે ગુજરાત ઓનરશિપ ઓફ ફ્લેટ એક્ટના તમામ નિયમોનું પાલન કરવામાં આવ્યું છે. મોટાભાગના સભ્યોએ સંમતિ આપી છે. સૂચિત યોજનાઓ અને ડિઝાઈન વિશે તમામ સભ્યોને જાણ કર્યા પછી નિર્ણય લેવામાં આવ્યો હતો. વધુમાં, GOWF એક્ટની કલમ ૪૧Aની સ્પષ્ટ ભાષાને ધ્યાનમાં રાખીને, રીડેવલપમેન્ટના હેતુ માટે માત્ર બે આવશ્યકતાઓને સંતોષવાની છે : તે ઈમારત ૨૫ વર્ષ જૂની હોવી જોઈએ અને રીડેવલપમેન્ટની યોજનાને ૭૫ ટકા સભ્યો દ્વારા મંજૂર કરવામાં આવે છે. વર્તમાન કિસ્સામાં, આ બંને શરતો પરિપૂર્ણ થાય છે. તેથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ખાલી કરાવવાની કાર્યવાહી કરવા માટે નિર્દેશિત કરવામાં આવે અને વાંધો ઉઠાવનારાઓને ડેવલપરને પ્રશ્નમાં રહેલી મિલકતનો શાંતિપૂર્ણ અને ખાલી કબજો આપવા માટે નિર્દેશિત કરવામાં આવે. બંને પક્ષોને સાંભળ્યા બાદ HCએ ચુકાદો આપ્યો હતો કે અસંમત સભ્યોની દલીલ કે રીડેવલપમેન્ટના સંબંધમાં નિર્ણય જનરલ બોડીમાં ઠરાવ પસાર કરીને લેવામાં આવ્યો ન હતો તે બાબત સ્વીકારી શકાય તેમ નથી. સોસાયટીએ તેના બહુમતી સભ્યો દ્વારા ડેવલપરને ડેવલપમેન્ટ કોન્ટ્રાક્ટ આપવા માટે અંતિમ મંજૂરી આપી હતી. તે મુજબ યોજનાઓ અને અન્ય દસ્તાવેજો સબમિટ કરવામાં આવ્યા હતા. આમ, એ હકીકતમાં કોઈ વિવાદ નથી કે ૭૫ ટકા (આ કિસ્સામાં ૯૫ ટકા)થી વધુ લોકોએ રીડેવલપમેન્ટ માટે સંમતિ આપી છે. સ્ટ્રકચરલ ઈજનેરનો અહેવાલ એપાર્ટમેન્ટની જર્જરિત સ્થિતિ અને પુનઃવિકાસ માટેની તેની જરૂરિયાતને યોગ્ય ઠેરવે છે.

### બોપલમાં સિકયોરિટી ગાર્ડને કચડવાના ચર્ચાસ્પદ કેસમાં

# સગીરના બિલ્ડર પિતાના જામીન સ્ટે કરતો હાઈકોર્ટનો હુકમ સુપ્રીમ કોર્ટે રદ કર્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

શહેરના બોપલ વિસ્તારમાં એક સગીર યુવક દ્વારા ગયા મહિને બેફામ વાહન હંકારીને એક સિકયોરિટી ગાર્ડને કચડી નાંખતા થયેલા મરણમાં કેસમાં મર્સિડીઝ કાર ચાલકના આરોપી પિતા મિલાપ શાહને જામીન આપવાના ઈન્ચાર્જ મેજિસ્ટ્રેટ કોર્ટના હુકમ સામે સ્ટે ફરમાવતાં ગુજરાત હાઈકોર્ટના હુકમને સુપ્રીમ કોર્ટે રદબાતલ ઠરાવ્યો છે. સુપ્રીમ કોર્ટે મિલાપ શાહ દ્વારા કરાયેલી કવોશીંગ પિટિશન ગુણદોષના આધારે ચલાવી લેવા હાઈકોર્ટને મંજૂરી આપી હતી. મૃતક વોચમેનનાં ભાઈ દ્વારા કરવામાં આવેલી અરજીના આધારે અગાઉ હાઈકોર્ટના જસ્ટિસ સંદીપ ભટ્ટ દ્વારા શાહને જામીન આપવાનો આદેશ સ્ટે કરવામાં આવ્યો હતો. કેસની વિગતો મુજબ ગત તા.૧૪/૯/૨૦૨૪ના રોજ બોપલ વિસ્તારમાં સગીર ચાલકે પોતાની મર્સિડીઝ કાર બેફામ અને ગફલતભરી રીતે હંકારી નિર્દોષ સિક્યોરિટી ગાર્ડને કચડી નાંખ્યો હતો અને તેનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજયુ હતું. આ બનાવ અંગે સગીર અને તેના પિતા મિલાપ શાહ વિરૂદ્ધ બોપલ પોલીસ મથકમાં ફરિયાદ પણ નોંધાઈ હતી. આ કેસમાં ઈન્ચાર્જ મેજિસ્ટ્રેટે આરોપી પિતા મિલાપ શાહને જામીન આપી દીધા હતા. જેનાથી નારાજ થઈ મૃતકના ભાઈએ હાઈકોર્ટમાં રિટ કરતાં હાઈકોર્ટે મિલાપ શાહને જામીન આપતાં હુકમને સ્ટે કરી દીધો હતો. જેથી તેણે સુપ્રીમકોર્ટમાં અપીલ કરી હતી.

### સોમનાથમાં ત્રણ દિવસ માટે યોજાશે ૧૧મી ચિંતન શિબિર

# રાજ્ય સરકાર શાસકીય કામગીરીને અપડેટ કરવા કરશે મંથન-ચિંતન

## રોજગાર-આવક વૃદ્ધિ-ડિપ ટેકનો ઉપયોગ વગેરે વિષયો આવરી લેવાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને માર્ગદર્શનમાં રાજ્ય સરકારની ૧૧મી ચિંતન શિબીર તારીખ ૨૧ નવેમ્બર ગુરૂવારથી ૩ દિવસ માટે સોમનાથ ખાતે યોજાશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વહિવટી અને પ્રશાસનિક કાર્ય સંસ્કૃતિને નવી દિશા આપવા ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન વર્ષ-૨૦૦૩થી ચિંતન શિબીરની શૃંખલા શરૂ કરાવી છે. આ પરંપરાને આગળ વધારતાં ૧૧મી ચિંતન શિબીર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, રાજ્ય મંત્રી મંડળના મંત્રીઓ, વરિષ્ઠ સચિવો, ખાતાના વડાઓ તથા જિલ્લા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓની સક્રિય સહભાગીતાથી યોજાવાની છે. આ ૧૧મી ચિંતન શિબીરમાં જે વિષયો જૂથ ચર્ચા અને ચિંતન-મંથન માટે પસંદ કરવામાં આવ્યા છે તેમાં રાજ્યમાં રોજગારીની તકો, ગ્રામ્ય સ્તરે આવક વૃદ્ધિ, સરકારી યોજનાઓમાં સેચ્યુરેશન એપ્રોચ, પ્રવાસન વિકાસમાં જિલ્લાઓ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનું યોગદાન સહિતના મહત્વપૂર્ણ વિષયોનો સમાવેશ થાય છે. ચિંતન શિબીરના ત્રણેય દિવસોનો પ્રારંભ સામુહિક યોગથી થશે. એટલું જ નહિ, સેવાઓના સુદ્રઢિકરણ માટે ડિપ ટેકનો ઉપયોગ, આર્ટીફિસ્યલ ઈન્ટેલિજન્સ અને ડેટા એનાલિસીઝ જેવા સમયાનુકુલ વિષયો પર નિષ્ણાતોના માર્ગદર્શક વક્તવ્યો પણ યોજાવાના છે. આ ત્રિદિવસીય શિબીરના સમાપન અવસરે બેસ્ટ જિલ્લા કલેક્ટર અને બેસ્ટ ડી.ડી.ઓ.ના એવોર્ડ્સ પણ મુખ્યમંત્રીના હસ્તે એનાયત કરાશે.

# ઈઝરાયેલના PM નેતાન્યાહુએ ગાઝામાંથી બંધકો મુક્ત કરાવવા માટે ૫૦ લાખ ડૉલરનું ઈનામ ઓફર કર્યું

(એજન્સી) તા.૨૦

ગાઝા પર એક વર્ષથી વધુ સમય સુધી બોમ્બમારો કર્યા બાદ ઈઝરાયેલના વડાપ્રધાને બંધકોને પરત લાવવા માટે નવી ઓફર કરી છે. વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ એક વીડિયો સંદેશ જાહેર કરીને કહ્યું કે, જે કોઈ ગાઝામાં બંધકોને મુક્ત કરશે તેને ઈઝરાયેલ દ્વારા ૫૦ લાખ ડૉલરનું ઈનામ આપવામાં આવશે.

તેમની ઓફિસના જણાવ્યા અનુસાર આ વીડિયો પેલેસ્ટીની પ્રદેશની અંદર ફિલ્માવવામાં આવ્યો હતો. આ વીડિયોમાં નેતાન્યાહુએ કહ્યું હતું કે, 'જે બંધકને મુક્ત કરશે તે અમારી સાથે પોતાના અને તેના પરિવાર માટે ગાઝામાંથી બહાર



નીકળવાનો સુરક્ષિત રસ્તો શોધી શકશે.' એટલે કે તેણે ઈઝરાયેલમાં આશ્રય અને ગાઝામાં બંધકોના સરનામાં પ્રદાન કરનારાઓને ૫૦ લાખ ડૉલર આપવાનું વચન આપ્યું છે.

વીડિયોમાં નેતાન્યાહુએ હેલ્મેટ અને બુલેટપ્રૂફ જેકેટ પહેર્યું છે. તેમણે સંરક્ષણ પ્રધાન ઈઝરાયેલ કાત્ઝ સાથે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ યુદ્ધનો હેતુ ગાઝામાંથી હમાસને ખતમ કરવાનો છે અને ભવિષ્યમાં તેને ત્યાં શાસન ન કરવા દેવાનો છે. 'કોઈપણ જે અમારા બંધકોને નુકસાન પહોંચાડવાની હિંમત કરે છે તે મૃત માનવામાં આવે છે અમે તમારો પીછો કરીશું અને અમે તમને પકડીશું,' તેમણે કહ્યું. નેતાન્યાહુએ વધુમાં કહ્યું કે, અમે બંધકોને શોધીને તેમને ઘરે પરત લાવવાના પ્રયાસો પણ કરી રહ્યા છીએ. અમે હાર માનીશું નહીં, જ્યાં સુધી અમે તેમને મૃત કે જીવિત શોધીશું નહીં ત્યાં સુધી અમે કામ ચાલુ રાખીશું.

# યુદ્ધવિરામની આશાએ લેબેનોનમાં મિશ્ર લાગણીઓ

(એજન્સી) તા.૨૦

મધ્ય પૂર્વ માટે યુનાઈટેડ સ્ટેટ્સના વિશેષ દૂત એમોસ હોચસ્ટીન હિઝબુલ્લાહ અને ઈઝરાયેલ વચ્ચે સંભવિત યુદ્ધવિરામ કરાર પર મંત્રણા ડ કરવા લેબેનીઝ રાજધાનીમાં પહોંચ્યા છે. આ ઘટના લેબેનીઝ લોકો માટે ભાવનાત્મક રીતે ડ્રેઈનિંગ સમયગાળા પછી આવે છે, જ્યારે આશાવાદ અને ચિંતા બંને ઊંચા હતા. ગ્રાફિક ડિઝાઈનર ડાયના યુનેસે જણાવ્યું કે તે નિરાશાની નજીક છે અને કોઈ આશા છોડતી નથી. તેમણે જણાવ્યું કે 'હે ઉપરવાળા, હોચસ્ટીન, આ યુદ્ધ બંધ કરો અને મારે તેનાથી વધુ કંઈ નથી જોઈતું. ખાલ્સ! અમે ખરેખર ખૂબ થાકી ગયા છીએ. સોદા અંગેનો આશાવાદ ઓછો થયો હતો, પરંતુ સોમવારે ફરી વધ્યો, જ્યારે ઈઝરાયેલે બે દિવસમાં ત્રીજી વખત બેરૂત પર હુમલો કર્યો અને એક્સિઓસે અહેવાલ આપ્યો કે હોચસ્ટેઈન યોજના મુજબ સોદા વિશે વાત કરવા માટે લેબેનોન આવી રહ્યો નથી. પછી, સમાચાર આવ્યા કે હોચસ્ટીન યુએસ છોડીને બેરુત જઈ રહ્યા છે, તે જ સમયે, ઈઝરાયેલના વડા પ્રધાન



બેન્જામિન નેતન્યાહુએ સોમવારે સંસદમાં ભાષણમાં આશંકા વ્યક્ત કરી કે યુદ્ધવિરામ સ્થાયી શાંતિ તરફ દોરી જશે. તેમણે જણાવ્યું કે, 'મહત્વની વસ્તુ કાગળનો ટુકડો નથી. ઉત્તરમાં સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે, આપણે હિઝબુલ્લાહ હુમલાઓ સામે વ્યવસ્થિત પગલાં લેવા જોઈએ જે થઈ શકે છે. આ માત્ર અમારો પ્રતિભાવ નથી, પણ તેની શક્તિ વધારવાની હિઝબુલ્લાહની ક્ષમતાને રોકવાની અમારી ક્ષમતા પણ છે.' સિદ્ધાંતમાં, યુદ્ધવિરામ સરહદની બંને બાજુના હજારો લોકોને તેમના ઘરે પાછા ફરવાની મંજૂરી આપશે. દક્ષિણ લેબેનોનના નાબાતીયેહના પત્રકાર અબ્બાસ ફકીહે જણાવ્યું કે, 'ઘણા લોકો માટે પાછા જવા માટે કોઈ ઘર નથી. અમે બધા દુઃખી છીએ, અમે ફક્ત આ સમાપ્ત થવાની રાહ જોઈ રહ્યા છીએ.'

# હમાસનો દાવો : ગાઝામાં સહાય ટ્રકોને નિશાન બનાવતા સુરક્ષા ઓપરેશનમાં ૨૦ લૂંટારાઓ માર્યા ગયા

(એજન્સી) ગાઝા, તા.૨૦

હમાસની અલ-અક્સા ટીવી ચેનલના જણાવ્યા અનુસાર, દક્ષિણ ગાઝામાં રફાહની પૂર્વમાં સુરક્ષા ઓપરેશનમાં ૨૦ લોકો માર્યા ગયા હતા, જેને હમાસ દ્વારા સમર્થન હતું અને ગેંગ પર ગાઝામાં પ્રવેશતી સહાય ટ્રકને લૂંટવાના આરોપ હતો. સિન્હુઆ ન્યૂઝ એજન્સી અહેવાલ મુજબ, સ્થાનિક સત્તાવાળાઓના સૂત્રોએ અલ-અક્સા ટીવીને જણાવ્યું હતું કે, આદિવાસી સમિતિઓના સહયોગથી હાથ ધરવામાં આવેલ આ ઓપરેશન એ સહાય ટ્રકની ચોરીમાં સામેલ લોકોને લક્ષ્ય બનાવવાની વ્યાપક સુરક્ષા કામગીરીની શરૂઆત છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, આ અભિયાન ચોક્કસ આદિવાસીઓને લક્ષ્યાંકિત કરતું નથી, પરંતુ તેનો હેતુ ટ્રક ચોરીની ઘટનાને દૂર કરવાનો છે, જેણે સમુદાયને નોંધપાત્ર રીતે અસર કરી છે અને દક્ષિણ ગાઝામાં દુષ્કાળ જેવી સ્થિતિ સર્જી છે. સ્થાનિક સ્ત્રોતો અને સાક્ષીઓએ સિન્હુઆને જણાવ્યું હતું કે, તેઓએ રફાહના પૂર્વમાં સરહદી વિસ્તારોમાં કેટલાક કલાકો સુધી ચાલેલા ઓપરેશન દરમિયાન ભારે ગોળીબાર અને વિસ્ફોટ સાંભળ્યા હતા. તેમણે સિન્હુઆને જણાવ્યું હતું કે, ગેંગોએ ડઝનેક સહાયક ટ્રકો જપ્ત કર્યાના બે દિવસ બાદ જ આ કાર્યવાહી કરવામાં આવી હતી, ખાસ કરીને લોટથી ભરેલી ટ્રકોને કારણે લોકોમાં ભારે અછત અને વ્યાપક અસંતોષ ફેલાયો હતો. સોમવારે પણ, યુનાઈટેડ નેશન્સ રિલીફ એન્ડ વર્ક્સ એજન્સી ફોર પેલેસ્ટીન રેફ્યુજીસ ઇન ધ નીયર ઈસ્ટ (UNRWA)એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર હિંસક લૂંટફાટ કરી હતી, કારણ કે તેની ૯૭ ટ્રકો ખોવાઈ ગઈ હતી અને ડ્રાઈવરોને ગનપોઈન્ટ



પર સહાય ઉતારવા માટે ફરજ પાડવામાં આવી હતી. ઈઝરાયેલી સત્તાવાળાઓએ વસ્તીની મૂળભૂત જરૂરિયાતો પૂરી થાય છે તેની ખાતરી કરવા અને સહાયની સલામત વિતરણની સુવિધા માટે આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ તેમની કાનૂની જવાબદારીઓની અવગણના કરવાનું ચાલુ રાખેલ છે. આ પ્રકારની જવાબદારીઓ, જ્યારે ટ્રક ગાઝા પટ્ટીમાં પ્રવેશે છે અને લોકો સુધી આવશ્યક સહાયતા સાથે ન પહોંચે ત્યાં સુધી ચાલુ રહે છે. ગાઝાના લોકોએ વારંવાર ગાઝામાં પ્રવેશતી સહાય ટ્રકોને લૂંટી લેનારાઓ સામે પગલાં ભરવાની હાકલ કરી છે જેથી કરીને મોંઘવારી કિંમતો પર કાળા બજારોમાં સહાય વેચવામાં ન આવે.

# ઈઝરાયેલના બોમ્બમારા વચ્ચે લેબેનોનમાં ૨૦૦થી વધુ બાળકોનાં મોત થયા : યુએન

(એજન્સી) તા.૨૦

સંયુક્ત રાષ્ટ્ર એકાએક (યુનિસેફ)એ જણાવ્યું છે કે પહેલા બે મહિના ઈજરાયેલ દ્વારા તમારા જવાબો પડોસી દેશ પર કેન્દ્રિત લશ્કરી અભિયાન શરૂ કરવા પછીથી લેબનાનમાં ૨૦૦થી વધુ બાળકો મૃત્યુ પામ્યા છે. યૂનિસેફને મંગળવાર કો વાર્તાલાપ કોને કે લેબેનોન માં હર દિવસ સરેરાશ ત્રણ બાળકો મારે છે, કારણ કે ઈજરાયલને સમગ્ર દેશમાં બમબરી અભિયાન તેજ કરે છે. આને ચેતવણી આપી કે ગાજા કે રીતે, લેબેનોન બાળકો પર ભયંકર મૃત્યુ પછી પણ "પ્રભાવશાલી લોકો" સાર્થક પ્રતિક્રિયા આપવામાં નિષ્ફળ રહ્યાં છે. યુનિસેફના પ્રવક્તા જેમ્સ એલ્ડરે પત્રકારોને જણાવ્યું કે, 'લેબેનોનમાં બે મહિનાથી ઓછા સમયમાં ૨૦૦થી વધુ બાળકોની હત્યા હોવા છતાં, એક અવ્યવસ્થિત પેટર્ન ઉભરી આવી છે જેઓ આ હિંસા રોકવા સક્ષમ છે તેમના દ્વારા તેમના મૃત્યુ પ્રત્યે ઉદાસીનતા.' 'તેમણે જણાવ્યું કે, 'લેબેનોનના બાળકો માટે આ ભયાનકતાનું શાંત સામાન્યકરણ બની ગયું છે.' વડીલે લેબેનોનમાં ઓછામાં ઓછા છ હુમલાઓ નોંધ્યા જેમાં છેલ્લા ૧૦ દિવસમાં બાળકો મૃત્યુ પામ્યા, જેમાંથી મોટાભાગના તેમના પરિવારો સાથે મૃત્યુ પામ્યા. યુએન અધિકારીએ લેબેનોન અને ગાઝામાં બાળકો સાથે શું થઈ રહ્યું છે તે વચ્ચે 'ડરામણી સમાનતાઓ' દોર્યું, જે એક વર્ષથી વધુ સમયથી ઈઝરાયેલી હવાઈ હુમલાનું લક્ષ્ય છે. પેલસ્ટીની આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર ગાઝામાં ઓછામાં ઓછા ૧૭,૪૦૦ બાળકો મૃત્યુ પામ્યા છે. યુનિસેફના અધિકારીએ જણાવ્યું કે 'લેબનાનમાં, ગાઝાની જેમ, અસહ્ય



વસ્તુઓ શાંતિથી સ્વીકાર્ય બની રહી છે. અને ભયાનક વસ્તુઓ અપેક્ષિત ક્ષેત્રમાં આવી રહી છે. એલ્ડરે જણાવ્યું કે ઘેરાયેલા પ્રદેશની જેમ, લેબેનોનમાં લાખો બાળકો બેઘર છે; વ્યાપક હુમલાઓને કારણે શાળાઓ બંધ છે; ભાવનાત્મક અશાંતિના સંકેતો સ્પષ્ટ છે અને કોઈ અર્થપૂર્ણ પ્રતિસાદ આપવામાં આવ્યો નથી. લેબેનોનના જાહેર આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, યુદ્ધ શરૂ થયું ત્યારથી ૩,૪૫૨ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં ૨૩૧ બાળકોનો સમાવેશ થાય છે. ઘાયલ થયેલા ૧૪,૬૬૪ લોકોમાંથી ૧,૩૩૦ બાળકો છે.

# અમેરિકી દબાણમાં કતારે દોહામાં હમાસના રાજકીય કાર્યાલયને બંધ કરવાની જાહેરાત કરી

(એજન્સી) તા.૨૦

અમેરિકી દબાણ હેઠળ કતારે દોહામાં હમાસના રાજકીય કાર્યાલયને બંધ કરવાની જાહેરાત કરી છે, જે ચાલુ ગાઝા સંઘર્ષમાં મધ્યસ્થી તરીકેની ભૂમિકામાં પરિવર્તનનો સંકેત આપે છે. ૨૦૧૨માં હમાસના નેતૃત્વની યજમાની કરી ત્યારથી કતારે તાજેતરના યુદ્ધવિરામ અને કેદીઓના વિનિમય સહિત વાટાઘાટોમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. જો કે, મધ્યસ્થી પ્રયાસોમાં સતત મડાગાંઠ અને હમાસની રચનાત્મક રીતે જોડાવવાની અનિચ્છાથી દોહાને તેની સંડોવણી પર પુનર્વિચાર કરવા પ્રેર્યો. હમાસ, ઈઝરાયેલ અને અમેરિકાને નિર્ણયની જાણ કરવામાં આવી હતી, જેમાં કતાર સૂચવે છે કે, કાર્યાલય 'હવે તેનો હેતુ પૂરો કરશે નહીં.' આ પગલું ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ઈઝરાયેલ પરના હુમલા બાદ હમાસ સામે નિર્ણાયક પગલાં લેવા દોહા પર વધતા અમેરિકી દબાણને અનુરૂપ છે. આ હોવા છતાં કતારમાં હમાસ નેતાઓએ કહ્યું કે, તેમને દેશ છોડવાનો કોઈ સીધો આદેશ મળ્યો નથી. જો કે, કતારના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ મંગળવારે જણાવ્યું કે, દોહામાં



હમાસનું રાજકીય કાર્યાલય કાયમી ધોરણે બંધ કરવામાં આવ્યું નથી.

અલ જઝીરાએ માજિદ બિન મોહમ્મદ અલ અન્સારીને ટાંકીને કહ્યું હતું કે, 'જો હમાસનું રાજકીય કાર્યાલય બંધ કરવામાં આવે છે તો તેની જાહેરાત કતારના વિદેશ મંત્રાલય દ્વારા કરવામાં આવશે, અન્ય માધ્યમથી નહીં.' તેમણે જણાવ્યું કે, 'હમાસની વાટાઘાટો ટીમના નેતાઓ હાલમાં દોહામાં નથી અને અલગ-અલગ રાજધાનીઓ વચ્ચે ફરી રહ્યા છે.'

ગાઝા યુદ્ધવિરામ મંત્રણામાં મધ્યસ્થી કરવાના કતારના પ્રયત્નોને સ્થગિત કરવાના જવાબમાં અલ અન્સારીએ જણાવ્યું કે, આ 'સંબંધિત પક્ષોની ગંભીરતાના અભાવને આભારી છે', દેશના સતત વલણ અને સંઘર્ષના બિન-સંઘર્ષને પુનરાવર્તિત કરે છે અને ગાઝા પટ્ટીમાં સહાયની પહોંચ. મંત્રાલયે આ મહિનાની શરૂઆતમાં જાહેરાત કરી હતી કે, હમાસ અને ઈઝરાયેલ વચ્ચે કતારના મધ્યસ્થી પ્રયાસો હાલમાં 'થોભો' છે.

# અમેરિકી સેનેટરનું કહેવું છે કે, વૉશિંગ્ટને ઈઝરાયેલના 'અત્યાચારો'માં 'મિત્રતા' સમાપ્ત કરવી જોઈએ, કારણ કે, સદનમાં લશ્કરી સહાયને રોકવા પર મતદાન થવાનું છે

(એજન્સી) તા.૨૦

સ્વતંત્ર સેનેટર બર્ની સેન્ડર્સે મંગળવારે જણાવ્યું કે, યુનાઈટેડ સ્ટેટ્સ માટે ઘેરાયેલા ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલના 'અત્યાચારો'માં તેની 'મિત્રતા' સમાપ્ત કરવાનો સમય આવી ગયો છે. આ ટિપ્પણીઓ આવી છે જ્યારે સેનેટ એવા પગલાં પર મતદાન કરવાની તૈયારી કરે છે જે ઈઝરાયેલને ૨૦૦૦ કરોડ ડૉલરથી વધુ મૂલ્યના અપમાનજનક શસ્ત્રોના વેચાણને અવરોધિત કરશે. સેન્ડર્સે તેના સાથી ધારાસભ્યોને ત્રણ પગલાંને સમર્થન આપવા વિનંતી કરી, જેને નામંજૂર ઠરાવ તરીકે ઓળખવામાં આવે છે, જે બુધવારે મતદાન થવાનું છે. તેમણે જણાવ્યું કે, યુએસ 'હાલમાં કાયદાનું ઉલ્લંઘન કરી રહ્યું છે અને કાયદાના શાસનમાં માનતા યુએસ સેનેટના દરેક સભ્યએ આ ઠરાવો માટે મત આપવો જોઈએ.' તેમણે ખાસ કરીને ૧૯૬૧ના વિદેશી સહાયતા અધિનિયમ અને ૧૯૭૬ના આર્મ્સ એક્સપોર્ટ કંટ્રોલ એક્ટ તરફ ધ્યાન દોર્યું, જે આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત માનવ અધિકારોનું ઉલ્લંઘન કરતા હોય તેવા કોઈપણ દેશને શસ્ત્રોની ડિલિવરી અથવા યુએસ માનવતાવાદી સહાયના સ્થાળાંતરણને પ્રતિબંધિત કરે છે. 'સ્વાભાવિક રીતે આજે ગાઝામાં જે થઈ રહ્યું છે તે અવર્ણનીય છે, પરંતુ તેનાથી પણ વધુ પીડાદાયક બાબત એ છે કે, ત્યાં જે થઈ રહ્યું છે તે અમેરિકન શસ્ત્રો અને અમેરિકન કરદાતાઓ દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવે છે,' સેન્ડર્સે



કેપિટોલ હિલ પર પત્રકારોને જણાવ્યું કે, તે સમર્થન સાથે કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે, 'આ અત્યાચારોમાં યુનાઈટેડ સ્ટેટ્સ સામેલ છે. આ મિલીભગતનો અંત આવવો જોઈએ અને તે જ આ ઠરાવોનો હેતુ છે. હવે સમય આવી ગયો છે કે, નેતાન્યાહુ સરકારને કહેવાનો કે અમેરિકન કરદાતાઓના નાણાં અને અમેરિકન હથિયારોનો ઉપયોગ અમેરિકનને નષ્ટ કરવા માટે ન કરે અને તે ન હોઈ શકે. આંતરરાષ્ટ્રીય કાયદા અને અમારા નૈતિક મૂલ્યોના ઉલ્લંઘનમાં કરવામાં આવે છે.' દરખાસ્તોમાં ૨૬. કરોડ ૨૦ લાખ ડૉલરની કિંમતના સંયુક્ત સીધા હુમલાના શસ્ત્રો, ૮૦ કરોડ ડૉલરથી વધુની કિંમતની ઉચ્ચ વિસ્ફોટક મોર્ટાર રાઉન્ડ, પાંચ કરોડ ડૉલરથી વધુની કિંમતના લશ્કરી વ્યૂહાત્મક વાહનો અને ૧૮૮૨ કરોડ ડૉલરની કિંમતના ૫૦ નવા F-15IAને રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે ફાઈટર જેટ અને ૨૫ અપગ્રેડ કીટનું વેચાણ. સેનેટના ૧૦૦ સભ્યોમાંથી માત્ર છએ અત્યાર સુધીમાં પગલાને સમર્થન આપ્યું છે. સેન્ડર્સે પગલાં ગૃહમાંથી પસાર થશે કે કેમ તે અંગે અભિપ્રાય આપવાનો ઈન્કાર કર્યો છે. ૧૩ ઓક્ટોબરના રોજ બાઈડેન વહીવટીતંત્રે ઈઝરાયેલને સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટની બ્લિંકન અને સંરક્ષણ સચિવ લોયડ ઓસ્ટિન દ્વારા મોકલવામાં આવેલ એક પત્ર બહાર પાડ્યો, જેમાં ગાઝામાં માનવતાવાદી પરિસ્થિતિને સુધારવા માટે ચોક્કસ પગલાં લેવા માટે ૩૦ દિવસનો સમય આપ્યો, જેમાં ઓછામાં ઓછા ૩૫૦ સહાય ટ્રકને મંજૂરી આપવાનો સમાવેશ થાય છે. દરરોજ ગાઝામાં દાખલ કરવા માટે. સહાય સમૂહોએ જણાવ્યું કે, સમયમર્યાદા પછી આ મહિને ગાઝામાં પરિસ્થિતિ વધુ ખરાબ થઈ છે, ખાસ કરીને ઉત્તરી ગાઝામાં જ્યાં ઈઝરાયેલી દળોએ વ્યાપક આક્રમણ શરૂ કર્યું છે જેમાં સેંકડો નાગરિકો મૃત્યુ પામ્યા છે અને સહાય પુરવઠો ખોરવાઈ ગયો છે. આઠ સહાય સમૂહના ગઠબંધને જણાવ્યું કે, ઈઝરાયેલ સહાય પહોંચાડવામાં 'સતત નિષ્ફળ' રહ્યું છે અને ચેતવણી આપી છે કે, 'ગાઝામાં લોકો ભૂખથી મરી રહ્યા છે' કારણ કે, 'ઈઝરાયેલી લશ્કરી કાર્યવાહી તેમને મહત્ત્વપૂર્ણ ખોરાક સહાય અને મૂળભૂત જરૂરિયાતોથી વંચિત કરે છે. જેના પરિણામે દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાય છે ગાઝામાં ૮,૦૦,૦૦૦ પેલેસ્ટીની નાગરિકો માટે શરતો.'

# પેલેસ્ટીને તેની UN એજન્સીને ૨૫ લાખ ડૉલરની નાણાકીય સહાય આપવા બદલ ભારતનો આભાર વ્યક્ત કર્યો

(એજન્સી) તા.૨૦

પેલેસ્ટીને મંગળવારે નજીકના પૂર્વમાં પેલેસ્ટીન શરણાર્થીઓ માટે યુનાઈટેડ નેશન્સ રિલીફ એન્ડ વર્ક્સ એજન્સી (UNRWA)ને ૨૫ લાખ ડૉલરની નાણાકીય સહાયનો બીજો હપ્તા જાહેર કરવા બદલ ભારતનો ઊંડો આભાર વ્યક્ત કર્યો, આમ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૦૨૫ને પૂર્ણ કર્યું, ૫૦ લાખ ડૉલરનું વાર્ષિક યોગદાન પ્રતિબદ્ધ કર્યું. એક નિવેદનમાં પેલેસ્ટીની એમ્બેસીએ જણાવ્યું હતું કે, 'અમે UNRWAને ૨૫ લાખ ડૉલરનો બીજો હપ્તો જાહેર કરવા બદલ ભારત સરકારનો કૃતજ્ઞતા અને પ્રશંસા વ્યક્ત કરીએ છીએ, જે વર્ષ માટે ૫૦ લાખ ડૉલરનું વાર્ષિક યોગદાન પૂર્ણ કરે છે.' માનવતાવાદી સહાય માટે ભારતની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરતા દૂતાવાસે જણાવ્યું કે, 'અમે UNRWAને માનવતાવાદી સહાય અને દવાઓ પ્રદાન કરવાની ભારતની પ્રતિબદ્ધતાને પણ સ્વીકારીએ છીએ, જે એજન્સીને પેલેસ્ટીન શરણાર્થીઓના કલ્યાણ પ્રત્યેની તેની જવાબદારીઓને પૂર્ણ કરવામાં સક્ષમ



બનાવશે, મદદ ઉપલબ્ધ રહેશે.' પેલેસ્ટીન એમ્બેસીના ચાર્જ ડી અફેર્સ અબેદ અલરાઝેગ અબુ જાઝરે નાણાકીય સહાયના મહત્ત્વ પર ભાર મૂક્યો, તેને ૧૯૪૯માં સ્થપાયેલ UNRWAના આદેશ માટે 'ભારતના અતૂટ સમર્થનનો વસિયતનામું' ગણાવ્યું. આ નાણાકીય યોગદાન એ UNRWAને નબળું પાડવા અને પેલેસ્ટીની પ્રદેશોમાં તેની પ્રવૃત્તિઓને અંકુશમાં લેવાના ઈઝરાયેલના પ્રયાસોનો સામનો કરવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું છે. ભારત અને પેલેસ્ટીન વચ્ચેના મજબૂત ઐતિહાસિક સંબંધો પર પ્રકાશ પાડતા જાઝરે જણાવ્યું કે, પેલેસ્ટીનના લોકો સ્વતંત્રતા, સ્વતંત્રતા અને પોતાના રાજ્યની સ્થાપના માટેની તેમની આકાંક્ષાઓની પરિપૂર્ણતા સુધી રાજકીય અને ભૌતિક બંને સ્તરે ભારતના સમર્થન અને સમર્થનને ખૂબ મહત્ત્વ આપે છે.

# ગાઝામાં નેતાન્યાહુએ કહ્યું કે, હમાસ હવે આ વિસ્તાર પર શાસન કરશે નહીં

(એજન્સી) તા.૨૦

ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ મંગળવારે ગાઝાની મુલાકાત દરમિયાન જણાવ્યું કે યુદ્ધ સમાપ્ત થયા પછી હમાસ પેલેસ્ટીની પ્રદેશ પર શાસન કરશે નહીં અને ઈઝરાયેલે ઈસ્લામિક સમૂહની લશ્કરી ક્ષમતાઓને નષ્ટ કરી દીધી છે. નેતાન્યાહુએ એમ પણ જણાવ્યું કે ઈઝરાયેલ બાકીના ૧૦૧ બંધકોને શોધવા માટે સતત પ્રયત્નો કરી રહ્યું છે જેઓ હજુ પણ ત્યાં હોવાનું માનવામાં આવે છે અને દરેક બંધકને પરત કરવા માટે ૫૦ લાખ ડોલરનું ઈનામ ઓફર કરે



છે. નેતાન્યાહુએ જણાવ્યું કે, 'જે કોઈ અમારા બંધકોને નુકસાન પહોંચાડવાની હિંમત કરશે તેના માથા પર લોહી હશે. અમે તમને શોધીશું અને તમને પકડી લઈશું.' તેમણે જણાવ્યું કે 'જે કોઈ અમને બંધક બનાવી રહ્યું છે, તે અને તેનો પરિવાર સુરક્ષિત રીતે બહાર નીકળી જશે, પસંદ કરો, પસંદગી તમારી છે, પરંતુ પરિણામ એક જ આવશે. અમે તે બધાને પાછા લાવીશું.' ઈઝરાયેલના સંરક્ષણ મંત્રી અને આર્મી ચીફ સાથે ગાઝાની મુલાકાત દરમિયાન નેતાન્યાહુ દ્વારા વીડિયો રેકોર્ડિંગમાં આ ટિપ્પણીઓ કરવામાં આવી હતી, જ્યાં તેમને ઓપરેશનલ પ્રવૃત્તિઓ વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# મણિપુર સતત સળગી રહ્યું છે છતાં સરકાર એટલી સક્રિય કેમ નથી ?

ઉત્તર પૂર્વનું એક મહત્ત્વનું રાજ્ય મણિપુર છેલ્લા દોઢ વર્ષ કરતા વધુ સમયથી હિંસાની જ્વાળાઓમાં સતત હોમાઈ રહ્યું છે છતાં કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર સાવ લાચાર જેવી સ્થિતિમાં હોય એવું લાગી રહ્યું છે કારણ કે આટલા લાંબા સમયથી એક નાના રાજ્યમાં પણ હિંસાને તે કાબૂ કરી શકી નથી અને દર થોડા દિવસે ત્યાં હિંસાનું વાવાઝોડું આવે છે અને સરકાર કે ત્યાંનું વહીવટી તંત્ર તેને અટકાવવામાં સતત અને સંપૂર્ણ નિષ્ફળ જઈ રહ્યા છે. આ વખતે પણ હવે ત્યાં ગંભીર હિંસાનો નવો રાઉન્ડ શરૂ થયો છે જેમાં સામાન્ય લોકો, મહિલાઓ, બાળકો પોતાનો જીવ ક્રૂર ઘટનાઓમાં ગુમાવી રહ્યા છે.

તાજેતરમાં એક મહિલાની હત્યા કરવામાં આવી હતી અને તેનું ઘર સળગાવી દેવામાં આવ્યું હતું. જે બાદ અન્ય કેમ્પમાંથી છ લોકો ગુમ થયા હતા. બાદમાં તેમના મૃતદેહ મળી આવ્યા હોવાના સમાચાર મળ્યા હતા. હવે સરકારની આ મોટી નિષ્ફળતા સામે સ્થાનિક લોકોમાં ગુસ્સો ભભૂકી ઊઠ્યો છે અને આ રીતે હિંસાનો વ્યાપ વધુ વિસ્તરી રહ્યો છે. ત્યાંના કેટલાક લોકોએ હવે ધારાસભ્યો અને મંત્રીઓના ઘરોને આગ લગાડવાનું શરૂ કરી દીધું છે. ગત શનિવાર અને રવિવારે ઘણા ધારાસભ્યો અને મંત્રીઓના ઘરો પર લોકોના ટોળા દ્વારા હુમલો કરવામાં આવ્યો, આગ લગાડવામાં આવી અને મોટા પાયે તોડફોડ કરવામાં આવી.

એ સમજવું અઘરૂ નથી કે કુકી અને મૈતેઈ સમુદાયો વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલી હિંસા બાદ હવે સરકાર સામે લોકોનો ગુસ્સો વધી રહ્યો છે અને નેતાઓ પણ હુમલાના નિશાન બની રહ્યા છે. ચોક્કસપણે, આ સ્થિતિને કોઈપણ સંજોગોમાં યોગ્ય ગણી શકાય નહીં, પરંતુ તાજેતરની હિંસાથી એવું લાગે છે કે તેમાં સામેલ બંને સમુદાયો કદાચ તેનાથી કંટાળી ગયા છે અને તેમનો ગુસ્સો સરકાર અને રાજકીય વર્ગ સામે ફાટી નીકળ્યો છે. સવાલ એ છે કે કોઈપણ સરકારે પોતાની સમગ્ર સુરક્ષા વ્યવસ્થા તૈનાત કર્યા પછી હિંસક ઘટનાઓને અંકુશમાં લેવા માટે કેટલો સમય લેવો જોઈએ ?

ગયા વર્ષે મે મહિનામાં, મૈતેઈ સમુદાયને આદિવાસી દરજ્જો આપવાના પ્રશ્ન પર બે સમુદાયો વચ્ચે હિંસક સંઘર્ષ શરૂ થયો હતો, જેમાં અત્યાર સુધીમાં ૨૨૫થી વધુ લોકો માર્યા ગયા છે. રાજ્ય સરકારની પોલીસ અને અન્ય સુરક્ષા દળો તેમજ સેનાએ ત્યાં પોઝિશન લીધી હતી. સુપ્રીમ કોર્ટ અને કેન્દ્ર સરકાર દ્વારા શાંતિ જાળવવા માટે અનેક સ્તરે પ્રયાસો કરવામાં આવ્યા હતા પરંતુ સ્થિતિ એવા તબક્કે પહોંચી ગઈ છે કે અરાજકતાને કાબૂમાં લેવાનું તો દૂર, હવે મંત્રીઓ અને ધારાસભ્યોના ઘર પણ હિંસાનો શિકાર બનવા લાગ્યા છે. ઘણી વખત એવો દાવો કરવામાં આવ્યો છે કે શાંતિ જાળવવાના ઉદ્દેશથી બંને પક્ષો વચ્ચે વાતચીતની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે પરંતુ આજે પણ લોકોના ઘરો પર હુમલા થઈ રહ્યા છે અને લોકોની હત્યા થઈ રહી છે. નવાઈની વાત તો એ છે કે સરકાર અત્યારે પણ 'બધું જ સામાન્ય છે'ની મુદ્રામાં બેફિકર જોવા મળી રહી છે. નહીં તો શું કારણ છે કે રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી ગૃહયુદ્ધ જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે છતાં કેન્દ્ર સરકારને જવાબદાર ઠેરવવા માટે પણ કોઈ નક્કર પગલાં લેવામાં આવતા નથી. હવે ફરી સીઆરપીએફની પચાસ કંપનીઓ મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, પરંતુ ત્યાંની હિંસા એ સ્તરે પહોંચી ગઈ હોય તેવું લાગી રહ્યું છે કે બહાના બનાવવાને બદલે તાત્કાલિક હિંસા બંધ કરીને તેના મૂળ સુધી પહોંચવાની અને તેનું નિરાકરણ લાવવાની તાતી જરૂરિયાત છે.

# ટાઈગર ઓફ મૈસૂર : ટીપુ સુલતાન

**ભારતના પહેલા લોકશાહી અને ધર્મનિરપેક્ષ શાસક ટીપુ સુલ્તાનની જન્મજયંતી પર એમના જીવન અને અંગ્રેજો સામેના એમના વીરતાભર્યા સંઘર્ષની અવિસ્મરણીય અને પ્રેરણારૂપ ગાથા પર અમારા વાચકો માટે અત્રે એક લેખ પ્રસ્તુત છે. ભારતમાંથી અંગ્રેજોને ખદેડી મૂકવાના એમના સાહસિક સંઘર્ષની ઈતિહાસકારોએ નોંધ લીધી છે. એટલું જ નહીં મોટા શહેનશાહ હોવા છતાં એમણે એ સમયે કોઈને કલ્પના પણ ન હતી એ રીતે શાસનને લોકશાહી ઢબે ચલાવ્યું હતું અને સાથે-સાથે કોમી એક્તાનું ઉત્તમ ઉદહારણ પૂરૂં પાડ્યું હતું. એમના જન્મ દિન અંગે ઈતિહાસકારોમાં થોડો મદભેદ છે પણ મોટાભાગના એમનો જન્મ દિન ૨૦ નવેમ્બરે હોવાના ઈતિહાસ પર સંમત છે. આવો આ મહાન વીરના જીવનની ઝલક મેળવો.**

દેશના એક મહાન યોદ્ધા ટીપુ સુલતાનને ભારત અને પાકિસ્તાનમાં ઘણા લોકો વીર સ્વાતંત્ર્ય સેનાની અને યોદ્ધા અને મહાન રાજા તરીકે યાદ કરે છે. તેઓ બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીને ટક્કર આપનર મજબૂત ભારતમાં છેલ્લા શાસક હતા. "મૈસુરના વાઘ" તરીકે ઓળખાતા, તેમણે તેમના દેશની સ્વતંત્રતા માટે લાંબી અને સખત લડાઈ લડી હતી. જોકે આખરે તેઓ શહીદ થયા હતા.

**તેમનું પ્રારંભિક જીવન**

ટીપુ સુલતાનનો જન્મ ૨૦ નવેમ્બર, ૧૭૫૦ના રોજ મૈસુર રાજ્યના લશ્કરી અધિકારી હૈદર અલી અને તેની પત્ની ફાતિમા ફખર-ઉન-નિસાને ત્યાં થયો હતો. તેઓએ તેનું નામ ફતેહ અલી રાખ્યું પરંતુ સ્થાનિક મુસ્લિમ તેઓને સંત ટીપુ મસ્તાન ઓલિયાના નામ પરથી તેને ટીપુ સુલતાન પણ કહેતા હતા. તેમના પિતા હૈદર અલી એક સક્ષમ સૈનિક હતા અને તેમણે ૧૭૫૮માં મરાઠાઓના આક્રમણકારી દળ સામે એવો સંપૂર્ણ વિજય મેળવ્યો હતો કે મૈસુર મરાઠાઓના વતનને સમાઈ લેવામાં સક્ષમ હતું. પરિણામે, હૈદર અલી મૈસુરની સેનાના કમાન્ડર-ઈન-ચીફ, બાદમાં સુલતાન બન્યા અને ૧૭૬૧ સુધીમાં તેઓ રાજ્યના સંપૂર્ણ શાસક બન્યા હતા.

યુવાન ટીપુ સુલતાને ઉપલબ્ધ શ્રેષ્ઠ શિક્ષકો પાસેથી શિક્ષણ લીધું અને તેમણે ઘોડેસવારી, તલવારબાજી, શૂટિંગ, કોરાનિક અભ્યાસ, ઈસ્લામિક ન્યાયશાસ્ત્ર અને ઉર્દૂ, ફારસી અને અરબી જેવી ભાષાઓ જેવા વિષયોનો અભ્યાસ કર્યો. ટીપુ સુલતાને પણ નાની ઉંમરથી જ ફ્રેન્ચ અધિકારીઓ હેઠળ લશ્કરી વ્યૂહરચના અને રણનીતિનો અભ્યાસ કર્યો હતો, કારણ કે તેના પિતા દક્ષિણ ભારતમાં ફ્રેન્ચ સાથે જોડાયેલા હતા. ૧૭૬૬માં જ્યારે ટીપુ સુલતાન માત્ર ૧૫ વર્ષના હતા ત્યારે તેમને પ્રથમ વખત યુદ્ધમાં તેમની લશ્કરી તાલીમ લાગુ કરવાની તક મળી જ્યારે તેઓ તેમના પિતા સાથે મલબાર પર આક્રમણ કરવા ગયા હતા. આ યુવાને ૨,૦૦૦-૩,૦૦૦ની સેનાનો હવાલો સંભાળ્યો અને ચતુરાઈપૂર્વક મલબારના વડાના પરિવારને પકડવામાં સફળ રહ્યા. હૈદર અલીને તેમના પુત્ર પર એટલો ગર્વ હતો કે તેણે તેને ૫૦૦ ઘોડેસવારોની કમાન્ડ આપી અને તેને મૈસુરના પાંચ જિલ્લાઓ પર શાસન સોંપ્યું. તે યુવાન માટે એક પ્રખ્યાત લશ્કરી કારકિર્દીની શરૂઆત હતી.

**પ્રથમ ઍંગ્લો-મૈસૂર યુદ્ધ**

૧૮મી સદીના મધ્યભાગમાં, બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ સ્થાનિક સામ્રાજ્યો અને રજવાડાઓને લડાવીને દક્ષિણ ભારતમાં તેના નિયંત્રણને વિસ્તારવાની કોશિશ કરી. ૧૭૬૭માં, અંગ્રેજોએ નિઝામંદ મરાઠાઓ સાથે ગઠબંધન કર્યું અને સાથે મળીને મૈસૂર પર હુમલો કર્યો. હૈદર અલીએ મરાઠાઓ સાથે અલગ શાંતિ સ્થાપિત કરી અને પછી જૂનમાં તેણે તેના ૧૭ વર્ષના પુત્ર ટીપુ સુલતાનને નિઝામ સાથે વાટાઘાટો કરવા મોકલ્યો.

તેમના પિતાને તિરુવન્નામલાઈ ખાતે અંગ્રેજો દ્વારા હારનો સામનો કરવો પડ્યો હતો અને તેમના પુત્રને પાછા બોલાવવા પડ્યા હતા. હૈદર અલીએ ચોમાસાના વરસાદ દરમિયાન લડવાનું ચાલુ રાખવાનું અસામાન્ય પગલું ભરવાનું નક્કી કર્યું અને ટીપુ સાથે મળીને તેણે બે બ્રિટિશ કિલ્લાઓ કબજે કર્યા. બ્રિટિશ સૈન્ય સૈનિકો આવ્યા ત્યારે મૈસૂરિયન સેના ત્રીજા કિલ્લાને ઘેરી રહી હતી. ટીપુ અને તેના ઘોડેસવારોએ હૈદર અલીના સૈનિકોને સારી વ્યવસ્થિત રીતે પીછેહઠ કરવા માટે અંગ્રેજોને લાંબા સમય સુધી રોકી રાખ્યા હતા. હૈદર અલી અને ટીપુ સુલતાન કિલ્લાઓ અને બ્રિટિશ હસ્તકના શહેરો પર કબજો કરીને આગળ વધ્યા. માર્ચ ૧૭૬૯માં જ્યારે અંગ્રેજોએ શાંતિ માટે દાવો કર્યો ત્યારે મૈસૂરવાસીઓએ તેમના મુખ્ય પૂર્વ કિનારે બંદર મદ્રાસમાંથી અંગ્રેજોને હટાવવાની ધમકી આપી હતી. આ અપમાનજનક હાર પછી, અંગ્રેજોએ હૈદર અલી સાથે ૧૭૬૯ના શાંતિ કરાર પર હસ્તાક્ષર કરવા પડ્યા જેને મદ્રાસ સંધિ કહેવાય છે. ૧૭૭૧માં, મરાઠાઓએ ૩૦,૦૦૦ જેટલા સૈન્ય સાથે મૈસુર પર હુમલો કર્યો. હૈદર અલીએ અંગ્રેજોને મદ્રાસની સંધિ હેઠળ મદદની તેમની ફરજનું સન્માન કરવા હાકલ કરી હતી, પરંતુ બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ તેમની મદદ માટે કોઈ સૈનિકો મોકલવાનો ઈન્કાર કર્યો હતો. મૈસુરે મરાઠાઓ સામે લડત આપી ત્યારે ટીપુ સુલતાને મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

**બીજું ઍંગ્લો-મૈસૂર યુદ્ધ**

બીજું ઍંગ્લો-મૈસૂર યુદ્ધ (૧૭૮૦-૧૭૮૪), ત્યારે શરૂ થયું જ્યારે હૈદર અલીએ બ્રિટન સાથે જોડાણ ધરાવતા કર્ણાટક પરના હુમલામાં ૯૦,૦૦૦ની સેનાનું નેતૃત્વ કર્યું. મદ્રાસ ખાતેના બ્રિટિશ ગવર્નરે સર હેક્ટર મુનરો હેઠળ તેમની સેનાનો મોટો ભાગ મૈસૂરિયનો સામે મોકલવાનું નક્કી કર્યું, અને કર્નલ વિલિયમ બેલીના નેતૃત્વમાં બ્રિટિશ દળને ગુંટુર છોડવા અને મુખ્ય દળ સાથે મળવા માટે પણ હાકલ કરી. હૈદરને આ વાતની જાણ થઈ અને તેણે ટીપુ સુલતાનને ૧૦,૦૦૦ સૈનિકો સાથે બેલીને અટકાવવા મોકલ્યો હતો.



**આજના વર્તમાન યુગમાં હિન્દુત્વવાદીઓ દ્વારા જેઓને બદનામ કરવામાં આવે છે અને તેમના ભવ્ય વારસાને ઈતિહાસમાંથી દૂર કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે ત્યારે આ મહાન યોદ્ધાના જન્મ દિવસે આપણે દેશના રક્ષણ માટે તેમના બલિદાનને યાદ કરીએ.**

સપ્ટેમ્બર ૧૭૮૦માં, ટીપુ અને તેના ૧૦,૦૦૦ ઘોડેસવાર અને પાયદળ સૈનિકોએ બેલીની સંયુક્ત બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની અને ભારતીય દળોને ઘેરી લીધા હતા અને તેમને ભારતમાં અંગ્રેજોનો સૌથી ખરાબ પરાજય થયો હતો. ૪,૦૦૦ ઍંગ્લો-ઈન્ડિયન સૈનિકોમાંથી મોટા ભાગનાએ આત્મસમર્પણ કર્યું અને તેમને કેદ કરી લેવામાં આવ્યા.

જ્યારે બીજું ઍંગ્લો-મૈસૂર યુદ્ધ હજી ચાલી રહ્યું હતું, ત્યારે ૬૦ વર્ષીય હૈદર અલી ગંભીર બીમાર પડી ગયા હતા. ૧૭૮૨ના ૭ ડિસેમ્બરના રોજ તેમનું અવસાન થયું. ટીપુ સુલતાને સુલતાનનું બિરુદ ધારણ કર્યું અને ૨૯ ડિસેમ્બર, ૧૭૮૨ના રોજ તેમના પિતાની ગાદી સંભાળી હતી. અંગ્રેજોને આશા હતી કે સત્તાનું આ સંક્રમણ ચાલી રહેલા યુદ્ધમાં તેઓને ફાયદો થશે. જો કે, ટીપુના સરળ સંક્રમણ અને સૈન્ય દ્વારા તાત્કાલિક સ્વીકૃતિએ તેમને નિષ્ફળ બનાવ્યા. વધુમાં, બ્રિટિશ અધિકારીઓ લણણી દરમિયાન પૂરતા પ્રમાણમાં ચોખા સુરક્ષિત કરવામાં નિષ્ફળ ગયા હતા અને તેમના કેટલાક સિપાઈઓ ભૂખે મરતા હતા. તેઓ ચોમાસાની ઋતુની ઉંચાઈ દરમિયાન નવા સુલતાન સામે હુમલો કરવાની કોઈ સ્થિતિમાં ન હતા. બીજું ઍંગ્લો-મૈસુર યુદ્ધ ૧૭૮૪ની શરૂઆત સુધી ચાલ્યું હતું, અંતે, ૧૧ માર્ચ, ૧૭૮૪ના રોજ, બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ મેંગ્લોરની સંધિ પર હસ્તાક્ષર કરીને ઔપચારિક રીતે શરણાગતિ સ્વીકારી. આ સંધિની શરતો હેઠળ, બંને પક્ષો ફરી એકવાર પ્રદેશના સંદર્ભમાં યથાવત સ્થિતિમાં પાછા ફર્યા. ટીપુ સુલતાન તેણે પકડેલા તમામ બ્રિટિશ અને ભારતીય યુદ્ધ કેદીઓને મુક્ત કરવા સંમત થયા.

**ટીપુ સુલતાન શાસક**

બ્રિટિશરો પર બે વિજય છતાં, ટીપુ સુલતાને સમજાયું કે બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની તેના સ્વતંત્ર રાજ્ય માટે ગંભીર ખતરો છે. તેમણે સતત સૈન્ય પ્રગતિ માટે ભંડોળ પૂરું પાડ્યું, જેમાં પ્રખ્યાત મૈસુર રોકેટના વિકાસનો સમાવેશ થાય છે. તેઓએ લોખંડની નળીઓ બનાવી જે બે કિલોમીટર સુધી મિસાઈલો જેવી કામગીરી કરી શકે છે, જે બ્રિટિશ સૈનિકો અને તેમના સાથીઓ માટે ભયાનક હતું. ટીપુએ નવા રસ્તાઓ પણ બનાવ્યા, સિક્કાને નવું સ્વરૂપ આપ્યું અને આંતરરાષ્ટ્રીય વેપાર માટે રેશમ ઉત્પાદનને પ્રોત્સાહન આપ્યું. તેઓ ખાસ કરીને નવી તકનીકોથી આકર્ષિત હતા અને હંમેશા વિજ્ઞાન અને ગણિતના ઉત્સુક વિદ્યાર્થી રહ્યા હતા. એક શ્રદ્ધાળુ મુસ્લિમ, ટીપુ તેની બહુમતી-હિંદુ પ્રજાની આસ્થા પ્રત્યે સહનશીલ હતા. તેઓને એક યોદ્ધા અને એક રાજા તરીકે અને "મૈસુરના વાઘ" તરીકે ઓળખવામાં આવે છે અને ટીપુ સુલતાન સાપેક્ષ અશાંતિના સમયમાં પણ સક્ષમ શાસક સાબિત થયા હતા.

**ત્રીજું ઍંગ્લો-મૈસૂર યુદ્ધ**

ટીપુ સુલતાનને ૧૭૮૯ અને ૧૭૯૨ની વચ્ચે ત્રીજી વખત બ્રિટિશરોનો સામનો કરવો પડ્યો હતો. આ વખતે, મૈસુરને તેના સામાન્ય સાથી ફ્રાન્સ તરફથી કોઈ મદદ મળી નહીં. કમનસીબે ટીપુ સુલતાન અને તેના લોકો માટે, આ સમયે બ્રિટિશરો પાસે દક્ષિણ ભારતમાં રોકાણ કરવા માટે વધુ સંસાધનો હતા. જો કે યુદ્ધ ઘણા વર્ષો સુધી ચાલ્યું હતું, ભૂતકાળથી વિપરીત, અંગ્રેજોએ તેમના કરતાં વધુ સફળતા મેળવી હતી. યુદ્ધના અંતે અંગ્રેજોએ ટીપુની રાજધાની સેરીંગાપટમને ઘેરી લીધા પછી, મૈસૂરિયન નેતાને શરણાગતિ સ્વીકારવી પડી. ૧૭૯૩ની સેરિંગપટમની સંધિમાં, અંગ્રેજો અને તેમના સાથીઓએ, મરાઠા સામ્રાજ્યએ મૈસુરનો અડધો વિસ્તાર લઈ લીધો. બ્રિટિશરોએ એવી પણ માંગ કરી હતી કે મૈસુરના શાસક યુદ્ધની નુકસાની ચૂકવશે અને સંધિની શરતોનું પાલન કરશે તેની ખાતરી કરવા માટે કોર્નવોલિસે તેમના છોકરાઓને બંદી બનાવી રાખ્યા હતા. ટીપુએ ઝડપથી ખંડણી ચૂકવી અને તેના બાળકોને પરત લીધા. તેમ છતાં તે મૈસુરના વાઘ માટે આઘાતજનક હતું.

**ચોથું ઍંગ્લો-મૈસુર યુદ્ધ**

૧૭૯૮માં, નેપોલિયન બોનાપાર્ટ નામના ફ્રેન્ચ જનરલે ઈજિપ્ત પર આક્રમણ કર્યું. તેણે દક્ષિણ ભારતમાં બ્રિટનના સૌથી કટ્ટર દુશ્મન ટીપુ સુલતાન સાથે જોડાણની માંગ કરી. જોકે, આ જોડાણ ઘણા કારણોસર થવાનું ન હતું. નેપોલિયનનું ઈજિપ્ત પરનું આક્રમણ લશ્કરી આપત્તિ બની ગયું હતું. દુર્ભાગ્યે, તેના સાથી, ટીપુ સુલતાનને પણ ભયંકર હારનો સામનો કરવો પડ્યો. ૧૭૯૮ સુધીમાં, અંગ્રેજો પાસે ત્રીજા ઍંગ્લો-મૈસુર યુદ્ધમાંથી બહાર આવવા માટે પૂરતો સમય હતો. તેમની પાસે મદ્રાસ ખાતે બ્રિટિશ દળોના નવા કમાન્ડર રિચાર્ડ વેલેસ્લી, મોર્નિંગ્ટનના અર્લ પણ હતા, જેઓ "આક્રમકતા અને ઉગ્રતા"ની નીતિ માટે પ્રતિબદ્ધ હતા. જોકે અંગ્રેજોએ તેમનો અડધો દેશ અને મોટી રકમ લઈ લીધી હતી, તે દરમિયાન ટીપુ સુલતાને નોંધપાત્ર રીતે પુનઃનિર્માણ કર્યું હતું અને મૈસુર ફરી એકવાર સમૃદ્ધ સ્થળ બની ગયું હતું. બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની જાણતી હતી કે મૈસૂર એ એકમાત્ર સ્થળ છે જે તેના અને ભારતના સંપૂર્ણ વર્ચસ્વ વચ્ચે છે. ફેબ્રુઆરી ૧૭૯૯માં લગભગ ૫૦,૦૦૦ સૈનિકોના બ્રિટિશ નેતૃત્વવાળા ગઠબંધને ટીપુ સુલતાનની રાજધાની સેરિંગપટમ તરફ કૂચ કરી. તેનો એક જ ધ્યેય મૈસુરનો વિનાશ હતો. જો કે બ્રિટિશરોએ મૈસૂર રાજ્યને ઘેરી લેવાનો પ્રયાસ કર્યો હતો, ટીપુએ બ્રિટિશ કમાન્ડર વેલેસ્લીને પત્ર લખીને શાંતિ કરારની વ્યવસ્થા કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ વેલેસ્લીએ જાણીજોઈને સંપૂર્ણપણે અસ્વીકાર્ય શરતો ઓફર કરી. તેમનું મિશન ટીપુ સુલતાનનો નાશ કરવાનું હતું, તેની સાથે વાટાઘાટો કરવાનું નહીં.

**મૃત્યુ**

મે ૧૭૯૯ની શરૂઆતમાં, અંગ્રેજો અને તેમના સાથીઓએ મૈસુરની રાજધાની સેરિંગપટમને ઘેરી લીધું. ટીપુ સુલતાન સામે ૫૦,૦૦૦ હુમલાખોરો સામે માત્ર ૩૦,૦૦૦ ડિફેન્ડર્સ હતા. ૪ મેના રોજ, અંગ્રેજોએ શહેરની દીવાલો તોડી નાખી. ટીપુ સુલતાન તેના શહેરનો બચાવ કરતા શહીદ થયા હતા.

**વારસો**

ટીપુ સુલતાનના મૃત્યુ સાથે, મૈસુર બ્રિટિશ રાજના અધિકારક્ષેત્ર હેઠળનું બીજું રજવાડું બન્યું. તેમના પુત્રોને દેશનિકાલ કરવામાં આવ્યા હતા, અને એક અલગ પરિવાર અંગ્રેજોના શાસન હેઠળ મૈસુરના કઠપૂતળી શાસક બન્યો હતો. ટીપુ સુલતાન તેમના દેશની સ્વતંત્રતા બચાવવા માટે લાંબી અને સખત લડાઈ લડ્યા, જો કે આખરે તેઓ અસફળ રહ્યા. આજે, ટીપુને ભારત અને પાકિસ્તાનમાં ઘણા લોકો એક સ્વતંત્રતા સેનાની અને સક્ષમ શાંતિ સમયના શાસક તરીકે યાદ કરે છે.

**- કેલી ઝ્ઝૅઝ્ઝપેન્સ્કી**

(સૌ.: ડબલ્યુડબલ્યુડબલ્યુથોટકો.કોમ)

# શીખ આતંકવાદીની હત્યા અંગે વડાપ્રધાન મોદીને જાણ હતી : કેનેડાના અખબારનો આક્ષેપ

## એક અખબારે એવો દાવો કર્યો છે કે, પીએમ મોદી, કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહ અને વિદેશ મંત્રી એસ. જયશંકરને ખાલિસ્તાની આતંકી હરદીપસિંહ નિજ્જરની હત્યાના કાવતરાની તમામ જાણકારી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦

કેનેડાની સલામતી એજન્સીઓ દ્વારા એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે, ખાલિસ્તાની આતંકવાદી હરદીપસિંહ નિજ્જરની હત્યા અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પૂરી જાણકારી હતી અને અન્ય ટોચના આતંકીઓને ખતમ કરવાના કાવતરાની પણ જાણ હતી એવું કેનેડાના અગ્રણી દૈનિક અખબાર થ્ય ગ્લોબ એન્ડ મેઈલના એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે. ભારતીય અધિકારીઓએ આક્ષેપને નકારી કાઢ્યો છે. કેનેડાના સત્તાવાળાઓને પાક્કા પાયે એવી ખાતરી છે કે, નિજ્જર અને અન્યોની હત્યાના કાવતરાના મુખ્ય સૂત્રધાર અમિત શાહ છે અને મોદી, જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત



દોવાલને પણ આ સમગ્ર કાવતરા વિશે વાકેફ કરવામાં આવ્યા હતા. એવો દાવો અખબારી અહેવાલમાં કરવામાં આવ્યો છે. આ પ્રકારનો આક્ષેપ પહેલીવાર થયો નથી અગાઉ પણ કેનેડાની સુરક્ષા એજન્સીઓ દાવો કરી ચૂકી છે. ભારત સરકારમાં ટોચની કક્ષાએ કાવતરા વિશે ચર્ચા થઈ જ હોય પીએમ અને અન્ય ટોચના ત્રણ રાજકીય માથાને જાણ કરવામાં ન આવે એ માની શકાય નહીં. કેનેડાના અખબારનો દાવો છે કે, શાહની દોરવણી હેઠળ સમગ્ર કાવતરાને નક્કરરૂપ આપવામાં આવ્યું હતું. એ વિશે અમેરિકા અને કેનેડાની ગુપ્તચર એજન્સીઓને કોઈ શંકા નથી. જો કે આમાં જયશંકરનું નામ નવું છે કેમ કે અગાઉ કદી એમનું નામ ચર્ચામાં આવ્યું નહોતું. અખબારે એવો પણ દાવો કર્યો છે કે, G-20 શિખર પરિષદ દરમિયાન ચર્ચા કરતી વખતે જો બાઈડેને મોદી અને ટ્રુડો બંનેની જાટકણી કાઢી હતી. અખબારી અહેવાલ ઉમેરે છે કે, રોયલ કેનેડિયન માઉન્ટેન પોલીસના કમિશનર માઈક ડુહીમ જણાવે છે કે, માત્ર નિજ્જર નહીં પરંતુ અન્ય ત્રણની હત્યામાં પણ ભારતનો હાથ હતો. કેનેડા પોલીસે એવું જાહેર કર્યું કે, અન્ય ૧૩ વ્યક્તિઓ ઉપર પણ મોટો ખતરો છે. ભારતે જે રીતે મોટા પાયે આવું ઓપરેશન શરૂ કર્યું છે તેને માત્ર પોલીસ અટકાવી શકે તેમ નથી.

# મહારાષ્ટ્રમાં સત્તા જાળવી રાખશે ભાજપ મહાયુતિ ઝારખંડમાં ગળાકાપ સ્પર્ધા : વિવિધ એક્ઝિટ પોલના તારણ

(એજન્સી)

નવી દિલ્હી, તા.૨૦

મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણીઓ માટે મતદાન થઈ ગયા બાદ અલગ-અલગ એજન્સી દ્વારા એક્ઝિટ પોલની જે કવાયત કરવામાં આવી હતી જેમાં લગભગ તમામ પોલનું તારણ મહારાષ્ટ્ર માટે એક સમાન રહ્યું છે અને ભાજપ પ્રેરિત મહાયુતિ સત્તા જાળવી રાખે તેવો અંદાજ મૂકવામાં આવ્યો છે. જ્યારે ઝારખંડમાં કોઈને સ્પષ્ટ બહુમતી નહીં મળે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

મોટાભાગના એક્ઝિટ



પોલનો તારણો સૂચવે છે કે, મહારાષ્ટ્રમાં ભાજપ જોડાણને સ્પષ્ટ બહુમતી માટે જરૂરી ૧૪૫ બેઠકોથી પણ વધુ ૧૫૫ બેઠકો મળી શકે છે. જ્યારે કોંગ્રેસની આગેવાની હેઠળના ઈન્ડિયા બ્લોકને ૧૨૦ બેઠકો મળે તેવું લાગે છે. બહુમતી માટે ૧૪૫નો આંક જરૂરી છે.

ઝારખંડ વિશે એક્ઝિટ પોલમાં એવો અંદાજ મૂકવામાં આવ્યો છે કે, મિશ્ર વિધાનસભા રચાય તેવી શક્યતા દેખાય કેમ કે, ભાજપ પ્રેરિત NDAને ૪૦ બેઠકો અને ઈન્ડિયા બ્લોકને ૩૭ બેઠકો મળવાની શક્યતા છે. ૮૧ સભ્યોની વિધાનસભામાં બહુમતી માટે ૪૧ બેઠકો મેળવવી જરૂરી છે. એટલે એક્ઝિટ પોલના તારણ મુજબ મહારાષ્ટ્રમાં ભાજપ મહાયુતિ સત્તા જાળવી રાખે તેવી પૂરી શક્યતા છે. જ્યારે ઝારખંડનો મામલો ગૂંચવાણભર્યું લાગે છે અને બેમાંથી કોઈ જોડાણને બહુમતી મળે એવું લાગતું નથી. ૨૩ નવેમ્બરે મત ગણતરી છે એટલે ત્યાં સુધી રાહ જોવાની છે.

**હદીસ બોધ**

અલ્લાહ તેના ઉપર દયા કરતો નથી જે માનવી ઉપર દયા કરતો નથી. - હદીસ બોધ

**બોધ વચન**

બીજાઓને વારંવાર માફ કરી દો પણ પોતાની જાતને કયારેય માફ કરશો નહીં. - એનન

**આજની આરસી**

| | |
|---|---|
| ૨૧ નવેમ્બર ગુરૂવાર ૨૦૨૪ | |
| ૧૮ જમાદિલ અવ્વલ હિજરી ૧૪૪૬ | |
| કારતક વદ છઠ્ઠ સંવત ૨૦૮૧ | |
| સુબ્હ સાદિક | ૫-૩૪ |
| ખત્મે ઝવાલ | ૧૨-૨૫ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૫૭ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૫-૫૪ |

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર **'અલ્લામા ઈકબાલ'** કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

**દવાકી તલાશમેં રહા દુઆ કો છોડકર,**
**મૈં ચલ ન સકા દુનિયામેં ખતાઓં કો છોડકર,**
**હૈરાન હું મૈં અપની હસરતોં પર 'ઈકબાલ',**
**હર ચીજ ખુદાસે માંગ લી, ખુદાકો છોડકર**

આજના મુસલમાનના પ્રતીકરૂપે કવિ કહે છે કે મારા દુઃખ-દર્દ માટે દુન્યવી ઈલાજની શોધમાં રહ્યો, ભૂલો અને ગુનાહ કર્યા. દુઆને મેં છોડી દીધી. મારી આશા, ઈચ્છાઓ ફક્ત સુખ સાહબી માટે જ દુઆઓ કરી, ખુદાને પામવા માટેની ઈબાદત જ ન કરી. અલ્લાહ નેક તૌફીક અતા કરે. **-(ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)**

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. **- વ્યવસ્થાપક**

## દિલ્હી યુનિવર્સિટીમાં એક દલિત વિદ્યાર્થીએ આચાર્ય પર જાતિવાદી અપમાન કર્યાનો અને હુમલો કર્યાનો મૂક્યો આરોપ

### પ્રિન્સિપાલ સામે તાત્કાલિક પગલાં લેવાની દલિત સમાજની માગણી

(એજન્સી)
નવી દિલ્હી, તા.૨૦
દિલ્હી યુનિવર્સિટી હસ્તક આવેલી શહીદ ભગતસિંહ કોલેજના એક દલિત વિદ્યાર્થીએ પોલીસમાં ફરિયાદ નોંધાવીને આક્ષેપ કર્યો છે કે કોલેજના આચાર્ય દ્વારા મારૂં જાતિવાદી ઉચ્ચારણો કરીને અપમાન કરવામાં આવ્યું અને મારા પર હુમલો પણ કરવામાં આવ્યો છે. કોલેજના સત્તાવાર whatsapp ગ્રુપમાં મેં કોઈ અશ્લીલ વિગતો મૂકી હોવાનો મારા પર ખોટી રીતે આક્ષેપ મૂકીને મને જાતિવાદી રીતે અપમાનિત કરવામાં આવ્યો હતો અને પ્રિન્સિપાલે મને માર માર્યો હતો. જોકે પ્રિન્સિપાલ અરૂણકુમાર અત્રીએ વિદ્યાર્થીનું આક્ષેપ નકારી કાઢ્યો છે અને એવો દાવો કર્યો છે કે ફેકલ્ટીના



એક સભ્ય દ્વારા દલિત વિદ્યાર્થીની મુશ્કેલી કરવામાં આવી રહી છે. ફેકલ્ટીના આ સભ્ય દ્વારા બનાવટી અને ઉપજાવી કાઢેલા અનુભવના સર્ટિફિકેટના આધારે નિમણૂક અને ભરતી કર્યાનો આક્ષેપ છે અને એ અંગે ફેકલ્ટી સભ્ય સામે તપાસ ચાલી રહી છે. દલિત વિદ્યાર્થીના આક્ષેપ બાદ વિદ્યાર્થી જૂથોએ પણ વિરોધ દેખાવો શરૂ કર્યા હતા અને સોમવારે જેએનયુ જેવી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ આ કોલેજમાં એકત્ર થયા હતા અને પ્રિન્સિપાલના રાજીનામાની તથા તપાસની માગણી કરી હતી. બી.એ. હિન્દી ઓનર્સના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા દલિત વિદ્યાર્થીએ એવો દાવો કર્યો હતો કે પ્રિન્સિપાલના વર્તનથી મને ખૂબ જ માનસિક આઘાત લાગ્યો છે અને મારી બદનાક્ષી થઈ છે. આ વિદ્યાર્થીએ દિલ્હી યુનિવર્સિટીના ઉપકુલપતિને અને રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ પંચને પણ પત્ર લખ્યા છે અને પગલાં લેવાની માગણી કરી છે. પ્રિન્સિપાલે આ વિદ્યાર્થી પર કોલેજના whatsapp ગ્રુપમાં અશ્લીલ તસવીરો અને વીડિયો અપલોડ કર્યાનો આરોપ મૂક્યો છે જેનો આ વિદ્યાર્થીએ સાફ ઈન્કાર કર્યો છે.

## યુપીમાં માત્ર રૂપિયા ૫૦ માટે દલિત યુવાનને ઢોર માર પડ્યો, બચાવવા માટે વચ્ચે પડનાર બહેનને પણ માર મારવામાં આવ્યો

(એજન્સી) મથુરા, તા.૨૦
ઉત્તરપ્રદેશના મથુરામાં માત્ર રૂપિયા ૫૦ માટે એક દલિત યુવાનને કેટલાક બદમાશોએ ભેગા મળીને સખત માર માર્યો હતો અને પોતાના ભાઈને બચાવવા માટે વચ્ચે પડેલી દલિત યુવાનની બહેનને પણ છોડી નહોતી અને તેને પણ ઢોર માર મારવામાં આવ્યો હતો તેવું પોલીસમાં જાહેર થયું છે. આ ઘટનાને પગલે ભીમ આર્મીના અધિકારીઓ એસપી કચેરી ધસી ગયા હતા અને વિધિસર ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં નોંધાયા મુજબ મથુરાના સોંખ વિસ્તારમાં રહેતો સુંદર નામનો યુવાનેએ વિસ્તારમાં પોતાનું બાઈક ધોવડાવવા માટે વ્હીકલ વોશિંગ સેન્ટર ગયો હતો અને ત્યાં ગયા પછી તેણે વોશિંગ





સેન્ટર પાસે એ પોતે રૂ.૫૦ માંગતો હોવાથી પોતાના રૂ.૫૦ પાછા માંગ્યા હતા. આથી વોશિંગ સેન્ટરના માલિકે અને તેના કર્મચારીઓએ ભેગા થઈને સુંદરને માર માર્યો હતો અને બનાવની જાણ થતા યુવાનની બહેન પણ સ્થળ પર પહોંચી હતી અને ભાઈને બચાવવા કોશિશ કરી ત્યારે બહેનને પણ આ ટોળકીએ માર માર્યો હતો. ઉપરાંત જાતિવાદી રીતે પણ યુવાનને અને તેની બહેનને અપમાનિત કરવામાં આવ્યા હતા અને જાતિ વિશે ખરાબ શબ્દો બોલીને બંનેને અપમાનિત કરવામાં આવ્યા હતા. સોમવારે ભીમ આર્મીની ફતેહપુર સીકરી ટીમના વિધાનસભા મહામંત્રી ભૂપેન્દ્ર ગૌતમ એસપી કચેરી પહોંચી ગયા હતા પણ એસએસપી એમને મળ્યા નહોતા. તેમણે કહ્યું હતું કે જો દલિત યુવાનને ન્યાય નહીં મળે તો વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.

## નોઈડા સમાચાર : તણાવ વચ્ચે દલિત યુવકના અંતિમ સંસ્કાર, ત્રણ આરોપીઓની ધરપકડ

### રાબુપુરા કોતવાલી વિસ્તારના ભીકનપુર ગામમાં યુવકની હત્યાનો મામલો, અંતિમ સંસ્કાર વખતે ભીડને કાબૂમાં લેવા પોલીસને પરસેવો પડી ગયો

(એજન્સી) રાબુપુરા, તા.૨૦
ભીકનપુર ગામમાં ટ્રેક્ટર-ટ્રોલીમાંથી માટી ઉડાડવાના વિવાદમાં જીવ ગુમાવનાર કમલ (૨૬)નો અંતિમ સંસ્કાર કરવામાં આવ્યો હતો. અંતિમ સંસ્કાર વખતે સ્થિતિ ખૂબ જ તંગ હતી. ભીડે આરોપીની ઓફિસ સળગાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે તેમને અટકાવ્યા હતા. તણાવને જોતા ગામમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આ સાથે જ પોલીસે વધુ ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. અત્યાર સુધીમાં છ આરોપી ઝડપાયા છે. પોલીસના જણાવ્યા અનુસાર, ભીકનપુર ગામમાં બે પક્ષો વચ્ચે ટ્રેક્ટર-ટ્રોલીમાંથી માટી ઉડીને કાર પર પડવાને લઈને ઝઘડો થયો હતો. રજત શર્મા અને પ્રમોદ શર્માના પક્ષે પીડિત પર હુમલો કર્યો અને ગોળી ચલાવી. ગોળી વાગવાથી કમલનું મોત થયું હતું અને ત્રણ યુવાનો ઘાયલ થયા હતા. પોલીસ દળ સાથે અધિકારીઓ આખી રાત ગામમાં રહ્યા હતા અને વાતાવરણ પર ચાંપતી નજર રાખી હતી. સવારે, પોલીસે અંતિમ સંસ્કાર કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ પરિવારેના પાડી. પરિવાર મુખ્ય આરોપીની



ધરપકડ કરવાની અને તેમના ઘર પર બુલડોઝર ચલાવવાની માંગ પર અડગ હતો. પોલીસે લાંબા સમય સુધી પરિવારને સમજાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ બાદમાં કડક કાર્યવાહીનું આશ્વાસન આપ્યું. આ પછી સવારે ૧૧ વાગે પરિવાર જ્યારે મૃતદેહ લઈને સ્મશાનગૃહ પહોંચ્યો ત્યારે મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા. આ દરમિયાન વાતાવરણ તંગ બની ગયું હતું, જેથી પોલીસે કડકતા દાખવવી પડી હતી. આ પછી, કમલના નાના ભાઈ નિકેશે અંતિમ સંસ્કાર કર્યા. આ દરમિયાન ભીડ ઘણી વખત કાબૂ બહાર થવા લાગી હતી, પરંતુ પોલીસે પરિસ્થિતિને સંભાળી લીધી હતી. આરોપીની ઓફિસ સીલ કરી દેવામાં આવી હતી, ઘરને તાળું મારવામાં આવ્યું હતું આરોપીની ઓફિસ ગામની બહાર છે. કચેરી પર બુલડોઝર ચલાવવા પરિવારની માંગ છે. તેઓએ ચેતવણી આપી હતી કે જો પોલીસ કાર્યવાહી નહીં કરે તો તેઓ જાતે જ તેને તોડી નાખશે. આ પછી પોલીસે ઓફિસને સીલ કરી દીધી હતી. આરોપીના ઘરને પણ તાળું લાગેલું છે. ઘર અને ઓફિસ પર પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

**ત્રણ આરોપીઓની ધરપકડ**

એડીસીપી અશોક કુમારે કહ્યું કે ૧૪ લોકો વિરૂદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે અને તેમની ધરપકડના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. એકાન્ઉન્ટર બાદ ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે અજેન્દ્ર ત્યાગી, મોહિત ત્યાગી અને સાંકેની ધરપકડ કરવામાં આવી હતી.

**ખાતરીના આધારે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા**

અંતિમ સંસ્કાર પહેલા ગ્રામજનોએ પીડિત પરિવારને એક કરોડનું વળતર, નાના ભાઈને નોકરી અને અન્ય ગ્રામજનોની સુરક્ષા માટે ૫થી૧૦ હથિયાર લાયસન્સ આપવાની માંગ કરી છે. અધિક પોલીસ કમિશનર શિવહરી મીનાની ખાતરી મળ્યા બાદ જ લોકોએ અંતિમ સંસ્કાર કર્યા હતા.

### રોહિત અને વિરાટના ભવિષ્ય પર નિર્ણય થશે

## ટીમ ઈન્ડિયામાં કંઈક ખોટું થવાનું છે, એકશન મોડમાં BCCI

### મુખ્ય પસંદગીકાર અજીત અગરકરને પણ ઓસ્ટ્રેલિયા પ્રવાસે ટીમ ઈન્ડિયા સાથે રોકાવા માટે કહેવામાં આવ્યું છે

નવી દિલ્હી, તા.૨૦
ન્યુઝીલેન્ડ વિરૂદ્ધ ઘરેલુ ટેસ્ટ સિરીઝમાં થયેલી ૩-૦થી હાર બાદ ટીમ ઈન્ડિયા મોટા ફેરફાર તરફ વધી રહી છે. આની શરૂઆત ઓસ્ટ્રેલિયા પ્રવાસે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીથી થઈ ચૂકી છે. ઘરેલુ ટેસ્ટ સિરીઝમાં થયેલી હારના કારણે ટીમ ઈન્ડિયા પર ઘણું દબાણ છે. આવામાં બીસીસીઆઈએ એક મોટો નિર્ણય લીધો છે. વાસ્તવમાં ઓસ્ટ્રેલિયા પ્રવાસે ટીમ ઈન્ડિયા માટે એક નવા રોડમેપને તૈયાર કરવાની દિશામાં મુખ્ય પસંદગીકાર અજીત અગરકર હેડ કોચ ગૌતમ ગંભીર સાથે અહીંયા રોકાશે. મીડિયા રિપોર્ટસ અનુસાર અગરકરને કહેવામાં આવ્યું છે કે તે બોર્ડર-ગાવસ્કર ટેસ્ટ સિરીઝ માટે ઓસ્ટ્રેલિયામાં રોકાય અને ગૌતમ ગંભીર સાથે મળી તે ટીમ ઈન્ડિયાના ભવિષ્ય પર કામ કરે. અત્રે ઉલ્લેખનીય છે કે ન્યુઝીલેન્ડ સામેની શરમજનક હાર બાદ ફકત ખેલાડીઓ જ નહીં પણ ટીમ મેનેજમેન્ટ પર પણ સવાલ ઊઠ્યા છે. આ જ કારણ છે કે મેઈન સિલેકટર અજીત અગરકરને પણ ઓસ્ટ્રેલિયા પ્રવાસે ટીમ ઈન્ડિયા સાથે રોકાવા માટે કહેવાયું છે. આ પૂરા મામલા પર બીસીસીઆઈના એક સૂત્રએ કહ્યું કે અગરકર અને ગંભીર બંને જાણે છે કે ભારતમાં ન્યુઝીલેન્ડ સામેની હાર બાદ વ્યાપક રૂપથી ટીકા થઈ છે. કેમ કે ઓસ્ટ્રેલિયા એક લાંબો પ્રવાસ છે. એટલા માટે અગરકર અને ગંભીર એક સાથે બેસીને ટીમ ઈન્ડિયાના ભવિષ્ય પર યોજના તૈયાર કરી શકે છે. બીસીસીઆઈના રિપોર્ટ અનુસાર ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં ટીમ ઈન્ડિયાના અમુક સિનિયર ખેલાડીઓના ભવિષ્ય પર પણ ચર્ચા થશે. આમાં રોહિત શર્મા, વિરાટ કોહલી, રવીન્દ્ર જાડેજા અને અશ્વિનનું નામ સામેલ છે. આ બધા ખેલાડીઓની ઉંમર હવે ૪૦ની આસપાસ છે અને બીસીસીઆઈનું માનવું છે કે ટીમને ભવિષ્યમાં આ દિગ્ગજોના સંન્યાસ બાદ હવે બેકઅપ તૈયાર કરવાની જરૂર છે. બીસીસીઆઈના સૂત્રોએ કહ્યું કે ટીમ ઈન્ડિયામાં અમુક સિનિયર ખેલાડીઓના ભવિષ્ય પર કઠિન ચર્ચા થવાની આશા છે. ઓસ્ટ્રેલિયા પ્રવાસે આ સિનિયર ખેલાડીઓને કોચ અને પસંદગીકાર પોતાની યોજનાઓ વિશે જણાવશે કારણ કે ટીમ ઈન્ડિયા હવે આગામી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપ અને વન-ડે વિશ્વકપની તૈયારીમાં લાગી ચૂકી છે.

### હાર્દિક ફરી બન્યો નંબર વન ઓલરાઉન્ડર

## ટી-૨૦ રેન્કિંગમાં ૬૯ સ્થાનની લાંબી છલાંગ લગાવી તિલક વર્મા ટોપ ટેનમાં

### સંજુ સેમસન પણ ૧૭ સ્થાનની છલાંગ લગાવી ૨૨મા સ્થાને પહોંચ્યો, ઓસ્ટ્રેલિયાનો ટ્રેવિસ હેડ બેટ્સમેનોની યાદીમાં નંબર વન

નવી દિલ્હી, તા.૨૦
આઈસીસીએ બુધવારે ટી-૨૦ ખેલાડીઓની નવી રેન્કિંગ જાહેર કરી છે. ભારતના સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાને દ.આફ્રિકા વિરૂદ્ધ ચાર મેચોની ટી-૨૦ સિરીઝ બાદ ફાયદો થયો છે. હાર્દિક એકવાર ફરી નંબર વન ટી-૨૦ ઓલરાઉન્ડર બની ગયો છે. તેણે ઈંગ્લેન્ડના લિયામ લિવિંગસ્ટોન અને નેપાળના દીપેન્દ્રસિંહને પાછળ પાડી ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. હાર્દિકના હાલ ૨૪૪ રેટિંગ પોઈન્ટ છે. લિવિંગસ્ટોન ૨૩૦ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને ખસી ગયો છે. દીપેન્દ્રસિંહ (૨૩૦) બીજા સ્થાને છે. હાર્દિકે બીજીવાર ટી-૨૦ ઓલરાઉન્ડરની રેન્કિંગમાં નંબર વનનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેણે પહેલીવાર ટી-૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ના અંતમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું. લેટેસ્ટ અપડેટમાં હાર્દિક જ લાંબી છલાંગ લગાવનાર એકમાત્ર ભારતીય ખેલાડી નથી. બેટ્સમેનોની યાદીમાં યુવા ક્રિકેટર તિલક વર્માને મોટો ફાયદો થયો છે. તેણે ૬૯



સ્થાનની લાંબી છલાંગ લગાવી ટોપ ટેનમાં એન્ટ્રી કરી છે. તે સૂર્યકુમાર યાદવ અને બાબર આઝમને પછાડી ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. તિલકના ખાતામાં ૮૦૬ રેટિંગ પોઈન્ટ છે. સૂર્યાને એક સ્થાનનું નુકસાન થયું છે તે ૭૮૮ પોઈન્ટ સાથે ચોથા સ્થાને છે. બાબર આઝમ પાંચમાં સ્થાને છે તેના ૭૪૨ પોઈન્ટ છે. સંજુ સેમસન પણ ૧૭ સ્થાનની છલાંગ લગાવી ૨૨મા સ્થાને પહોંચી ગયો છે. ઓસ્ટ્રેલિયાનો ટ્રેવિસ હેડ (૮૫૫) ટોપના સ્થાને યથાવત્ છે.

## મોહમ્મદ શમીનું પુનરાગમન શાનદાર રહ્યું છે : બોલિંગ કોચ

પર્થ, તા.૨૦
ભારતના બોલિંગ કોચ મોર્ન મોર્કલે બુધવારે કહ્યું કે મોહમ્મદ શમીનું પુનરાગમન શાનદાર રહ્યું છે પણ કોચનું માનવું છે કે શમીને લઈ થોડી સાવધાની રાખવી પડશે. કારણ કે તે લાંબા સમય બાદ પુનરાગમન કરી રહ્યો છે અને ટીમ તેને સારી તૈયારી સાથે પુનરાગમન કરવાની તક આપી રહી છે. બોલિંગ કોચે કહ્યું કે ચોક્કસ રીતે અમારી નજર મો.શમી પર છે પણ આપણે સમજવાની જરૂર છે કે તે પૂરા એક વર્ષથી રમતથી દૂર રહ્યો છે. આપણે તેનું અને તેના શરીરનું સન્માન કરવું જોઈએ. તેમણે કહ્યું કે અમારા માટે આ ખૂબ જ મોટી વાત છે કે તે પુનરાગમન કરી ચૂક્યો છે. તેના માટે પુનરાગમનમાં પહેલી જ મેચમાં વિકેટ લેવી ઘણી શાનદાર બાબત છે. એટલા માટે આપણે તેને સારો સહયોગ આપી શકીએ છીએ. આપણે થોડો સંયમ રાખવો પડશે અને તેના શરીરને અનુકૂળ થવા માટે થોડો સમય આપવો પડશે.

ભારતીય ક્રિકેટ બોર્ડની મેડિકલ ટીમ અને રાષ્ટ્રીય પસંદગીકાર ઈચ્છે છે કે મો.શમી સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં અમુક મેચ રમે જેનાથી એ જોઈ શકાય કે અનેક મેચો બાદ પણ તેનું શરીર ઠીક છે કે નહીં પછી ભલે તે સફેદ બોલની ટુર્નામેન્ટ હોય.

### પૂજારા બોલરોને થકવી દે છે, મને ખુશી છે કે તે નથી

## સારૂં થયું આ વખતે ચેતેશ્વર પુજારા ભારતીય ટીમમાં નથી : હેઝલવુડ

### રિષભ પંત જેવા બેટસમેન માટે પ્લાન એ અને બી નહીં પણ સી રાખવો પણ જરૂરી છે : ઓસી બોલર

સિડની, તા.૨૦ : ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની શરૂઆતમા હવે બે દિવસનો સમય છે. ઓસ્ટ્રેલિયાના ઝડપી બોલર હેઝલવુડે પર્થ ટેસ્ટ મેચ પહેલા કહ્યું કે ટીમ ઈન્ડિયાને મોહમ્મદ શમીની ખોટ પડશે. આ ઉપરાંત શુભમન ગિલનું નહીં હોવું પણ ટીમ ઈન્ડિયા માટે ટેન્શન ઊભું કરનારી વાત હશે. હેઝલવુડે કહ્યું કે તેને ખુશી છે કે ચેતેશ્વર પુજારા ભારતીય ટીમમાં સામેલ નથી. પુજારા ૨૦૧૮-૧૯ અને ૨૦૨૦-૨૧ બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ટીમ ઈન્ડિયા માટે ઘણો મહત્ત્વનો સાબિત થયો હતો અને બંને સિરીઝ જીતમાં તેનું મોટું યોગદાન રહ્યું હતું. હેઝલવુડે કહ્યું કે હું ઘણો ખુશ છું કે ચેતેશ્વર પુજારા આ વખતે ટીમ ઈન્ડિયાની સાથે નથી તે એવો વ્યક્તિ છે જે ક્રીઝ પર ઘણો વધારે સમય વિતાવે છે. બોલરોને એકદમ થકવી દે છે. જો કે ભારતીય ક્રિકેટ ટીમ હજી પણ ઘણી મજબૂત છે. ટીમના યુવા ખેલાડીઓમાં ઘણું ટેલેન્ટ છે. રિષભ પંતને લઈ હેઝલવુડે કહ્યું કે તેના જેવા બેટસમેન માટે પ્લાન બીનું હોવું ખૂબ જ જરૂરી છે અને જો પ્લાન એ અને બી કામ ના કરે તો પ્લાન સી પણ હોવો જોઈએ. આવા ખેલાડીઓ માટે અલગ અલગ પ્લાન બનાવવા ખૂબ જ જરૂરી છે. કારણ કે અમારી પાસે ટ્રેવિસ હેડ અને મિશેલ માર્શ પણ એવા જ ખેલાડી છે જે કોઈપણ સમયે મેચને તમારી પહોંચથી દૂર કરી શકે છે.

## અશ્વિન BGTમાં વર્લ્ડ રેકોર્ડ બનાવશે, ફકત ૬ વિકેટની જરૂર

### અશ્વિન પાસે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપ (WTC)માં ૨૦૦ વિકેટ લેનાર પ્રથમ બોલર બનવાની તક છે

પર્થ, તા.૨૦
ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં અનુભવી સ્પિનર અશ્વિન પાસે એક મોટી સિદ્ધિ પ્રાપ્ત કરવાની તક હશે. ઓસ્ટ્રેલિયા પ્રવાસે ભારતનો સ્ટાર સ્પિનર અશ્વિન સિરીઝ જીતમાં મહત્ત્વની ભૂમિકા નિભાવી શકે છે. તેની પાસે ઘણો અનુભવ છે અને ઓસ્ટ્રેલિયામાં તે ગત પ્રવાસમાં સૌથી વધારે વિકેટ લેનાર બીજો બોલર હતો. તેણે ત્રણ ટેસ્ટમાં ૧૨ વિકેટ ઝડપી. અશ્વિન પોતાના આ પ્રદર્શનનું પુનરાવર્તન કરવા માંગશે. હાલમાં જ અશ્વિને ઓસ્ટ્રેલિયાના નાથન લિયોનને WTCમાં સૌથી વધારે વિકેટ લેનાર બોલરોની લિસ્ટમાં પાછળ પાડ્યો છે. અશ્વિન પાસે આ સિરીઝ દરમ્યાન WTCમાં ૨૦૦ વિકેટ પૂરી કરવાની સુવર્ણ તક છે. જો તે પાંચ મેચ દરમ્યાન ૬ વિકેટ લેવામાં સફળ થશે તો તે WTCમાં ૨૦૦ વિકેટ લેનાર પ્રથમ બોલર બની જશે. અશ્વિનના નામે ૧૯૪ વિકેટ છે. નાથન લિયોને ૧૮૭ વિકેટ ઝડપી છે. એક જ વર્ષમાં ટેસ્ટ ડેબ્યુ કરનાર લિયોન અને અશ્વિન ૨૨ નવેમ્બરથી પર્થમાં શરૂ થઈ રહેલી પાંચ ટેસ્ટ મેચની બોર્ડર-ગાવસ્કર ટ્રોફી દરમ્યાન રમતના લાંબા ફોર્મેટમાં આઠમી વખત આમને-સામને હશે.

| બોલર | વિકેટ |
|---|---|
| અશ્વિન | ૧૯૪ |
| લિયોન | ૧૮૭ |
| કમિન્સ | ૧૭૫ |
| સ્ટાર્ક | ૧૪૭ |
| બ્રોડ | ૧૩૪ |

## પાંચ બેટ્સમેન જે ટી-૨૦ ઈન્ટરનેશનલમાં કયારેય ઝીરો પર આઉટ થયા નથી













નવી દિલ્હી, તા.૨૦
મહાન સર ડોન બ્રેડમેનથી લઈ સચિન તેન્ડુલકર અને બ્રાયન લારા સુધી બધા પોતાની કારકિર્દીમાં કયારેકના કયારેક ઝીરો પર આઉટ થયા છે. વન-ડે અને ટેસ્ટમાં બેટસમેનો પાસે ઘણી તક હોય છે. તેમ છતાં પણ તે ઝીરો પર આઉટ થઈ જાય છે જ્યારે ટી-૨૦ ક્રિકેટમાં અનેકવાર પહેલા બોલથી એટેક કરવાનો હોય તેમ છતાં પણ અનેક એવા બેટસમેન છે જે પોતાની ટી-૨૦ ઈન્ટરનેશનલ કારકિર્દીમાં કયારેય ઝીરો પર આઉટ થયા નથી.

**● માર્લોન સેમ્યુઅલ -૬૫ ઈનિંગ :-**

વેસ્ટઈન્ડિઝનો દિગ્ગજ ઓલરાઉન્ડર માર્લોન સેમ્યુઅલ કયારેય ટી-૨૦ ઈન્ટરનેશનલમાં ઝીરો પર આઉટ થયો નથી. ૨૦૦૭માં ડેબ્યુ કરનાર સેમ્યુઅલે ૨૦૧૮ સુધી ૬૫ ઈનિંગોમાં બેટિંગ કરી હતી. તેના નામે ૧૬૧૧ રન છે. તે ૨૦૧૨ વર્લ્ડકપ ફાઈનલ વેસ્ટઈન્ડિઝની જીતનો હીરો હતો. ૨૦૧૬ની વિજેતા ટીમમાં પણ સેમ્યુઅલ હતો.

**● દીપેન્દ્રસિંહ એરી -૬૫ ઈનિંગ :-**

નેપાળનો બેટસમેન દીપેન્દ્રસિંહ એરી પણ હજી સુધી પોતાની ટી-૨૦ ઈન્ટરનેશનલ કારકિર્દીમાં ઝીરો પર આઉટ થયો નથી. એરી એક ઓવરમાં ૬ સિક્સર મારવાની સિદ્ધિ પણ મેળવી ચૂક્યો છે. ૬૫ ઈનિંગોમાં તેના નામે ૧૭૨૫ રન છે. તેની પાસે સેમ્યુઅલને પાછળ પાડવાની તક છે પણ હાલ તેની કારકિર્દી ઘણી બાકી છે. આવામાં ઝીરો પર આઉટ થતાં જ આ લિસ્ટમાંથી બહાર થઈ જશે.

**● દિનેશ ચાંડીમલ -૬૧ ઈનિંગ :-**

શ્રીલંકાનો અનુભવી વિકેટકીપર બેટ્સમેન દિનેશ ચાંડીમલને પણ આ જ સુધી કોઈ બોલર ઝીરો પર આઉટ કરી શકયો નથી. ૨૦૧૦થી ૨૦૨૨ દરમ્યાન ૬૧ વખત ટી-૨૦ ઈન્ટરનેશનલ મેચમાં બેટિંગ કરવા ઊતર્યો. તેની સરેરાશ ૨૦થી પણ ઓછી છે પણ ઝીરો પર કયારેય આઉટ થયો નથી.

**● ફાક ડુપ્લેસિસ -૫૦ ઈનિંગ :-**

દ.આફ્રિકાના પૂર્વ કપ્તાન ફાક ડુપ્લેસિસનું નામ પણ આ લિસ્ટમાં સામેલ છે. ફાક ૨૦૨૦થી દ.આફ્રિકાની ટીમમાંથી બહાર છે. પોતાની કારકિર્દીમાં તેણે ૫૦ મેચ રમી અને ૩૫.૫૩ સરેરાશથી ૧૫૨૮ રન બનાવ્યા છે. પોતાની ટી-૨૦ ઈન્ટરનેશનલ કારકિર્દીમાં તે પણ કયારેય ઝીરો પર આઉટ થયો નથી.

**● નઝમુલ હસેન શાન્તો - ૪૭ ઈનિંગ :-**

બાંગ્લાદેશનો કપ્તાન નઝમુલ હુસેન શાંન્તોની ટી-૨૦ ઈન્ટરનેશનલ કારકિર્દી ખૂબ જ સાધારણ છે. ૪૯ મેચોની ૪૭ ઈનિંગોમાં તેની સરેરાશ ૨૨.૮૫ની સ્ટ્રાઈક રેટ ૧૦૮નો છે. અત્યારસુધી તે ચાર જ અર્ધસદી ફટકારી શકયો છે. આવા રેકોર્ડ બાદ પણ તે કયારેય ઝીરો પર આઉટ થઈ પેવેલિયન પરત ફર્યો નથી.

# મણિપુર હિંસા તપાસ પેનલે ૧૧,૦૦૦થી વધુ એફિડેવિટ એકત્રિત કરી

## હિંસાની સંપૂર્ણ તપાસ સુનિશ્ચિત કરવા માટે શરૂઆતમાં જાહેર સુનાવણીનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે આ અંગેનો અંતિમ નિર્ણય બાકી છે

(એજન્સી) તા.૨૦

એક વરિષ્ઠ સરકારી અધિકારીએ મીડિયાને જણાવ્યું હતું કે, મણિપુરમાં વંશીય હિંસાની તપાસ કરવા માટે રચાયેલ તપાસ પંચે ફોટોગ્રાફસ, પેન ડ્રાઈવ અને દસ્તાવેજી પુરાવા સહિત અન્ય પુરાવાઓ સાથે ૧૧,૦૦૦થી વધુ એફિડેવિટ્સ એકત્રિત કર્યા છે, કેન્દ્રીય ગૃહ મંત્રાલય (MHA)એ ગયા વર્ષે ગૌહાટી હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ અજય લાંબાની આગેવાની હેઠળની ત્રણ સભ્યોની પેનલને તપાસ કરવાની સૂચના આપી હતી. પંચ હાલમાં પુરાવા એકત્ર કરી રહ્યું છે, અને તપાસ સાથે સંબંધિત માનવામાં આવતી વ્યક્તિઓને ટૂંક સમયમાં બોલાવવામાં આવે તેવી અપેક્ષા છે. જ્યારે હિંસાની સંપૂર્ણ તપાસ સુનિશ્ચિત કરવા માટે શરૂઆતમાં જાહેર સુનાવણીનું આયોજન કરવામાં આવ્યું હતું, ત્યારે સહભાગીઓની સલામતી અંગેની ચિંતાઓને કારણે અંતિમ નિર્ણય બાકી છે. અધિકારીએ કહ્યું કે, ''સુનાવણીમાં હાજરી આપનાર વ્યક્તિઓની સલામતી અને સુરક્ષા એ પ્રાથમિકતા છે. જો સુનાવણી પછી કોઈને નુકસાન થાય તો શું? અમે વિકલ્પોની સમીક્ષા કરી રહ્યા છીએ,''. કમિશનની સ્થાપના હિંસાના કારણો અને અસરનો વ્યાપક હિસાબ આપવા અને ભવિષ્યમાં આવી ઘટનાઓને રોકવા માટેના પગલાંની ભલામણ કરવા માટે કરવામાં આવી હતી. ગયા વર્ષે મણિપુરમાં વંશીય અથડામણમાં નોંધપાત્ર જાનહાનિ અને વિસ્થાપન થયું હતું, જેના કારણે MHAને તપાસ પેનલની રચના કરવાની ફરજ પડી હતી. કોંગ્રેસે મણિપુરના મુખ્ય પ્રધાન એન. બિરેન સિંહ દ્વારા બોલાવવામાં આવેલી બેઠકને અવગણીને



સત્તાધારી NDAના કેટલાક ધારાસભ્યોને લઈને ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. કોંગ્રેસે કહ્યું કે દિવાલ પરનું લખાણ સ્પષ્ટ છે અને પૂછ્યું કે શું ગૃહમંત્રી અમિત શાહ તેને વાંચી રહ્યા છે. કૉંગ્રેસના પ્રભારી સંચાર મહાસચિવ જયરામ રમેશે પણ પૂછ્યું કે મણિપુરના લોકોની 'આઘાતજનક યાતના' ક્યાં સુધી આ રીતે ચાલુ રહેશે?. મણિપુર વિધાનસભામાં ૬૦ ધારાસભ્યો હોવાનું નોંધતા રમેશે જણાવ્યું હતું કે મણિપુરના મુખ્યમંત્રીએ એનડીએ સાથે જોડાયેલા તમામ ધારાસભ્યોની ઈમ્ફાલમાં બેઠક બોલાવી હતી. તેમણે કહ્યું,'તેમના સિવાય, માત્ર ૨૬ જ દેખાયા. આ ૨૬માંથી ૪ NPPના છે જેમના રાષ્ટ્રીય અધ્યક્ષે હાલના મુખ્યમંત્રીને સમર્થન પાછું ખેંચવા માટે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષને પહેલેથી જ પત્ર લખ્યો છે,'.

# ભાજપ અને તેના સાથી પક્ષો યોગીના 'બટોંગે તો કટોંગે'ના નારાથી અંતર જાળવી રહ્યા છે : અખિલેશ

(એજન્સી) તા.૨૦

સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે મંગળવારે કહ્યું હતું કે, ભાજપ અને તેના સહયોગીઓએ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના 'બટોગે તો કટોગે'ના નારાથી પોતાને દૂર રાખવાનું શરૂ કર્યું છે. યાદવે આદિત્યનાથ દ્વારા આપવામાં આવેલા સૂત્રને 'ગેરબંધારણીય' અને દેશના ઈતિહાસમાં 'સૌથી નકારાત્મક' ગણાવીને હિંદુઓને એક થવાનું આહ્‌વાન કર્યું હતું. અહીં બક્ષી કા તાલાબ વિસ્તારમાં એક સભાને સંબોધતા ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાને કહ્યું, મુખ્યમંત્રીનું સૂત્ર અંગ્રેજોની ભાગલા પાડો અને રાજ કરોની નીતિ જેવું છે. અંગ્રેજો ગયા પણ તેમની વિચારસરણીવાળા લોકો તેમના વિચારોને આગળ ધપાવે છે. તેમણે કહ્યું કે,



'બટોગે તો કટોગે' દેશના ઈતિહાસમાં સૌથી નકારાત્મક અને ગેરબંધારણીય સૂત્ર છે. ભાજપના નેતાઓ અને તેના સહયોગીઓ આ સૂત્રથી પોતાને દૂર કરી રહ્યા છે. આદિત્યનાથ પર નિશાન સાધતા સપા વડાએ કોઈનું નામ લીધા વિના કહ્યું કે, વ્યક્તિ કપડાથી નહીં પણ વિચારો અને શબ્દોથી 'યોગી' બને છે. તેમણે કહ્યું કે, ભાજપ જાણે છે કે, પેટાચૂંટણીમાં તેને કારમી હારનો સામનો કરવો પડશે અને તે લોકોને મતદાન કરવાથી રોકવા માટે વહીવટીતંત્રનો દુરૂપયોગ કરી રહી છે. સરકાર જિલ્લા મેજિસ્ટ્રેટને ભાજપના જિલ્લા પ્રમુખોની જેમ કામ કરી રહી છે. તે (ભાજપ) લોકોને મતદાન કરતા રોકવા માટે સત્તાનો દુરૂપયોગ કરી રહી છે. આ લોકોના મત આપવાના અધિકાર પર હુમલો છે. ભાજપ બંધારણીય વિચારધારા આપી રહી છે. સંસ્થાઓ અને એક રંગમાં રંગાઈ જવા માંગે છે. રોજગાર નિર્માણ એ ભાજપના એજન્ડામાં નથી, તેમણે શાસક પક્ષ પર અનામતના લાભો છીનવી લેવાનું કાવતરૂં ઘડવાનો આરોપ લગાવ્યો.

# મણિપુરના મુખ્યપ્રધાન બિરેનસિંહની નિષ્ફળતાઓ ઉપરાંત કોનરાડ સંગમાની NPP પાસે ભાજપને છોડવાના અન્ય કારણો પણ છે

## મેઘાલયના મુખ્યપ્રધાન કોનરાડ સંગમાની આગેવાની હેઠળ NPPએ રવિવારે મણિપુરમાં બિરેનસિંહની સરકારમાંથી ટેકો પાછો લઈ લીધો અને કહ્યું કે, તે રાજ્યમાં સામાન્ય સ્થિતિને પુનઃ સ્થાપિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦

નેશનલ પીપલ્સ પાર્ટી (NPP એ એન. બિરેનસિંહ સરકારમાંથી બહાર નીકળવાનો નિર્ણય મણિપુરમાં ફરીથી હિંસાની પૃષ્ઠભૂમિમાં આવ્યો છે, પરંતુ પાર્ટીનો એક મોટો વર્ગ તેના પ્રમુખને એક વર્ષથી વધુ સમયથી આ માટે દબાણ કરી રહ્યો હતો. રવિવારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાને NPPની બહાર નીકળવાની જાહેરાત કરતા NPP પ્રમુખ કોનરાડ સંગમાએ ભારપૂર્વક હતું કે, મણિપુરમાં બિરેનસિંહના નેતૃત્વમાં સરકાર કટોકટીનો ઉકેલ લાવવા અને સામાન્ય સ્થિતિને પુનઃ સ્થાપિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે.

સૂત્રોએ ધ પ્રિન્ટને જણાવ્યું હતું કે, કોનરાડ સંગમા જેઓ મેઘાલયના મુખ્યપ્રધાન છે, તેઓ આ નિર્ણય પર વિચાર કરી રહ્યા છે, પરંતુ NPPના ભારતીય જનતા પાર્ટી એસોસિએશનમાં આંતરિક અણબનાવને કારણે તેને સ્થગિત કરી રહ્યા છે. NPPના મણિપુર એકમના સાતમાંથી પાંચ ધારાસભ્યો તાજેતરમાં સુધી ભાજપની આગેવાની હેઠળના શાસક ગઠબંધનમાં રહેવા માંગતા હતા. જો કે, પક્ષનો એક વર્ગ ભાજપ સાથેના સંબંધો તોડી નાંખવાનો આગ્રહ કરી રહ્યો છે.

નેશનલ પીપલ્સ પાર્ટીના ઉપાધ્યક્ષ યુમનમ જોયકુમાર સિંઘ, જેમણે ૨૦૧૭થી ૨૦૨૨ સુધી પ્રથમ બિરેનસિંહ કેબિનેટમાં મણિપુરના ડેપ્યુટી સીએમ તરીકે સેવા આપી હતી, તેઓ મણિપુરની પરિસ્થિતિ માટે ગંભીર ટીકા કરતા NPPના નેતાઓમાં સામેલ છે. તેમણે કહ્યું કે, ભાજપના નેતૃત્વએ ક્યારેય NPPની પરવા કરી નથી અને આ સંઘર્ષમાં ૨૫૦થી વધુ લોકોના જીવ ગયા છે અને હજારો વિસ્થાપિત કર્યા છે. બિરેનસિંહે NPPને મે ૨૦૨૩માં સંઘર્ષ ફાટી નીકળ્યા પછી બોલાવવામાં આવેલી પ્રથમ સર્વપક્ષીય બેઠકમાં પણ આમંત્રણ આપ્યું ન હતું. શાસક જોડાણનો ભાગ હોવા છતાં અમને આમંત્રણ આપવામાં આવ્યું ન હતું.

મણિપુરની ૬૦ સભ્યોની વિધાનસભામાં નેશનલ પીપલ્સ પાર્ટી પાસે સાત બેઠકો છે.

NPPની બહાર નીકળવા છતાં ૩૭ ધારાસભ્યો અને નાગા પીપલ્સ ફ્રન્ટ (NPF) અને જનતા દળ (યુનાઈટેડ)ના



વધારાના સમર્થન સાથે ભાજપે મણિપુરમાં તેની બહુમતી જાળવી રાખી છે. કુકી પીપલ્સ એલાયન્સ (KPA)એ આ વર્ષની શરૂઆતમાં રાજ્યમાં ચાલી રહેલી હિંસા અંગે NPPની સમાન ચિંતાઓને ટાંકીને તેનું સમર્થન પાછું ખેંચી લીધું હતું.

મેઘાલયમાં NPP ૩૧ ધારાસભ્યો સાથે શાસક ગઠબંધનમાં અગ્રણી ભાગીદાર છે, જેમાં ભાજપના બે ધારાસભ્યોનો સમાવેશ થાય છે. નાગાલેન્ડમાં NPP પાંચ ધારાસભ્યો સાથે નેશનાલિસ્ટ ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટી (NDPP)ના નેતૃત્વ હેઠળના શાસક જોડાણમાં છે. NPPના પાંચ ધારાસભ્યો પણ અરૂણાચલપ્રદેશમાં ભાજપની આગેવાની હેઠળના શાસક ગઠબંધનનો ભાગ છે.

૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં NPPને ઝટકો લાગ્યો હતો, જેમાં પાર્ટીએ મેઘાલયમાંથી લડેલી બે બેઠકો ગુમાવી હતી. નાગાલેન્ડમાં NDPP કોંગ્રેસ સામે હારી ગયું. આ પરિણામોએ સાબિત કર્યું કે, જોયકુમાર જેવા NPP નેતાઓ કોનરાડ સંગમાને ભાજપ સાથે સંબંધો તોડવા માટે શા માટે વિનંતી કરી રહ્યા હતા.

આસામના મુખ્યપ્રધાન હિમંતા બિસ્વા સરમાનું એવું નિવેદન કે ભાજપને વિશિષ્ટ સમુદાયના કારણે લોકસભા ચૂંટણીમાં સહન કરવું પડ્યું હતું, જેમાં ખ્રિસ્તીઓનો દેખીતો સંદર્ભ હતો, જેનાથી NPPમાં ભાજપ વિરુદ્ધ નારાજગી ઊભી થઈ હતી. જો કે, મણિપુરમાં NPPના સાતમાંથી પાંચ ધારાસભ્યોએ બિરેનસિંહ સરકારમાં રહેવાની તરફેણ કરી હતી.

સંગમાએ જુલાઈમાં એક મુલાકાતમાં કહ્યું કે, NPP અમુક રાજકીય પક્ષો સાથેની 'ગોઠવણી' અને સત્તા વિરોધી વાતાવરણ એ ચૂંટણીમાં હાર પાછળના પરિબળો હોઈ શકે છે. તેમણે NPP અને ભાજપ વચ્ચે કોઈપણ ભાવિ પ્રી-પોલ જોડાણની શક્યતાને પણ નકારી કાઢી હતી. ૨૭ સપ્ટેમ્બરના રોજ સંગમા એનપીપીના ધારાસભ્યો અને પદાધિકારીઓને ગુવાહાટીમાં મળ્યા હતા અને ભાજપ સાથેના પક્ષના સંબંધો અંગે તેમના મંતવ્યો એકત્ર કર્યા હતા. બે દિવસ પછી મણિપુરના પાંચ NPP ધારાસભ્યોએ સંગમાને પત્ર લખીને જોયકુમારે NPP ધારાસભ્યો સાથે કોઈ પરામર્શ કર્યા વિના બિરેનસિંહ સરકારમાંથી બહાર નીકળવાની ધમકી આપી હોવાની ફરિયાદ કરી હતી. ગયા મહિને સંગમાએ ૫ ઓકટોબરે નવી દિલ્હીમાં NPPની રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠક બોલાવી હતી. બેઠકના બે દિવસ પહેલા તેમણે તેને રદ કરી દીધી હતી. તે પછી ૯ ઓકટોબરના રોજ મણિપુરના પાંચ NPP ધારાસભ્યો પાર્ટીની રાજ્ય કાર્યકારી સમિતિની બેઠકથી દૂર રહ્યા. બાકીના બે ધારાસભ્યોએ તબીબી કારણોસર બેઠકમાં હાજર રહેવાની અસમર્થતા દર્શાવતા પત્રો મોકલ્યા હતા. NPPના વરિષ્ઠ નેતાએ ધ પ્રિન્ટને જણાવ્યું કે, ધારાસભ્યો પાસે શાસક ગઠબંધનમાં રહેવાના તેમના કારણો હતા. આ કારણો નાણાકીય છે - શાસક જોડાણ લોકોને સરકારી કરારોમાંથી નાણાં કમાવવામાં મદદ કરે છે. પરંતુ એકવાર લોકોએ શાસક ગઠબંધનના ધારાસભ્યોને નિશાન બનાવવાનું શરૂ કર્યું પછી કોનરાડ સંગમાને બહાર નીકળવાની તક મળી હતી. જોયકુમારે જણાવ્યું હતું કે, NPPએ બીજેપી નેતૃત્વને ઘણી વખત વિનંતી કરી હતી કે, બિરેનસિંહને બદલીને 'તટસ્થ' મુખ્યપ્રધાન મૂકવામાં આવે. અમારો અર્થ રાષ્ટ્રપતિ શાસન નથી. તમામ સમુદાયોને સ્વીકાર્ય વ્યક્તિએ મુખ્યમંત્રી બનવું જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે, માત્ર કેન્દ્ર જ મ્યાનમારથી ગેરકાયદેસર વસાહતીઓના ધસારાને રોકી શકે છે. ભારતની ભૌગોલિક રાજકીય બાબતો છે જેના માટે મ્યાનમારમાં લોકશાહી તરફી દળોને સમર્થન આપે છે. પરંતુ એ સ્પષ્ટ કરવું જોઈતું હતું કે, મ્યાનમારના લોકો ત્યારે જ આશ્રય લઈ શકે છે જો તેઓ સરહદ પાર કરીને આપણા માટે સમસ્યા ન સર્જે. કેન્દ્રએ આ અંગે કંઈ કર્યું નથી.

# વિદ્વાનોએ જેએનયુના 'મુસ્લિમ વિરોધી' ગેરકાયદે સ્થળાંતર અંગેના સેમિનારની નિંદા કરતા આ અભ્યાસની ટીકા કરી

## JNUTAએ શૈક્ષણિક જગ્યાઓના વૈચારિક દુરૂપયોગની ટીકા કરી હતી અને સેમિનારમાં સામેલ થવા બદલ વાઈસ ચાન્સેલર સંતશ્રી ધુલીપુડી પંડિતની ટીકા કરી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦

જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના શિક્ષક સંગઠન (JNUTA)એ મુંબઈમાં ગેરકાયદેસર વસાહતીઓ મુદ્દે સેમિનાર યોજવાના યુનિવર્સિટીના નિર્ણયની સખત નિંદા કરી છે, અને તેને વૈચારિક હેતુઓ માટે શૈક્ષણિક જગ્યાઓનો સ્પષ્ટ દુરુપયોગ ગણાવ્યો છે. ૧૧ નવેમ્બરના રોજ યોજાયેલા આ સેમિનારમાં ગેરકાયદેસર ઈમિગ્રેશનના સામાજિક-આર્થિક અને રાજકીય પરિણામોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. JNUTAએ આક્ષેપ કર્યો હતો કે તે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પહેલા મુસ્લિમ વિરોધી પૂર્વગ્રહોને કાયદેસર બનાવવાનો પ્રયાસ હતો.



JNUTAએ સેમિનારમાં વાઈસ ચાન્સેલર સંતશ્રી ધુલીપુડી પંડિતની સામેલગીરીની ટીકા કરી હતી, અને નિર્દેશ કર્યો હતો કે તેણીએ ૫ નવેમ્બરના રોજ ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સ (TISS) ખાતે રિપોર્ટના વિમોચનમાં હાજરી આપી હતી. એસોસિએશને મુંબઈના તમામ સ્થળાંતર કરનારાઓને "ગેરકાયદેસર" તરીકે લેબલ કરવા અંગે કહ્યું કે, પુરાવા દર્શાવે છે કે માત્ર એક નાનો હિસ્સો આંતરરાષ્ટ્રીય રીતે સ્થળાંતરિત છે. આ ઘટના શૈક્ષણિક સ્વતંત્રતાને દબાવવાની પેટર્નનો એક ભાગ છે. જેએનયુટીએ દાવો કર્યો છે કે, મહારાષ્ટ્રની વિધાનસભાની ચૂંટણીઓ સાથે વ્યૂહાત્મક રીતે આ એક અનૈતિક 'અભ્યાસ'ના આ અધૂરા અને પક્ષપાતી વચગાળાના અહેવાલનું પ્રકાશન એ શૈક્ષણિક કવાયત નથી, પરંતુ રાજકીય હસ્તક્ષેપ સાથે ગણતરીપૂર્વકની વ્યૂહરચના છે. આરોગ્ય પ્રેક્ટિશનરો, વૈજ્ઞાનિકો અને સામાજિક કાર્યકરોના રાષ્ટ્રવ્યાપી જૂથ, મેડિકો ફ્રેન્ડ સર્કલ (MFC)એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તે મતદારોનું ધ્રુવીકરણ કરવા, હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોને બદનામ કરવા અને મુંબઈમાં સ્થળાંતર કરનારાઓ સામે હિંસા ભડકાવવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ છે. વિદ્વાનોનું આવું વર્તન શિક્ષણ અને શિષ્યવૃત્તિની પાયાની નીતિશાસ્ત્રનું અપમાન છે. જ્ઞાન ઉત્પાદનમાં તેમની ભૂમિકાને બદલે વિભાજનકારી વિચારધારાઓ સાથે જોડાવું એ આ 'અભ્યાસ' સાથે સંકળાયેલા શિક્ષણવિદો માટે શરમની વાત છે. MFCએ નિર્દેશ કર્યો કે આ અભ્યાસ અત્યંત અયોગ્ય અને અસંગત ડેટા વિઝ્યુલાઈઝેશનનો ઉપયોગ કરે છે અને તે જમણેરી વસ્તી વિષયક અને સાંપ્રદાયિક પૂર્વગ્રહનું ઉદાહરણ છે. આ અભ્યાસની પદ્ધતિ અનૈતિક છે અને તેમાં ગંભીર ભૂલો છે. આયોજિત ૩,૦૦૦માંથી માત્ર ૩૦૦ સહભાગીઓના નમૂનાના આધારે, તે સમગ્ર સમુદાયો, ખાસ કરીને મુંબઈમાં મુસ્લિમ સ્થળાંતર કરનારાઓ, જેમને બાંગ્લાદેશી અને રોહિંગ્યા તરીકે જાહેર કરવામાં આવ્યા છે તે વિશેના વ્યાપક તારણો આપે છે. આ 'અભ્યાસ'માં આ જૂથોને લક્ષિત કરીને, અમાનવીય અને અપરાધીકરણ સાથે જોડવામાં આવે છે, રાષ્ટ્રીય સુરક્ષા, સામાજિક સ્થિરતા અને આર્થિક સુખાકારી માટેના જોખમો તરીકે દર્શાવવામાં આવે છે. કોઈપણ વિશ્વસનીય પુરાવા આપ્યા વિના, આ અહેવાલ આ સ્થળાંતર કરનારાઓને આતંકવાદ, દાણચોરી અને સંગઠિત અપરાધ સાથે જોડે છે, જે નફરતને ઉત્તેજન આપે છે. આ સંવેદનશીલ વસ્તીના ગૌરવ અને અધિકારો પર સીધો હુમલો છે.

ઉલ્લેખનીય છે કે, JNUની સ્કૂલ ઓફ ઈન્ટરનેશનલ સ્ટડીઝે તાજેતરમાં ઈરાની રાજદૂત દર્શાવતો સેમિનાર રદ કર્યો છે અને પેલેસ્ટીન અને લેબેનોનના રાજદૂતો સાથેના અન્ય બે સેમિનારને રોકી દેવામાં આવ્યા છે. ગુરુગ્રામ યુનિવર્સિટીએ જેએનયુના પૂર્વ ફેકલ્ટી સભ્ય ઝોયા હસનના પેલેસ્ટિનિયન સંઘર્ષ પર સેમિનાર પણ રદ કર્યો હતો.

# મણિપુર : દેશના ૧.૪ કરોડ ભારતીય ખ્રિસ્તીઓની સંસ્થાએ સરકારના અયોગ્ય અને અપૂરતા પ્રતિસાદની નિંદા કરી

## NCCI હિંસા અંગે ચિંતા સાથે નિવેદન બહાર પાડ્યું છે અને શાંતિ અને સંવાદિતા પુનઃ સ્થાપિત કરવા તાત્કાલિક પગલાં લેવા માટે હાકલ કરી છે

(એજન્સી) તા.૨૦

નેશનલ કાઉન્સિલ ઓફ ચર્ચ્સ ઈન ઈન્ડિયા (NCCI)એ મણિપુરમાં ચાલી રહેલી હિંસા પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે, જેને હવે લગભગ બે વર્ષ થયા છે અને તેના બંધ થવાના કોઈ સંકેત નથી. સમગ્ર ભારતમાં ૧.૪ કરોડ ખ્રિસ્તીઓનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા NCCIએ આ હિંસાની નિંદા કરી અને અધિકારીઓના અપૂરતા પ્રતિભાવની ટીકા કરતા કહ્યું કે, મણિપુરના લોકો સંપૂર્ણ નિરાશાની સ્થિતિમાં છે. પરિવારો વિખૂટા પડી ગયા છે, સમુદાયો વિસ્થાપિત થયા છે અને બાળકો તેમના શિક્ષણથી વંચિત છે, તેમાં નોંધ્યું છે કે, ખોરાક, આશ્રય અને આરોગ્યસંભાળ જેવી મૂળભૂત જરૂરિયાતો હવે દુર્લભ છે, જે તેમના દુઃખમાં વધારો કરે છે. NCCIએ કહ્યું હતું કે, આ અસ્થિરતા મણિપુરના સામાજિક માળખાને ખતમ કરી રહી છે અને વસ્તીની માનસિક અને શારીરિક સુખાકારી પર અસર કરી રહી છે. નાગરિક સમાજ દ્વારા વારંવાર અપીલ કરવા છતાં આ સંઘર્ષનો કોઈ ઉકેલ આવતો નથી.

એનસીસીઆઈએ કેન્દ્ર સરકાર પાસેથી તાત્કાલિક પગલાં લેવા માટે આહ્‌વાન કર્યું છે અને નીચેના પગલાં લેવા વિનંતી કરી છે :


૧. કેન્દ્રીય દળોની વધુ જમાવટઃ એનસીસીઆઈએ વ્યવસ્થાને પુનઃ સ્થાપિત કરવા અને નાગરિકોની સુરક્ષા માટે વધારાના સુરક્ષા દળોની તાત્કાલિક તૈનાત કરવાની હાકલ કરી છે.

૨. સર્વસમાવેશક શાંતિ પ્રક્રિયાઃ સંસ્થા પારદર્શક અને સર્વસમાવેશક શાંતિ પ્રક્રિયા શરૂ કરવા વિનંતી કરે છે જેમાં તમામ અસરગ્રસ્ત સમુદાયો, સ્થાનિક નેતાઓ અને નાગરિક-સમાજ જૂથોનો સમાવેશ થાય છે. આવો સંવાદ સંઘર્ષના મૂળ કારણોને સંબોધવા અને સ્થાયી શાંતિ સ્થાપવા માટે જરૂરી છે.

૩. માનવતાવાદી સહાયઃ શિયાળો નજીક આવવાની સાથે, NCCIએ વિસ્થાપિત વ્યક્તિઓ, ખાસ કરીને નબળા જૂથો જેમ કે બાળકો, વૃદ્ધો અને વિશેષ જરૂરિયાતો ધરાવતા લોકો માટે તાત્કાલિક રાહતની વિનંતી કરી છે. તેઓ અસરકારક મદદ માટે ધાર્મિક સંસ્થાઓ, NGO અને સ્થાનિક સમુદાયો સાથે સહયોગની પણ વિનંતી કરે છે.

૪. હિંસા માટે જવાબદારી : NCCIએ એવી પણ માંગ કરી છે કે હિંસાના તમામ કૃત્યોની સંપૂર્ણ તપાસ કરવામાં આવે અને ગુનેગારોને કાયદાકીય વ્યવસ્થા દ્વારા જવાબદાર ઠેરવવામાં આવે.

એનસીસીઆઈએ રાજ્ય




સત્તાવાળાઓના પ્રતિભાવમાં પક્ષપાતની વધતી જતી ધારણા પર પણ ચિંતા વ્યક્ત કરી છે. સંસ્થાએ રાજ્ય સરકારને તટસ્થ મધ્યસ્થી તરીકે કામ કરવા હાકલ કરી છે.

NCCIના જનરલ સેક્રેટરી રેવ. અસિર એબેનેઝરે કહ્યું કે, હવે કાર્ય કરવાનો સમય આવી ગયો છે. અમે ભારતના રાષ્ટ્રપતિ, વડા પ્રધાન અને ગૃહપ્રધાનને હિંસાનો અંત લાવવા માટે જ નહીં પરંતુ મણિપુરના સમુદાયો વચ્ચે સંવાદિતા અને વિશ્વાસ પુનઃ સ્થાપિત કરવા માટે તાત્કાલિક હસ્તક્ષેપ કરવા અપીલ કરીએ છીએ.

મણિપુરના જીરીબામ જિલ્લામાં એક સશસ્ત્ર જૂથના સભ્યો દ્વારા કથિત રીતે બળાત્કાર અને હત્યા સાથે કુકી સમુદાયની ૩૧ વર્ષીય મહિલા પર ક્રૂર હુમલા બાદ ૭ નવેમ્બરના રોજ તણાવ ફાટી નીકળ્યો હતો. કુકી જૂથોએ આ હુમલા માટે મેઈતી આતંકવાદીઓને જવાબદાર ઠેરવ્યા છે. શંકાસ્પદ કુકી આતંકવાદીઓએ મેઈતી વ્યક્તિઓ પર જવાબી હુમલાઓ શરૂ કરતાં હિંસા વધુ તીવ્ર બની હતી.

૧૧ નવેમ્બરના રોજ, બોરોબેકરા, જીરીબામમાં CRPF અને શંકાસ્પદ કુકી આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી, જેના પરિણામે ૧૦ આતંકવાદીઓ માર્યા ગયા હતા. આતંકવાદીઓ પાસેથી એકે રાઈફલ્સ અને આરપીજી સહિત અત્યાધુનિક હથિયારો મળી આવ્યા હતા અને એક પોલીસ સ્ટેશન અને મેઇતેઇ શરણાર્થીઓના રહેઠાણની રાહત શિબિર પર હુમલો કરવામાં આવ્યો હતો.

મણિપુર પોલીસના જણાવ્યા અનુસાર આતંકવાદીઓએ પોલીસ સ્ટેશન અને સીઆરપીએફ ચોકી બંને પર એક સાથે હુમલા કર્યા હતા. હિંસાના પગલે, ટોળાએ મુખ્યમંત્રી એન. બિરેન સિંહ સહિત અનેક ધારાસભ્યોના ઘરોને નિશાન બનાવ્યા હતા. રાજ્યની રાજધાની, ઈમ્ફાલમાં શુક્રવાર, ૧૫ નવેમ્બરના રોજ નદીમાં છ વ્યક્તિઓના મૃતદેહ મળી આવતા પરિસ્થિતિ વધુ વણસી હતી.

રવિવારે ૧૭ નવેમ્બરના રોજ આ પ્રદેશમાં સતત બીજા દિવસે અશાંતિ હતી અને પોલીસે ધારાસભ્યો અને મંત્રીઓના ઘરોમાં તોડફોડ અને આગ લગાડવા બદલ ૨૩ લોકોની ધરપકડ કરી હતી.

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે મહારાષ્ટ્રમાં રેલીઓ રદ કરી અને સીઆરપીએફના મહાનિર્દેશકને મણિપુર રવાના કર્યા. સરકારે સુરક્ષાને મજબૂત કરવા માટે આ ક્ષેત્રમાં વધારાના ૭,૦૦૦ સૈનિકો પણ તૈનાત કર્યા છે. ગૃહમંત્રાલય (MHA)એ જણાવ્યું હતું કે, જાનહાનિ અને સંપત્તિને નુકસાન થયું છે.

૧૭ નવેમ્બરના રોજ મણિપુરમાં ભાજપની આગેવાની હેઠળના શાસક ગઠબંધનના સભ્યોએ પણ જિરીબામમાં ત્રણ મહિલાઓ અને ત્રણ બાળકોની હત્યા માટે કથિત રીતે જવાબદાર કુકી આતંકવાદીઓ સામે ''સામૂહિક ઓપરેશન'' કરવાની હાકલ કરતો ઠરાવ પસાર કર્યો હતો. ઠરાવમાં ગુનેગારો સામે કાર્યવાહી માટે સાત દિવસની સમયમર્યાદા નક્કી કરવામાં આવી હતી. બંને સમુદાયો એકબીજા પર લક્ષિત હુમલાનો આરોપ લગાવે છે, જે વંશીય વિભાજનને વધારે છે અને તાત્કાલિક પગલાં લેવા માટે NCCIની હાકલ રાજ્યમાં વધતી જતી અસ્થિરતાને પ્રતિબિંબિત કરે છે.

મણિપુર વહીવટીતંત્રે ખોટી માહિતીને કાબૂમાં લેવા અને વધુ અશાંતિને રોકવા માટે ઈમ્ફાલ ખીણ, કાંગપોકપી અને ચુરાચંદપુરમાં ઈન્ટરનેટ અને મોબાઈલ ડેટા સેવાઓના સસ્પેન્શનને લંબાવ્યું હતું. સસ્પેન્શન ૨૦ નવેમ્બર સુધી અમલમાં રહેશે. મે ૨૦૨૩માં થયેલી હિંસામાં ૨૬૦થી વધુ લોકોના મોત થયા છે. વણઉકેલાયેલા મુદ્દાઓને લીધે વંશીય ઝઘડાને ઉત્તેજન મળે છે અને રાજ્ય હજુ પણ અનિશ્ચિત અને અસ્થિર સ્થિતિમાં છે.

# અમદાવાદમાં ઉપરા-છાપરી બનતા હત્યા વગેરેના બનાવોને લઈ જો.પોલીસ કમિશનર બન્યા એલર્ટ



અમદાવાદ સહિત રાજ્યમાં હત્યા સહિતના ગુનાના બની રહેલા બનાવો પરથી કાયદો-વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ હોય તેમ જણાય છે. અમદાવાદમાં એલિસબ્રિજ સહિતના સ્થળોએ ફાયરિંગમાં હત્યા વગેરેના બનાવોએ શહેરમાં ચર્ચા જગાવી કાયદો-વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઊભા કર્યા છે. ત્યારે અમદાવાદ શહેરના જો.પોલીસ કમિશનર નિરજ બડગુજરે મંગળવારની મોડી રાત્રિએ શહેરના વિવિધ વિસ્તારોમાં પેટ્રોલિંગ હાથ ધર્યું હોય તેમ ફર્યા હતા. શહેર પોલીસ તંત્રના અન્ય ઉચ્ચ પો. અધિકારીઓ સહિતના કાફલા દ્વારા ઠેર-ઠેર ફરીને પ્રજાજનોમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ કાબૂમાં હોવાનો વિશ્વાસ અપાવવાનો પ્રયાસ કરાયો હતો.

### હમણાં સુધી ગરમીનો સામનો કરનારા ગુજરાતીઓને ધીમે ધીમે રાહત મળવાનો થયો પ્રારંભ

# રાજ્યમાં આવતીકાલથી ઠંડીનો રાઉન્ડ શરૂ થવાની આગાહી : નલિયા-પોરબંદરમાં ચમકારો

### રાજ્યભરના વિવિધ જિલ્લાઓના લઘુતમ-મહત્તમ તાપમાનમાં બે ડિગ્રી સુધીનો ઘટાડો થઈ શકે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૦

રાજ્યભરમાં ઓક્ટોબર મહિનાની અસહ્ય ગરમી અને નવેમ્બર મહિનામાં પણ પ્રથમ પખવાડિયામાં અસહ્ય ગરમીનો અનુભવ કર્યા બાદ હવે ગુજરાતવાસીઓને ધીરે-ધીરે ગરમીમાંથી રાહત મળી રહી છે તથા આગામી ૨૪ કલાક બાદથી ગુજરાતમાં ઠંડીનું મોજુ ફરી વળે એવી શક્યતાઓ છે કારણ કે, હવામાન વિભાગની લોંગ રેન્જ ફોરકાસ્ટ મુજબ ગુજરાતમાં આ વર્ષે મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઓછું રહેવાની સંભાવના છે. એવામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન અમદાવાદ સહિત રાજ્યના કેટલાક જિલ્લાનું મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઓછું રહેતા દિવસ દરમિયાન શહેરીજનોને ગરમીમાંથી રાહત મળી છે. આ ઉપરાંત લઘુત્તમ તાપમાન પણ સામાન્યથી નજીક રહેતા ઠંડીનો અનુભવ થશે.

હવામાન વિભાગ દ્વારા પણ આગામી પથી ૭ દિવસ દરમિયાન રાજ્યભરના વિવિધ જિલ્લાઓના લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં મોટા ફેરફારની આગાહી કરી નથી પરંતુ, રાજ્યભરના વિવિધ જિલ્લાઓના લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં બે ડિગ્રી સુધીનો ઘટાડો થવાની સંભાવના છે. ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં સૌથી વધુ તાપમાનનો પારો ગગડે એવી શક્યતાઓ છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન સૌરાષ્ટ્રના પોરબંદર જિલ્લામાં લઘુત્તમ તાપમાનમાં ૩.૨ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો હતો. તદુપરાંત અન્ય જિલ્લાઓમાં પણ લઘુત્તમ અને મહત્તમ તાપમાન સામાન્યથી નજીક રહેતા આગામી ૨૪ કલાક બાદથી ઠંડીનો ચમકારો અનુભવાશે. હવામાન વિભાગના ડાયરેક્ટર એકે દાસના જણાવ્યા અનુસાર મહત્તમ તાપમાન છેલ્લા ૨૪ કલાક દરમિયાન સામાન્ય કરતાં એક ડિગ્રી સેલ્સિયસ ઓછું રહીને ૩૧.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં ૧.૯ ડિગ્રી સેલ્સિયસ વધુ રહીને ૧૮.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ ઉપરાંત છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં ૧૫.૮ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન પોરબંદર જિલ્લામાં નોંધાયું હતું.

હવામાન નિષ્ણાત દ્વારા ૨૧થી ૨૩ નવેમ્બર દરમિયાન રાજ્યમાં ઠંડીનું જોર વધવાની આગાહી કરવામાં આવી છે. રાજ્યના પંચમહાલ, સાબરકાંઠા, કચ્છ, અમરેલી, જૂનાગઢ, વલસાડ, સુરત સહિતના જિલ્લાના તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં છેલ્લા અઠવાડિયાથી ઠંડીની ધીમી શરૂઆત થઈ ચૂકી છે. હવે કડકડતી ઠંડીની આગાહી કરવામાં આવી છે. છેલ્લા ચોવીસ કલાક દરમિયાન રાજ્યમાં ૧૪.૧ ડિગ્રી સાથે કચ્છનું નલિયા શહેર સૌથી ઠંડું રહ્યું છે, જ્યારે ડીસા ૧૫.૯ ડિગ્રી, અમરેલીનું ૧૬.૪ ડિગ્રી, વડોદરા ૧૭ ડિગ્રી, ગાંધીનગર ૧૭.૪ ડિગ્રી, પોરબંદર ૧૫.૮ ડિગ્રી, રાજકોટ ૧૬.૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. સતત ફૂંકાઈ રહેલા ઉત્તર કે ઉત્તર-પૂર્વના ઠંડા પવનને કારણે ઉત્તર ગુજરાતમાં મંગળવારે દિવસ-રાતના તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. એક રાતમાં ઠંડી ૩ ડિગ્રી સુધી વધવાની સાથે ગરમી એક ડિગ્રી સુધી ઘટી હતી. એને લઈ સવારે ગુલાબી ઠંડીનો ચમકારો અનુભવાયો હતો.

### છેલ્લા કેટલાક સમયથી ડિજિટલ એરેસ્ટ થકી નાણાં પડાવવાના વધતા બનાવો

# અમદાવાદના વેપારીને ડિજિટલ એરેસ્ટ કરી ૧.૦૫ કરોડ પડાવી લેતા ફરિયાદ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૦

અમદાવાદમાં સાયબર ક્રાઈમના બનાવ વધતા વધુ લોકો ભોગ બની રહ્યા છે , અલગ અલગ બનાવમાં લોકોના કરોડો રૂપિયા ગયા હોવાની વિગત સામે આવી છે જેમાં ખાસ ડિજિટલ એરેસ્ટના બનાવો પણ સામે આવી રહ્યા છે. અમદાવાદ સાયબર ક્રાઈમમાં વેપારીએ ડિજિટલ એરેસ્ટની ફરિયાદ નોંધાવી છે. જેમાં કુરિયર કંપની અને NCBમાં વાત કરતા હોવાની જણાવી વેપારીને કહ્યું હતું કે તમારા આધાર કાર્ડ દ્વારા એક કુરિયર આવ્યું હતું જેમાં કપડાં,પાસપોર્ટ અને ડ્રગ્સ છે.ઓનલાઈન સ્ટેટમેન્ટ લખાવવાનું કહીને વિડિયો કોલના આધારે વાતચીત કરીને ૧.૦૫ કરોડ રૂપિયા પડાવ્યા હતા જે મામલે સાયબર ક્રાઈમે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. નારણપુરામાં રહેતા કેતન પટેલે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે કે, ગઈ ૩ માર્ચ, ૨૦૨૪ના રોજ સાંજના સાડા આઠેક વાગેના સમયે મારા મોબાઈ ઉપર અજાણ્યા મોબાઈલ નંબરથી ફોન આવેલ અને હિન્દીમાં મને જણાવેલ કે હું ફેડેલ ઈન્ટરનેશનલ કુરિયર કંપનીની મુંબઈ ખાતેની અંધેરી બ્રાંચથી વાત કરૂં છું.તમારા આધારકાર્ડના ઉપયોગથી એક પાસેલ મુંબઈ અંધેરી ઈસ્ટ બ્રાંચથી ઈસન તો ૨૫ જૂનના રોજ બુક થયેલ હતુ. જે પાર્સલ કસ્ટમ વિભાગમાં ક્લિયરન્સ બાબતે હોલ્ડ ઉપર મૂકેલ છે. જે બાબતની ફરિયાદ દાખલ થયેલ છે અને જાણવા મળેલ કે આપા સેવ મોહમ્મદ રિઝવાન અહેમદએ મોકલેલ હતા તથા પાર્સલમાં પાંચ એક્ષપાયર્ડ પાસપોર્ટ, પાંચ ક્રેડીટ કાર્ડ, એક કિલો કપડા, એક લેપટોપ અને ૫૫૦ ગ્રામ એમડીએમએ ડ્રગ્સ હોવાનું જણાયેલ છે.તે બાબતે અમારી નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરોમાં ફરિયાદ કરેલ છે.જે ફરિયાદમાં તમે શકમંદ આરોપી હોવાથી તમારે મુંબઈ નાકોટીક્સમાં હાજર થવુ પડશે અને તમારે હાજર થવુ ના હોય તો તમે આ કેસમાં ઓનલાઈન સ્ટેટમેન્ટ આપી શકો છો અથવા તો ફરિયાદ કરી શકો છો. જેથી આ બાબતે મે ઓનલાઈન સ્ટેટમેન્ટ લખાવવાની વાત કરતા તેઓએ આ કોલ એનસીબી વિભાગમાં ટ્રાન્સફર કરીએ છીએ.તેમ જણાવી આ કોલ ચાલુમાં ટ્રાન્સફર કરેલ અને એક વ્યક્તિએ સામેથી વાત કરેલી અને મુંબઈ નાર્કોટીક્સમાથી વાત કરતા હોવાનુ જણાવેલ અને તેણે મારો આધારકાર્ડ નંબર બોલી તે ચેક કરવા જણાવી તેણે કોઈ બીજા ફોન જોડી તેની સાથે વાત કરી મને કોઈ નવાબ મલીક નામની વ્યક્તિને ઓળખો છો,તેમ પૂછતા મે ના પાડેલી જેથી તેણે જણાવેલ કે આ નવાબ મલીક અને તેના દીકરા ઉપર નાકોટીક્સની ઘણી બધી ફરીયાદો થયેલી છે. જેથી તેની સાથે તમારૂ કોઈ કનેક્શન છે કે કેમ તે બાબતે તપાસ ચાલી રહેલી છે તેમજ તમારા બેક્ર ટ્રાન્ઝેક્શન અંગે પણ તપાસ ચાલી રહેલી છે અને તેણે મને SKYPE નામની એપ્લિકેશન ડાઉનલોડ કરી તેનાથી વાત કરવા જણાવેલ જેથી મે એપ્લિકેશન ડાઉનલોડ કરી ચાલુ કરતા વિડિયો કોલ ચાલુ થયેલ જેમાં પોલીસ સ્ટેશન જેવો જ સ્ટ્રક્ચર લે આઉટ બનાવેલ હોઈ એનસીબી વિભાગમાંથી હોય તેવું જણાવેલ હતું. ત્યારે બાદ તેઓએ ઘણી બધી વાતો કરી મને ફસાવી બેન્કની ડિટેઈલ મંગાવી રકમ ટ્રાન્સફર કરવાનું કહ્યું હતું. જો તેમ ના કરતા વાડેઘડીયે ફોન કરી ડરાવી ટ્રાન્સફરનું કહેતા મેં ૧.૦૫ કરોડ રૂપિયા બેંકમાંથી ટ્રાન્સફર કરાવ્યા હતા.

### રાજ્યમાં નકલી પોલીસ, જજ, અધિકારીનો સિલસિલો જારી

# અમરેલીમાં બસ મથકે ફરી રહેલા નકલી પોલીસમેનને ઝડપી લેવાયો

### પોલીસ બનીને કોઈની છેતરપિંડી કરી છે કે કેમ તે દિશામાં તપાસ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

ગુજરાતમાં નકલી પોલીસ અધિકારી, જજ, કોર્ટ સહિત નકલીની ભરમાર વચ્ચે અમરેલી જિલ્લામાં નકલી પોલીસકર્મી ઝડપાયો છે. અમરેલીના બસ સ્ટેશન વિસ્તારોમાં ગુજરાત પોલીસનો યુનિફોર્મ પહેરીને ફરતા શખ્સને એલસીબીએ ઝડપી પાડ્યો હતો.

સમગ્ર મામલે પોલીસે આરોપી સામે ગુનો નોંધી કોઈ સાથે છેતરપિંડી થઈ કે નહી તેને લઈને વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે જિલ્લામાં નકલી પોલીસકર્મીની ઘટનાને લઈ જિલ્લા પોલીસ વડા પણ ચોંકી ઉઠ્યા હતા. અમરેલીના બસ સ્ટેશન વિસ્તારમાં ગુજરાત પોલીસના યુનિફોર્મ સાથે નેમપ્લેટ રાખીને એક શખ્સ આંટાફેરા મારી રહ્યો હતા, ત્યારે એલસીબી પોલીસને શંકા જતા પોલીસનો યુનિફોર્મ પહેરીને ફરતાં શખ્સની પૂછપરછ કરી હતી. જેમાં શખ્સ પોલીસ ન હોવાનું જાણવા મળ્યું હતું. આ પછી એલસીબી દ્વારા શખ્સની ધરપકડ કરી લેવામાં આવી હતી. મળતી માહિતી પ્રમાણે, શહેરમાં નકલી પોલીસ બનીને ફરતો શખ્સ ઉમેશ રાહુલભાઈ વસાવા (ઉં.વ.૩૧) તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના ચિતપુર ગામનો રહેવાસી હોવાનું જણાવ્યું હતું. એલસીબી દ્વારા ઝડપી પાડેલા નકલી પોલીસકર્મી પાસેથી યુનિફોર્મ, કેપ, બેલ્ટ, બુટ સહિત એક મોબાઈલ થઈને કુલ ચાર હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. સમગ્ર મામલે સિટી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધીને આરોપીએ અન્ય કોઈ વ્યક્તિ સાથે છેતરપિંડી કરી છે કે નહી તેને લઈને વધુ તપાસ કરાશે.

### પંચમહાલ જિલ્લાના સંતરામપુર તાલુકાના અંતરિયાળ ગામનો ચર્ચાસ્પદ બનાવ

# દલિત યુવતી પર દુષ્કર્મ કેસમાં માનવ અધિકાર આયોગ સામે કાર્યવાહી કરવા રાજ્યપાલને રજૂઆત

### દુષ્કર્મના બનાવમાં આરોપીઓના નામ બદલવા શહેરા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ PSI ગઢવીએ FIR ફાડી બીજી નવી બનાવી હતી, જેમાં રાજકીય આગેવાનોના નામ કાઢી નાંખ્યા હતા

અમદાવાદ, તા.૨૦

પંચમહાલ જિલ્લાના સંતરામપુર તાલુકાના એક અંતરિયાળ ગામની અનુ.જાતિની યુવતીને ઉપાડી જઈ દસ દિવસ સુધી જુદી જુદી જગ્યાએ ફેરવી ૧૧ શખ્સોએ દુષ્કર્મ આચર્યું હતું. આ કુકર્મમાં મુખ્ય ત્રણ આરોપીઓ સત્તાધારી પક્ષના મોટા રાજકીય આગેવાનો હતા. જે દુષ્કર્મના બનાવની એફઆઈઆર ફાડી નાંખી આરોપીઓના નામ બદલી નાખનાર ગુનેગારનો માત્ર રૂા.ત્રણ હજાર દંડ કરી છોડી મૂકનાર ડીએસપી ગોધરા અને ડીએસપી દાહોદ વિરૂદ્ધના ગંભીર ફરિયાદ કાયદા વિરૂદ્ધ દબાવી દેતા ગુજરાત માનવ અધિકાર આયોગ સામે કાર્યવાહી કરવા કાઉન્સિલ ફોર સોશિયલ જસ્ટિસના સેક્રેટરી વાલજીભાઈ પટેલે રાજ્યના રાજ્યપાલને પત્ર લખી રજૂઆત કરી છે.

તા.૪-૮-૨૦૨૧૧ના રોજ અનુ.જાતિની યુવતી પોતાના પર ૧૧ શખ્સોએ ગુજારેલ દુષ્કર્મ બાબતે સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ લખાવવા ગઈ હતી. ત્યારે તે વખતે શહેરાના મહિલા આગેવાન સિદ્ધિબેન જોષી ગાડી લઈને કેટલીક બહેનો સાથે આવ્યા હતા અને ફરિયાદ લખાવતી આ યુવતીને બળજબરીપૂર્વક શહેરા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીએસઆઈ એ.યુ. ગઢવીના ઘરે લઈ ગયા હતા. દરમ્યાન સંતરામપુર પો. સ્ટેશનના ફરજ પરના પીએસઓ કનુભાઈએ યુવતીએ લખાવેલ કોરા પાનાની સહી કરેલ ફરિયાદ અને સહી કર્યા વિનાની એફઆઈઆર બંને એ જ રાત્રે શહેરા પોલીસ સ્ટેશનમાં મોકલી આપી હતી અને શહેરા પોલીસ સ્ટેશનના ફરજ પરના પીએસઓ અર્જુનસિંહે સંતરામપુરથી આવેલ ફરિયાદ શહેરા પો.સ્ટેશનના રજિસ્ટરમાં ઉતારી દીધી. આ દરમ્યાન આ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીએસઆઈ એ.યુ. ગઢવી આવ્યા અને ફરજ પરના પીએસઓ અર્જુનસિંહને ગાળો બોલી ધમકાવતા કહ્યું કે મને પૂછ્યા વગર સંતરામપુરની ફરિયાદ કેમ નોંધી ? તેમ કહી સંતરામપુરથી આવેલ રજિસ્ટરમાં નોંધાયેલ એફઆઈઆર ફાડી નંખાવી. ત્યારબાદ પીએસઆઈ ગઢવીએ આ અનુ.જાતિની યુવતીના નામે શહેરા પો.સ્ટેશનમાં બીજી નવી એફઆઈઆર લખી અને નવી એફઆઈઆરમાં સત્તાધારી પક્ષના ત્રણ બળાત્કારી રાજકીય ઉત્તર આગેવાનોના નામ કાઢી નાંખી તેમની જગ્યાએ બીજા જુદા જુદા બે નવા આરોપીઓના નામ લખ્યા તથા આ નવી ફરિયાદમાં યુવતીની સહી કરાવી લીધી. યુવતી પાસે પીએસઆઈએ એફિડેવિટ અને બીજા અન્ય લખાણ કરાવી લીધા. આ બનાવની જાણ કાઉન્સિલ ફોર સોશિયલ જસ્ટિસને થતાં તત્કાલીન પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી સમક્ષ રજૂઆત કરી. આ રજૂઆતને ધ્યાને લઈને પંચમહાલ ગોધરાના ફરજ પરના ડીએસપી સચિન બાદશાહને તપાસ કરવા હુકમ કર્યો. તેમણે શહેરા પોલીસ સ્ટેશનની વિઝીટ કરી. એફઆઈઆર ફાડી નાખ્યાના અને આરોપીઓના નામ બદલી નાખ્યાના પુરાવા મેળવ્યા. જો કે આ કેસમાં સચિન બાદશાહે ફોજદારી ગુનો જ નોંધ્યો. અને આ ગંભીર ફોજદારી ગુનાને વહીવટી ભૂલમાં ફેરવી દળ પીએસઆઈ અને એએસઆઈ બંને વિરૂદ્ધ ખાતાકીય તપાસ સોંપી. આ તપાસ હાલોલના ડીવાયએસપી વિશાલકુમાર વાઘેલાને સોંપી. વિશાલકુમારે ડીએસપી ગોધરા સચિન બાદશાહ સમક્ષ તપાસ રિપોર્ટ સુપરત કર્યો જે તપાસ રિપોર્ટમાં સ્પષ્ટ જણાવેલ છે કે શહેરા પોલીસ સ્ટેશનના પો.સ.ઈ. એ.યુ. ગઢવીએ પ્રથમ સંતરામપુર પોલીસ સ્ટેશનની ૦/૧૧ નંબરથી દાખલ થઈ આવેલ ફરિયાદ આધારે તેમનો પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવો જોઈતો હતો. આ સંબંધે સ્વતંત્ર જુદી ફરિયાદ લેવાની કોઈ જરૂરિયાત ન હતી. તેમ છતાં તેઓએ આવા બળાત્કાર અને એટ્રોસિટી જેવા ગંભીર પ્રકારના ગુનામાં તેમણે જે કોઈ નિયમમાં રહીને કરવાનું હતું. તે કર્યું નથી અને જુદી જ ફરિયાદ લઈ તેમાં પણ આરોપીઓના નામોમાં ફેરફાર કરી આરોપીઓને બચાવવા માટે નવી ફરિયાદ દાખલ કરી હોવાનું અને આરોપીઓ સાથે મેળાપીપણું દાખવી ગંભીર પ્રકારના ગુનાને નુકસાન પહોંચાડ્યું છે. આમ પો.સ.ઈ. એ.યુ.ગઢવી તથા પોલીસ સ્ટેશન અમલદાર અર્જુનસિંહ કોયાભાઈ શહેરા પોલીસ સ્ટેશનના બંને વિરૂદ્ધ યોગ્ય પગલા લેવા સ્પષ્ટ અભિપ્રાય આપ્યો હતો.જયારે ડીએસપી ગોધરાએ આરોપીને ૩ હજાર દંડ કરી છોડી મૂકવાના હુકમ સામે ગુજરાત માનવ અધિકાર આયોગમાં ફરિયાદ કરાઈ હતી જયારે દાહોદના ડીએસપી મયંકસિંહ ચાવડાએ તેમના તાબાના આરોપી પીએસઆઈ ગઢવી વિરૂદ્ધ ફોજદારી ગુનો નોંધવાના બદલે બે વર્ષ માટે લઘુતમ પગાર ધોરણમાં ઉતારી મૂકવાની વહીવટી સજા કરવાનો હુકમ કર્યો હતો. ગુજરાત માનવ અધિકાર આયોગે પણ માત્રને માત્ર પીએસઆઈ અને એએસઆઈ વિરૂદ્ધ ફોજદારી ગુનો નોંધી કાર્યવાહી કરવાનો હુકમ કર્યો પણ માનવ અધિકાર આયોગે ડીએસપી ગોધરા અને ડીએસપી દાહોદના ગંભીર ફોજદારી ગુના ઉપર પડદો પાડી દીધા. પરિણામે બને આઈપીએસ અધિકારીઓ આઈજીપી પણ બની ગયા. આમ દલિત યુવતી પર બળાત્કાર કેસમાં એફઆઈઆર ફાડી નાખી. આરોપીઓના નામ બદલનાર ગુનેગારને મામુલી દંડ કરી છોડી મૂકનાર ડીએસપી ગોધરા અને ડીએસપી દાહોદ વિરૂદ્ધની ગંભીર ફરિયાદ દબાવી દેનાર ગુજરાત માનવ અધિકાર આયોગ સામે કાર્યવાહી કરવા રાજ્યપાલ સમક્ષ વાલજીભાઈ પટેલે માંગ કરી છે.

# બોર્ડની પરીક્ષા માટે કેન્દ્રો નક્કી કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી

### જિલ્લામાંથી કેન્દ્રોના બ્લોક બિલ્ડીંગની વિગતો મંગાવવા માટે બોર્ડની સૂચના

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવનારી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં હવે જિલ્લાના કેન્દ્રોના બ્લોક બિલ્ડિંગ નક્કી કરવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. જેમાં જિલ્લાના તમામ સ્કૂલો કે જ્યાં બોર્ડની પરીક્ષા લેવામાં આવનાર છે તેની વિગતો મંગાવવામાં આવી છે. જેમાં બિલ્ડિંગમાં સીસીટીવીની સુવિધા સહિતની વિગતો માંગી છે. આ વિગતો મળ્યા બાદ બોર્ડ દ્વારા આગામી પરીક્ષા માટે કેન્દ્રો નક્કી કરશે તેમ સુત્રોએ જણાવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ૨૭ ફેબ્રુઆરીથી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાઓ લેવામાં આવનાર છે. આ પરીક્ષાને લઈને હવે પરીક્ષા કેન્દ્રો નક્કી કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. જેમાં રાજ્યના તમામ જિલ્લાના કેન્દ્રોના બ્લોક બિલ્ડિંગની યાદી મોકલવા માટે સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. જિલ્લામાંથી બ્લોક બિલ્ડિંગનું સરનામું, બ્લોકની સંખ્યા, સીસીટીવી વગેરે બાબતોની ચકાસણી કરી રિપોર્ટ અને અન્ય વિગતો સાથે મોકલવા માટે આદેશ કરાયો છે. આ ઉપરાંત કેન્દ્રોના બેંક એકાઉન્ટ સહિતની વિગતો પણ માગવામાં આવી છે. આમ હવે આગામી દિવસોમાં તમામ જિલ્લાઓમાંથી પરીક્ષા કેન્દ્રોની વિગતો મળ્યા બાદ બોર્ડની પરીક્ષા સમિતિની બેઠકમાં પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું છે. નોંધનીય છે કે, હાલમાં બોર્ડની પરીક્ષાને આડે ૩ માસ જેટલો સમય બાકી છે, પરંતુ સમયસર તમામ કામગીરી પુર્ણ થાય તે માટે સૌપ્રથમ શાળાની નોંધણી અને શિક્ષકોની નોંધણીની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી પુર્ણ થયા બાદ ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા માટેના વિદ્યાર્થીઓના ઓનલાઈન રજિસ્ટ્રેશનની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત સગા-સંબંધીઓ પરીક્ષા આપતા હોય તેવા કર્મચારીઓની વિગતો પણ મંગાવી લેવામાં આવ્યા બાદ હવે પરીક્ષા કેન્દ્રો નક્કી કરવા માટેની કાર્યવાહી શરૂ કરાઈ છે.

### ઠગાઈ માટે ભેજાબાજોના રોજે રોજ બહાર આવતા નવા કરતૂતો

# શો-રૂમમાંથી આવ્યાનું કહીને રૂા.૬૦ લાખની BMW કાર લઈને ગઠિયો ફરાર

### મકરબા એસજી હાઈવેના BMWના શો-રૂમ પર ડિલીવરી કરવાની હતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

ઠગાઈ માટે ભેજાબાજો કેવા કેવા કારનામા કરે છે તે સરખેજમાં બનેલા એક બનાવ પરથી જણાય છે. આ બનાવમાં ઉત્તરપ્રદેશમાં રહેતા અને જૌનિક્ષ પરવેન પ્રા.લી ટ્રાન્સપોર્ટ કંપનીમાં ટ્રેલરના ડ્રાયવર તરીકે કામ કરતા રાજકુમાર યાદવે સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ બનાવની વિગત મુજબ રાજકુમાર કંડકટર સાથે BMW કારની કંપનીમાંથી ટ્રેલરમાં ત્રણ BMW કાર લઈને સરખેજ મકરબા એસજી હાઈવે પરના BMW કારના શોરૂમ પર કારની ડિલીવરી કરવા માટે આવ્યા હતા. પરંતુ શોરૂમ બંધ હોવાથી શોરૂમ પાસે ટ્રેલર પાર્ક કરીને ઉંઘી ગયા હતા. દરમિયાન એક શખ્સ ટ્રેલર પાસે આવ્યો હતો અને ટ્રેલરના ડ્રાઈવરને પોતે BMWના શોરૂમમાંથી આવે છે તેમ જણાવ્યું હતું. તે સિવાય તેણે અહીંયા ટ્રાફિક થશે તેમ કહીને ટ્રેલર બ્લ્યુ લગુ પાર્ટી પ્લોટ પાસે સર્વિસ રોડની સાઈડમાં પાર્ક કરાવ્યું હતું. બાદમાં ડ્રાઈવરને વિશ્વાસમાં લઈને ત્રણેય કારની ચાવીઓ લઈ લીધી હતી અને ત્રણેય કાર નીચે ઉતારી હતી. બાદમાં તેણે એક BMW કાર શોરૂમ પર આવીને બીજી કાર લઈ જશે, એમ કહ્યું હતું. દરમ્યાન આ શખ્સ રૂા.૬૦,૪૬,૫૧૧ની કિંમતની BMW કાર લઈને ફરાર થઈ ગયો હતો. આ અંગે સરખેજ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

### એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલે વિદ્યાર્થીઓને શાળામાંથી જ સ્વેટર ખરીદવાનું કર્યું દબાણ

અમદાવાદ, તા.૨૦

ખાનગી શાળાઓ વાલીઓ અને વિદ્યાર્થીઓ પર વધુ નફા માટે નવા નિયમોનું પાલન કરવા દબાણ કરે છે. જો કે શિયાળાની શરૂઆત થતાં જ અમદાવાદની શાળાઓની મનમાની શરૂ થઈ ગઈ છે. અમદાવાદની એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલની મનમાનીનો કિસ્સો બહાર આવ્યો છે જેમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે શિયાળો શરૂ થતાં જ વિદ્યાર્થીઓને ખાસ ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી રહી છે. જેમાં વાલીઓને ખાસ પ્રકારના બ્લેઝર અને જેકેટ ખરીદવાની સૂચના આપવામાં આવી હતી. શિયાળામાં શાળામાંથી જ બ્લેઝર અને જેકેટ ખરીદવા પર ભાર મૂકવામાં આવતો હતો.

### અમદાવાદમાં એસર પ્લાઝા

અમદાવાદ, તા.૨૦

ટેકનોલોજી અને ઈનોવેશનમાં વૈશ્વિક આગેવાન એસરે અમદાવાદમાં તેનો પ્રથમ મેગા કોન્સેપ્ટ સ્ટોર એસર પ્લાઝા શરૂ કર્યો છે. પ્રહલાદનગરમાં દેવ અટેલિયર ખાતે સ્થિત એસર પ્લાઝા એસર અને એસરપ્યોર પ્રોડક્ટોની વ્યાપક લાઈનઅપ સાથે ગ્રાહકોને પ્રીમિયમ હાથોહાથ ઈન્ટરએકશન પ્રદાન કરીને પ્રયોગાત્મક રિટેઈલમાં નક્કર પગલું આલેખિત કરે છે. આ ફ્લેગશિપ સ્ટોરમાં લેપટોપ્સ, સ્માર્ટ ટીવી, એર પ્યુરિફાયર્સ, વોટર પ્યુરિફાયર્સ, પર્સનલ કેર, વેક્યુમ ક્લીનર અને ઘણી બધી એસર અને એસરપ્યોરની નવીનતમ શ્રેણી સુધી બધું જ ધરાવે છે.

**નામ બદલેલ છે.**

માારૂં જૂનું ગોડ અજયકુમાર કલ્પનાથ હતું તે બદલીને નવું નામ ગોંડ અજયકુમાર કલ્પનાથ રાખેલ છે

૧૧,ગુલાબનગર,ગેબનશાહ ની ચાલી, નાગરવેલ હનુમાન, અમરાઈવાડી, અમદાવાદ- ૩૮૦૦૨૬.

**જાહેર નોટિસ**

અમો નીચે સહી કરનાર મકબુલઅહમદ નીજામુદ્દીન અન્સારી નાઓ જાહેર જનતાને જણાવીએ છીએ કે, મારી પુત્રી નામે સાબીરાબાનું મકબુલઅહમદ અન્સારી અમારા કહ્યામાં નથી. તેમજ મારી પુત્રીનાઓ છેલ્લા કેટલા સમયથી વાતચીત/વ્યવહાર રાખતી ન હતી કે કાળજી લેતી ન હતી તથા મારી પુત્રીનાઓ તારીખ ૧૮-૧૧-૨૦૨૪ના રોજ અમારો ઘર છોડીને ક્યાય જતી રહેલ છે તે કારણે અમોએ મારી પુત્રી સાથેની બધાજ સુખ દુખના સંબંધો કાપી નાંખેલ છે તેમજ અમારી સ્થાવર અને જંગમ મિલકતોમાંથી બેદખલ કરેલ છે. જેથી આજ પછી મારી પુત્રી સાબીરાબાનું સાથે અમારા નામે કે મારા પરિવાર અન્ય સભ્યના નામે કોઈ વ્યવહાર કરવા કે કરાવવા નહિં અને કરશો તો તે અંગે મારી કે મારા અન્ય કુટુંબીજનોની જવાબદારી રહેશે નહિં. જેની સર્વે નોંધ લેવી.

**મકબુલઅહમદ નીજામુદ્દીન અન્સારી**
**રહે. :- ૧૮૬, શુકુન પાર્ક, આર.એફ.સ્કુલની સામે, બૈરલ માર્કેટની અંદર, દાણીલીમડા, અમદાવાદ.**
**તારીખ ૨૦/૧૧/૨૪**

સહી
મકબુલ

**જાહીદકામરાન એમ. અન્સારી**
**બી.કોમ.,એલ.એલ.બી., એડવોકેટ, મો. :-૮૮૬૬૧૧૭૭૨૪**
**ઓફિસ : એહબાબનગર, મિલ્લતનગર, ભૈરવનાથ રોડ, અમદાવાદ.**

**જાહેર નોટીસ**

આથી અમો (૧) જસવંત સુખલાલ કોઠારી તથા (૨) જવનીકા કોઠારી, આ જાહેર નોટીસ આપી જાહેર જનતા તથા લાગતા વળગતાને જાણ કરીએ છીએ કે અમારો પુત્ર નામે ધવલ જશવંત કોઠારી કે જેઓ અમારા કહયામાં નથી અને સમાજમાં અમારી બદનામી થાય તેવું વર્તન વ્યવહાર કરતા આવેલ છે અને મનસ્વી રીતે જીવન જીવે છે. આથી અમોએ અમારા પુત્ર ધવલ જસવંત કોઠારીને અમારી તમામ પ્રકારની સ્થાવર જંગમ મીલકતમાંથી બેદખલ કરીએ છીએ અને ભવિષ્યમાં પણ ધવલ જસવંત કોઠારી કે તેના પરીવાર નો અમારી કોઈ પણ જાતની મીલકતમાં હક્કા હિસ્સો કે લાગભાગ રહેશે નહી તેમજર અગર કોઈ વ્યકિત કેઅન્ય કોઈપણ વ્યક્તિ કે સંસ્થા ધવલ જસવંત કોઠારી સાથે કોઈ પણ જાતનો નાણાકીય કે આર્થીક વહીવટ કે વ્યવહાર કરે અથવા તે કોઈ ગુનાહિત કૃત્યો શારૂ પ્રતયક્ષ કે પરોક્ષ રીતે કરે તો તેની કોઈપણ પ્રકારની જવાબદારી અમારી રહેશે નહીં અને તે સંપુર્ણ જવાબદારી જે તે વ્યક્તિ કે સંસ્થાની રહેશે જેની તમામે જાહેર જનતા તથા લાગતા વળગતાઓ એ નોંધ લેવી

M.C.VORA & ASSOCIATES ADVOCATES & NOTARY
(LEGAL ADVISER & CONSULTANT PRACTICE)
Mr. Saurabh M. Vora - Advocate(Gujarat High court)
M/92/1100,Parasnagar-1, Nr. AEC Over Bridge,
132 Feet Ring Road, Naranpura. Ahmedabad-380063

**-:અધિસુચના:-**

**ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬**
**ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ [(જુઓ નિયમ ૨૬ (૯)]**
**નગર રચના યોજના નં. ૭૪(ચાંદખેડા-ઝુંડાલ)**
**આખરી યોજના**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ની કલમ-૫૨ની પેટા કલમ-૩ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો,૧૯૭૯ના નિયમ ૨૬(૯)માં જોગવાઈ કર્યા પ્રમાણે મેં આજે તા.૧૯/૧૧/૨૦૨૪ ને મંગળવારના રોજ નગર રચના અધિકારી તરીકે નગર રચના યોજના નં. ૭૪(ચાંદખેડા-ઝુંડાલ)ના આખરી યોજનાના મારા નિર્ણયો જાહેર કર્યા છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૫૪ હેઠળ ફરમાવ્યા મુજબ નગર રચના યોજનામાં સમાવિષ્ટ કરેલ જમીનોના દરેક માલિકને તેમની મિલકત અંગે નગર રચના અધિકારી તરીકેના મારા નિર્ણયોની એક નકલ મોકલવામાં આવી રહી છે. ઉપરોક્ત નિર્ણયોથી નારાજ થયેલ કોઈ વ્યક્તિ/માલિકો અપીલ બોર્ડ સમક્ષ અપીલ થઈ શકે તેવા નિર્ણયોની બાબતમાં રાજ્ય કક્ષાના બોર્ડ ઓફ અપીલ (પ્રમુખશ્રી, બોર્ડ ઓફ અપીલની કચેરી, ગાંધીનગર, C/O મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી, સેન્ટ ઝેવિયર્સ સ્કુલની સામે, સેક્ટર-૧૦એ, રોડ નં. ૩, ગાંધીનગર)ને નિર્ણયોની નકલ મળ્યેથી એક (૧) માસમાં (અપીલ મેમોરેંન્ડમની ત્રણ નકલો સહિત) અપીલ કરી શકશે. અને અપીલ મેમોરેન્ડમની મુળ નકલ ઉપર જરૂરી કોર્ટ ફી સ્ટેમ્પ ચોંટાડવો જોઈશે.

ઉપરોક્ત આખરી યોજનાની સંપુર્ણ માહિતી, નકશાઓ તેમજ નિર્ણયોની એક નકલ નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં રજાના દિવસો સિવાય તમામ દિવસોએ કચેરી સમય દરમ્યાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે તેમજ તે સમજાવવાની જરૂરી વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.

તા. ૧૯/૧૧/૨૦૨૪
સ્થળ: અમદાવાદ

નગર રચના અધિકારી
નગર નિયોજક-૨
નગર રચના યોજના નં. ૭૪
(ચાંદખેડા-ઝુંડાલ) અમદાવાદ નગર રચના યોજના એકમ-૧
અમદાવાદ

કચેરીનું સરનામું :-
નગર રચના અધિકારીશ્રીની કચેરી,
નગર નિયોજક-૨,
અમદાવાદ નગર રચના યોજના એકમ-૧, અમદાવાદ
હિમાલયા બિઝનેસ સેન્ટર, ઓફિસ નં.૨૭ થી ૩૦, બીજો માળ,
બી.આર.ટી.એસ. સ્ટેન્ડની પાછળ, આર.ટી.ઓ. સર્કલ,
સુભાષબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૨૭.

-ક્રમાંક/સંમાનિ/અમદ/૧૧૪૯/૨૦૨૪

# બિટકોઈન કૌભાંડ : સુપ્રિયા સુલેએ 'નકલી ઓડિયો' હોવાનો દાવો કર્યો, ભાજપે તેમને પાંચ પ્રશ્નો પૂછ્યા



(એજન્સી) તા.૨૦

મહારાષ્ટ્ર વિધાનસભા માટે મતદાન થઇ રહ્યું છે, ચૂંટણી પ્રચાર દરમિયાન રાજકીય પક્ષોએ એક બીજા સામે ગંભીર આરોપો લગાવ્યા હતાં. મતદાનના એક દિવસ પહેલા રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર) અને કોંગ્રેસના નેતાઓ પર ભ્રષ્ટાચારના ગંભીર આરોપો લગાવવામાં આવ્યા હતાં. તેમના પર ક્રિપ્ટોકરન્સીથી ગેરરીતિઓ આચરવાનો આરોપ છે. સુપ્રિયા સુળેએ આ આરોપોને વખોડી કાઢ્યા છે. તેમણે આ આરોપોને ‘‘ભાજપની ખોટી માહિતી ફેલાવવાની યુક્તિ’’ ગણાવ્યા હતાં.

NCP (SCP)ના નેતા સુપ્રિયા સુલેએ Bitcoin ઓડિયો કૌભાંડને લઈને BJP અને NCP નેતા અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર પર આકરા પ્રહારો કર્યા હતા અને જણાવ્યું હતું કે, તેમનો અવાજ નકલી દર્શાવતી ઓડિયો ક્લિપ છે. તેમણે ચૂંટણી પંચ અને મહારાષ્ટ્ર પોલીસમાં પણ ફરિયાદ નોંધાવી હતી.

ભાજપે સુપ્રિયા સુલે સાંસદ અને મહારાષ્ટ્ર કોંગ્રેસના વડા નાના પટોલે દર્શાવતી એક ઓડિયો ક્લિપ બહાર પાડ્યા પછી સુલેની પ્રતિક્રિયા આવી છે જેમાં તેણીએ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી દરમિયાન NCP (SP)ના પ્રચાર માટે ભંડોળ આપવા માટે બિટકોઈનનો વેપાર કરવાનો દાવો કર્યો હતો.

ઓડિયો ક્લિપ લીક થયા બાદ, બીજેપી નેતા સુધાંશુ ત્રિવેદીએ એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી જેમાં તેમણે પાર્ટીના અભિયાનને ફંડ આપવા માટે સુલે પર બિટકોઈનને રોકડ કરવાનો આરોપ લગાવ્યો હતો અને પ્રશ્ન કર્યો હતો કે આચરણ કેટલું વાજબી અને મુક્ત છે.

એક નિવૃત્ત પોલીસ અધિકારી રવિન્દ્રનાથ પાટીલે પુત્રી સુપ્રિયા સુળે અને રાજ્ય કોંગ્રેસ અધ્યક્ષ નાના પટોલે ૨૦૧૮ના ક્રિપ્ટોકરન્સી છેતરપિંડીના કેસમાં સંડોવાયેલા હોવાનો આરોપ મૂક્યો છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે, ભંડોળનો ઉપયોગ વિધાનસભા ચૂંટણીમાં પ્રચાર માટે કરવામાં આવ્યો હતો.

આ બાબતે ભાજપ તરત એક્શનમાં આવી ગઈ હતી અને મીડિયાને સમક્ષ એવી ઓડિયો ક્લિપ્સ રજૂ કરી હતી જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે નાના પટોલે અને સુપ્રિયા સુળેની સંડોવણી હોવાના પુરાવા છે, જેને ભાજપે ‘‘બિટકોઈન કૌભાંડ’’ નામ આપ્યું હતું.

ભાજપના પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ દાવો કર્યો હતો કે વિપક્ષી ગઠબંધન મહા વિકાસ અઘાડી ઉઘાડી પડી ગયું છે. તેમણે કોંગ્રેસ અને બારામતીથી લોકસભાના સભ્ય સુલે પાસેથી જવાબ માંગ્યો હતો.


આ આરોપો અંગે સુપ્રિયા સુળેએ કહ્યું કે, ‘‘મને નવાઈ લાગે છે કે ચૂંટણીમાં કોઈ આટલા નીચા સ્તરે પડી શકે છે. સુધાંશુ ત્રિવેદીએ પાંચ આક્ષેપો કર્યા હતા અને મને પાંચ પ્રશ્નો પૂછ્યા હતા અને એ બધા ખોટા છે. હું જાહેર મંચ પર તેણી સાથે ચર્ચા કરવા તૈયાર છું. આ બધું ખોટું છે અને મેં સાયબર ક્રાઈમ ફરિયાદ નોંધાવી છે. બિટકોઈનના ટ્રાન્સફર સાથે મારે કોઈ લેવાદેવા નથી. આ ભાજપની નિરાશા દર્શાવે છે.’’

સુપ્રિયા સુળેએ X પર પોસ્ટ્સ કરીને વિગતવાર જવાબ આપ્યો હતો. રવિન્દ્રનાથ પાટીલે ભારતીય પોલીસ સેવામાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી હતી. તેમને ૨૦૧૮માં નોંધાયેલા કેટલાક ક્રિપ્ટોકરન્સી કેસની તપાસની જવાબદારી પુણે પોલીસે સાયબર નિષ્ણાત પંકજ ઘોડે સાથે પાટીલને સોંપી હતી. બાદમાં પોલીસે આક્ષેપ કર્યો હતો કે પાટીલે તપાસ દરમિયાન કેટલીક ક્રિપ્ટોકરન્સી તેમના ખાતામાં ટ્રાન્સફર કરી હતી. ઘોડેએ નંબરો બદલીને પોલીસને એકાઉન્ટ્સના સ્ક્રીનશોટ આપ્યા હતા- જેમાં ક્રિપ્ટો વોલેટમાં પહેલા કરતા ઓછી રકમ દેખાતી હતી. ત્રિવેદીએ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને પ્રભાવિત કરવા માટે વિદેશી ચલણના ઉપયોગની પણ તપાસની માંગ કરી હતી. તેણે સુલેને પાંચ પ્રશ્નો પણ પૂછ્યા :

૧. શું તમે બિટકોઈન્સમાં વેપાર કર્યો છે?
૨. શું વેપારીએ ગૌરવ મહેતા અને અમિતાભ ગુપ્તાનો સંપર્ક કર્યો છે ?
૩. શું આ WhatsApp ચેટ તમારી છે ?
૪. જો આ ચેટ તમારી છે, તો તમે કોની વાત કરી રહ્યા છો ?
૫. શું આ કોલ રેકોર્ડિંગમાંના અવાજો તમારા છે ?

# મોદીની ઘટતી લોકપ્રિયતા અને વિભાજન વિરોધી વાતાવરણને લીધે મહારાષ્ટ્રમાં નીતિન ગડકરી પ્રચારમાં અગ્રણી રહ્યા છે

## ૨૦૧૪, ૨૦૧૯ અને ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં તેમની અવગણના કર્યા પછી મોદીની ઘટતી જતી લોકપ્રિયતા અને તેના વિભાજનકારી ઝુંબેશને કારણે બીજેપીના આ કેન્દ્રીય મંત્રી ફરી મેદાનમાં છે



(એજન્સી) તા.૨૦

ભાજપ અને આરએસએસ ખાસ કરીને દિવાળી પછી મહારાષ્ટ્ર પ્રચારનું નેતૃત્વ કરવા માટે કેન્દ્રીય મંત્રી અને ભાજપના પૂર્વ પ્રમુખ નીતિન ગડકરીને આગળ કરી રહ્યા છે. પ્રચારના છેલ્લા કેટલાક દિવસો દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય મંત્રી અમિત શાહ દેખીતી રીતે ગાયબ હતા. વડા પ્રધાનની રેલીઓમાં ભાગ્યે જ વધુ હાજરી હતી અને તેમના ભાષણો ભીડને એકત્રિત કરવામાં નિષ્ફળ ગયા હતા, હવે તેઓ નાઈજીરિયા અને બ્રાઝિલ ગયા છે ત્યારે અમિત શાહ મણિપુરના મુદ્દે મિટિંગમાં હાજરી આપવાના બહાને દેખીતી રીતે ગઢચિરોલીમાં તેમની તમામ રેલીઓ રદ કરી હતી. યોગી આદિત્યનાથ પણ ગુમ હતા, જે આંશિક રીતે તેમના પોતાના રાજ્યની પેટાચૂંટણીને કારણે છે પરંતુ મોટાભાગે સ્થાનિક ભાજપના ઉમેદવારોમાં તેમની કોઈ માંગ ન હતી. તમામ વિભાજનકારી નારાઓ-જેમ કે ‘બટેંગે તો કટેંગે’, એક હૈં તો સલામત હૈં, ‘વોટ જેહાદ’ અને ઔરંગઝેબ અને પાકિસ્તાન જેવા મુદ્દાઓ મતદારોને પ્રભાવિત કે ઉત્સાહિત કરી શક્યા ન હતા અને નીતિન ગડકરી, જેમણે ૭૨ જેટલી ચૂંટણી રેલીઓને સંબોધિત કરી હતી, તેઓએ વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને વિભાજનકારી એજન્ડાથી દૂર હતા. સમગ્ર પ્રદેશમાં અપીલ સાથે ભાજપ પાસે રાજ્ય સ્તરના નેતાઓનો અભાવ અને ફડણવીસ દરેક જગ્યાએ પ્રચાર કરી શકતા ન હોવાથી, ભાજપ પાસે ગડકરીને પાછા બોલાવવા સિવાય કોઈ વિકલ્પ ન હતો. ગડકરીનું પુનરાગમન આરએસએસ દ્વારા બીજેપીની ઝુંબેશ સંભાળવાને કારણે છે. આ વર્ષની શરૂઆતમાં લોકસભા ચૂંટણીમાં, ગડકરી એકમાત્ર ભાજપના ઉમેદવાર હતા જેમણે નાગપુરમાં જીતની હેટ્રિક નોંધાવી હતી, જ્યારે વિદર્ભમાં, કોંગ્રેસે બાકીની મોટાભાગની બેઠકો જીતીને તેની સ્થિતિ મજબૂત કરી હતી. એવું માનવામાં આવે છે કે મહારાષ્ટ્ર વિધાનસભાની ૨૮૮ બેઠકોમાંથી, વિદર્ભની ૬૨ બેઠકો રાજ્યમાં સત્તા મેળવવા માટે મહત્ત્વપૂર્ણ છે. ૬૨માંથી ૪૦ બેઠકો માટે કોંગ્રેસ અને ભાજપ વચ્ચે સીધો મુકાબલો છે. નાગપુરના લોકોમાં ફડણવીસ સામે ગુસ્સો છે. નાયબ મુખ્ય પ્રધાન પર આરોપ છે કે તેઓ તેમના મતવિસ્તાર માટે પૂરતું કામ નથી કરતા. આ મતવિસ્તારમાં ફડણવીસ ભાગ્યે જ જોવા મળે છે અને લોકોના પ્રશ્નોના નિરાકરણ માટે ત્યાં આવ્યા નથી, એવી મતદારોની ફરિયાદ છે. ફડણવીસ, જેઓ પોતે વિદર્ભના છે, ત્યાં તેમની સીટ જાળવી રાખવા માટે સખત લડાઈ કરવી પડી છે, અને ગડકરી આરએસએસ માટે વધુ સુરક્ષિત પસંદગી છે. અમિત શાહે રાજ્યમાં ૧૬ રેલીઓ કરી હતી, જ્યારે ચૂંટણી પ્રચારના છેલ્લા તબક્કામાં તેમણે વિદર્ભમાં ૪ રેલીઓ રદ કરી હતી અને દિલ્હી પરત ફર્યા હતા. આના વાસ્તવિક કારણો હજુ સ્પષ્ટ થયા નથી. પરંતુ ભાજપના આંતરિક સૂત્રો કહે છે કે વિદર્ભમાં ભાજપ વિરોધી વાતાવરણ છે, ભગવા પક્ષે રાજ્યની મૂળભૂત સમસ્યાઓ : મોંઘવારી, બેરોજગારી અને ખેડૂતોની સમૃદ્ધિ અને સુરક્ષાને બાજુ પર રાખીને હિન્દુત્વના મુદ્દા પર પોતાનો તમામ પ્રચાર કર્યો છે. વિભાજનકારી નારાઓનો ભાજપના પોતાના MLC પંકજા મુંડે, અશોક ચવ્હાણ (જે કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયા હતા) અને NCP (અજિત જૂથ)ના નેતા અજિત પવારે વિરોધ કર્યો હતો. મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી ન બને તો પણ ગડકરી બીજેપીના આગામી રાષ્ટ્રીય અધ્યક્ષ બનવાની પણ સૂચના છે. તેમના સાથી આશાવાદી વિનોદ તાવડેની હાર તેમની તકોને સુધારી શકે છે. ગડકરીના મોદી સાથેના સંબંધો શાંત કહેવાય છે, તેમણે પૂર્વ વડાપ્રધાન વાજપેયીના વખાણ કરતાં કહ્યું કે ભારતના ઈતિહાસમાં એવો કોઈ નેતા છે કે જેણે ૩.૫ લાખ ગામડાઓમાં રસ્તાઓ બનાવ્યા હોય. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ દેશના ૬.૫ લાખ ગામડાઓમાં જ્યારે અટલ બિહારી વાજપેયી હતા ત્યારે તસતઓ બન્યા હતા. આ મોદી પર ગુપ્ત કટાક્ષ કહી શકાય છે. તેઓ મહારાષ્ટ્રમાં ભાજપને જીત અપાવવામાં સફળ થાય છે કે કેમ તે ૨૩ નવેમ્બરે જ ખબર પડશે.

# ઉત્તરપ્રદેશ પેટાચૂંટણી : અખિલેશ યાદવની ફરિયાદ બાદ ચૂંટણી પંચે પોલીસકર્મીઓ સામે પગલાં લીધા; ૨ અધિકારી સસ્પેન્ડ

## CEC રાજીવ કુમારે સમાજવાદી પાર્ટીની ફરિયાદોની ગંભીર નોંધ લેતાં યુપીના ચૂંટણી અધિકારીઓને નિષ્પક્ષ મતદાન પ્રક્રિયા સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે



(એજન્સી) તા.૨૦

ભારતના ચૂંટણી પંચ (EC)એ બુધવારે ઉત્તરપ્રદેશ પેટાચૂંટણીમાં મતદારોની તપાસ કરવા અને તેમને મત આપવાથી રોકવા માટે માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરવા બદલ બે પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો છે. સમાજવાદી પાર્ટી (SP)ના પ્રમુખ અખિલેશ યાદવે આ મુદ્દો ઉઠાવ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં પોલિસ કર્મચારીઓ મતદારોને અવરોધતા દર્શાવતા વીડિયો પુરાવા પર કાર્યવાહી કરવા માટે મતદાન પેનલને વિનંતી કરી હતી. આ નિર્દેશ બાદ, જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને પોલીસ અધિક્ષકોએ ફરિયાદોની ચકાસણી કરી અને આરોપી કર્મચારીઓને તેમની ગેરવર્તણૂક માટે સસ્પેન્ડ કર્યા હતા. હાલમાં ગાઝિયાબાદ, કટેહારી, ખેર, કુંડારકી, કરહાલ, માઝવાન, મીરાપુર, ફુલપુર અને સિસમાઉની નવ વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી ચાલી રહી છે. સમાજવાદી પાર્ટી દ્વારા અમુક સમુદાયોને મતદાન કરવાથી રોકવામાં આવતા હોવાના આક્ષેપ સાથેના સોશિયલ મીડિયા અહેવાલોની ગંભીર નોંધ લેતા મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે ઉત્તરપ્રદેશના ચૂંટણી અધિકારીઓને નિષ્પક્ષ મતદાન પ્રક્રિયા સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો. તેમને કહેવામાં આવ્યું હતું કે તેઓ તમામ ફરિયાદો પર તાત્કાલિક ધ્યાન આપે અને તાત્કાલિક પગલાં લે. તેઓને ચેતવણી આપવામાં આવી હતી કે કોઈ પણ પાત્ર મતદારને મતદાન કરવાથી રોકવામાં નહીં આવે અને કોઈપણ પ્રકારનું પક્ષપાતી વલણ સાંખી લેવામાં આવશે નહીં. ચૂંટણી તંત્રએ કહ્યું હતું કે ફરિયાદ મળ્યા બાદ જો કોઈ દોષિત જણાય તો કડક પગલાં લેવા જોઈએ. કાનપુર નગરના પોલીસ કમિશનરેટે સંબંધિત સબ-ઈન્સ્પેક્ટર, અરુણ કુમાર સિંહ અને રાકેશ નાદરને માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરવા બદલ સસ્પેન્ડ કર્યા છે. દરેકને ચૂંટણી પ્રક્રિયાનું સંપૂર્ણ પાલન સુનિશ્ચિત કરવા માટે નિર્દેશિત કરવામાં આવ્યા છે. એક્સ પરની એક પોસ્ટમાં અખિલેશ યાદવે કહ્યું હતું કે પોલીસ પ્રશાસન દ્વારા મતદારોને મતદાન કરવાથી રોકવામાં આવી રહ્યા છે. તેમણે સુપ્રીમ કોર્ટ અને ચૂંટણી પંચને આ મામલાની તાત્કાલિક નોંધ લેવા અપીલ કરી અને કહ્યું કે, તમામ પોલીસ અધિકારીઓ જેઓ મતદાર કાર્ડ અને આધાર આઈડી તપાસી રહ્યા છે તેઓને વીડિયોના આધારે તાત્કાલિક સસ્પેન્ડ કરવા જોઈએ. પોલીસને આધાર આઈડી કાર્ડ કે ઓળખ કાર્ડ ચેક કરવાનો કોઈ અધિકાર નથી. ECએ યાદવની ફરિયાદો પર ધ્યાન આપ્યા પછી, યુપીના પૂર્વ મુખ્ય પ્રધાને કહ્યું કે જે મતદારોને અગાઉ રોકવામાં આવ્યા હતા તેઓએ ફરી એકવાર જઈને તેમના મત આપવા જોઈએ. ચૂંટણી પંચ પણ સતર્ક થઈ ગયું છે અને હવે તે આશ્વાસન આપી રહ્યું છે કે જેમને મતદાન કરવાથી રોકવામાં આવ્યા છે તેઓએ ફરી એકવાર જઈને મતદાન કરવું જોઈએ. હવે કોઈ ગેરરીતિને મંજૂરી આપવામાં આવશે નહીં. જો તમને ફરીથી કોઈ રોકે છે, તો ચૂંટણી પંચના અધિકારીઓને અથવા ત્યાં હાજર રાજકીય પક્ષોના લોકોને જાણ કરો અથવા સીધી ચૂંટણી પંચને ફરિયાદ કરો. ચૂંટણી પંચની આ ખાતરી માટે આભાર. તેમણે કહ્યું કે પોલીસ અને વહીવટીતંત્ર બંનેના અપ્રમાણિક અધિકારીઓને બક્ષવામાં આવશે નહીં, અને આ વીડિયો પુરાવા તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવાનો આધાર બનશે.

# ગોધરા રમખાણોના પીડિતો હજુ પણ ન્યાયની રાહ જોઈ રહ્યા છે : દિગ્વિજય સિંહ

(એજન્સી) ભોપાલ, તા.૨૦

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહે મંગળવારે કહ્યું કે ગોધરા ટ્રેનના પીડિત હજુ પણ ન્યાયની રાહ જોઈ રહ્યા છે. ગોધરાની ઘટનામાં જેઓ પરેશાન થયા, માર્યા ગયા અને અનાથ બન્યા તેમને પૂછો. પીડિત હજુ પણ ન્યાયની રાહ જોઈ રહ્યા છે. તેઓનું અત્યાર સુધી પુનર્વસન કરવામાં આવ્યું નથી. દિગ્વિજય સિંહે રાજ્યમાં ફિલ્મ ‘ધ સાબરમતી રિપોર્ટ’ ની સ્ક્રીનિંગને કરમુક્ત બનાવવાના મુખ્યમંત્રી મોહન યાદવના નિર્ણય પર પ્રતિક્રિયા આપતા આ જણાવ્યું હતું. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે ભાજપે કોંગ્રેસ શાસન પર તથ્યો છુપાવવાનો આરોપ લગાવ્યો છે, ત્યારે દિગ્વિજયએ જવાબ આપતા કહ્યું કે, જે લોકોએ આ ઘટના માટે હિન્દુ લોકોને ઉશ્કેર્યા હતા તેઓને શોધો, તેઓ આજે ક્યાં છે. આ ફિલ્મ સાબરમતી એક્સપ્રેસ ટ્રેનને સળગાવવાની ઘટના અને ૨૦૦૨માં થયેલા ગોધરા રમખાણો પર આધારિત છે. તે સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા અને દિગ્વિજય સિંહ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી હતા. દિગ્વિજય સિંહે કહ્યું કે તેઓ મધ્યપ્રદેશ સરકારને આગામી હિન્દી ફિલ્મ ‘જંગલ સત્યાગ્રહ’ ને રાજ્યમાં કરમુક્ત બનાવવા વિનંતી કરશે. તેમણે કહ્યું કે આ ફિલ્મ એક સત્ય ઘટના પર આધારિત છે, અને તે બ્રિટિશ શાસન સામે આદિવાસીઓનો સંઘર્ષ દર્શાવે છે. મહાત્મા ગાંધી પણ બેતુલમાં વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. મેં મુખ્ય પ્રધાનને મધ્યપ્રદેશમાં ‘જંગલ સત્યાગ્રહ’ને કરમુક્ત બનાવવા વિનંતી કરી છે. ભાજપની આગેવાની હેઠળની મધ્યપ્રદેશ સરકારે સત્તાવાર રીતે ફિલ્મ ‘ધ સાબરમતી રિપોર્ટ’ને રાજ્યભરમાં કરમુક્ત જાહેર કરી હતી. મુખ્યમંત્રીએ ભોપાલમાં મીડિયા સાથેની વાતચીત દરમિયાન કહ્યું કે, અમે ફિલ્મ ‘ધ સાબરમતી રિપોર્ટ’ ને કરમુક્ત બનાવવાનું નક્કી કર્યું છે જેથી વધુમાં વધુ લોકો ફિલ્મ જોઈ શકે. હું અન્ય કેબિનેટ મંત્રીઓ સાથે ફિલ્મ જોઈશ. તેમણે કહ્યું કે કેબિનેટ સાથીદારો માટે વિશેષ સ્ક્રીનિંગ યોજવામાં આવશે. તેમણે કહ્યું કે આ ફિલ્મ ભારતીય ઈતિહાસમાં મહત્ત્વપૂર્ણ અને દુઃખદ ઘટનાની આસપાસની ઐતિહાસિક ઘટનાઓને સ્પષ્ટ કરે છે. મુખ્યમંત્રીએ લોકોને ગોધરા ઘટનાનું સત્ય ઉજાગર કરતી ફિલ્મ જોવાની પણ અપીલ કરી હતી. વિક્રાંત મેસી અભિનીત ફિલ્મ ‘ધ સાબરમતી રિપોર્ટ’ ને વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહના સમર્થન પછી મધ્ય પ્રદેશ સરકારે ફિલ્મને કરમુક્ત બનાવવાનો નિર્ણય લીધો છે. નવી દિલ્હીમાં યુવા બાબતો અને રમતગમત અને શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયા, અભિનેતા વિક્રાંત મેસી અને ભાજપના સાંસદ મનોજ તિવારીની



હાજરીમાં એક વિશેષ સ્ક્રીનિંગ પણ યોજવામાં આવ્યું હતું. આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ વિક્રાંત મેસીના વખાણ કરતા કહ્યું હતું કે ’સત્ય બહાર આવી રહ્યું છે’. ફિલ્મ ’ધ સાબરમતી રિપોર્ટ’માં વિક્રાંત મેસી, રિદ્ધિ ડિગ્રા અને રાશિ ખન્ના મુખ્ય ભૂમિકામાં છે. ૧૫ નવેમ્બરે રિલીઝ થયેલી આ ફિલ્મે બોક્સ ઓફિસ પર સારૂં કલેક્શન કર્યું છે. આ ફિલ્મ ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ ગોધરા સ્ટેશન (ગુજરાત) પાસે સાબરમતી એક્સપ્રેસના જી૬ કોચને સળગાવવા પર આધારિત છે. અયોધ્યાથી પરત ફરી રહેલા ઓછામાં ઓછા ૫૯ હિંદુ શ્રદ્ધાળુઓ આ ઘટનામાં સળગી ગયા હતા, અને એ પછી ગુજરાતમાં મુસ્લિમ વિરોધી ભયાનક રમખાણો થયા હતા.

# શરદ પવારની NCPના કાર્યકરોએ છગન ભુજબળને વોટિંગ બૂથમાં પ્રવેશતા રોક્યા

(એજન્સી) તા.૨૦

શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના કાર્યકરોએ NCP નેતા છગન ભુજબલને મહારાષ્ટ્રના યેવલા મતવિસ્તારમાં મતદાન મથકમાં પ્રવેશતા અટકાવ્યા હતા.

ભુજબળ નાસિકના આ મતવિસ્તારમાંથી વિધાનસભાની ચૂંટણી લડી રહ્યા છે, જે ભારતમાં ડુંગળીના સૌથી મોટા જથ્થાબંધ બજારોમાંનું એક છે. એનસીપી (શરદચંદ્ર પવાર)ના કાર્યકરો શ્રી ભુજબળના ભાજપ, શિવસેના અને એનસીપીના મહાગઠબંધનમાં જોડાવાથી નારાજ છે.

કાર્યકર્તાઓ પણ બૂમો પાડતા સાંભળ્યા હતા કે, કેવી રીતે મિસ્ટર ભુજબળને એક કરતા વધુ વખત મતદાન મથકમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી હતી. મહાયુતિમાં નિષ્ઠા બદલતી વખતે, મિસ્ટર ભુજબળે પત્રકાર રાજદીપ સરદેસાઈના પુસ્તકમાં કરાયેલા દાવાઓને રદિયો આપ્યો હતો કે તેમણે કથિત મની લોન્ડરિંગ માટે તેમની સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) તપાસ ટાળવા માટે પગલું ભર્યું હતું. ‘‘મેં ૨૦ વર્ષ સુધી યેવલામાં કામ કર્યું છે અને જળ વ્યવસ્થાપન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટમાં મદદ કરી છે. મારી જાતિ અને ધર્મ વિકાસ માટે છે. મારી પાર્ટી પણ તે જ માને છે. વિપક્ષ મારા કામની ટીકા કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. નિષ્ફળ ગયો છે અને તેથી તેઓ જાતિ વિશે વાત કરે છે,’’ ભુજબળે જણાવ્યું હતું. ‘‘જાતિનું એકીકરણ કામ કરતું નથી કારણ કે અહીંના લોકોને મારા દ્વારા લાવેલા વિકાસમાં વિશ્વાસ છે. તેઓ મારી જાતિ જોતા નથી,’’ તેમણે કહ્યું. જુલાઈ



૨૦૨૩માં એનસીપી નેતા અજિત પવાર અને તેમના વફાદાર ધારાસભ્યોએ પાર્ટીથી અલગ થઈ ગયા અને મહાગઠબંધન સરકારનો ભાગ બનાવવા માટે ભાજપ અને એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના સાથે હાથ મિલાવ્યા.

# લગ્નનો પ્રસ્તાવ નકારવા બદલ વ્યક્તિએ શિક્ષિકાની શાળામાં છરીના ઘા મારીને હત્યા કરી

(એજન્સી) ચેન્નાઇ, તા.૨૦

તમિલનાડુના તંજાવુર જિલ્લાની મલ્લિપટ્ટિનમ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં મંગળવારે એક ૨૬ વર્ષીય શાળા શિક્ષિકા રમણીની એક વ્યક્તિએ છરી મારીને હત્યા કરી હતી. મદન તરીકે ઓળખાતા વ્યક્તિએ સ્ટાફ રૂમની બહાર વિદ્યાર્થીઓ અને અન્ય સ્ટાફ સમક્ષ રામાણી પર હુમલો કર્યો હતો પછી પોલીસે મદનની ધરપકડ કરી હતી.

પોલીસના સૂત્રોના જણાવ્યા અનુસાર રામાણી અને મદન એવા સંબંધમાં હતા જેને રમણીના પરિવારના ભારે વિરોધનો સામનો કરવો પડ્યો હતો. રામાણીએ કથિત રીતે મદનના લગ્ન પ્રસ્તાવને નકારી કાઢ્યા બાદ તાજેતરમાં બંને વચ્ચે તણાવ વધી ગયો હતો. આનાથી જીવલેણ હુમલો થયો, મદને ગુસ્સામાં રમણીને છરી મારી દીધી.

શાળાના એક વીડિયોમાં તે કરૂણ ક્ષણો દર્શાવવામાં આવી હતી જ્યારે વિદ્યાર્થીઓ ગંભીર રીતે ઘાયલ રમણીને બચાવવાના પ્રયાસમાં લઈ ગયા હતા. હોસ્પિટલ લઈ



જતા રસ્તામાં શિક્ષકનું મોત નિપજ્યું હતું. પોલીસે ઘટના બાદ તરત જ મદનને પકડી લીધો હતો અને તપાસ શરૂ કરી હતી.

વિપક્ષના AIADMK નેતા એડાપ્પડી કે. પલાનીસ્વામી (EPS)એ રાજ્ય સરકારની નિંદા કરતાં મૃત્યુએ આક્રોશ ફેલાવ્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે કાયદો અને વ્યવસ્થા જાળવવામાં કથિત નિષ્ફળતા માટે ડીએમકે વહીવટીતંત્રની ટીકા કરી.

EPSએ લખ્યું, તંજાવુર જિલ્લાની મલ્લિપટ્ટિનમ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષિકા રમણીની છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી તે સમાચાર આઘાતજનક છે. તેમણે ડીએમકે સરકાર પર વહીવટી અક્ષમતાનો આરોપ મૂક્યો અને દાવો કર્યો કે, તેની નજર હેઠળ ગુનાખોરી પ્રબળ બની છે. શાળાના શિક્ષકો અને ડોક્ટરો સહિત સરકારી કર્મચારીઓ માટે, તેઓ જ્યાં કામ કરે છે ત્યાં પણ કોઈ સુરક્ષા નથી. તેમણે ઉમેર્યું, મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિનને પ્રચાર કરતાં જાહેર સલામતીને પ્રાધાન્ય આપવા વિનંતી કરી.

આ ઘટના પર પ્રતિક્રિયા આપતા તમિલનાડુના શાળા શિક્ષણ મંત્રી અનબિલ મહેશ પોયામોઝીએ શોક વ્યક્ત કર્યો અને હિંસાના કૃત્યની નિંદા કરી. તેમણે રામાણીના શોકગ્રસ્ત પરિવાર, વિદ્યાર્થીઓ અને સાથીદારોને સમર્થન આપતા કહ્યું, અમે મલ્લિપટ્ટિનમ સરકારી શાળામાં કામ કરતા શિક્ષિકા રમણી પરના હુમલાની સખત નિંદા કરીએ છીએ. શિક્ષકો સામેની હિંસા બિલકુલ સાંખી ન શકાય. હુમલાખોર સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# દિલ્હીમાં ભયાનક હાલત, પ્રદૂષણ વધુ તીવ્ર બનતા ૫૦ ટકા સરકારી કર્મચારીઓને ઘરેથી કામ કરવા દિલ્હી સરકારનો આદેશ

**ખાનગી કચેરીઓને પણ સ્ટાફ પાસે ઘરેથી કામ લેવા અનુરોધ કરાયો, દિલ્હીમાં વાયુ પ્રદૂષણની માત્રા ખતરનાક સ્તરે પહોંચી**



(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦

વાયુ પ્રદૂષણનું પ્રમાણ અત્યંત જોખમી અને ખતરનાક સ્તરે પહોંચી ગયું હોવાથી દિલ્હી સરકારે તેના ૫૦ ટકા કર્મચારીઓને ઘરેથી કામ કરવાનો આદેશ આપ્યો છે.

પર્યાવરણ મંત્રી ગોપાલ રાય જણાવે છે કે, પ્રદૂષણ ઘટાડવા માટે સરકારના ૫૦ ટકા કર્મચારીઓને ઘરેથી જ કામ કરવાની સૂચના અપાઈ છે અને આ માટે બપોરે બેઠક યોજીને આયોજન કરવામાં આવ્યું છે. તેમણે ખાનગી કચેરીઓ અને ખાનગી દફતરોમાં પણ અડધા સ્ટાફથી કામ લેવા અનુરોધ કર્યો છે. કામકાજના સમયમાં વાહનની અવર-જવર ઘટાડવા ખાનગી ઓફિસનો સમય સવારે ૧૦થી ૧૧નો રાખવા તેમણે સૂચન કર્યું છે. દિલ્હીમાં જો કે, આરોગ્ય, સાફસફાઈ, પબ્લિક ટ્રાન્સપોર્ટ, ફાયરબ્રિગેડ, પાણી પુરવઠા જેવી આવશ્યક સેવાઓ પૂરા સમય સુધી ચાલુ રહેશે. તેમણે પ્રદૂષણ માટે ભાજપ શાસનવાળા યુપી, રાજસ્થાન, હરિયાણા અને મધ્યપ્રદેશને જવાબદાર ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે, ભાજપ શાસિત રાજ્યોની નિષ્ક્રિયતાને કારણે દિલ્હીનો શ્વાસ રૂંધાઈ રહ્યો છે અને હવાનું પ્રદૂષણ ભયજનક સ્તર પર પહોંચી ગયું છે.

# પશ્ચિમ બંગાળના હિંસાગ્રસ્ત બેલડાંગા વિસ્તારમાં જતા બંગાળ ભાજપ પ્રમુખ સુકાંત મજુમદારની ધરપકડ, બાદમાં જામીન પર છૂટકારો

(એજન્સી) કોલકાતા, તા.૨૦

મુર્શિદાબાદ જિલ્લાના હિંસાગ્રસ્ત બેલડાંગા શહેરની મુલાકાતે ગયેલા પશ્ચિમ બંગાળ ભાજપના પ્રમુખ સુકાંત મજુમદારની અટકાયતી પગલા રૂપે પોલીસે થોડા કલાકો માટે ધરપકડ કરી હતી, બાદમાં એમને જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા. મજુમદારે પત્રકારોને જણાવ્યું હતું કે, હું પરિસ્થિતિને જાણવા માટે બેલડાંગા જવાની કોશિશ કરી રહ્યો હતો ત્યારે પોલીસે મને અને પક્ષના કાર્યકરોને અટકાવી દીધા હતા અને મારી અટકાયત કરી લીધી હતી. બેલડાંગામાં બે કોમ વચ્ચેની અથડામણમાં ૧૭ લોકો ઘાયલ થયા છે અને ત્યાં પ્રતિબંધક આદેશો લાગુ કરવામાં આવી રહ્યા છે. પોલીસે જણાવ્યું હતું કે, ભાજપ નેતાની મુલાકાતથી શાંતિમાં ખલેલ પહોંચે એવું હોવાથી એમને રોકી દેવામાં આવ્યા હતા. બેલડાંગામાં ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દેવામાં આવી છે.

# કોલકાતામાં હજારો મુસ્લિમોએ વકફ (સુધારા) બિલનો વિરોધ કરતા રેલીનું આયોજન કર્યું



ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ, ઓલ બંગાળ ઈમામ મુઆઝીન એસોસિએશન, જોઈન્ટ ફોરમ ફોર WAQF પ્રોટેક્શન જેવા સંગઠનોની આગેવાની હેઠળ સેંકડો વિરોધીઓએ વકફ (સુધારા) બિલ, ૨૦૨૪ને રદ કરવાની માંગ કરી હતી

(એજન્સી) તા.૨૦

વકફ (સુધારા) બિલ, ૨૦૨૪નો વિરોધ કરવા મંગળવારે કોલકાતામાં વિવિધ મુસ્લિમ સંગઠનો એકઠા થયા હતા. આ વર્ષની શરૂઆતમાં સંસદમાં રજૂ કરવામાં આવ્યું હતું, આ બિલ વક્ફ બોર્ડના કામોને સુવ્યવસ્થિત કરવાના ધ્યેય સાથે, ૧૯૯૫ના વક્ફ એક્ટમાં સુધારો કરવા માંગે છે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ, ઓલ બંગાળ ઈમામ મુઆઝીન એસોસિએશન અને જોઈન્ટ ફોરમ ફોર WAQF પ્રોટેક્શન જેવા સંગઠનોની આગેવાની હેઠળ સેંકડો વિરોધીઓ વકફ (સુધારા)ને રદ કરવાની માંગ કરવા એસ્પ્લાનેડમાં શહીદ મિનાર પાસે આરઆર રોડ પર એકઠા થયા હતા. કોલકાતામાં વકફ (સુધારા) બિલ સામે વિવિધ લઘુમતી સંગઠનો દ્વારા આયોજિત વિરોધ રેલી કાઢવામાં આવી હતી.

તેઓએ દાવો કર્યો હતો કે પ્રસ્તાવિત સુધારો તેમની આસ્થા પર સીધો હુમલો છે અને તેઓએ કેન્દ્ર સરકારને તેને પસાર ન કરવા વિનંતી કરી છે. મંગળવારની રેલીના એક આયોજકે કહ્યું કે, અમે આગામી દિવસોમાં વધુ તાકાત સાથે બહાર આવીશું અને દિલ્હીની ફાસીવાદી સરકારને સંદેશ મોકલીશું કે અમે આ બિલને મંજૂરી આપીશું નહીં. વકફ સુધારા વિધેયક પર જેપીસીની બેઠકોમાંથી વારંવાર વોકઆઉટ કરવા બદલ વિપક્ષી સાંસદોની ટીકા કરતા, વિરોધીઓએ બિનસાંપ્રદાયિક સાંસદોને વધુ વોકઆઉટ સામે ચેતવણી આપતા કહ્યું કે આવી ક્રિયાઓ સંસદમાંથી તેઓને કાયમી હટાવવા તરફ દોરી શકે છે. તેઓએ પશ્ચિમ બંગાળ સરકારને બિલનો વિરોધ કરતો ઠરાવ પસાર કરવા વિનંતી કરીને કોલકાતામાં આંદોલન કરવાની ધમકી પણ આપી હતી. ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ બંગાળમાં સત્તાધારી પક્ષ તૃણમૂલ કોંગ્રેસ (TMC)એ અત્યાર સુધી આ સુધારાનો વિરોધ કર્યો છે. સાંસદો અને અન્ય ઈન્ડિયા બ્લોક પક્ષોની સાથે, TMC સંસદસભ્યોએ JPC બેઠકો દરમિયાન તેમની અસંમતિ જાહેર કરી છે. તૃણમૂલના સાંસદ કલ્યાણ બેનરજીને જેપીસીમાંથી તેમના અયોગ્ય વર્તનને કારણે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા, તેઓએ જેપીસીના અધ્યક્ષ જગદંબિકા પાલ પર વકફ સુધારા બિલ પર મનસ્વી પગલાંનો આરોપ મૂક્યો હતો. બેનરજીએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે પાલ જાણીજોઈને મીટીંગોમાં વકફ અંગેની ચર્ચામાં ઉતાવળ કરી રહ્યા હતા. તેમણે ચેરમેન પર એવી વ્યક્તિઓ પાસેથી જુબાની એકત્રિત કરીને મંતવ્યો લેવાનો આરોપ મૂક્યો કે જેમની વકફની બાબતો સાથે કોઈ લેવાદેવા નથી.

# આંધ્રપ્રદેશમાં કોલેજના વિદ્યાર્થી પર ઘાતકી હુમલો, હુમલાખોરોએ તેનો ગાલ કાપી નાંખ્યો

(એજન્સી) તા.૨૦

આંધ્રપ્રદેશના ડો.બી.આર. આંબેડકર કોનાસીમા જિલ્લામાં ચાર લોકોએ એક યુવક પર ઘાતકી હુમલો કર્યો. તેમાંથી એક તેના ગાલને પ્રાણીની જેમ કરડ્યો અને બીજાએ તેને નાળિયેરના કદના પથ્થરથી માથા પર માર્યો. આ વીડિયો ઓનલાઈન સામે આવ્યો છે.

ગુડાપલ્લી ગામના રામેશ્વરપ્પા જયસાઈ યુવરાજ નામના યુવકની સ્થાનિક હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. હુમલાખોરોએ તેમના મોબાઈલ ફોન પર હુમલાનું રેકોર્ડિંગ કર્યું હતું, જે હુમલા પાછળના દુષ્ટ ઈરાદાઓને છતી કરે છે - તેઓ મલકીપુરમની AFDT જુનિયર કોલેજના વિદ્યાર્થીઓ છે. સ્થાનિક પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે અને કેસ નોંધવામાં આવ્યો છે. વીડિયોમાં યુવરાજ (આછા ગુલાબી શર્ટમાં) બે હુમલાખોરો સાથે દલીલ કરતા જોવા મળે છે, જ્યારે ત્રીજો હુમલાખોર તેને આંધાધૂંધ માર મારે છે અને સૂકા નાળિયેરના પાન વડે મારશે, ત્યારબાદ તેના પર પથ્થરો ફેંકવામાં આવે છે. ભયભીત પ્રિન્સ જે દયાની ભીખ માંગતો દેખાય છે, તેને કાદવવાળા રસ્તે ખેંચીને લઈ જવામાં આવે છે, જ્યારે હુમલાખોરોમાંથી એક તેને અપશબ્દો કહેતો જોવા મળે છે. હિંસા અચાનક ફાટી નીકળે છે - લાલ ટી-શર્ટ પહેરેલો હુમલાખોર વારંવાર યુવરાજની ગરદન પકડીને તેને જમીન પર ફેંકી દે છે, પ્રિકેડીને તેના શર્ટનો કોલર ફાડી નાંખે છે. લગભગ ચાર મિનિટનો વીડિયો આ રીતે ચાલુ રહે છે, જેમાં હુમલાખોરો યુવરાજને પાછળથી પકડીને તેના ગાલને કરડતા હતા; હુમલાખોરોમાંથી એકના હાથ પર લોહી જોવા મળ્યું છે. એક સમયે યુવરાજ તેના શર્ટ ફાટીને જમીન પર પડેલો દેખાય છે જ્યારે અન્ય લોકો તેને ઘેરાયેલા લાત મારી રહ્યા છે અને પછી તે તેના ફાટેલા શર્ટના કોલરને તેની ગરદનની આસપાસ વીંટાળીને ઘૂંટણિયે પડી રહ્યો છે.

# સંભલની જામા મસ્જિદ મંદિર પર બનેલી હોવાનો દાવો કરતી અરજી દાખલ કરવામાં આવી : સર્વેક્ષણનો આદેશ આપવામાં આવ્યો

**આ સર્વેક્ષણના નિષ્કર્ષ પછી, જામા મસ્જિદ સમિતિના સભ્યોએ જણાવ્યું હતું કે, મસ્જિદ એક ખંડેર મંદિર પર બાંધવામાં આવી હતી તે સાબિત કરે તેવા કોઈ પુરાવા અથવા કોઈપણ વસ્તુઓ મળી નથી**



(એજન્સી) તા.૨૦

ઉત્તરપ્રદેશના સંભલ જિલ્લામાં આવેલી જામા મસ્જિદ હાલમાં ચર્ચામાં છે કે આ મસ્જિદ મંદિરના અવશેષો પર બનેલી છે. વરિષ્ઠ વકીલ વિષ્ણુ શંકર જૈન દ્વારા જિલ્લા અદાલતમાં એક અરજી દાખલ કરવામાં આવી હતી જેમાં સંભલની જામા મસ્જિદ વાસ્તવમાં એક મંદિર હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. વિષ્ણુ શંકર જૈન, તેમના પિતા હરિ શંકર જૈન સાથે, હાલમાં કૃષ્ણ જન્મભૂમિ અને જ્ઞાનવાપી કેસ જેવા સમાન કેસોનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. શંકરે સંભલ જિલ્લા અદાલતમાં દલીલ કરી હતી કે મસ્જિદ શ્રી હરિ મંદિરના ખંડેર પર બનાવવામાં આવી હતી. મીડિયા સાથે વાત કરતા વિષ્ણુ શંકરે કહ્યું કે, સંભાલમાં મંદિર (આ મસ્જિદ) અમારા માટે પૂજા સ્થળ છે. અમે બધા માનીએ છીએ કે આ જગ્યાએ કલ્કિ અવતાર થવાનો છે. તેમણે દાવો કર્યો હતો કે મુઘલ સમ્રાટ બાબર દ્વારા મંદિરનો આંશિક રીતે નાશ કરવામાં આવ્યો હતો, જેણે જામા મસ્જિદનું નિર્માણ કર્યું હતું. વર્ષ ૧૫૨૯ માં, બાબરે મંદિરને તોડીને જામા મસ્જિદ બાંધવાનો પ્રયાસ કર્યો. આ ભારતીય પુરાતત્વીય સર્વેક્ષણ (ASI) સંરક્ષિત વિસ્તાર હોવાથી આ અતિક્રમણ ખોટું છે. મસ્જિદમાં ઘણા ચિહ્નો અને પ્રતીકો છે જે હિન્દુ મંદિરને દર્શાવે છે. આને ધ્યાનમાં રાખીને, કોર્ટના આદેશ બાદ સર્વે કરવામાં આવશે. સુનાવણી બાદ કોર્ટે એડવોકેટ કમિશનરની દેખરેખ હેઠળ સર્વે કરવાનો આદેશ આપ્યો હતો. એડવોકેટ કમિશનર જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિક્ષક સાથે ભારે પોલીસ હાજરી સાથે સંભલજામા મસ્જિદ પરિસરમાં સર્વે કરવા પહોંચ્યા હતા. એક વીડિયોમાં કોર્ટ કમિશનર મસ્જિદનો દરવાજો ખોલતા દેખાય છે અને મસ્જિદ સમિતિના સભ્યો પણ ત્યાં હાજર છે. જામા મસ્જિદનું બે કલાક સુધી સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું.

**કોઈ પુરાવા મળ્યા નથી : જામા મસ્જિદ સમિતિ :** સર્વેક્ષણના નિષ્કર્ષ પછી, જામા મસ્જિદ સમિતિના સભ્યોએ જણાવ્યું હતું કે, મસ્જિદ એક ખંડેર મંદિર પર બાંધવામાં આવી હતી તે સાબિત કરે તેવા કોઈ પુરાવા અથવા કોઈપણ વસ્તુઓ મળી નથી. જામા મસ્જિદ કમિટીના એક સભ્યએ પત્રકારોને જણાવ્યું હતું કે, આ નિરીક્ષણ દરમિયાન મંદિર જેવી કોઈ વાંધાજનક વસ્તુઓ અથવા પ્રતીકો મળી આવ્યા નથી. કોર્ટે આદેશ આપ્યો છે કે સર્વે ટીમે સાત દિવસમાં પોતાનો રિપોર્ટ રજૂ કરવો જોઈએ.

# પાકિસ્તાન : આત્મઘાતી હુમલામાં ૧૨ સૈનિકોનાં મોત, ૧૦ ગંભીર રીતે ઘાયલ

(એજન્સી) તા.૨૦

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના બન્નુ જિલ્લામાં મંગળવારે રાત્રે આર્મી પોસ્ટ પર આત્મઘાતી હુમલો થયો હતો. આ હુમલામાં ૧૨ પાકિસ્તાની સૈનિકોનાં મોત થયા છે. છ આતંકીઓ પણ માર્યા ગયા છે. આતંકીઓ ચેકપોસ્ટ પર હુમલો કરવા માટે એક વાહનમાં આવ્યા હતા. પાકિસ્તાની સેનાની મીડિયા વિંગે માહિતી આપતા કહ્યું કે, આતંકવાદી હુમલાને નિષ્ફળ બનાવી દેવામાં આવ્યો છે. જો કે, આતંકવાદીઓએ વાહન ચેકપોસ્ટની દીવાલ સાથે ઘૂસાડી દીધું અને તેમાં રાખેલા વિસ્ફોટકોને વિસ્ફોટ કરી દીધો. વિસ્ફોટમાં ૧૨ જવાનો શહીદ થયા હતા. જવાબી કાર્યવાહીમાં સેનાએ પણ ૬ આતંકીઓને ઠાર કર્યા હતા. હુમલા બાદ સેનાએ વિસ્તારમાં કર્ફ્યુ લગાવી દીધો છે. સર્ચ ઓપરેશન ચાલુ છે. ૧૬ નવેમ્બરના રોજ પાકિસ્તાનના પશ્ચિમી પ્રાંત બલુચિસ્તાનમાં આર્મી પોસ્ટ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં પાકિસ્તાની સુરક્ષા દળોના ૭ જવાનો શહીદ થયા હતા. આતંકવાદી બલુચિસ્તાન લિબરેશન આર્મી (BLA)એ હુમલાની જવાબદારી લીધી હતી. ન્યુઝ એજન્સી એએફપીએ એક સ્થાનિક વ્યક્તિના હવાલાથી જણાવ્યું કે, આ હુમલામાં ૪૦થી ૫૦ બલુચ વિદ્રોહી સામેલ હતા. આ દરમિયાન બલુચ વિદ્રોહીઓએ આર્મી પોસ્ટ પર ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં ૭ જવાનોનાં મોત ઉપરાંત ૧૫ જવાનો પણ ઘાયલ થયા છે. ૯ નવેમ્બર શનિવારે સવારે પાકિસ્તાનના ક્વેટા રેલવે સ્ટેશન પર બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટમાં ૨૬ લોકોનાં મોત થયા હતા, જ્યારે ૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. આતંકવાદી જૂથ બલુચ લિબરેશન આર્મી (BLA)એ પણ આ હુમલાની જવાબદારી લીધી છે. BLAના પ્રવક્તાએ કહ્યું કે, આત્મઘાતી હુમલો મજીદ બ્રિગેડ યુનિટ દ્વારા કરવામાં આવ્યો હતો. તેમનું નિશાન ઈન્ફન્ટ્રી સ્કૂલના સૈનિકો હતા, જેઓ કોર્સ પૂરો કરીને જાફર એક્સપ્રેસ દ્વારા પેશાવર જવાના હતા. ક્વેટા સિવિલ હોસ્પિટલના પ્રવક્તા વસીમ બેગે પાકિસ્તાની અખબાર ધ ડોનને જણાવ્યું હતું કે, માર્યા ગયેલાઓમાં ૧૪ સૈન્યના જવાનો અને ૧૨ નાગરિકોનો સમાવેશ થાય છે.

# ઝાંસી : શું ભાજપ શાસિત રાજ્યોમાં માનવ જીવનનું કોઈ મહત્ત્વ નથી ? આ દુર્ઘટના માટે લોકોનો આક્રોશ કેમ દેખાતો નથી ?

**મહારાણી લક્ષ્મીબાઈ મેડિકલ કોલેજના નવજાત ICUના અહેવાલો સૂચવે છે કે, અહીં આવી દુર્ઘટના બને તેમાં કોઈ નવાઈ ન હતી**

(એજન્સી) તા.૨૦

ઝાંસીની એક હોસ્પિટલમાં લાગેલી વિનાશક આગ પર રાષ્ટ્રીય આક્રોશનો અભાવ ચિંતાજનક છે. આ આગમાં ડઝન શિશુઓના જીવ ગયા છે તે ભયાનક છે. ખરેખર, આ એક એવા દેશમાં આશ્ચર્યજનક છે કે જ્યાં મહિનાઓ સુધી મીડિયા અને રાજકીય વર્તુળો કોલકાતામાં એક યુવાન મહિલા ડૉક્ટર પરના ભયાનક બળાત્કારને લઈને આક્રોશમાં એક થયા હતા.

શું ઝાંસીમાં આ ભયાનક સંસ્થાકીય નિષ્ફળતા પ્રત્યે લોકોમાં ઉદાસીનતા એટલા માટે છે કારણ કે તે ભાજપ શાસિત ઉત્તરપ્રદેશમાં થયું હતું અને વિપક્ષ શાસિત રાજ્યમાં થયું નથી? બળાત્કારના વધુ સનસનાટીભર્યા પાસાઓની તુલનામાં બાળકોના મૃત્યુ પ્રત્યે સામાન્ય ઉદાસીનતા જોવા મળે છે. આનાથી પણ વધુ ચોંકાવનારી બાબત એ છે કે ઉત્તરપ્રદેશમાં સત્તાવાળાઓ દ્વારા મૃત્યુની સ્વીકાર્યતા એ છે કે વિદ્યુત શોર્ટ સર્કિટથી લાગેલી આગને કારણે આ માત્ર આ 'અકસ્માત' હતો અને કોઈ ગુનાહિત બેદરકારી નથી.

આ ઘટનાના સંબંધમાં રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ દ્વારા ઉત્તર પ્રદેશ સરકાર અને રાજ્યના પોલીસ વડાને જારી કરાયેલ નોટિસમાં તેને 'ખલેલજનક' તરીકે વર્ણવ્યું હતું. કમિશને અવલોકન કર્યું હતું કે, આગની દુર્ઘટનાના અહેવાલોની સામગ્રી ખરેખર ખલેલ પહોંચાડે છે અને બેદરકારી દર્શાવે છે જેના પરિણામે પીડિતોના માનવ અધિકારોનું ગંભીર ઉલ્લંઘન થાય છે કારણ કે તેઓ સરકારી સંસ્થાની સંભાળમાં હતા. મહારાણી લક્ષ્મીબાઈ મેડિકલ કોલેજના નિયોનેટલ ઈન્ટેન્સિવ કેર યુનિટમાં આગના અહેવાલો સૂચવે છે કે નિયોનેટલ કેર યુનિટ તેની ક્ષમતા કરતાં લગભગ ત્રણ ગણું કામ કરતું હતું. હોસ્પિટલમાં કોઈ પણ અગ્નિશામક કામ કરતું ન હતું અને તેથી આગ કાબુમાં આવી શકી ન હતી. પરિસરમાં અલાર્મ સિસ્ટમ પણ ખામીયુક્ત હતી અને શિશુઓને તાત્કાલિક બહાર કાઢી શકાયા ન હતા. તેમ છતાં, પોલીસે હોસ્પિટલ સત્તાવાળાઓ સામે પ્રથમ માહિતી અહેવાલ દાખલ કર્યો નથી.

ઉત્તરપ્રદેશમાં ભાજપના નેતાઓએ આ કેસમાંથી હાથ ધોઈ નાખ્યા હોય તેવું લાગે છે. મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ નિર્ણાયક વિધાનસભા પેટાચૂંટણી માટે રાજ્યભરમાં પ્રચારમાં વ્યસ્ત છે અને તેમણે સહાનુભૂતિ વ્યક્ત કરવા અને મૃત શિશુના માતા-પિતાને એક્સ-ગ્રેશિયા ચુકવણીની જાહેરાત સિવાય કંઈ કર્યું નથી.

ડેપ્યુટી સીએમ બ્રજેશ પાઠકે, જેઓ આરોગ્ય મંત્રી પણ છે, તેઓએ ખૂબ જ ધામધૂમ વચ્ચે હોસ્પિટલની મુલાકાત લીધી હતી. સોશિયલ મીડિયા પરના વિડિયોઝ દર્શાવે છે કે હોસ્પિટલ તરફ જતા રસ્તાઓ પર ચૂનો છાંટવામાં આવ્યો હતો અને મંત્રીના આગમન પહેલા પરિસરની બહારના કમ્પાઉન્ડને ઉતાવળથી સાફ કરવામાં આવ્યું હતું. શ્રી પાઠકે, અલબત્ત, હોસ્પિટલ સત્તાવાળાઓને ક્લીનચીટ આપી છે, પરંતુ તેમની મુલાકાત માટેની વિસ્તૃત તૈયારીઓ દર્શાવતા વીડિયો જોઈને તેઓ વધુ નારાજ દેખાયા હતા. સળગતી હોસ્પિટલમાંથી બચાવ કામગીરી ચાલુ રહી હોવા છતાં તેમની મુલાકાત પહેલા ચૂનાનો છંટકાવ અને સફાઈની કવાયતની તપાસના આદેશ આપ્યા છે.

વિપક્ષો પણ મેદાનમાં કૂદી પડ્યા છે. કોંગ્રેસ પાર્ટીએ ટ્વિટ કર્યું કે, ભાજપ સરકારની અસંવેદનશીલતા જુઓ. એક તરફ બાળકોને સળગાવીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા અને તેમના પરિવારજનો આક્રંદ અને શોકમાં ગરકાવ હતા. તો બીજી તરફ નાયબ મુખ્યમંત્રીના સ્વાગત માટે રસ્તાઓ પર ચૂનો છાંટવામાં આવી રહ્યો હતો. પરિવારજનો પણ દાવો કર્યો હતો કે આખું કમ્પાઉન્ડ ગંદું હતું, પરંતુ નાયબ મુખ્યમંત્રીની મુલાકાત પહેલા તેને સાફ કરી દેવામાં આવ્યું હતું.

કોંગ્રેસના સહયોગી સમાજવાદી પાર્ટીએ કહ્યું કે, ઉત્તરપ્રદેશમાં સરકારી હોસ્પિટલો દુઃખ, ભ્રષ્ટાચાર અને બેદરકારીનો અડ્ડો બની ગઈ છે. બાળકોને બચાવવા માટે હોસ્પિટલમાં કોઈ વ્યવસ્થા ન હતી. ભાજપ સંપૂર્ણપણે સંવેદનહીન પાર્ટી છે. લોકો મરી રહ્યા છે, પરંતુ આ લોકો ક્યારેય જવાબદારી લેશે નહીં.

કમનસીબે, ઝાંસીની દુર્ઘટના પર આવા રાજકીય સૂત્રોચ્ચાર મદદ કરશે તેવી શક્યતા નથી. ઉત્તરપ્રદેશમાં આના જેવી હોસ્પિટલની દુર્ઘટનાઓ આશ્ચર્યજનક નથી, જ્યાં ૨૦૨૧ ના સર્વેક્ષણ મુજબ, ૧,૨૧૮ દર્દીઓ માટે એક ડૉક્ટર છે, જે રાષ્ટ્રીય સરેરાશ કરતા આંકડાકીય રીતે ઓછા છે. ભારતના સૌથી વધુ વસ્તીવાળા રાજ્યની હોસ્પિટલોમાં પર્યાપ્ત સલામતી અને આરોગ્ય સાધનોના સંપૂર્ણ અભાવને જોતાં આવી ઘટનાઓ ન બને તો જ નવાઈ.

# NDAના 'સનાતની હિન્દુ' વલણને પગલે તિરૂપતિ બોર્ડે બિન-હિંદુઓ કર્મચારીઓને બહાર કાઢવાની તેની ફરીથી માંગ કેમ કરી છે

**તિરૂમાલા મંદિરની દેખરેખ રાખતા તિરૂમાલા તિરૂપતિ દેવસ્થાનમમાં અને સમગ્ર આંધ્રપ્રદેશમાં બિન-હિન્દુઓની રોજગારી એ વિવાદાસ્પદ મુદ્દો છે**

(એજન્સી) હૈદરાબાદ, તા.૨૦

તિરૂપતિ મંદિર બોર્ડ જે આંધ્રપ્રદેશના પ્રખ્યાત ભગવાન વેંકટેશ્વર મંદિરની દેખરેખ રાખે છે, તે હવે ચંદ્રબાબુ નાયડુની આગેવાની હેઠળની એનડીએ સરકારના નેજા હેઠળ, આ સંસ્થામાં બિન-હિંદુઓની રોજગાર પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. નવા પુનઃ ગઠિત તિરૂમાલા તિરૂપતિ દેવસ્થાનમ (TTD) બોર્ડની પ્રથમ બેઠક તિરૂમાલા ખાતે યોજાઈ હતી તે પછી તેના નવા અધ્યક્ષ બી.આર. નાયડુએ જાહેરાત કરી હતી કે, મંદિર ટ્રસ્ટે તમામ બિન-હિન્દુ કર્મચારીઓને સ્વૈચ્છિક નિવૃત્તિ લેવાની અથવા તિરૂપતિ નગરપાલિકા અથવા અન્ય યોગ્ય રાજ્ય સરકારના વિભાગોમાં કર્મચારીઓમાં જવાની મંજૂરી આપવાની તરફેણમાં ઠરાવને મંજૂરી આપી છે. હિન્દુ તીર્થસ્થાન કેન્દ્ર અને મોટાભાગે આંધ્રપ્રદેશમાં બિન-હિંદુઓની રોજગારી એ એક ઉગ્ર મુદ્દો છે, જેમાં કેટલાક બિન-હિંદુ કર્મચારીઓ કથિત રીતે અન્ય રાજ્યના મંદિરોમાં પણ કામ કરે છે. ટીટીડીનો ઠરાવ મુખ્યપ્રધાન ચંદ્રબાબુ નાયડુના તિરૂપતિ લાડુ બનાવવા માટે ઉપયોગમાં લેવાતા પ્રાણીની ચરબીથી દૂષિત ઘીના સનસનાટીભર્યા દાવાના મહિનાઓ પછી આવ્યો છે. મંદિર બોર્ડનું આ પગલું ગયા મહિને તિરૂપતિ ખાતે એનડીએ ગઠબંધન ભાગીદાર અને સીએમ ચંદ્રબાબુ નાયડુના નાયબ પવન કલ્યાણ દ્વારા લેવામાં આવેલા 'સ્યુડો-સેક્યુલરિસ્ટ'ને નિશાન બનાવતા સનાતની હિન્દુ સ્ટેન્ડને પગલે આવ્યું છે.

લાડુ વિવાદ પર સપ્ટેમ્બરમાં ૧૧ દિવસની તપસ્યા કરનાર કલ્યાણે સનાતન ધર્મના રક્ષણ માટે અને સનાતન ધર્મને બદનામ કરતી અથવા નફરત ફેલાવતી વ્યક્તિઓ અને સંસ્થાઓ સાથે અસહકાર માટે 'સનાતન ધર્મ સંરક્ષણ બોર્ડ'ના એક મજબૂત રાષ્ટ્રીય અધિનિયમની માંગ કરી છે. TTDના ચેરમેને કહ્યું કે, બોર્ડ પાસે તમામ બિન-હિન્દુ કર્મચારીઓની સૂચિ છે, તેમણે સંખ્યા જાહેર કરવાનો ઈન્કાર કર્યો હતો. જો કે, TTD બોર્ડના સભ્યોમાંના એક ભાનુ પ્રકાશ રેડ્ડીએ જણાવ્યું હતું કે, કોન્ટ્રાક્ટ સ્ટાફ સહિત આંકડો એક હજારથી વધુ હોઈ શકે છે.

કુલ મળીને TTD પાસે લગભગ ૬૬૦૦ કાયમી અને ૧૪,૦૦૦ કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સ સ્ટાફ છે.

ભાનુ પ્રકાશ રેડ્ડીએ જણાવ્યું હતું કે, ભૂતકાળમાં આવા કર્મચારીઓને હટાવવા માટે પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં તેઓને પ્રતિકાર, અદાલતી કેસ અથવા શાસનનો સામનો કરવો પડ્યો હતો. વિપક્ષ YSRCPએ હજુ સુધી TTD ઠરાવ પર કોઈ પ્રતિક્રિયા આપી નથી. જ્યારે વાયએસઆરસીપીના જનરલ સેક્રેટરી સતીશ રેડ્ડીને ટિપ્પણી માટે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે, તેમણે પહેલા પાર્ટી નેતૃત્વ સાથે આ બાબતે ચર્ચા કરવાની જરૂર છે.

પૂર્વ મુખ્યપ્રધાન જગનના પ્રથમ કાર્યકાળ દરમિયાન મુખ્ય સચિવ એલ.વી. સુબ્રમણ્યમ જેમણે ૨૦૧૧-૧૩થી TTD એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે સેવા આપી હતી, તેઓએ તીર્થસ્થળ પર બિન-હિન્દુઓ કામ કરતા હોવાનો મામલો ઊઠાવ્યો હતો. તેમણે કથિત રીતે જણાવ્યું હતું કે, અલગ-અલગ ધર્મો પાળતા હોવાની શંકા ધરાવતા કર્મચારીઓના નિવાસસ્થાનો પર ઓચિંતી તપાસ કરવાની જરૂર છે. તે સમયે વરિષ્ઠ IAS અધિકારી જે હવે નિવૃત્ત છે, તેમણે કહ્યું હતું કે, કર્મચારીઓ તેમની ગમતા ધર્મ પરિવર્તન/આચરણ કરવા માટે સ્વતંત્ર છે. વિરોધ માત્ર હિન્દુઓની ભાવનાઓને ઠેસ પહોંચાડતી ટીટીડી નોકરીઓ સાથે તેમના ચાલુ રાખવાનો છે.

હિંદુઓની લાગણીઓને ઠેસ પહોંચાડવા અને હિંદુ અધિકાર જૂથો દ્વારા વિરોધ પ્રદર્શન પર જાહેર આક્રોશ પછી વિવિધ સ્તરે લગભગ ૪૫ કર્મચારીઓને કારણદર્શક નોટિસ જારી કરવામાં આવી હતી. સ્ટાફમાંથી ઘણા જેઓ બિન-ધાર્મિક સેવાઓ જેમ કે સ્વચ્છતા, નર્સિંગ અને ગાર્ડનિંગમાં ઘણા વર્ષોથી કાર્યરત હતા તેઓએ ભેદભાવનો આરોપ લગાવતા હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. ફેબ્રુઆરી ૨૦૧૮માં કોર્ટે તેમને આગળના આદેશો સુધી નોકરીમાંથી કાઢી મૂકવામાંથી રાહત આપી હતી.

ટીટીડીએ આંધ્રપ્રદેશ ચેરિટેબલ એન્ડ હિંદુ ધાર્મિક સંસ્થાઓ અને એન્ડોમેન્ટ્સ એક્ટ ૧૯૮૭ હેઠળ ઘડવામાં આવેલા સેવા નિયમોમાં માત્ર ટીટીડી નોકરીઓ માટે હિંદુઓને રોજગાર આપવાના સમર્થન માટે રાજ્ય એન્ડોમેન્ટ વિભાગના આદેશોને ટાંક્યા હતા. ઓક્ટોબર ૨૦૦૭માં એક ઓર્ડર દ્વારા TTDના સેવા નિયમોમાં વધુ સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત નિયમ પણ દાખલ કરવામાં આવ્યો હતો. TTDના બિન-હિન્દુ કર્મચારીઓને AP સરકારી વિભાગોમાં શિફ્ટ કરવાની યોજના ૨૦૧૮માં પણ રજૂ કરવામાં આવી હતી.

ટીટીડી વિંગના વડાએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, ટીટીડીના તકેદારી વિભાગને નિયમોનું ઉલ્લંઘન કરતા હિન્દુ ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડતી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા કર્મચારીઓને રંગે હાથે પકડવાની છૂટ આપવી જોઈએ. સંપૂર્ણ અહેવાલ રજૂ કરવો જોઈએ. ભવિષ્યમાં પણ નોકરીના ખોટા ઉપયોગ માટે આ પગલાં અવરોધક તરીકે કામ કરશે. આ પહાડી નગરમાં બિન-હિન્દુ ધાર્મિક પ્રવૃત્તિઓ ખાસ કરીને પ્રચારના પ્રયાસો પર પણ સખત પ્રતિબંધ છે. તિરૂમાલા ખાતે તીર્થસ્થળ પરથી બે મહિલા હોકરોને દૂર કરવામાં આવી હતી.

રાજ્ય ભાજપના વડા ડી. પુરંદેશ્વરીએ ટીટીડીના નિર્ણયને આવકારતા કહ્યું કે, ભાજપે અગાઉ આ મુદ્દા પર ભક્ત/તીર્થયાત્રી હસ્તાક્ષર ચળવળ ચલાવી હતી જેમાં જણાવ્યું હતું કે, કર્મચારીઓમાં હિંદુ ધર્મ અને હિંદુ ધાર્મિક વિધિઓની જાણકારીનો અભાવને લીધે ભક્તોની સેવામાં ન્યાય કરી શકતા નથી અથવા તેમની નોકરી જરૂરી ફરજો નિભાવી શકતા નથી.

સપ્ટેમ્બરમાં જાહેર રેલીઓમાં નાયડુએ કથિત રીતે જણાવ્યું હતું કે, જગનની વાયએસઆરસીપી સરકાર દરમિયાન ભગવાન વેંકટેશ્વરને અર્પણ કરાયેલા લાડુનો પ્રસાદ કેવી રીતે હલકી ગુણવત્તાવાળા ઘટકો અને ભેળસેળયુક્ત ઘી સાથે બનાવવામાં આવ્યો હતો તેની જાણકારીથી લાખો લોકોની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચી હતી. તે પહેલા ઓગસ્ટમાં નાયડુએ કથિત રીતે કહ્યું હતું કે, તેમની સરકાર એ સુનિશ્ચિત કરશે કે હિંદુ મંદિરની બાબતોનું સંચાલન માત્ર હિંદુઓ પૂરતું મર્યાદિત છે.

IYR ક્રિષ્ના રાવ, પૂર્વ એ.પી. મુખ્ય સચિવ જેમણે ભૂતકાળમાં TTD એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે પણ સેવા આપી હતી, તેમણે કહ્યું કે, TTD ઠરાવ એક સારો નિર્ણય છે. હાલનું TTD બોર્ડ અને સરકાર તેના નિવેદન પર કેટલી અને અસરકારક રીતે કાર્ય કરે છે તે જોવાનું રહેશે. ટીટીડીમાંથી બિન-હિન્દુઓને સ્થાળાંતરિત કરવાની દરખાસ્તની રાજ્યભરમાં અસર પડશે કારણ કે, શ્રીશૈલમ, શ્રીકાલહસ્તી અને સિંહાચલમ જેવા અન્ય રાજ્ય સંચાલિત મંદિરોમાં કેટલાક કર્મચારીઓ સેવામાં હોવાનું અહેવાલ છે.

એક નિવેદનમાં તેલંગાણા બીજેપીના પ્રવક્તા એન.વી. સુભાષે જણાવ્યું હતું કે, દુર્ભાગ્યે અગાઉની YSRCP સરકારે હિંદુ લાગણીઓની અવગણના કરી હતી અને કહેવાતા બિનસાંપ્રદાયિકતાની આડમાં TTDને અન્ય ધર્મોના પ્રચાર માટે પ્રયોગશાળા બનાવી હતી. ભગવાન વેંકટેશ્વરનું નિવાસસ્થાન જેને હિન્દુઓના વેટિકન તરીકે ઓળખવામાં આવે છે, હવે તેના ભૂતકાળના ગૌરવને પુનઃ સ્થાપિત કરવામાં આવી રહ્યું છે.

# ઉત્તરપ્રદેશની ખાનગી હોસ્પિટલોમાં સગર્ભા સ્ત્રીઓ માટે અલ્ટ્રાસાઉન્ડ પરીક્ષણના નવા માપદંડને લઈને કેન્દ્ર અને યોગી સરકાર વચ્ચે મતભેદ

**ગયા વર્ષે UP સરકારે ખાનગી નિદાન કેન્દ્રોમાં અલ્ટ્રાસાઉન્ડ માટે સગર્ભા સ્ત્રીઓને રૂા.૩૦૦ના મૂલ્યના ઈ-રૂપી વાઉચર ઓફર કરવાનું નક્કી કર્યું હતું, આ વર્ષે દરોમાં સુધારા અંગે કેન્દ્રના ધ્યાનમાં આવ્યો છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા પ્રાઈવેટ ડાયગ્નોસ્ટિક સેન્ટરો પર સગર્ભા સ્ત્રીઓને કેન્દ્ર દ્વારા નિર્ધારિત કરતા વધુ દરે અલ્ટ્રાસોનોગ્રાફી (યુએસજી)ની એક્સેસ આપવાના નિર્ણય પર સવાલ ઊઠાવ્યા છે. યુપી સરકાર કેન્દ્રના પ્રધાન મંત્રી સુરક્ષા માતૃત્વ અભિયાન (PMSMA) અનુસાર નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮થી રાજ્યમાં ગર્ભવતી મહિલાઓને ઓછામાં ઓછી એક મફત USG સેવા પૂરી પાડી રહી છે, જેનો ઉદ્દેશ્ય જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ (JSSK)ના ભાગરૂપે હોસ્પિટલોમાં તમામ સગર્ભા સ્ત્રીઓને પ્રસૂતિ પહેલાની સંભાળ પૂરી પાડવાનો છે.

PMSMA ૨૦૧૬માં શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં રાજ્યોને જિલ્લા હોસ્પિટલો અથવા સામુદાયિક આરોગ્ય કેન્દ્રો (CHCs) પર સગર્ભા સ્ત્રીઓને USG પ્રદાન કરવાની આવશ્યકતા છે, પરંતુ જાહેર-ખાનગી ભાગીદારી (PPP) મોડલ પસંદ કરવાની પણ પરવાનગી આપે છે. પ્રસૂતિ પહેલાની સંભાળ દરમિયાન યુએસજી એ એક પરીક્ષણ છે જે ગર્ભ, પ્લેસેન્ટા અને ગર્ભાશયની છબી માટે ધ્વનિ તરંગોનો ઉપયોગ કરે છે અને બાળક અને માતાના સ્વાસ્થ્ય અને સુખાકારીનું નિરીક્ષણ કરવામાં ડોક્ટરોને મદદ કરે છે. એવા કિસ્સામાં કે જ્યાં સરકારી હોસ્પિટલોમાં માનવબળનો અભાવ હોય, યોજનાની ઓપરેશનલ માર્ગદર્શિકા અનુસાર સુવિધાઓ ખાનગી પ્રદાતાઓ USG કરવા માટે જાહેર આરોગ્ય સુવિધાઓમાં જઈ શકે છે. આ યોજના માટેનો ખર્ચ નેશનલ હેલ્થ મિશનની મફત નિદાન પહેલનો એક ભાગ છે, જે કેન્દ્ર અને રાજ્યો દ્વારા ૬૦:૪૦ના ધોરણે વહેંચવામાં આવે છે. ૨૦૨૩માં યુપી સરકારે ખાનગી નિદાન કેન્દ્રોમાં સેવાનો લાભ લેવા માટે લાભાર્થીઓને USG દીઠ રૂા.૩૦૦ના મૂલ્યના ઈ-રૂપી વાઉચર ઓફર કરવાનો નિર્ણય લીધો હતો. આ વર્ષની શરૂઆતમાં દર સેવા દીઠ રૂા.૪૨૫ કરવામાં આવ્યો હતો, જેના લીધે આરોગ્ય મંત્રાલય સાથે વિવાદ થયો હતો. ત્યારબાદ આ વર્ષે ઓગસ્ટમાં તેણે રાજ્યને એક પત્ર મોકલ્યો, તેને માત્ર જાહેર આરોગ્ય સંસ્થાઓમાં USG સેવાઓ પ્રદાન કરવા જણાવ્યું હતું. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, મંત્રાલયે રાજ્યને લગભગ ૮૨૦ CHCમાં USG મશીનોની ખાતરી કરવા અને ગર્ભવતી મહિલાઓને જરૂરી સેવા પૂરી પાડવા અલ્ટ્રાસોનોગ્રાફિસ્ટની ભરતી અને તાલીમ આપવા જણાવ્યું હતું. આ મહિને કેન્દ્રને આપેલા તેના જવાબમાં યુપી સરકારે ખાનગી કેન્દ્રો દ્વારા સગર્ભા સ્ત્રીઓને સુધારેલા દરે USG સેવાઓ પ્રદાન કરવાનું ચાલુ રાખવાના તેના વલણને પુનરોચ્ચાર કર્યો છે. જવાબમાં એ પણ રેખાંકિત કરવામાં આવ્યું છે કે, CHC માટે USG મશીનોની પ્રાપ્તિ અને કર્મચારીઓની તાલીમ તમામ ગ્રામીણ સીએચસીમાં સરકારી અલ્ટ્રાસોનોગ્રાફિસ્ટની ઉપલબ્ધતા ટૂંક સમયમાં લગભગ અશક્ય છે. આ મહિનાની શરૂઆતમાં યુપી સરકારે જાહેરાત કરી હતી કે, ફેબ્રુઆરી ૨૦૨૩થી રાજ્યભરના ખાનગી કેન્દ્રો પર તેની મફત અલ્ટ્રાસાઉન્ડ સેવાનો ૬ લાખથી વધુ ગર્ભવતી મહિલાઓએ લાભ લીધો છે.

**ગર્ભાવસ્થામાં USG મહત્ત્વપૂર્ણ :** નિષ્ણાતો કહે છે કે, ગર્ભાવસ્થા દરમિયાન USG જરૂરી છે કારણ કે, તે બાળકના વિકાસ અને વિકાસને નુકસાન પહોંચાડતી કોઈપણ અસાધારણ સ્થિતિને શોધવામાં મદદ કરી શકે છે. આવી જટિલતાઓ અથવા સમસ્યાઓમાં બાળકની અસામાન્ય સ્થિતિ, બહુવિધ ગર્ભાવસ્થા, શરીરમાં ઓછી એમ્નિઅટિક પ્રવાહી અને પ્લેસેન્ટાની સમસ્યાઓનો સમાવેશ થઈ શકે છે. દિલ્હીમાં આકાશ હેલ્થકેરમાં સિનિયર કન્સલ્ટન્ટ અને યુનિટ હેડ-ઓબ્સ્ટેટ્રિક્સ એન્ડ ગાયનેકોલોજી ડૉ.સુમના બેનરજીએ કહ્યું હતું કે, પ્રારંભિક ગર્ભાવસ્થાથી બીજા ત્રિમાસિકમાં યુએસજી અસામાન્ય ભ્રૂણને ઓળખવામાં મદદ કરે છે. ગ્રામ્ય વિસ્તારોમાં યુએસજી સુવિધાઓ ન હોવાથી અસામાન્ય ભ્રૂણને શોધવાનું મુશ્કેલ બની જાય છે અને આવા ભ્રૂણ જીવનભરની બીમારી અથવા મૃત્યુની સંભાવના સાથે જન્મે છે. તેથી ગ્રામીણ વિસ્તારોમાં પ્રથમ બે ત્રિમાસિક ગાળામાં યુએસજીનો અભાવ આવા અસામાન્ય બાળકોના માતા-પિતા પર નાણાકીય અને માનસિક તાણ વધારે છે.

### હાઈકોર્ટના સિટીંગ જજની કમિટીને તપાસ સોંપવાની કોંગ્રેસની માગણી

# ખ્યાતિ હોસ્પિટલ કાંડનો ચર્ચાસ્પદ મામલો હવે સંસદમાં ગૂંજશે : ચર્ચા કરવા માટે નોટિસ

## આરોપી મહિલા ડિરેક્ટર વિદેશ ફરાર થયાની ચર્ચા, તપાસમાં મદદ માટે બે C.A.

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

અમદાવાદના ચકચારી ખ્યાતિકાંડનો મામલો હવે સંસદમાં ગુંજશે. રાજ્યસભાના સાંસદ અને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે ખ્યાતિકાંડ મામલે રાજ્યસભામાં ચર્ચા કરવા માટે નોટિસ આપી છે. ખ્યાતિકાંડની તપાસ હાઈકોર્ટના સિટીંગ જજની કમિટીનો સોંપવાની માગ પણ કરવામાં આવી છે. તો બીજી તરફ હાલ ખ્યાતિકાંડના જે ચાર આરોપીઓ ફરાર છે તેમાંના રાજશ્રી કોઠારી નામની મહિલા આરોપી વિદેશ ફરાર થઈ ગઈ હોવાની ચર્ચા છે. ખ્યાતિકાંડની તપાસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને કેટલાક મહત્વના ડોક્યુમેન્ટ અને પેનડ્રાઈવ મળી હોય તેની તપાસમાં મદદ માટે સરકાર દ્વારા બે ચાર્ટડ એકાઉન્ટ ફાળવવામાં આવ્યા છે.




ખ્યાતિકાંડ બાદ સરકારની PMJAY યોજનામાં ચાલી રહેલી પોલમપોલ બહાર આવી છે. પૈસા કમાવવા માટે હોસ્પિટલોએ સાજા દર્દીને ચીરી નાખ્યા હોવાનું સામે આવ્યું છે. ત્યારે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અને રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલે ખ્યાતિકાંડના મામલે રાજ્યસભામાં ચર્ચા કરવા માટે નોટિસ આપી છે. ચર્ચા માટે પરવાનગી માંગી શક્તિસિંહ ગોહિલે ખ્યાતિકાંડની તપાસ હાઈકોર્ટના સિટીંગ જજ પાસે કરાવવાની પણ માંગ કરી છે. સાથે કહ્યું હતું કે, સરકારી તંત્રની મિલીભગત વગર આવા કાંડ ના થઈ શકે. શક્તિસિંહ વધુમાં કહ્યું કે, ૨૦૨૨માં ખ્યાતિ હોસ્પિટલમાં જ્યારે મૃત્યુનો બનાવ બન્યો હતો ત્યારે જો પરવાનગી રદ કરી દેવાઈ હોત તો આજે । બનાવ ન બન્યો હોત. ખ્યાતિકાંડ મામલે કુલ પાંચ આરોપીઓ સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી. જે પૈકીના ડો. પ્રશાંત વઝીરાણીની ધરપકડ કરી લેવામાં આવી છે. જ્યારે અન્ય ચાર આરોપીઓ ફરાર છે. તેમાં ખ્યાતિ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલના ડિરેક્ટર કાર્તિક પટેલ તો ઓસ્ટ્રેલિયામાં હોવાની પહેલાથી જ વાત સામે આવી રહી છે. ત્યારે હવે બીજા ડિરેક્ટર રાજશ્રી કોઠારી પણ ભારત છોડી ચૂક્યા હોવાની ચર્ચા છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ફરાર થયેલા ચારેય આરોપીઓ સામે લુક આઉટ સર્ક્યુલર નોટિસ ઈસ્યુ કરવામાં આવી હતી. ત્યારબાદ મળતી માહિતી મુજબ રાજશ્રી કોઠારી પણ વિદેશ જતા રહ્યા હોવાની ચર્ચા છે. ખ્યાતિકાંડની તપાસમાં શરૂઆતમાં વસ્ત્રાપુર પોલીસ અને ત્યારબાદ અમદાવાદ ક્રાઈમ બ્રાંચ તપાસ કરી રહી છે. સરકારે થોડા દિવસ પહેલા પોલીસને તપાસમાં મદદ કરવા માટે ચાર તબીબોની ફાળવણી કરી હતી. ત્યારબાદ આજે વધુ બે ચાર્ટડ એકાઉન્ટન્ટની પણ ફાળવણી કરવામાં આવી છે. જે પોલીસે કબજે કરેલા ડોક્યુમેન્ટ, હિસાબોની ચકાસણી કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ખ્યાતિ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલમાં ૧૯ જેટલા લોકોને એન્જિયોગ્રાફીની અને સાત લોકોને જરૂર ન હોવા છતાં હોસ્પિટલ દ્વારા PMJAY યોજનાનો લાભ લેવા માટે એન્જિયોપ્લાસ્ટી કરી નાખી હતી. એમાં ત્યારબાદ બે લોકોનાં મોત નીપજતાં હોસ્પિટલના ડો. પ્રશાંત વઝીરાણી, ડો. કાર્તિક પટેલ, ડાયરેક્ટર,ડો. સંજય પટોળિયા, રાજશ્રી કોઠારી અને ચિરાગ રાજપૂત, CEO સામે ફરિયાદ નોંધવામાં આવી હતી. એ પૈકીના ડો. પ્રશાંત વઝીરાણીની ધરપકડ કરવામાં આવી હતી, જે હાલ રિમાન્ડ પર છે. જ્યારે અન્ય ચાર આરોપી હજુ પણ પોલીસ પકડથી દૂર હોય તેમને ઝડપવા માટે પોલીસે અલગ અલગ દિશામાં તપાસ હાથ ધરી છે. આ કેસની તપાસ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના હાથમાં આવી છે અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ગણતરીના કલાકોમાં અલગ અલગ જગ્યાએ રેડ કરવાની શરૂઆત કરી છે, જેમાં ચાર વોન્ટેડ આરોપીનાં ઘરે પોલીસે રેડ કરી હતી, જ્યારે બે ઓફિસમાં પણ રેડ કરી હોવાની વિગતો સામે આવી રહી છે. આ સમગ્ર તપાસમાં હોસ્પિટલમાંથી પણ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે મહત્ત્વના ઈલેક્ટ્રોનિક્સ પુરાવા તેમજ દસ્તાવેજો કબજે લીધા છે. જ્યારે આરોપીઓનાં ઘરે કેટલીક મહત્ત્વની કડી પોલીસને મળી છે.

આ કેસમાં સૌથી મહત્ત્વના પુરાવા ભેગા કરવા માટે ક્રાઈમ બ્રાન્ચની અલગ અલગ ટીમો કામ કરી રહી છે અને આગામી સમયમાં આરોપી ડો. પ્રશાંત વઝીરાણીના વધુ રિમાન્ડ માગવા માટેની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવશે, જે અંગેની વિગત અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી અજિત રાજિયાણે જણાવી હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના ત્રણ પોલીસ-ઈન્સ્પેક્ટર આ સમગ્ર પ્રકરણની અલગ અલગ સ્તરે તપાસ કરી રહ્યા છે, જેમાં મંગળવારે ડોક્ટરની ટીમ સાથે તેઓ ખ્યાતિ હોસ્પિટલ પહોંચ્યા હતા અને તેમણે ઓપરેશન થિયેટરથી લઈને પોસ્ટ અને પ્રી-ઓપરેટિવ જગ્યાની મુલાકાત લીધી હતી, જ્યાં ડોક્ટરની હાજરીમાં કેટલાક મહત્ત્વના ડોક્યુમેન્ટ અને તપાસમાં મદદ થાય એ પ્રકારે ફોટોગ્રાફી પણ કરી હતી. ખ્યાતિકાંડમાં પોલીસે દર્દીના મેડિકલ ડોક્યુમેન્ટ અને સીડીઓ કબજે કરી હતી, પરંતુ મેડિકલનો વિષય હોઈ, પોલીસને વધુ સમજણ ન પડતી હોઈ, મદદ માટે આરોગ્ય વિભાગ પાસે તબીબોની માગણી કરવામાં આવી હતી. એ મુજબ આરોગ્ય વિભાગ દ્વારા ખ્યાતિકાંડની તપાસ માટે ૩ કાર્ડિયોલોજિસ્ટ સહિત ચાર તબીબની ફાળવણી કરવામાં આવી છે.

### GPSC દ્વારા મોટા પાયે સરકારી ભરતીની જાહેરાત બહાર પડાઈ

# રાજ્ય સરકારના આરોગ્ય વિભાગમાં ૧૫૦૦ ડોક્ટર્સ સહિત બે હજારથી વધુની ભરતી

## ઓનલાઈન અરજી કરવા માટે તા.૧૫ ડિસેમ્બર સુધીની અપાઈ મુદત

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૦

સરકારના આરોગ્ય વિભાગમાં ડોક્ટર્સ સહિત વિવિધ પોસ્ટ ઉપર મોટા પાયે ભરતી કરવાની જાહેરાત કરવામાં આવી છે. GPSC દ્વારા આરોગ્ય વિભાગની સૌથી મોટી ભરતી અંગે જાહેરાત કરવામાં આવી છે. જાહેરાત મુજબ આરોગ્ય વિભાગમાં આગામી સમયમાં ૧૫,૦૦૦ ડોક્ટર્સ સહિત ૨,૦૦૦થી પણ વધુની ભરતી કરવામાં આવશે. ભરતી અંગેની સંપૂર્ણ માહિતી GPSC દ્વારા વેબસાઈટ પર મૂકવામાં આવી છે.

આ જાહેરાત અંતર્ગત ૧૫૦૦ જેટલા ડૉક્ટરની ભરતી કરવામાં આવશે. આ સિવાય જનરલ સર્જનની ૨૦૦ જગ્યા ભરવામાં આવશે. ફિઝિશિયનની ૨૨૭ જગ્યા, ગાયનેકોલોજિસ્ટની ૨૭૩ જગ્યા પર ભરતી કરાશે તેમજ વીમા અધિકારીની ૧૪૭ જગ્યા પર ભરતી કરાશે. લાયકાત ધરાવતા તમામ ઉમેદવાર તમામ પોસ્ટ માટે ગુજરાત જાહેર સેવા આયોગની વેબસાઈટ પર ઓનલાઈન જ અરજી કરી શકશે. ૨૧ નવેમ્બર, ૨૦૨૪ બપોરે ૧ વાગ્યાથી ૧૦ ડિસેમ્બર, ૨૦૨૪ રાત્રે ૧૧.૫૯ સુધી ઓનલાઈન જ અરજીઓ કરી શકે છે. આ સાથે જ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેમ કે ઉંમર ઉંમરમાં છૂટછાટ, શૈક્ષણિક લાયકાત, અનુભવ, પગાર, અરજી કરવાની ફી, ઓનલાઈન અરજી કરવાની રીત અને ભરતીના નિયમો વેબસાઈટ પર જ વાંચી શકે છે. આ ભરતીમાં તબીબી અધિકારી, વીમા તબીબી અધિકારી (એલોપેથીક), બાયોકેમેસ્ટ્રીના ટ્યૂટર, કોમ્યુનિટી મેડીસીનના ટ્યૂટર, ફોરેન્સિક મેડીસીનના ટ્યૂટર, માઈક્રોબાયોલોજીના ટ્યૂટર, પેથોલોજીના ટ્યૂટર, ફીજીયોલોજીના ટ્યૂટર, એનેટોમીના ટ્યૂટર, કાર્માકોલોજીના ટ્યૂટર, જનરલ સર્જન, ફિઝિશિયન, ગાયનેકોલોજીસ્ટ, ઓર્થોપેડિક સર્જન, ડર્મેટોલોજીસ્ટ, રેડિયોલોજીસ્ટ એનેસ્થેટીસ્ટ, કાર્ડિયોલોજી, મેડીકલ ગેસ્ટ્રોએન્ટ્રોલોજી. સી.ટી.સર્જરી, કાર્ડિયોલોજી, ન્યૂરોસર્જરી, સર્જીકલ ગેસ્ટ્રોએન્ટ્રોલોજી, ફિઝિશિયન, ગાયનેકોલોજીસ્ટ, ઓર્થોપેડિક સર્જન અને રેડિયોલોજીસ્ટની જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, બે મહિના અગાઉ જ રાજ્ય સરકાર દ્વારા ૧૯૦૩ સ્ટાફ નર્સની ભરતી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ અગાઉ રાજ્યમાં ૧૦ વર્ષ પહેલાં સ્ટાફ નર્સ વર્ગ-૩ની કુલ ૭૭૮૫ જગ્યા મંજૂર કરાઈ હતી. એ મંજૂર જગ્યાઓમાં સમયાંતરે જરૂરિયાત પ્રમાણે વધારો કરવામાં આવ્યો હતો. રાજ્યનાં વિવિધ આરોગ્ય કેન્દ્ર અને હોસ્પિટલમાં કુલ ૧૨,૧૦૧ જગ્યા મંજૂર કરાઈ હતી. આ સમગ્ર ભરતીપ્રક્રિયા ૬થી ૮ મહિનામાં પૂર્ણ કરાશે. રાજ્યમાં છેલ્લાં ૧૦ વર્ષમાં કુલ ૭૭૩૨ સ્ટાફ નર્સ વર્ગ-૩ની જગ્યાઓ સીધી ભરતી દ્વારા ભરવામાં આવી હતી. સ્ટાફ નર્સની બઢતી/વયનિવૃત્ત સહિતના વિવિધ કારણે ખાલી પડતી જગ્યાઓ ભરવા દર બે વર્ષના અંતરે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

# રાજ્યની સ્કૂલોએ ૧૫ ડિસેમ્બર સુધી વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ભરવાનો રહેશે

## શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યની તમામ સ્કૂલોને ઓનલાઈન અહેવાલ ભરવા માટે આદેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષિણક વર્ષ ૨૦૨૪-૨૫ માટે ઓનલાઈન વાર્ષિક નિરીક્ષણ કામગીરીને લઈને સ્કૂલોને સૂચના આપી છે. જેમાં રાજ્યની તમામ સ્કૂલોએ ૧૫ ડિસેમ્બર સુધીમાં સ્કૂલોના વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ઓનલાઈન ભરવાના રહેશે. ઓનલાઈન અહેવાલને લઈને બોર્ડ દ્વારા સૂચનાઓ પણ જાહેર કરી છે. જેનો અભ્યાસ કર્યા બાદ સ્કૂલોએ અહેવાલ ભરવાનો રહેશે તેવી સૂચના અપાઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શૈક્ષિણક વર્ષ ૨૦૨૪-૨૫ માટે રાજ્યની નોંધાયેલી તમામ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ૧૫ ડિસેમ્બર સુધીમાં ઓનલાઈન ભરાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે અન્વયે ઓનલાઈન વાર્ષિક નિરીક્ષણ કામગીરી કરવા માટેની એપ્લિકેશન અપડેટ કરી દેવામાં આવી છે. જથી સ્કૂલોએ નક્કી કરેલી સમયમર્યાદામાં વાર્ષિક નિરીક્ષણ અહેવાલની કામગીરી ઓનલાઈન કરવા માટે બોર્ડ દ્વારા તમામ સ્કૂલોને સુચના આપી છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ભરવા માટેની સુચનાઓ પણ જાહેર કરી છે. જેમાં શાળાઓએ પોતાની શાળા કક્ષાએથી જ વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ભરવાનો રહેશે. વાર્ષિક નિરીક્ષણ અહેવાલમાં વિગત અંગ્રેજી ભાષામાં ભરવાની રહેશે. શાળાનાં આચાર્યને તાકીદ કરવામાં આવી છે કે, વાર્ષિક નિરીક્ષણ અહેવાલ અંતર્ગત ભરવામાં આવેલી માહિતીની ખરાઇ શાળાનાં રજિસ્ટર, રેકોર્ડનાં આધારે કરી ત્યારબાદ જ ફાઈનલ સબમિટ આપવાનું રહેશે. વાર્ષિક નિરીક્ષણ અહેવાલની કોપી શાળા કક્ષાએ સાચવી રાખવાની રહેશે. વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ભરવાની કામગીરી શરૂ કરતાં પહેલા જરૂરી આધારો સ્કેન કરી પીડીએફ સ્વરૂપે તેમના ટૂંકા નામઝી સેવ કરી ફોલ્ડર તૈયાર રાખવાના રહેશે. શાળાએ પ્રાયોગિક કાર્ય માટે ધોરણવાર કરેલા આયોજન પત્રક, શાળામાં કલા શિક્ષક હોય તો તે અંગેના પુરાવા, શાળામાં હસ્તકલાને લગતા સાધન/ચાર્ટ/ચિત્ર બનાવ્યા હોય તો યાદી, ઉ.બુ.શાળા માટે શાળાએ ઉત્પાદનની ઉપજ સહિતની આવક અને ખર્ચનો અલગ હિસાબ રાખેલ હોય તો તેનો પુરાવો અપલોડ કરવાનો રહેશે.

### સરકારને અલ્ટિમેટમ આપ્યા બાદ પણ નિવેડો ન આવતા ચૈતર વસાવાએ આપી ચીમકી

# રાજ્યમાં ૨૦ વર્ષથી ચાલતી માન્યતા વગરની બોગસ કોલેજ મુદ્દે ધારાસભ્ય ધરણાં કરશે

## વિદ્યાર્થીઓની જમા ફી તથા ડોક્યુમેન્ટ વગેરે પરત અપાવવા અને ફરિયાદ દાખલ કરવા માંગ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૦

આમ આદમી પાર્ટીના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ પ્રેસ કોન્ફરન્સના માધ્યમથી પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, થોડા સમય પહેલાં અમે ગુજરાત સરકારને અને રાજપીપળા વહીવટી તંત્રને મા કામલ ફાઉન્ડેશનની જે બોગસ નર્સિંગ કોલેજ ચાલી રહી છે તે બાબતે રજૂઆત કરી હતી. ત્યાર બાદ GMERSના તબીબી અધિક્ષકે તે નર્સિંગ કોલેજની રૂબરૂ મુલાકાત લીધી હતી. એમની આ રૂબરૂ મુલાકાતમાં ગંભીર બેદરકારીઓ સામે પણ આવી હતી. આ ચર્ચાસ્પદ કૌભાંડ બહાર આવ્યા બાદ પણ હજુ સુધી કોઈ કાર્યવાહી ના કરાતા ધારાસભ્ય ચૈતર વસાવાએ હવે ધરણાં પર બેસવાની ચીમકી ઉચ્ચારી છે.



નર્સિંગ કોલેજની તપાસ બાદ અધિક્ષકે લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, આ સંસ્થાને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર અને ગુજરાત નર્સિંગ કાઉન્સિલ, અમદાવાદના નીતિ નિયમો અનુસાર માન્યતા પ્રાપ્ત નથી. જેથી આ સંસ્થા સાથે જોડાયેલા વિદ્યાર્થીઓ ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવતી સ્ટાફ નર્સની ભરતી માટે અમાન્ય છે. તેમજ અહીંના વિદ્યાર્થીઓ સ્કોલરશીપ માટે પણ પાત્રતા ધરાવતા નથી તથા આ વિદ્યાર્થીઓ ખાનગી સંસ્થામાં સ્ટાફ નર્સ તરીકે પણ ફરજ બજાવવા માટે યોગ્યતા ધરાવતા નથી.

ચૈતર વસાવાએ આક્ષેપ લગાવતા કહ્યું કે, કોઈપણ પ્રકારની સરકારની પરવાનગી લીધા વગર છેલ્લા ૨૦ વર્ષથી આ સંસ્થા ચાલી રહી છે અને અમારો સવાલ છે કે, કોની રહેમ નજર હેઠળ આ બોગસ કોલેજ ચાલી રહી છે ? આજે અમારી પાસે ૧૫૦થી વધારે વિદ્યાર્થીઓ આવ્યા છે જેઓના ઓરીજનલ ડોક્યુમેન્ટ આ કોલેજમાં જમા છે. આટલું જ નહીં વિદ્યાર્થીઓની ૨.૯૭ લાખ જેટલી ફી પણ કોલેજમાં જમા છે. તેમ છતાં કોઈપણ યુનિવર્સિટી કે કોલેજમાં આ વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા માટે બેસવા દેવામાં આવતા નથી. હવે પરિસ્થિતિ એવી છે કે, આ વિદ્યાર્થીઓના ૩ વર્ષ બગડી ગયા, આ સિવાય તેઓને સ્કોલરશીપ પણ નહીં મળે અને સૌથી ગંભીર બાબત એ છે કે, આ વિદ્યાર્થીઓને સરકારી ભરતીઓમાં પણ લાભ નહીં મળે. છેલ્લા દસ દિવસથી અમે આ મુદ્દા પર ફરિયાદ દાખલ કરવા અને આ વિદ્યાર્થીઓને ન્યાય આપવા માટે માંગ કરી રહ્યા છીએ. પરંતુ ગુજરાત સરકાર કે નર્મદા વહીવટી જિલ્લા તંત્રનું પેટનું પાણી પણ નથી હલી રહ્યું. એટલા માટે એક દિવસ બાદ એટલે કે આ ગુરૂવારે કલેક્ટર કચેરી ખાતે હું પોતે ધરણા પર બેસીશ એવી તેમણે ચીમકી ઉચ્ચારી છે. હું પોતે ધારાસભ્ય તરીકે આટલા પુરાવાઓ સાથે આટલી રજૂઆતો કરૂં છું અને બીજી બાજુ કેટલાક નેતાઓ આ બોગસ કોલેજને બચાવવા માટે ષડયંત્ર રચી રહ્યા છે. અમે આજે કલેક્ટર અને ડીડીઓને મળવા ગયા હતા. જેમાં સવાલ કરાયો હતો કે, શા માટે આટલા દિવસો સુધી આ કોલેજ પર કાર્યવાહી કરવામાં આવી નથી. જો તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી નથી થતી. વિદ્યાર્થીઓને તેમના ઓરીજનલ ડોક્યુમેન્ટ અને લાખોને ફીસ પાછી નથી મળતી તો આ મુદ્દાને લઈ અમે ધરણાં પર બેસીશું. તેવી ચીમકી આપવામાં આવેલ છે.

### પાટણ નજીક ધારપુર મેડિકલ કોલેજના રેગિંગને લઈ જુનિયરના મોતનો મામલો

# રેગિંગ કેસમાં તમામ આરોપીઓના રિમાન્ડ પૂર્ણ થતાં જેલમાં ધકેલાયા

## ૭ આરોપીઓની જામીન અરજી ફગાવતી કોર્ટ ડીન પાસે મંગાવાયેલ રિપોર્ટ UGCમાં મોકલાશે

(સંવાદદાતા દ્વારા)

પાટણ, તા.૨૦

પાટણ નજીક આવેલ સરકારી ધારપુર મેડિકલ કોલેજમાં રંગિંગ દરમિયાન પ્રથમ વર્ષના એક જૂનિયર વિદ્યાર્થીના મોત મામલે કોલેજમાંથી સસ્પેન્ડ બાદ ધરપકડ કરાયેલ ૧૫ સિનિયર્સ વિદ્યાર્થીઓના એક દિવસના રિમાન્ડ પૂર્ણ થતા આજે મોડી સાંજે પાટણની જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ ડો.એચ.પી.જોષીની કોર્ટમાં રજૂ કરાયા હતા. જ્યાં ૧૫ પૈકી ૭ આરોપીઓએ જામીન અરજી રજૂ કરી હતી. જે કોર્ટે નામંજૂર કરી તમામ ૧૫ આરોપીઓને જ્યુડિસીશયલ કસ્ટડીમાં સબજેલમાં મોકલી આપ્યા હતા. સમગ્ર રાજ્યમાં ભારે ખળભળાટ મચાવનાર પાટણ નજીક આવેલ સરકારી ધારપુર મેડિકલ કોલેજમાં એમ.બી.બી.એસ.ના બીજા વર્ષમાં અભ્યાસ કરતા ૧૫ સિનિયર્સ વિદ્યાર્થીઓ દ્વારા પ્રથમ વર્ષના જુનિયર વિદ્યાર્થીઓનું રેગિંગ કરવામાં આવ્યું હતું. આ સમયે આશાસ્પદ વિદ્યાર્થી અનિલ નટવરભાઈ પટેલ (મેથાણીયા)નું મોત થયું હતું. જે મામલે ૧૫ આરોપીઓને ગત મોડી સાંજે કોર્ટમાં રજુ કરતા એક દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા. જે આજે પૂર્ણ થતાં મોડીસાંજે આ તમામ આરોપીઓને પાટણની જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ ડો.એચ.પી.જોષીની કોર્ટમાં બાલીસણા પોલીસ રજૂ કર્યા હતા. જ્યાં ૧૫ પૈકી ૭ આરોપીઓ હિરેન મનસુખભાઈ પ્રજાપતિ, રુત્વીક પુરુસોત્તમભાઈ લીંબાડીયા, વૈભવકુમાર વિકેશકુમાર રાવલ, હરેશ ગંભીરભાઈ ચાવડા, પરાગ ભરતભાઈ કલસરિયા, સૂરજલ રુડાભાઈ બલદાણિયા અને પ્રવિણ વરજાંગભાઈ ચૌધરીએ જામીન અરજી રજુ કરી હતી. જે કોર્ટે નામંજૂર કરી તમામ ૧૫ આરોપીઓને જ્યુડિશીયલ કસ્ટડીમાં સબજેલમાં મોકલી આપ્યા હતા. તો આ રેગિંગ પ્રકરણમાં અન્ય વિદ્યાર્થીઓ દ્વારા ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી રહી છે. જેમાં સિનિયર્સો દ્વારા પ્રથમ વર્ષના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને પરીચયના નામે જિલ્લાવાઈઝ ગ્રૂપ બનાવીને બોલાવવામાં આવતા હતા. આ વિદ્યાર્થીઓને વોટ્સએપ ગ્રુપો દ્વારા મેસેજ કરાતા હોવાનો પણ ખુલાસો થયો છે. સસ્પેન્ડ થયેલા આ ૧૫ વિદ્યાર્થીઓ કોર્ટના ચુકાદા સુધી અભ્યાસ કરી શકશે નહીં. તો બીજી તરફ ઉ.ગુ.યુનિવર્સિટીના કુલપતિ ડો.કે.સી.પોરીયાએ જણાવ્યું હતું કે, ધારપુર મેડિકલ કોલેજના ડીન પાસે ઘટનાનો રિપોર્ટ માંગવામાં આવ્યો છે. રિપોર્ટ રજૂ થયા બાદ તે યુજીસીમાં મોકલાશે અને યુજીસીમાં ગાઈડલાઈન મુજબ નિયમ ભંગ થતો હશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે.


**ડોક્ટર જોઈએ છે**

**હાજી અ.હમીદ આફ્રીકાવાલા સાર્વજનિક હોસ્પિટલ સારોદ** માટે ફુલ ટાઈમ (૨૪ કલાક) ફરજ બજાવી શકે તેવા MBBS, BAMS, DHMS, BHMS અનુભવી ડોક્ટર (મેડિકલ ઓફિસર) જોઈએ છે. ૨

**રહેવાની ઉત્તમ સુવિધા આપવામાં આવશે**

સેવા કરવા ઈચ્છુક ડોક્ટર સાહેબોએ નીચેના મોબાઈલ નંબરો પર સંપર્ક કરવો.

૯૭૩૭૨૨૨૭૦૪
૯૭૨૪૭૪૯૪૨૧
૯૯૯૮૩૪૮૩૫૦

**લિ. હોસ્પિટલ મેનેજમેન્ટ**


# મતદાર યાદીમાં સુધારણાની તક વારંવાર મળતી નથી....

# પછી કહેતા નહીં કે અમે રહી ગયા...

રાજ્યભરમાં મતદાર યાદી સુધારણાની ઝુંબેશ હાલ ચાલી રહી છે. જેમાં આગામી પહેલી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ પણ જેમના ૧૮ વર્ષ પૂરા થતા હોય એવા યુવાનો પણ હાલ પોતાના નામ મતદાર યાદીમાં નોંધાવી શકે છે. આ ઉપરાંત જેમના નામ હાલ મતદાર યાદીમાં છે તેમાં નામ, સરનામા, ઉંમર વગેરેમાં કોઈ ભૂલ કે વિસંગતતા હોય તો એમાં પણ સુધારો કરી શકાય છે. ગત રવિવારે આ કવાયત રાજ્યભરમાં કરાઈ હતી અને બી.એલ.ઓ. સહિતના ચૂંટણીપંચનો સ્ટાફ મતદાન મથકો પર હાજર હતો પરંતુ જેમના માટે આ કવાયત હાથ ધરાઈ હતી તે નાગરિકો જ મોટાભાગે ગાયબ હતા... રાજકીય પક્ષો અને તેમના કાર્યકરો પણ ઘણી જગ્યાએ સાવ નીરસ રહ્યા હતા.

**....ત્યારે હવે આગામી શનિ-રવિ એટલે કે ૨૩ અને ૨૪ નવેમ્બરે આ કામગીરી ફરી હાથ ધરાવાની છે** ત્યારે જાગૃત નાગરિકો તેમજ ધાર્મિક, રાજકીય અને સામાજિક અગ્રણીઓ પણ ખાસ તકલીફ ઉઠાવે અને લોકશાહીની આ અમૂલ્ય કામગીરીમાં પોતાનું યોગદાન આપે એ સમયની માંગ છે કે જેથી આગામી ચૂંટણીઓમાં આપનો અવાજ બુલંદ બની શકે.

**- ગુજરાત ટુડે દૈનિક દ્વારા લોકહિતાર્થે પ્રકાશિત**

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS